# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ.સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રીમતી પી. કે. કોટાવાલા આટ્ર્સ કૉલેજ, પાટણ |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જગદિશ ચૌધરી | પ્રિન્સીપાલ, એસ. વી. આટ્ર્સ કૉલેજ, અમદાવાદ. |
| ડૉ. અનસુયા ચોથાણી | પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. સુરેન્દ્ર બારિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સરકારી આટ્ર્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોરવા હડફ, જી. પંચમહાલ |
| ડૉ. તરલીકા ગુર્જર | એસોસિએટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, શ્રીમતી એસ. આર. મહેતા આટ્ર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. ધર્મેશ પંડ્યા | એસોસિએટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા |
| ડૉ. અશોક વાઘેલા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી આટ્ર્સ કૉલેજ, અમીરગઢ |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ. જીતલ રાઠોડ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. જાગૃતિ મહેતા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. દિનેશ ભદ્રેસરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |



**પ્રકાશક** : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકરઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંવર્ધિત આવૃત્તિ-2025**

**ISBN “ 978-93-89909-04-3 ”**



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપનયુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**Semester-02**
**HISMN-102**
**ગુજરાતનો ઇતિહાસ**
**(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.૧૩૦૪ સુધી)**


| | |
|---|---|
| એકમ : 1<br>ગુજરાતના ઇતિહાસ જાણવાના સાહિત્યિક સાધનો | 01 |
| એકમ : 2<br>ગુજરાતના ઇતિહાસ જાણવાના પુરાતત્વીય, સિક્કાઓ, શિલાલેખીકીય સાધનો | 17 |
| એકમ : 3<br>પ્રાગૈતિહાસિક ગુજરાત-લાંઘનજ, કોટ અને પેઢામલીના સંદર્ભમાં | 39 |
| એકમ : 4<br>આદ્ય ઐતિહાસિક ગુજરાત-ધોળાવીરા અને લોથલના સંદર્ભમાં | 53 |
| એકમ : 5<br>ગુજરાતમાં મૌર્યસત્તા | 63 |
| એકમ : 6<br>ક્ષત્રપકાલીન ગુજરાત | 79 |
| એકમ : 7<br>મૈત્રકકાલીન રાજકીય ઇતિહાસ-ભટ્ટાક, ધ્રુવસેન પહેલો, ધ્રુવસેન બીજો, શિલાદિત્ય પહેલાના વિશેષ સંદર્ભમાં | 103 |

**એકમ : 8** **120**
**મૈત્રકકાલીન ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને વહીવટી સ્થિતિ**

એકમ : 9 **131**
વનરાજ ચાવડા અને અણહિલવાડ પાટણની સ્થાપના

એકમ : 10 **147**
મૂળરાજ તથા ભીમદેવ-૧ પહેલાની સિદ્ધિઓ

એકમ : 11 **165**
સિદ્ધરાજ જયસિંહની રાજકીય સિદ્ધિઓ

એકમ : 12 **172**
કુમારપાળની રાજકીય સિદ્ધિઓ

એકમ : 13 **177**
કુમારપાળની સાંસ્કૃતિક સિદ્ધિઓ

એકમ : 14 **198**
હેમચંદ્રાચાર્ય અને તેમનું શિષ્યમંડળ

**એકમ :15** **212**
**વસ્તુપાલ-તેજપાલનું વહીવટીતંત્ર અને સુધારા**

**એકમ :16** **223**
**સોલંકી-વાઘેલા સમયની આર્થિક, સામાજિક સ્થિતિ અને સાંસ્કૃતિક સ્થિતિ**

**એકમ :17** **247**
**કર્ણદેવ વાઘેલા અને સોલંકી-વાઘેલા રાજવંશની પડતી**

## વિભાગ-1 પ્રાગૈતિહાસિક થી મૌર્યયુગ સુધી

ગુજરાતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિકયુગ થી ઈ.સ. ૧૩૦૪ સુધી) પેપર-2ના વિભાગ-1 (પ્રાગૈતિહાસિક થી મૌર્યયુગ સુધી)માં કુલ પાંચ યુનિટનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ગુજરાતના ઇતિહાસ જાણવાના સાધનોનો પરિચય મેળવી પ્રાગૈતિહાસિક ગુજરાતથી શરૂ કરી ગુજરાતમાં મૌર્ય સત્તા સુધીનો ઇતિહાસ આવરી લેવામાં આવ્યો છે. એકમોની વિસ્તૃત વિગતો આ મુજબ છે.

એકમ-1 આધારભૂત સાધનો વગર ઇતિહાસ લખી શકાતો નથી. આ સાધનોમાં સાહિત્યિક સાધનો ખૂબ જરૂરી છે. ગુજરાતનો ઇતિહાસ જાણવો હોય તો તેના સાહિત્યિક સાધનોને જાણવા જરૂરી છે, જે આ એકમમાંથી જાણી શકાશે. ધાર્મિક સાહિત્ય, ધર્મેત્તર સાહિત્ય તથા વિદેશી લેખકોના લખાણોમાંથી ગુજરાતનો ઇતિહાસ જાણવા મળે છે.સાથે સાથે પ્રાચીન સમયની લિપિ, ભાષા અને સાહિત્ય વિશેની માહિતી પ્રાપ્ત થાય છે.

એકમ-2 ગુજરાતનો ઇતિહાસ જાણવા માટે જેટલા સાહિત્યિક સાધનો મહત્વના છે, એટલા જ મહત્વના પુરાતત્વીય, સિક્કાઓ અને શિલાલેખકીય સાધનો છે. પુરાવશેષોના આધારે પ્રાચીન ભારતનો ઇતિહાસ જાણી શકાય અને સમજી શકાય છે. પ્રાગૈતિહાસિક સંસ્કૃતિના સાહિત્યિક કે લેખિત સાધનો ઉપલબ્ધ ન થયેલ હોવાથી અહીં પુરાવસ્તુકીય સાધનો પર જ આધાર રાખવો પડે છે. આમ, અહીં પ્રાગૈતિહાસિકથી માંડીને સોલંકીકાલીન પુરાવસ્તુકીય સામગ્રીની વિસ્તુત માહિતી આપવામાં આવેલ છે.

એકમ-3 ગુજરાતની શરૂઆતની ભૂસ્તર રચના અને તેમાં થયેલ ફેરફારો, યોનિ અને માનવ યોનિનો સૌ પ્રથમ થયેલ ઉદ્દભવ, ગુજરાતમાં પ્રાગૈતિહાસિક સમયની શરૂઆત ક્યાં અને ક્યારે થઇ અને તેનો વિકાસક્રમ વગેરેની આ એકમમાં માહિતી આપવામાં આવેલી છે. ગુજરાતના સંદર્ભમાં પાષણયુગ અને પાષણયુગના તબક્કાઓને અહીં સમજી શકાશે.

એકમ-4 ભારતની સાથે સાથે ગુજરાતમાં શરૂ થયેલ ‘નગર સંસ્કૃતિ’ની શરૂઆત અને આટલી સુવ્યવસ્થિત અને ભવ્ય સંસ્કૃતિનો ગુજરાતમાં થયેલ વિકાસની અહીં વિસ્તૃત વાત કરવામાં આવેલી છે. સાથે સાથે આ સમયના આપણા પૂર્વજો ધાતુ વિદ્યા, કલા-કૌશલ્ય, કૃષિ અને નગર વ્યવસ્થામાં કેટલા નિપુણ હતા તે જાણી શકાશે.

એકમ-5 ભારતના ઐતિહાસિકકાળથી ગુજરાતનો ઐતિહાસિકકાળ 150 વર્ષ મોડો શરૂ થયો એની વિગતોની સાથે ભારતના મોટાભાગના પ્રદેશો પર શાસન કરતી મૌર્યસત્તાની ગુજરાતના ઇતિહાસમાં શું ભૂમિકા છે તેની માહિતી આ એકમમાંથી પ્રાપ્ત થશે. આ ઉપરાંત મૌર્યકાલીન ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક, વહીવટીય અને સ્થાપત્ય વિષયથી પણ માહિતગાર થવાશે.

# એકમ-01 ગુજરાતના ઇતિહાસ જાણવાના સાહિત્યિક સાધનો

:: રૂપરેખા::

**1.0** ઉદ્દેશો

**1.1** પ્રસ્તાવના

**1.2** સાહિત્યિક સાધનો

1.2.1 પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક યુગના સાહિત્યિક સાધનો

**1.2.1.1** પુરાણો

**1.2.1.2** જૈન આગમગ્રંથો

**1.2.1.3** બૌદ્ધ જાતકકથાઓ

**1.2.2** મૌર્યયુગથી મૈત્રકયુગના સાહિત્યિક સાધનો

**1.2.3** અનુ-મૈત્રક અથવા ચાવડા વંશના સાહિત્યિક સાધનો

**1.2.4** સોલંકી–વાઘેલાકાલના સાહિત્યિક સાધનો

**1.2.4.1** નાટકો અને કાવ્યો

**1.2.4.2** મહામાત્યવસ્તુપાલના સમયનું સાહિત્યિક સાધનો

**1.2.5** અનુ-સોલંકી કાલના સાહિત્યિક સાધનો

**1.2.6** ગુજરાતના ઇતિહાસ વિશે અન્ય પ્રદેશમાં રચાયેલ સાહિત્ય

**1.2.7** વિદેશી લેખકો અને સાહિત્ય

**1.2.8** ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિનો ખ્યાલ આપતા સાધનો

**1.3** સારાંશ

**1.4** ચાવીરૂપ શબ્દો

**1.5** તમારી પ્રગતિને ચકાસોના જવાબો

**1.6** સંદર્ભ

## 1.0 ઉદ્દેશો

આ એકમ વાંચીને તમે ગુજરાતના ઇતિહાસ જાણવાના સાહિત્યિક સાધનોથી પરિચિત થશો.

- પ્રાચીન ગુજરાતના ઇતિહાસ જાણવાના સાધનો ક્યાં ક્યાં છે?
- ગુજરાતના પ્રાચીન સમયમાં કયા પ્રકારની લિપિઓ હતી ?
- ગુજરાતની ભાષા અને સાહિત્ય વિશે માહિતગાર થશો?
- સાહિત્યમાંથી ઇતિહાસ કઈ રીતે જાણી શકાય તેનો ખ્યાલ આવશે?
- સાહિત્યમાં ઇતિહાસ બાબતે કેવી ખામીઓ હોય તે સમજાશે.

## 1.1 પ્રસ્તાવના

સૌપ્રથમ તો ઐતિહાસિક સાધન-સામગ્રી એટલે શું? એ આપણે સમજવું પડે, ઐતિહાસિક સાધન એટલે ઐતિહાસિક માહિતી ધરાવતા કોઈપણ પ્રકારના અવશેષ કે અહેવાલને ઇતિહાસ લેખન માટેની સાધન- સામગ્રી ગણાવી શકાય. માનવીએ ભૂતકાળમાં કરેલી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ કોઈપણ અવશેષ કે અહેવાલનો ઇતિહાસ લેખનની સામગ્રી તરીકે સમાવેશ થઇ શકે. આ સાધન-સામગ્રીને તેના સમય, સ્થાન અને લેખક પ્રમાણે વર્ગીકરણ કરી સાધનની વિશ્વસનીયતા ચકાસી સાધન પ્રથમ કક્ષાનું છે કે દ્વિતીય કક્ષાનું તે નક્કી કરી શકાય છે. આવા સાધનોમાં સાહિત્યિક સામગ્રી, પુરાવસ્તુકીય, સિક્કાઓ, શિલાલેખો વગેરે મુખ્ય હોય છે. આ બધા સાધનોનો ઉપયોગ કરી કોઈપણ દેશ-પ્રદેશ સ્થળવંશના ઇતિહાસનું આલેખન કરી શકાય.

## 1.2 સાહિત્યિક સાધનો

ગુજરાતના ઇતિહાસને સમજવા માટે સાહિત્યિક સાધનો વધારે મહત્વના છે. કારણ કે સાહિત્ય એ પ્રજાજીવનનું પ્રતિબિંબ છે. તેથી જ સાહિત્યને સમાજનું દર્પણ કહેવાય છે. સાહિત્યમાં વેદો, પુરાણો, મહાભારત, જૈનધર્મના ગ્રંથો, બૌદ્ધધર્મના ગ્રંથો, રાજ્યવંશોના વૃત્તાંત, રાજાઓની પ્રશસ્તિઓ, ચરિત્રો, નાટકો, કાવ્યો, મહાકાવ્યો વગેરે સાહિત્યમાંથી ઇતિહાસ જાણી શકાય છે. પરંતુ ઉપરોક્ત સાહિત્યને ઇતિહાસ જાણવાના અન્ય સાધનો જેવા કે પુરાવસ્તુકીય, અભિલેખિક, સિક્કાઓ, તામ્રપત્રો વગેરે સાથે તુલના કરી સાહિત્યિક સાધનોની ઐતિહાસિકતા

તપાસી ઉપયોગ કરી શકાય.આથી પ્રાચીન ગુજરાતના ઇતિહાસ જાણવા માટે સાહિત્યિક સાધનની વિગતે ચર્ચા કરીએ.

**1.2.1 પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિકયુગના સાહિત્યિક સાધનો**

ભારતમાં ઐતિહાસિક કહી શકાય તેવો ઇતિહાસનો પ્રથમ ગ્રંથ છેક 11મી સદીમાં કવિ કલ્હણે લખેલ 'રાજતરંગિણી'માંથી મળે છે. આ ગ્રંથમાં તે ભારતયુદ્ધથી ઇતિહાસનો પ્રારંભ કરે છે. જ્યારે ગુજરાતના પ્રાચીન ઇતિહાસની કૃતિઓ ચાવડા વંશથી શરૂઆત કરે છે. એ અગાઉના ઇતિહાસ માટે કેટલીક છૂટીછવાઈ સામગ્રી મળે છે. પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિકયુગના ખુબ જ ઓછા સાહિત્યિક સાધનો છે.

**1.2.1.1 પુરાણો**

પુરાણોમાં ભારતના આદ્ય – ઐતિહાસિક વંશોને લગતી અનુશ્રુતિઓ જોવા મળે છે. તેમાં ખાસ કરીને શર્યાતો, ભૃગુઓ અને યાદવોને લગતી અનુશ્રુતિઓ જોવા મળે છે. આ અનુશ્રુતિઓ વાયુ પુરાણ, બ્રહ્માંડ પુરાણ, બ્રહ્મપુરાણ અને મત્સ્ય પુરાણમાં આપેલી છે. તેમાંથી ગુજરાતના આદ્ય-ઇતિહાસ માટેની માહિતી મળે છે. મહાભારતમાંથી મથુરાથી આવી દ્વારકા વસેલા યાદવો વિશે માહિતી મળે છે. મહાભારતના 'મૌસમ પર્વ'માં યાદવાસ્થળીની સંપૂર્ણ માહિતી સાંપડે છે. જ્યારે મહાભારતનો ખીલ (પરિશિષ્ટ) 'હરિવંશ'માં શ્રીકૃષ્ણ ચરિતના બાકીના પ્રસંગો જોવા મળે છે. આ ઉપરાંત વિષ્ણુપુરાણ અને ભાગવતપુરાણમાં પણ યાદવો અને શ્રીકૃષ્ણ વિશે વિસ્તૃત માહિતી મળે છે.

ગુજરાતના જુદાં જુદાં તીર્થક્ષેત્રો તથા ગુજરાતની અમુક જ્ઞાતિઓની ઉત્પત્તિ અંગે સ્કંદપુરાણ અને પદ્મપુરાણના કેટલાંક ખંડોમાં માહિતી જોવા મળે છે. પરંતુ આ ખંડ પ્રાચીનકાલ પછી લખાયેલા જોવા મળે છે.

**1.2.1.2 જૈન આગમ ગ્રંથો**

જૈન આગમ ગ્રંથોમાંથી પણ યાદવોને લગતી અનુશ્રુતિઓ મળે છે. જેમ શ્રીકૃષ્ણ વિશે સંસ્કૃત તથા ગુજરાતી સાહિત્યમાં અનેક કૃતિઓ રચાઈ છે તે પ્રમાણે વસુદેવ, અરિષ્ટનેમિ અને રાજિમતી વિશે જૈન લેખકોએ પ્રાકૃત સંસ્કૃત અને જૂની ગુજરાતીમાં અનેક કૃતિઓ રચી છે.

**1.2.1.3 બૌદ્ધ જાતકકથાઓ**

બૌદ્ધ જાતકકથાઓમાં તેમજ પાણિની વગેરેની કૃતિઓમાં પણ યાદવવંશને લગતા ભૌગોલિક, વાણિજ્યિક અને જનજાતીય પ્રકારના કેટલાંક છૂટા-છવાયા પ્રાસંગિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

### 1.2.2 મૌર્યયુગથી મૈત્રકયુગના સાહિત્યક સાધનો

મૌર્યથી મૈત્રક યુગના આ 11 સદીઓનો ગુજરાતનો ઇતિહાસ પુરાણો અને અનુશ્રુતિઓમાંથી મળે છે.સાહિત્યિક સાધનો કરતા વધારે વિશ્વસનીય માહિતી શિલાલેખો, સિક્કાઓ અને તામ્રપત્રોમાંથી પ્રાપ્તથાય છે. સાહિત્યિક સાધનની વાત કરીએ તો પુરાણોમાં મૌર્ય વંશની સાલવારી અને અનુશ્રુતિઓમાં થોડોઘણો ખ્યાલ આવે છે. અનુ-મૌર્ય સમયના ઇતિહાસ માટે 'પેરિપ્લસ'(પહેલી સદી) અને 'ટોલેમી'(બીજી સદી)ની ભૂગોળમાંથી કેટલીક ઉંપયોગી માહિતી મળે છે. શક શાસકો તથા શાકારી વિક્રમાદિત્ય વિશેની અનુશ્રુતિ જૈન સાહિત્યમાં મળે છે. તેમાંથી પશ્ચિમી ક્ષત્રપોની પણ વિગત મળે છે. ગુજરાત પર ગુપ્ત સમ્રાટોના શાસન વિશે સાહિત્યમાં ભાગ્યે જ કોઈ ઉલ્લેખ છે. વલભીના મૈત્રકો પૈકી ધ્રુવસેન બીજા વિશે તેના સમયના ચીની યાત્રી હ્યુ-એન-ત્સાંગ પોતાના પ્રવાસ નોંધો સી-યુ-કી "પશ્ચિમ દિશાનો અહેવાલ"માં માહિતી મળે છે. છેલ્લા રાજા શિલાદિત્ય અને વલભી-ભંગ વિશે જૈન સાહિત્ય અનુશ્રુતિક વૃત્તાંત આપે છે. પરંતુ તેમાં જોડણી અને સાલવારીમાં ગેરસમજ જોવા મળે છે.

### 1.2.3. અનુ-મૈત્રક અથવા ચાવડા વંશના સાહિત્યિક સાધનો

ગુજરાતના ઇતિહાસમાં મૈત્રકો પછી અનુ-મૈત્રક અથવા ચાવડા વંશનો ઉદય થાય છે. તેમના વિશે કેટલાંક સાહિત્યિક સાધનો ઉપલબ્ધ છે. અણહિલવાડ પાટણના ચાવડાવંશ વિશે 12મી સદીમાં લખાયેલ યશ:પાલકૃત 'મોહરાજ-પરાજય'માં પ્રાસંગિક ઉલ્લેખો છે. ચાવડા વંશની સળંગ વંશાવલી 13મી સદીમાં અરિસિંહકૃત 'સુકૃત-સંકિર્તન' અને ઉદયપ્રભસુરિકૃત 'સુકૃતકીર્તિક્લ્લોલિની'માં તેમજ મેરુતુંગાચાર્ય રચેલ 'પ્રબંધચિંતામણી (14મી સદી) વગેરે પ્રબંધસંગ્રહોમાં મળે છે. પરંતુ જૈન પ્રબંધો અને 17મી 18મી સદીમાં 'ધર્મારણ્ય – મહાત્મ્ય' અને કૃષ્ણ કવિએ લખેલ 'રત્નમાલા'માં વનરાજ ચાવડાના માતાપિતાને લગતા વૃત્તાંત એ જૈન અનુશ્રુતિઓથી ઘણો જુદા પડે છે. આમ ચાવડા રાજ્ય માટેની અનુકાલીન સાહિત્ય અને સમકાલીન સામગ્રીની સરખામણી વિસંવાદી અને સંદિગ્ધ જોવા મળે છે.

### 1.2.4 સોલંકી –વાઘેલાયુગના સાહિત્યિક સાધનો

સોલંકી – વાઘેલા કાલ એ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણયુગ હતો.આ સમયમાં સાહિત્યિક સામગ્રી વિપુલમાત્રામાં જોવા મળે છે .

❖ **હેમચન્દ્રાચાર્ય**

સિદ્ધરાજ જયસિંહની પ્રેરણા તથા પ્રોત્સાહનથી રચાયેલા ‘સિદ્ધહેમશબ્દાનુશાસન’ના આઠેય અધ્યાયમાં સોલંકી રાજા મૂળરાજથી લઇને સિદ્ધરાજ સુધીના રાજાઓની પ્રશસ્તિ આપી છે.

હેમચન્દ્રાચાર્યના ‘દ્વયાશ્રય’ નામના સંસ્કૃત કાવ્યગ્રંથમાં સમકાલીન રાજા સિદ્ધરાજ તથા કુમારપાલ સુધીના સોલંકી વંશનું ઉત્કીર્તન આપેલું છે. જ્યારે પ્રાકૃત ‘દ્વયાશ્રય’માં કુમારપાલનું ચરિત્ર નિરૂપ્યું છે. આ બંને મહાકાવ્યો મુખ્ય દ્રષ્ટિએ રૂઢ સ્વરૂપનું કાવ્યો આપવાનું હતું, એટલે ઐતિહાસિક કહી શકાય તેવા સળંગ અને પદ્ધતિસરનું લેખન મળતું નથી. આ ટીકા સોલંકી –વાઘેલાકાળની લગભગ બધાં જ કાવ્ય તથા નાટકોને લાગુ પડે છે. તેમ છતાં ગુજરાતના ઇતિહાસ ઉપયોગી સાહિત્યમાં ‘દ્વયાશ્રય’ મહત્વનું સ્થાન ધરાવે છે અને તે ઇતિહાસના સાધન તરીકે પ્રથમ શરૂઆત સમાન છે. આ ઉપરાંત હેમચન્દ્રાચાર્ય દ્વારા રચિત ‘ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત’ના પરિશિષ્ટ પર્વમાં જૈન આચાર્યોની પટ્ટાવલીઓ પણ ઇતિહાસ ઉપયોગી સાધન છે.

**1.2.4.1 નાટકો અને કાવ્યો**

- **કર્ણસુંદરી**

સોલંકી રાજા કર્ણદેવના સમયમાં પાટણમાં આવેલા કાશ્મીરી કવિબિલ્હણએ‘કર્ણસુંદરી’નામે નાટકની રચના કરી છે. એ ગુજરાતના ઐતિહાસિક નાટકમાં ઉત્તમ નમૂના રૂપ છે. આ નાટકમાં ખાસ કરીને રાજા કર્ણદેવના પરિણયને લગતી માહિતી જોવા મળે છે. આ ઉપરાંત કર્ણદેવે ગઝની પર આક્રમણ કરી સિંધુના કિનારે વિજયયુદ્ધ લડાઈનું વર્ણન છે.

- **મુદ્રિતકુમુદચંદ્ર**

ઈ.સ.1125માં સિદ્ધરાજ જયસિંહની અધ્યક્ષતામાં શ્વેતાંબરવાદી દેવસુરિએ દિગંબરવાદી કુમુદચંદ્રને વાદ-વિવાદમાં કઈ રીતે ચૂપ કરાવી દીધા એ આખી ઘટનાનું કવિ યશચંદ્ર એ આ નાટકમાં આલેખન કરેલું છે. તેના પાત્રો તથા પ્રસંગોમાં ઐતિહાસિક માહિતી મળે છે.

- **મોહરાજ પરાજય**

ઈ.સ. 1160માં સોલંકી રાજા અજયપાલના મંત્રી યશપાલે ‘મોહરાજ-પરાજય’ નાટક રચ્યું. તેમાં રાજા કુમારપાળે ભગવાન મહાવીર સ્વામીની મૂર્તિ અને આચાર્ય હેમચન્દ્રાચાર્યની સમક્ષ ધર્મરાજ અને વિરતિની પુત્રી કૃપાસુંદરી સાથે લગ્ન કાર્ય

તેનું વર્ણન છે. કુમારપાલે જૈન ધર્મ અંગીકાર કર્યાની ઐતિહાસિક ઘટનાનું ઉલ્લેખ છે.

- **ચન્દ્રલેખાવિજય પ્રકરણ**

દેવચંદ્રસૂરિએ આ નાટકમાં કુમારપાલે સપાલદક્ષના ચાહમાન રાજા અર્ણોરાજને હરાવ્યાનીઐતિહાસિકઘટનાની નોંધ છે. આ નાટકો સમકાલીન હોવાથી ઇતિહાસપયોગી માહિતી મળે છે. ઉપરોક્ત નાટકો ધાર્મિક કે સામાજિક ઉત્સવ પ્રસંગોએ મંદિરો વગેરે સાર્વજનિક સ્થાનોએ ભજવાતા.

- **'કુમારવિચાર–શતક' કાવ્ય**

રામચંદ્રસૂરિએ 'કુમારવિચાર- શતક' કાવ્યમાં કુમારપાલેપાટણમાં પાશ્વનાથ જિનાલય બંધાવ્યાનુંકાવ્યમય વર્ણન કર્યું છે.

- **કુમારપાલ – પ્રતિબોધ**

ઈ.સ. 1185માં કુમારપાલના સમકાલીન સોમપ્રભસૂરિએ 'કુમારપાલ –પ્રતિબોધ' નામે ગદ્યગ્રંથમાં હેમચન્દ્રસૂરિએ વારંવાર ધર્મોપદેશ આપીને કુમારપાલને કેવી રીતે પ્રતિબોધ કરાવ્યો તેનું નિરૂપણ કર્યું છે. આ સૂરીએ રચેલા 'શતાર્થિક' કાવ્યમાં એ એક શ્લોકના સો અર્થ પૈકીના ચાર અર્થ સિદ્ધરાજ, કુમારપાલ, અજયદેવ, અને મૂળરાજ જેવાં સમકાલીન રાજાઓને લાગુ પડે છે.

**1.2.4.2 મહામાત્યવસ્તુપાલના સમયના સાહિત્યિક સાધનો** :

વસ્તુપાલ સોલંકી રાજા ભીમદેવ બીજાના સમકાલીન રાણા વીરધવલના મહામાત્ય હતા. તેમના સમયમાં વિપુલ સાહિત્ય રચાયું છે. તેમાં ખાસ કરીને વસ્તુપાલના સુકૃતો તથા પરાક્રમો વિશે અનેક કૃતિઓ રચાયેલ છે.

વસ્તુપાલે પોતાના (નરનારાયણાનંદ) મહાકાવ્યના અંતિમ સર્ગમાં પોતાના પૂર્વોજોના તથા પોતાનો ટૂંકમાં પરિચય આપ્યો છે પણ ગુજરાતના ઈતિહાસને વધારે ઉપયોગી સાધન સામગ્રી તેના વિદ્યામંડળે પૂરી પાડી હતી.વસ્તુપાલના સુકૃતોની પ્રશસ્તિ વિશે એના સમકાલીન કવિઓએ ૧૩મી સદીના ઉત્તરાર્ધમાં પાંચકાવ્યોની રચના કરી હતી.

- **કીર્તિકૌમુદી**

સોમેશ્વરે વસ્તુપાલની કીર્તિગાથા રૂપે કીર્તિકૌમુદી નામના મહાકાવ્યની રચના કરી. એમાં પાટણના સોલંકી વંશના મૂલરાજ પહેલાથી ભીમદેવ બીજા સુધીના રાજાઓ, વાઘેલા સોલંકી વંશના રાણા ધવલથી વીરધવલ અને પ્રગ્વાટ કુળના ચંડથી માંડીને વસ્તુપાલ-તેજપાલ અનેરાણા વીરધવલના મહામાત્ય તરીકે તેઓની

નિયુક્તિ, તેમજ વસ્તુપાલે ખંભાતમાં કરેલા લાટના રાજા શંખનો પરાજય અને વસ્તુપાલે સંઘ સાથે શત્રુંજય, ગિરનારના પ્રવાસની કરેલી તીર્થયાત્રાનું નિરૂપણ કરેલું છે. સોમેશ્વરે અણહિલવાડના સોલંકી વંશના તેમજ ધોળકાના વાઘેલા સોલંકી વંશના ઇતિહાસ વિશે ઉત્તમ ઐતિહાસિક માહિતીનું પોતાના મહાકાવ્યમાં આલેખન કરેલ છે. જે ગુજરાતના ઇતિહાસ માટે 'દ્વયાશ્રય' પછી બીજા નંબરનો ઉત્તમ ગ્રંથ છે.

- **સુકૃત-સંકીર્તન**

કવિ અરિસિંહે આ મહાકાવ્યમાં અણહિલવાડ પાટણના ચાવડાવંશ સોલંકીવંશ વસ્તુપાલ-તેજપાલની મંત્રી પદે નિયુક્તિ, વસ્તુપાલે કરેલી સંઘ યાત્રા અને ગુજરાતમાં તેણે ઠેરઠેર બંધાવેલા મંદિરો જળાશયો વગેરેના નિરૂપણ જોબા મળે છે.

- **વસંતવિલાસ**

મંત્રી વસ્તુપાલના પુત્ર જૈત્રસિંહ માટે રચાયેલા બાલચંદ્રકૃત 'વસંતવિલાસ' નામે મહાકાવ્યમાં શંખનો પરાજય અને ખાસ વસ્તુપાલના મૃત્યુ અંગે વસ્તુપાલનો સદ્દગતિ સાથે થયેલા વિવાહ એ રૂપક સાથે વર્ણન છે.

- **ધર્માભ્યુંદાય સંઘપતિચરિત**

ઉદયપ્રભુસૂરિએ રચેલા ધર્માભ્યુંદાય અથવા સંઘપતિચરિતમાં ખાસ કરીને વિજયસેનસૂરિએ વસ્તુપાલને આપેલ ધર્મોપદેશ અને શત્રુંજ્યની સંઘયાત્રાનું વર્ણન મળે છે. નરચંદ્રસૂરિએ પણ'વસ્તુપાલ-તેજપાલ' કાવ્યમાં વસ્તુપાલના ગુણો, યાત્રાઓ અને સુકૃતોનું વર્ણન છે. ઉપરોક્ત ચાર મહાકાવ્ય ઉપરાંત બીજા કેટલાંક ખંડકાવ્યમાં પણ માહિતી મળે છે. ઉદયપ્રભસૂરિ 'સુકૃતકીર્તિક્લ્લોલિની' અને જયસિંહસૂરિ કૃત 'વસ્તુપાલ-તેજપાલ પ્રશસ્તિ' તેમજ 'હમ્મીરમદમર્દન'માં ઉત્તરના તુરુષ્ક હમ્મીરતથા ઈલ્તુત્મિશ અને દક્ષિણના યાદવ રાજા સિંઘણ ગુજરાત પર આક્રમણ કરવા માંગે છે ત્યારે વસ્તુપાલ કુનેહથી હમ્મીરના આક્રમણથી બચાવે છે. એ આખી ઐતિહાસિક ઘટનાનું વર્ણન છે. મહાકાવ્યો અને ખંડકાવ્યોના કવિઓ વસ્તુપાલના સમકાલીન જ નહિ પણ નિકટ સંપર્ક વાળા હતા તેથી તેમને વસ્તુપાલના કુળનું અને તેના સુકૃતોનું આલેખન કરેલું છે તે ઘણું શ્રદ્ધેય છે, પરંતુ આ કાવ્યોમાં વસ્તુપાલની રાજકીય કારકિર્દીનું ક્રમિક નિરૂપણ થયેલ નથી. આમાં મોટા ભાગે પ્રસંશાત્મક અને અતિશયોક્તિભર્યું છે.

ઉપરોક્ત કાવ્યોમાં નિરુપાયેલા પ્રસંગોનું સંકલન અને સમકાલીન અભિલેખોમાં જણાવેલ હકીકતો સાથે તુલનાત્મક આભ્યાસ કરી ઐતિહાસિક માહિતી જાણી શકાય છે.

- **રાસ**

વસ્તુપાલના સમકાલીન કવિઓએ વસ્તુપાલના સુકૃતો વિશે રાસ રચ્યાં છે. વિજયસેનસૂરિકૃત 'રેવંતગિરિરાસ'માં ગિરનાર પર અને પલ્હાણપુત્રે ઈ.સ.૧૨૩૩માંરચેલો 'આબુરાસ'માં આબુ પર્વત પર તેજપાલે ચંદ્રાવતીના રાજા સોમના સહકારથી દેલવાડામાં ભૂમિ પસંદ કરી શોભન દેવ નામે ઈ.સ.૧૨૩૦માં નેમિનાથનું મંદિર બંધાવ્યું. એ યાદગાર સુકૃત નિરૂપ્યું છે. અજ્ઞાત કર્તા દ્વારા રચાયેલ 'પેથડરાસ'માં પોરવાડ પેથડે પાટણથી શત્રુંજય, ગિરનાર, પ્રભાસ વગેરે તીર્થોની યાત્રા કરી હતી તેનું પ્રવાસવર્ણન ભૌગોલિક દ્રષ્ટિએ નોંધપાત્ર છે.

- **પ્રબંધો**

આનુશ્રૃતિક વૃત્તાંતો આપતા પ્રબંધોના સંગ્રહ ગુજરાતના પ્રાચીન ઈતિહાસ માટે ઘણી સામગ્રી પૂરી પડે છે.

- **પ્રબંધાવલી (ઈ.સ. 1234)**

ઉદયપ્રભસૂરિના શિષ્ય જિનભદ્રકૃત 'પ્રબંધાવલી' એ સૌથી પ્રાચીન જ્ઞાતપ્રબંધ સંગ્રહ છે. જેમાં, ગુજરાત, રાજસ્થાન અને મળવા સાથે સબંધ ધરાવતા ઐતિહાસિક કુટુંબો અને પ્રસંગોને લગતા આનુશ્રૃતિક વૃત્તાંત આપ્યા છે. જેમાં આગળ જતા વસ્તુપાલના મૃત્યુ પછીના કેટલાંક બનાવોના ઉલ્લેખ ઉમેરાયા છે.

- **પ્રભાવકચરિત (ઈ.સ. 1277)**

પ્રભાચંદ્રસૂરિએ 'પ્રભાવકચરિત'માં કેટલાંક જૈન પ્રભાવક આચાર્યોનું ચરિત્ર અનુશ્રુતિઓ અનુસાર આલેખ્યું છે. તેમાંથી ગુજરાતની કેટલીક ધાર્મિક તથા સાંસ્કૃતિક સ્થિતિપર પ્રકાશ પડે છે. આ ગ્રંથહેમચંદ્રાચાર્યના પરિશિષ્ટ પર્વના અનુસંધાને લખાયેલો છે. એમાં વાજ્રસ્વામીથી માંડીને હેમચંદ્રાચાર્યસૂરિ સુધીમાં 22 પ્રભાવક આચાર્યોની જીવનરેખા આલેખવામાં આવે છે.

- **પ્રબંધચિંતામણી' (ઈ.સ.1305)**

મેરુતુંગાચાર્યે રચેલ 'પ્રબંધ ચિંતામણી' એ ગુજરાતના ઇતિહાસ માટે સહુથી વધુ ઉપયોગી પ્રબંધ સંગ્રહ છે. એમાં વનરાજ ચાવડાથી માંડીને વાઘેલા વીરધવલ સુધીના રાજાઓનો સિલસિલાબંધ વૃત્તાંત સાલવારી સાથે આપે છે અને એ સમયે સોલંકી વંશની સત્તા લુપ્ત થઇ હોવાથી એમાં એ રાજાઓની ક્ષતિઓ પણ જણાવવામાં આવે છે. આ સંગ્રહમાં મુખ્ય દ્રષ્ટિકોણ જૈન ધર્મનો  હોવાથી કેટલીક

ઈત્તર અપેક્ષિત માહિતી નથી આપવામાં આવી, છતાં અનુશ્રુતિક વૃત્તાંતોના સંગ્રહ તરીકે પણ આ ગ્રંથ ઘણો ઉપયોગી નીવડ્યો છે. પ્રાચીન ગુજરાતના ઇતિહાસના સાધનોમાં 'દ્વયાશ્રય', 'કીર્તિકૌમુદી' પછી 'પ્રબંધ ચિંતામણી' સૌથી વધુ મહત્વનો ગ્રંથ કહી શકાય.

એકબીજા મેરુતુંગાચાર્યે ઈ.સ. 1350માં અરસામાં લખેલ 'સ્થવિરાવલી' કે 'વિચારશ્રેણી'માં ચાવડા, સોલંકી અને વાઘેલા રાજાઓની યાદી સાલવારી સાથે આપી છે. તેમાં કેટલાંક વિગતભેદ જોવા મળે છે રાજશેખરસૂરિએ લખેલ 'પ્રબંધકોશ' કે 'ચતુંરવિશતિપ્રબંધ'(ઈ.સ.1349) પણ કહે છે. તેમાં વસ્તુપાલ-તેજપાલ જેવાં શ્રાવકોના પ્રબંધ ગુજરાતના પ્રાચીન ઇતિહાસ માટે ઉપયોગી છે.

'પ્રબંધચિંતામણી' અને 'પ્રબંધકોશ'ની વચ્ચેના સમયમાં રચાયેલા 'વિવિધ તીર્થકલ્પ'માં જિનપ્રભસૂરિએ શત્રુંજ્ય, રૈવતક, અર્બુદ વગેરે જૈન તીર્થોને લગતા વૃત્તાંતો નિરૂપ્યા છે.તેમાં ગુજરાતના ઇતિહાસને લગતા કેટલાંક મહત્વના ઉલ્લેખ મળ્યાછે. એક બીજા કલ્પમાં અલાઉદ્દીને મોકલેલ ઉલુંઘખાને ઈ.સ.૧૨૯૯માં ગુજરાત પર કરેલા આક્રમણનો ઉલ્લેખ આવે છે.એવી રીતે વલ્લભી-ભંગની સાચી માહિતી આ કલ્પમાંથી મળે છે. દિલ્હી સલ્તનત પહેલા નાકિમ અલ્પખાનના સેવક સમરસિંહે ઈ.સ.1315માં શત્રુંજ્ય તીર્થનો ઉદ્ધાર કાર્યોનો ઉલ્લેખ શત્રુંજ્ય તીર્થકલ્પમાં આવે છે. એ સુકૃતનું કક્કસૂરિએ 'નાભીનંદનજિનોદ્ધાર' પ્રબંધ નામે લાંબા કાવ્યમાં વિસ્તૃત વર્ણન છે.

### 1.2.5 અનુસોલંકીકાળના સાહિત્યિક સાધનો

#### 1.2.5.1 ઐતિહાસિક ચરિત્રો

ઈ.સ.1366-1469 દરમ્યાન પ્રબંધોની જેમ અનુ-સોલંકીકાળમાં જૈન કવિઓ દ્વારા વિવિધ ઐતિહાસિક ચરિત્રોનું આલેખન થયેલ છે.તેમના વિષય વસ્તુમાં રાજા કુમારપાલ અને મંત્રી વસ્તુપાલનું વર્ણન જોવા મળે છે. તેમાના કેટલાંક નીચે પ્રમાણે છે.

સોમતિલકસૂરિએ 'કુમારપાલચરિત' (ઈ.સ.1344), ધર્મરત્ને ગદ્યપદ્યમિશ્રિત 'કુમારપાલચરિત' (ઈ.સ.1381)ની રચના કરી, તેમાં વનરાજથી કુમારપાલ સુધીની સાલવારી સાથેની ઐતિહાસિક માહિતી મળે છે. જિનમંડનગણિએ 'કુમારપાલપ્રબંધ' (ઈ.સ.1443) અને ચારિત્રસુંદરગણિએ ઈ.સ.1469)'કુમારપાલચરિત' રચ્યું. ઈ.સ. 1614માં ખંભાતના કવિ ઋષભદાસે ગુજરાતીમાં 'કુમારપાલરાસો' રચ્યો. જેમાં ખંભાતનું વિસ્તૃત વર્ણન તેમજ તત્કાલીન સમાજનું સમૃદ્ધ ચિત્ર જોવા મળે છે.

15મી સદીના મધ્યમાં જિનહર્ષે ઈ.સ.1441માં 'વસ્તુપાલચરિત' નામનું વિસ્તૃત ચરિત્ર રચ્યું, જેમાં પહેલાંની ઘણીખરી સામગ્રીનો ઉપયોગ થયો છે. આ ગ્રથમાં કલ્પના કરતા ઇતિહાસનું પ્રમાણ વધારે છે. આ ઉપરાંત કેટલાંક જૈન કવિઓએ વસ્તુપાલ વિશે ગુજરાતીમાં રાસલખ્યાં છે. આ કવિઓ હિરાંણદસૂરિ, લક્ષ્મીસાગર, પાશ્વચંદ્રસુરિ, પ્રેમવિજય, સમયસુંદર, મેરુવિજય અને રામવિજય આ બધાએ 'વસ્તુપાલ-તેજપાલ રાસ' રચ્યાં છે.

- **'વિમલપ્રબંધ' કે'વિમલચરિત્ર'(ઈ.સ.1512)**

ઈ.સ.1512માં કવિ લાવણ્યસમયે ગુજરાતીમાં 'વિમલપ્રબંધ' રચ્યો છે. જેમાં કવિ એ વિમલ માતરીના શૈશવથી મૃત્યુ સુધીના પ્રસંગો આલેખ્યા છે પરંતુ તેમાં ઐતિહાસિકતા કરતા દંતકથાનું તત્વ વધારે જોવા મળે છે .પરંતુ કવિનો ઉદ્દેશ વિમલના જીવનચરિત્રનો નહિ પણ સુકૃતોના આધાર જૈન ધર્મનો પ્રભાવ વધારવાનો છે. તેમાં છતાં આ પ્રબંધમાં વણિક જ્ઞાતિઓની વિશેષત: શ્રીમાળી જ્ઞાતિની ઉત્પત્તિ અને વિકાસની દંતકથા, ન્યાતજાતના વિવિધ રીતરીવાજો, એ સમયની શિક્ષણપ્રથા, શકુનાદીક અને સામુહિક લક્ષણો વગેરે બાબતોનું નિરૂપણ થયું છે તે સાંસ્કૃતિક ઇતિહાસની દ્રષ્ટિ ખુબ ઉપયોગી ગ્રંથ છે.

- **'જગડૂચરિત'**

ઈ.સ.1313-15માં વાઘેલા સોલંકી રાજા વીસલદેવના સમયમાં ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડેલો ત્યારે કચ્છનાશ્રેષ્ઠ જગડુશાહે ગાઉથી સંગ્રહી રાખેલા ધાન્ય (અનાજ)માંથી અન્નદાન કરી લાખો લોકોને બચાવેલા તે વિશે સર્વાનંદસૂરિએ સંસ્કૃતમાં 'જગદડૂચરિત' રચ્યું. તેમાંથી આપણને ગુજરાતના એ ભયંકર દુષ્કાળ અને વિશેષત: કચ્છના દાનવીર જગડુશાહ વિશે ઐતિહાસિક માહિતી મળે છે.

**1.2.6 ગજરાતના ઇતિહાસ વિશે અન્ય પ્રદેશમાં રચેલ સાહિત્ય.**

❖ **કાન્હડદે-પ્રબંધ**

ગુજરાતના પ્રાચીન ઈતિહાસને ખાસ ઉપયોગી એવી બીજા પ્રદેશમાં રચેલ સાહિત્યમાં જાલોરના નાગર રાજકવિ પદ્મનાભેઈ.સ.1456માં ગુજરાતી પદ્યમાં રચેલો 'કાન્હડદે-પ્રબંધ' છે. તેમાં કર્ણદેવ વાઘેલાથી નારાજ થયેલા માધવ મંત્રીના નિમંત્રણથી દિલ્હીના સુલતાનના લશ્કરે ગુજરાત પર આક્રમણ કરી પાટણ કબજે કર્યું ને સોમનાથનું મંદિર તોડી નાખ્યું. એ હકીકત જાણવાનો વિશ્વસનીય ગ્રંથ છે. એ પછી ઝાલોરના રાજા કાન્હડદે એ સુલતાનના લશ્કરના આક્રમણના ભોગ બન્યોને અને અંતે એ વીરગતિ પામ્યો જે ઐતિહાસિક ઘટનાનું વર્ણન છે.

- **પારિજાતમંજરી કે વિજયશ્રી**

માળવાના રાજકવિ મદને રચેલી'પારિજાતમંજરી' કે 'વિજયશ્રી' નામે સંસ્કૃત નાટિકા, જેના પહેલા બે અંક ધારા નગરીના સરસ્વતી મંદિરમાં શિલા પર કોતરેલા છે. જેમાં માળવાના પરમાર રાજા અર્જુન વર્માએ ગુજરાત પર આક્રમણ કરી ગુજરાતના સોલંકી રાજા ભીમદેવ બીજાની ગાદી થોડા વર્ષ પડાવી લેનાર જયંતસિંહને પાવાગઢની તળેટીમાં હરાવેલો એ ઐતિહાસિક ઘટનાનું નિરૂપણ છે.

- **"ધર્મારણ્ય-મહાત્મ્ય"**

પદ્મપુરાણ –અંતર્ગત "ધર્મારણ્ય-મહાત્મ્ય"માં વનરાજ ચાવડાના પિતા વિશે, 'પુરાતનપ્રબંધ સંગ્રહ કરતા જુદી અનુશ્રુતિ આપી છે. વળી એમાં વનરાજના વંશજોની વંશાવળી આપી છે તે 'સુકૃત સંકીર્તન' અને 'સુકૃતકીર્તિકલ્લોલિની'માં આપેલી વંશાવળીને મળતી આવે છે. ને 'પ્રબંધચિંતામણી,' 'પ્રવચનપરીક્ષા' વગેરેમાં આપેલી વંશાવળીથી જુદી પડે છે.

સ્કંદપુરાણમાં ગુજરાતના અનેક તીર્થક્ષેત્રોને લગતા ખંડ આવે છે. તે ભૌગોલિક તથા ધાર્મિક ઉપયોગીતા ધરાવે છે. વળી પુરાણોમાં ગુજરાતની નાગર, મોઢ ઈત્યાદિ જ્ઞાતિઓની ઉત્પત્તિ વગેરેને લગતી અનુશ્રુતિઓ પણ આવે છે.

❖ **'રત્નમાલા'**

કવી કૃષ્ણએ રચેલું 'રત્નમાલા' નામે હિન્દી કાવ્ય 17 માં 18માં સૈકામાં રચાયેલું લાગે છે. પરંતુ તેમાં વનરાજના પિતા જયશીખરી વિશે તેમજ કનોજના રાજા ભુવડ સાથે થયેલા યુદ્ધ વિશે જે વૃત્તાંત નિરૂપયો છે તે માત્ર આ જ ગ્રંથમાં જ મળે છે, આ ગ્રંથ મૂળ સિદ્ધરાજ જયસિંહનું ચરિત નીરૂપવા માટે લખાયો હતો પરંતુ ચાવડા વંશની વાત તેણે વણી છે.

❖ 'મિરાતે અહમદી'

મરાઠા કાલના પ્રારંભમાં ફારસીમાં લખાયેલી 'મિરાતે અહમદી'માં શરૂઆતમાંચાવડા ,સોલંકીઅને વાઘેલા વંશના ઇતિહાસની રૂપરેખા આપી છે. ચાવડા રાજાઓની વશાવાલીઓ બાબતમાં એ પ્રબંધ ચિંતામણી વળી પરંપરાને અનુસરે છે.

ગ્રંથકારોની પ્રશસ્તિઓ અને ગ્રંથકારો અને લહીયાઓની પુષ્પિકાઓ પણ ઇતિહાસના સાધન છે. કારણ કે ગ્રંથકાર પોતાનો તથા પોતાના પૂર્વજો, ગુરૂઓ, રાજાઓ સમય અને સ્થાનનો પણ નિર્દેશ કરે છે અને લહિયાઓ પણ પુષ્પિકામાં કયો પત્ર કયો લહિયો, ક્યા, કયારે અને કયા રાજા માટે લખે છે. તેનો ઉલ્લેખ કરે છે જે તત્કાલીન ભૂગોળ અને કાલગણના માટે ઉપયોગી થાય છે.

### 1.2.7 વિદેશી લેખકો અને સાહિત્ય

- ગ્રીક-રોમનતથાચીની લેખકો

વિદેશી લેખકો અને સાહિત્યમાં ગુજરાતના પ્રાચીન ઇતિહાસ માટે ગ્રીક-રોમન તથા ચીની લેખકોના ગ્રંથો ઉપયોગી છે, ગ્રીકના' પેરિપલ્સ' નામના પુસ્તકમાંથી કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના સમુદ્રકાંઠા તથા વહાણવટા વિશે સારી માહિતી આપે છે. મિસરના ટોલેમીની "ભૂગોળ'માંથી પણ સૌરાષ્ટ્ર અને લાટના વિસ્તારની માહિતી મળે છે. ચીની પ્રવાસી હ્યુ-એન-ત્સાંગનો સિયુંકીમાં પશ્ચિમ ભારતના પ્રવાસની નોંધોમાં ભૃગુકચ્છ, વડાલી, ખેડા, વલભી, આનંદપુર અને સૌરાષ્ટ્રની ભૂમિ પ્રજા તથા સંસ્કૃતિનો અને વિશેષતઃ એ દરેક પ્રદેશમાં પ્રવર્તતી બૌદ્ધ ધર્મની સ્થિતિનો પરિચય આપ્યો છે. ચીની પ્રવાસી ઇત્સિંગ (ઈ.સ.671-695) ગુજરાતની મુલાકાત લીધી ન હતી પરંતુ વલભી વિદ્યાપીઠના ઉલ્લેખ મળે છે.

- **અરબી અને ઈરાની લેખકો**

અરબી અને ઈરાની મુસાફરોનાસફરનામામાં પણ ગુજરાતની પ્રાચીન સ્થિતિ વિશે કેટલાક મહત્વના ઉલ્લેખ મળેલ  છે. નૂરુદીન મોહમદ ઓફીસે પોતાના પુસ્તક 'જામે-ઉલ-હિકાયત'માં સિદ્ધરાજ જયસિંહના વખતમાં ખંભાતમાં મુસલમાનોને થયેલી હેરાનગતી અને સિદ્ધરાજ જયસિંહ એ એમને આપેલા ન્યાયની વાત નોંધી છે. મહમૂદ ગઝનવી સાતેહ હિંદમાં આવેલ અલબુરીનીએ 'કિતાબ-ઉલ-હિન્દ'માં વલભીના નાશ અંગેની અને વલભી સવંતની માહિતી આપી છે. બલાઝરી અને ઈબ્ન અસીર પણ પોતાના ગ્રંથમાં પ્રાચીનકાળમાં ગુજરાત પર થયેલા આરબ હુમલાઓની નોંધ કરે છે. ઈરાનના કેટલાંક જરથોસ્તીઓ ધર્મના જતન માટે વિટ ત્યજી ગુજરાતમાં આવી વસ્યા તે વિશેની માહિતી ઈ.સ.1600 માં બેહમન કેકોબાદસંજાણે રચેલા'કિસ્સે સંજાણ' કાવ્યમાંથી મળે છે.

- **મુસ્લિમ ઇતિહાસકારો કે લેખકો**

વાઘેલા –સોલંકી રાજ્યની પડતી વિશે પણ કેટલાંક મુસ્લિમ ઇતિહાસકારોના ગ્રંથોમાં માહિતી મળે છે. જેમ કે અલાઉદ્દીન ખિલજીનો રાજ કવિ અમીર ખુસરોના 'ખઝાઈનુલ- કુતુહ' તથા 'દેવલરાની ખીજરખાન' કાવ્યમાં મોહમંદ તુઘલકના સમકાલીન ઇસામી, બરની, નિઝામુદ્દીન, બદૌની, ફીરીશતા વગેરેના નોંધોમાંથી ગુજરાત વિશે માહિતી મળે છે.

### 1.2.8 ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિનો ખ્યાલ આપતા સાધનો

આદ્ય ઐતિહાસિકયુગથી વાઘેલા સોલંકીકાળ સુધીના સમયમાં જે સાહિત્ય સર્જાયું તેમાં તત્કાલીન સાંસ્કૃતિક સ્થિતિનો ઉલ્લેખ મળે છે. આસાંસ્કૃતિક ઇતિહાસમાં

તત્કાલીન સામાજિક તથા આર્થિક સ્થિતિ, ભાષા અને સાહિત્ય, લિપિ, ધર્મ સંપ્રદાયો આવી અનેક બાબતોનું નિરૂપણ કરવાનું હોય છે. રાજકીય ઈતિહાસને ઉપયોગી એવી લિખિત અને અભિલિખિત સામગ્રીમાં પણ કેટલેક અંશે સાંસ્કૃતિક સ્થિતિનો ચિતાર મળે છે.દા.ત. હેમચંદ્રાચાર્યના સંસ્કૃત 'દ્વયાશ્રય' પરથી શ્રી રામલાલ ચુનીલાલ મોદીએ કરેલું એ સમયના ગુજરાતની સામજિક પરિસ્થિતિનું નિરૂપણ મહાભારત, રામાયણ, પુરાણો, આગમો, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, દર્શનો, કાવ્યો, કાવ્યશાસ્ત્ર, જ્યોતિષ, આયુર્વેદ, ઈત્યાદિ સર્વવિધ વિષયોના ગ્રંથો સામાન્યતઃ ભારતના અને ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ વિશે કંઈક માહિતી ધરાવે છે. એમાંના જે ગ્રંથો ગુજરાતની આસપાસ રચાયા હોઈ એ વધુ અસરકારક નીવડે છે.દા.ત. ગુજરાતના જૈન સૂરિઓ તથા ગુજરાતના જૈન તીર્થોને લગતા પ્રબંધો તેમજ ગુજરાતના તીર્થો તથા ગુજરાતના જ્ઞાતિઓને લગતા પુરાણ – ખંડો તથા પૌરાણિક ગ્રંથો. આ પ્રકારના જૈન પ્રબંધોમાં અને પુરાણોમાં તથા આગમગ્રંથો પર લખેલી વૃત્તિઓ, વગેરેનું સાંસ્કૃતિક દ્રષ્ટિએ અભ્યાસ કરતા એમાંથી ગુજરાતની તે કાળની સંસ્કૃતિ વિશે વિપુલ માત્રામાં માહિતી મળે છે.

ધાર્મિક સાહિત્ય, કાવ્યો, નાટકો, કથાઓ, દાર્શનિક ગ્રંથો તથા કાવ્યશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર, છંદ, કોશ, નાટ્યશાસ્ત્ર, જ્યોતિષ, આયુર્વેદઈત્યાદિ શાસ્ત્રોને લગતા ગ્રંથો વગેરે પરથી પણ મુખ્યત્વે તે કાલની ધર્મ, સાહિત્ય, વિદ્યા, શાસ્ત્રો વગેરે વિશે તેમજ આનુષંગિક રીતે કેટલીક બીજી સાંસ્કૃતિક બાબતો વિશે માહિતી મળે છે.

- **તમારી પ્રગતિ તપાસો**

**(ક) નીચેનાપ્રશ્નોને ધ્યાનથી વાંચો અને એક વાકયમાં જવાબ આપો?**

1.શર્યાતો, ભૃગુઓ, અને યાદવોને લગતી માહિતી કયાં ગ્રંથમાંથી મળે છે?

______________________________________________

______________________________________________

______________________________________________

2. જૈન સાહિત્ય કઈ ભાષામાં રચાયેલું છે?

______________________________________________

______________________________________________

______________________________________________

3. પેરિપ્લસ અને ટોલેમીની ભૂગોળમાંથી કયાં કાળની માહિતી મળે છે?

______________________________________________

______________________________________________

______________________________________________

4 ચાવડા વંશની સળંગ વંશાવળી મહાકાવ્યોમાંથી મળે છે ?

5. હેમચંદ્રાચાર્યે કયાં ગ્રંથમાં કુમારપાલ ચરિત્ર નિરૂપ્યું છે?

(ખ) નીચે(અ) માં આપેલ ગ્રંથકાર ને (બ) માં આપેલ કૃતિઓમાંથી સાચી સાથે જોડો.

| અ | બ |
|---|---|
| 1. હેમચંદ્રાચાર્ય | 1. પ્રબંધચિંતામણી |
| 2. સોમેશ્વર | 2. રેવંતગિરિરાસ |
| 3. ઉદયપ્રભસૂરિ | 3. સુકૃતકીર્તિકલ્લોલિની |
| 4. વિજયસેનસૂરિ | 4. કીર્તિકૌમુદી |
| 5. મેરુતુંગાચાર્ય | 5. દ્વયાશ્રય |
| | 6. વસંતવિલાસ |

## 1.3. સારાંશ

ગુજરાતના ઇતિહાસ જાણવાના સાધનો બાબતે ઉપરોક્ત સાહિત્યિક સાધનોમાં મૌર્ય કાળથી મૈત્રકકાળ સુધીનો ગુજરાતના ઇતિહાસબાબતેપ્રમાણમાંઓછોપ્રકાશ પડે છે. પરંતુઅનુ-મૈત્રક કાળ ચાવડા વંશ,સોલંકી-વાઘેલા કાળઅનેવાઘેલા સોલંકી કાલ વિશે જૈન અનુશ્રુતિઓ, પ્રબંધો, રાસ,સુકૃતો, કાવ્યો, ચરિત્રો, નાટકો, વગેરેમાંથી આ સમયનો ઇતિહાસ નિરૂપણ માટે શક્ય એટલા પૂરતા સાધનો છે. આ ઉપરાંત વિદેશી મુસાફરો કે લેખકોના ગ્રંથો પણ અસરકારક રીતે ઉપયોગી થાય છે.

વિવિધ સાહિત્યના સર્જકો કે ગ્રંથકારોએ આપેલી પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ પણ ઇતિહાસ જાણવાના ઉપયોગી સાધન બને છે. તો રાજશાસનો, ખતપત્રો, દસ્તાવેજો વગેરેમાંથી પણ જે તે રાજાએ આપેલ રાજવિજ્ઞપ્તિ, યમલપત્ર(મૈત્રી-કરાર), અધિકારીઓ, વહીવટી વિભાગો, રાજાધીરજો, સામંતો, વિવિધ શાસનલેખોની પદ્ધતિ, સામાજિક રીતરિવાજો, આર્થિક બાબતો વગેરે અનેક બાબતોને લગતી ઉપયોગી માહિતી જાણવા મળે છે. પરંતુ આ સમયમાં ગુજરાતના સાંસ્કૃતિક સ્થિતિ

વિશે કોઈ સ્વતંત્ર ગ્રંથ રચાયાના પુરાવા મળતા નથી એટલે આપણે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ જાણવા માટે ઉપરોક્ત સાહિત્યમાંથી તારવણી કરી માહિતી મેળવી શકીએ.

## 1.4. ચાવીરૂપ શબ્દો

Chronology – કાલગણના

Comparative– તુલનાત્મક

Contemporary– સમકાલીન

Critical edition– સમીક્ષિત આવૃત્તિ

Decline - હ્રાસ, પડતી, દા.ત. મૈત્રક વંશની પડતી

Dynasty - વંશ

Epic– વીર ચરિત કાવ્ય

Epigraph– અભિલેખ

Epigraphic– આભિલેખિક

Eulogy– પ્રશસ્તિ

Excavation–ખોદકામ

Genealogy - વંશાવળી

Inscription–શિલાલેખ

Mural PaintingFresco– ભિત્તિચિત્ર

Myth– પુરાણકથા

Pre historic - પ્રાગ – ઐતિહાસિક

Pre history– પ્રાગ –ઇતિહાસ

Proto historic– આદ્ય – ઐતિહાસિક

Proto history– આદ્ય- ઇતિહાસ

Script– લિપિ

Seal- મુદ્રા

Source - સ્ત્રોત

Synchronism - સમકાલીન

Traditional –પરંપરાગત

## 1.5. તમારી પ્રગતિને ચકાસોના જવાબો

(ક) એક વાકયવાળા પ્રશ્નોના જવાબો

1. પુરાણોમાં 2. પ્રાકૃત ભાષાઓમાં 3. અનુ-મૌર્ય કાલની

4. સુકૃત-સકીર્તન, સુકૃત કીર્તિકલ્લોલિની, 5. પ્રાકૃત દ્વયાશ્રયમાં

(ખ) જોડકાંના જવાબો

1. દ્વયાશ્રય, 2. કીર્તિકૌમુદી, 3. સુકૃતકીર્તિકલ્લોલિની, 4. રેવંતગિરિરાસ, 5. પ્રબંધચિંતામણી

## 1.6. સંદર્ભો


1. આચાર્ય નવીનચંદ્ર,(સંપા.), ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ભાગ-3(અમદાવાદ, 1966)
2. ગોકાણી પુષ્કરભાઇ (સંપા.), દ્વારકા અને શ્રીકૃષ્ણ, ભાગ-1, 2 (અમદાવાદ,1985, 2004)
3. જમીનદાર રસેસ,(સંક.), ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ભાગ-8 (અમદાવાદ, 1984)
4. જોટે રત્નમણીરાવ, ગુજરાતનું પાટનગર : અમદાવાદ(અમદાવાદ, બીજી આવૃત્તિ,2014)
5. જોષી ઉમાશંકર, પુરાણોમાં ગુજરાત,(અમદાવાદ બીજી આવૃત્તિ, 2011)
6. પરીખપ્રવિણચંદ્ર, ગુજરાતનો સ્થાનિક ઇતિહાસ ગ્રંથ -1(અમદાવાદ, 1985)
7. પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ(સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ-1 થી 4 (અમદાવાદ,1972-’79, શેલત ભારતીબેન, દ્વિતીય સંસ્કરણ, 2004)
8. ભટ્ટ પુરુષોત્તમ અનેજમીનદાર રસેસ(સંયો.), ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ભાગ-1,2 (અમદાવાદ, 1966)
9. મહેતા મકરન્દ, ગુજરાત અને દરિયો, (વડોદરા,2012)
10. શાસ્ત્રી દુર્ગાશંકર, ગુજરાતનો મધ્યકાલીન રજપૂત ઇતિહાસ, ભાગ-1,2 (અમદાવાદ, 1937-39)
11. શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતના પ્રાચીન ઇતિહાસની સાધનસામગ્રી,(અમદાવાદ,1978)
12. શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો ઇતિહાસ, પ્રાચીન કાલ (અમદાવાદ બીજી આવૃત્તિ , 2012)
13. શાસ્ત્રી હરિપ્રસાદ,મૈત્રક કાલીન ગુજરાત ભાગ -1,2 (અમદાવાદ,1955)

| એકમ : 2 | ગુજરાતનો ઇતિહાસ જાણવાના પુરાતત્વીય, સિક્કાઓ અને શિલાલેખીય સાધનો |
|---|---|

:: રૂપરેખા ::


**2.0** ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** પુરાતત્વીય સાધનો

- **2.2.1** પ્રાગૈતિહાસિક
- **2.2.2** પ્રાગ્ હડપ્પીય સંસ્કૃતિ
- **2.2.3** હડપ્પીય સંસ્કૃતિ

**2.3** અવશેષો

- **2.3.1** મૌર્યકાલીન અને અનુમૌર્યકાલીન અવશેષો
- **2.3.2** ક્ષત્રપકાલીન અને ગુપ્તકાલીન અવશેષો
- **2.3.3** મૈત્રકકાલીનઅને અનુમૈત્રકકાલીન અવશેષો
- **2.3.4** સોલંકીકાલીન અવશેષો

**2.4** સ્થાપત્યકીય સ્મારકો

- **2.4.1** ગુફાઓ
- **2.4.2** મંદિરો
- **2.4.3** જળાશયો
- **2.4.4** કિલ્લાઓ
- **2.4.5** શિલ્પો

**2.5** સિક્કાઓ

**2.6** શિલાલેખો

**2.7** સારાંશ

**2.8** શબ્દાવલી/ચાવીરૂપશબ્દો

2.9 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

2.10 સંદર્ભગ્રંથો

## 2.0 ઉદ્દેશો

આ પ્રકરણના અભ્યાસ પછી તમે જાણી શકશો.......

- ગુજરાતનો ઇતિહાસ જાણવાના વિવિધ સાધનો.
- રાજવંશો, રાજાઓ અને તેમણે કરેલા કાર્યો.
- સાધનો દ્વારા રાજકીય, સામાજિક, આર્થિક અને સંસ્કૃતિક ઇતિહાસની જાણકારી.

## 2.1 પ્રસ્તાવના


ગુજરાત પ્રદેશનો ઇતિહાસ ભારતના ઇતિહાસનો એક ભાગ છે. આ પ્રદેશનું આનર્ત, ગુર્જર દેશ કે ગુજરાત નામ સોલંકીકાળમાં પ્રયોજાવા લાગ્યું. ગુજરાત મળ્યા પહેલા પ્રાગૈતિહાસિક યુગથી ગુજરાતના ઇતિહાસની શરૂઆત થાય છે. ઇતિહાસ માટેની સાધન-સામગ્રીની દ્રષ્ટિએ ગુજરાત સમૃદ્ધ છે. લેખનનો અભાવ હતો તે પ્રાગૈતિહાસિક યુગ અને લખાણ ઉકેલાયા નથી. તે ઐતિહાસિક યુગની જાણકારી પૂરાવશેષો દ્વારા થાય છે. સાધનોનાં સમયાંકન અંતે કાર્બન-14 ની પદ્ધતિનો ઉપયોગ થાય છે. જે સૌથી વધુ સફળ નિવડી છે. સ્તરવિદ્યાની પ્રક્રિયા પણ સમયાંકન માટે વધુ શ્રદ્ધેય ગણાય છે. આ પ્રકરણમાં આપણે પૂરાતત્વીય સિક્કાઓ અને શિલાલેખોનો અભ્યાસ કરીશું.

## 2.2 પુરાતત્વીય સાધનો

પુરાતત્વીય સાધનોમાં ખોદકામ કે સ્થળ- તપાસમાં પાષાણ, પકવેલી માટી, ધાતુઓ, ઈમારતો, હથિયાર, આભૂષણો, વાસણો, શિલ્પો, હાડપિંજરો વગેરેનો સમાવેશ થાય છે, આ સાધનો પ્રત્યક્ષ રીતે જોઈ શકાતા હોવાથી તે વધારે અધિકૃત ગણાય છે.

### 2.2.1 પ્રાગૈતિહાસિક

પ્રાગૈતિહાસિક કાળમાં લેખનનું અસ્તિત્વ ન હતું, તેથી આ સમયનો ઈતિહાસ જાણવા માટેનું એક માત્ર સાધન પૂરાવસ્તુકીય છે. આ સમયમાં માનવ દ્વારા ચીજવસ્તુઓ પાષાણની ઘડવામાં આવતી હતી. તેથી તેને પાષણયુગ કહેવામાં આવે છે.




ગુજરાતમાં પાષણયુગના અવશેષો સૌ પ્રથમ ઈ.સ. 1893માં રોબર્ટ બ્રુસફૂટ નામના ભૂસ્તર શાસ્ત્રીઓ શોધી કાઢ્યા. સાબરમતી નદીના પટમાં, વિજાપુર તાલુકાના અનોડિયા- કોટ અને પેઢામલી પાસેથી ઓજારોના અવશેષો મળ્યા છે. આવા ઓજારો લાંઘણજ, સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ, વલસાડ અને ડાંગ જિલ્લા સુધી કચ્છમાંથી પ્રાપ્ત થયા છે, જેના દ્વારા જાણવા મળે છે કે આ યુગનો માનવ ગુજરાતમાં વસતો હતો. મધ્ય પાષાણયુગના હથિયારો નાના અને વધુ સારી રીતે ઘડાયેલા છે. લઘુ પાષણયુગ અંત્ય પ્રાચીન પાષાણયુગ તરીકે ઓળખાણ છે. પ્રાપ્ત થયેલા અવશેષોમાં અકીકના નાનાં હથિયારો, ચૂનારૂપ થયેલા પ્રાણીઓના અને માણસોનાંહાડકાં અને હાડપિંજરો મળ્યાં છે. આના આધારે માનવના સ્થાયી વસવાટની, શબ-દફનના રિવાજની અને રોગ નિવારણનાં ઈલાજ વિશે જાણકારી મળે છે. નૂતન પાષાણયુગના અવશેષો મહેસાણા જિલ્લાના, લાઘણજમાં, તાપીના તટપ્રદેશમાં અને ડાંગ વિસ્તારમાંથી મળે છે. જે આ યુગના માનવીની પ્રવૃત્તિ અને વસવાટની જાણકારી આપે છે.

### 2.2.2 પ્રાગ હડપ્પીયની સંસ્કૃતિ

ગુજરાતમાં પ્રાગ હડપ્પીયન સંસ્કૃતિના અવશેષો રંગપુર, પ્રભાસપાટણ પાસેના જૂના ટીંબામાંથી અને લોથલમાંથી પ્રાપ્ત થાય છે. રંગપુરમાં ઈ.સ. 1953-54માં ખોદકામ કરવામાં આવ્યું. તેના સૌથી નીચલા સ્તર રંગપુર-1માં લઘુ પાષણયુગની પતરીઓનું અનુસંધાન જોવા મળે છે. પાષાણ ઓજારોમાં ભૌમિતિક અને અભૌમિતિક લઘુ પાષાણો હતા જે જેસ્પર કેલ્સેડની અને અકીકમાંથી બનાવવામાં આવતા હતા. લોથલના સૌથી નીચલા સ્તર-1 'અ'માં લઘુ પાષાણયુગની પતરીઓના અનુસંધાનની સાથે અબરખિયાં રાતાં મૃતપાત્રોની જાણકારી મળે છે. પ્રભાસપાટણ નજીકના જૂના ટીંબાના ખોદકામમાં સ્તર-1-'અ'માં પ્રાગ હડપ્પીયનકાળના ખરબચડાં ધૂંસર મૃતપાત્રોમાંના વાડકાઓ અને ઘડા

મળ્યા છે. જે ચમકવાળા અને ચમક વગરના હતા. તામ્ર પાષાણયુગની પથ્થરની પતરીઓ પણ પ્રાપ્ત થઈ છે. કચ્છમાં દેસલપરનાં પ્રાપ્ત થયેલાં મૃતપાત્રો અને ટૂંકી પતરીઓ ઉદ્યોગ તામ્ર પાષાણયુગની સંસ્કૃતિનો નિર્દેશ કરે છે. લોથલ, રંગપુર, દેસલપર અને શ્રીનાથગઢનાં અવશેષો પરથી ત્યાંના પ્રજાજીવનની સાથે પ્રાગ હડપ્પીયસંસ્કૃતિની જાણકારી આપે છે.

**2.2.3 હડપ્પીય સંસ્કૃતિ**

ઈ.સ. 1954નાં નવેમ્બરમાં લોથલના ટીંબામાં હડપ્પીય વસાહત મળી આવી. લોથલમાં વસ્તી સ્તરોના તબક્કામાં કલ-અ-હડપ્પીય સંસ્કૃતિ (ઈ.સ. પૂર્વે 2450 થી 1900) અને કાલ-આ- ઉત્તર હડપ્પીય સંસ્કૃતિ (ઈ.સ. પૂર્વે 1900 થી 1600)નો સમાવેશ થાય છે. લોથલ-'અ'માં ચાર પેટા તબક્કાઓ અને લોથલ-આમાં પાચમાં તબક્કાનો સમાવેશ થાય છે. આ પાંચ તબક્કાઓમાં લોકોની જાણકારી પ્રાપ્ત અવશેષો દ્વારા જાણી શકાય છે. જેમાં વખાર, નીચલું નગર, ધક્કો, રસ્તાઓ અને શેરીઓ, સ્થાપત્યો, શિલ્પો, માટીકામના નમૂનાઓ, મુદ્રાઓ, આભૂષણો, ઓજારો, હથિયારો, રમકડાં અને સોગઠાનો સમાવેશ થાય છે. સિંધુ સભ્યતાનાં બધાં જ લક્ષણો લોથલમાં જોવા મળે છે.

ઈ.સ. 1954 થી 1960 દરમિયાન પૂરાતત્વખાતાએ આ સંસ્કૃતિના બીજા સ્થળો શોધ્યાં. જેમાં આમરા, લાખા બાવળ, પ્રભાસ-સોમનાથ, રોજડી (શ્રાનાથગઢ), આરકોટ, દડ અને પિઠડિયાનો સમાવેશ થાય છે. કચ્છમાં દેસલપર, પબુમઠ, સુરકોટડા, ધોળાવીરા ઉપરાંત ભાગા તળાવ, મહેગામ વગેરે સ્થળોએ હડપ્પીય વસાહતો મળી આવી છે. જે ગુજરાતમાં હડપ્પીય સંસ્કૃતિનો વિકાસ અને વિસ્તારને સૂચવે છે.

(ક) તમારી પ્રગતિ ચકાસો -1

(1) પાષાણયુગના પ્રકારોની ચર્ચા કરો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_____________________________________________

(2) હડપ્પીય સંસ્કૃતિ વિશે માહિતી આપો.

________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
______________________________________________________________

## 2.3 અવશેષો

અવશેષો પુરાતત્વવિદોને ઘણી જહેમતથી સ્થળ તપાસ અને ઉત્ખનન દ્વારા પ્રાપ્ત થયેલા, જેના આધારે ગુજરાતના ઇતિહાસની મહત્વની જાણકારી પ્રાપ્ત થઇ શકી છે.

### 2.3.3 મૌર્યકાલીન અને અનુમૌર્યકાલીન

ગુજરાતમાં પ્રાગ્-મૌર્યકાળ, મૌર્યકાળ અને અનુમૌર્યકાળમાં ઈ.સ. પૂર્વે સદી સુધીના માટીના ચાર પ્રકારના વાસણો પ્રાપ્ત થાય છે. માટીના વાસણો – કાળા અનેલાલ, સાદા લાલ, બરછટ લાલ- નગરા, ટીંબરવા, ભરૂચ, સોમનાથના થારોમાંથી પ્રાપ્ત થાય છે. માટીનો ઉપયોગ મણકાઓ, ઢીંગલીઓ, કાનની બુટ્ટીઓ, શરીર પરથી મેલ કાઢવાના મેલિયા, ઘર અને તળાવની પાલ બાંધવામાં પણ થતો હતો. નગરાનાં ઉત્ખનનમાં માટીની પાળ મળી આવી છે. પથ્થર, ધાતુઓ, હાડકાં, છિપોલીનો ઉપયોગ કરતા હતા તેવાં પુરાવાઓ પ્રાપ્ત થયા છે. ધાતુઓમાં લોખંડનાં ભાલા, છીણી જેવાં ઓજારો, ખીલા, તાંબાના અને ચાંદીના સિક્કાઓ ઉપરાંત તાંબા પર સોનું ચઢાવેલું કાનનું ઘરેણું ધાતવામાંથી પ્રાપ્ત થયું છે. જે આ સમયમાં ધાતુઓનાં વિવિધ ઉપયોગની માહિતી આપે છે. આ કાળમાં હાડકાંનો ઉપયોગ ભાલોડા, અણી, ઘંટની ટોકરી જેવી વસ્તુઓ બનાવવામાં કરતા હતા. જે નગરા, ટીંબરવા, જોખા, ધાતવા વગેરે સ્થળેથી પ્રાપ્ત થઇ છે.

### 2.3.2 ક્ષત્રપકાલીન અને ગુપ્તકાલીન

આ કાળમાં માટીના, પથ્થરના અને ધાતુના અવશેષો પ્રાપ્ત થયા છે. જે માટીની હુન્નરકલા, પથ્થર ઉદ્યોગ અને ધાતુ ઉદ્યોગનો ખ્યાલ આપે છે. માટીમાંથી વાસણો, મુદ્રાઓ, મૂર્તિઓ, મણકા, રમકડાં વગેરે બનાવવામાં આવતાં હતા. આ કાળમાં અગાઉના લાલ વાસણો અને લાલ બરછટ વાસણો ઉપરાંત લાલ ઓપવાળા વાસણો, ચીતરેલા વાસણો, રોમન કોઠીઓ, સફેદ માટીના વાસણો, અબરખ

છાટેલા વાસણ અને રોજિંદા વપરાશમાં વિવિધ પ્રકારના વાસણો મળી આવે છે. ચીતરેલા વાસણો વડનગર, નગરા તથા શામળાજીમાંથી મળી આવ્યા છે. રોમથી આયાત થતાં વિશિષ્ટ વાસણોમાં અણીદાર તળિયાવાળી અને પકડવાના હાથાવાળી કોઠીઓ રોમ સાથેના વેપારનો પુરાવો છે. આ વાસણ વલભીપુર, સોમનાથ, દ્વારકા, પીંડારા, નગરા, શામળાજી, દેવની મોરી, ધતવા વગેરે સ્થળોમાંથી મળ્યા છે. સફેદ માટીના વાસણો વડનગરમાંથી પ્રાપ્ત થયા હતા. માટીની ચકરડી અને માટીનું ગાડું નગરામાંથી પ્રાપ્ત થયું છે. માટીમાંથી મણકા અને આભૂષણ બનાવવાની કલાથી તે પરિચિત હતા. જયારે માટીના અક્ષરો, આકૃતિઓવાળી મુદ્રાઓ નગરા, ટીંબરવા થતા વડનગરમાંથી પ્રાપ્ત થઇ છે. ઇંટો સાદી અને અને સુશોભિત એમ બંને પ્રકારની બનતી.

આ કાળમાં શંખની બંગડીઓ અને મણકા બનાવવાનો ઉદ્યોગ હતો. જેના પુરાવા પ્રભાસ પાટણ, અમરેલી, જૂનાગઢ, વલભી, વડનગર, નગરા, વડોદરા, કામરેજ, શામળાજી વગેરે સ્થળોએ જોવા મળે છે. છિપોલીમાંથી બનાવેલું ત્રિરત્ન આકૃતિનું પદક નગરામાંથી પ્રાપ્ત થયું છે. આ કાળમાં હાડકાંમાંથી બનતી વસ્તુઓમાં પાસાં અને અંજનશલાકાનો સમાવેશ થાય છે. જે મળી આવી છે.

આ કાળમાં પથ્થરની વસ્તુઓ ઘડીને બનાવવામાં આવતી. જેમાં પથ્થરની મૂર્તિઓ, મણકાઓ, નિશા, નિશાતર, ઘંટી, પિંડલા, ડબ્બા, પથ્થરનો ઉપયોગ ફર્શબંદી માટે અને તળાવોની પાલ માટે થતા હોવાના પુરાવા પ્રાપ્ત થાય છે.
આ કાળમાં લોખંડ ગાળવાના સાધન શામળાજી, વસ્તાન, ડુંગરી, ધાતવા તથા દેવની મોરીમાથી મળ્યા છે. જે લોખંડ ગાળવાના ઉદ્યોગનો નિર્દેશ કરે છે. લોખંડની ધાતુઓમાં છીણી. ભાલોડા, છરીઓ, સાંકળ, તવેથા, કાતર, ખીલા વગેરે બનાવવામાં આવતા જે આ સમયમાં લોખંડનો  વપરાશ દર્શાવે છે તાંબાની વસ્તુઓમાં ડબ્બી, અંજનશલાકાઓ, મુદ્રાઓ, વલયો, વીંટીઓ વગેરે એ સમયના ધાતુના ઘડતરની માહિતી આપે છે. દેવની મોરીના સ્તૂપમાંથી બુદ્ધનાં અવશેષો સાચવતી ડબ્બી પર ઉપરથી બેસાડાય તેવું ઢાંકણ અને નગરામાંથી પ્રાપ્ત સુશોભિત ઢાંકણ એ સમયના કારીગરના ધંધાકીય જ્ઞાનની કુશળતા દર્શાવે છે. તાંબા અને કાંસાની વસ્તુઓ વિદેશમાંથી ખાસ રોમન સામ્રાજ્યમાંથી આવતી હતી. આકોટામાંથી મળેલો તાંબાનો લોટા પરનો હાથો છે એની ઉપર હોડીમાં બેઠેલા કામદેવની પ્રતિમા છે. જે આનો ઉત્તમ નમૂનો છે. સીશાની મુદ્રાઓ અને આભૂષણો, ચાંદીનાં સિક્કાઓ અને સોનાની વસ્તુઓ પ્રાપ્ત થઇ છે. દેવની મોરીના સ્તૂપના સમુદ્રગકમાંથી તાંબાની દાબડીની અંદરની સોનાની શીશી અને ટીંબરવામાંથી મળેલા સોનાના પતરાના ગોળ આભૂષણના ભાગ પર સોનાના તારને સાંકળીને

ઉપસાવેલી ભાત નોંધપાત્ર છે. આ સમયની પાપ્ત થતી સાધનસામગ્રી અભ્યાસ પરથી કહી શકાય કે ક્ષત્રપ અને ગુપ્તકાળના ગુજરાતની સમૃદ્ધિ સારી હતી.

**2.3.3 મૈત્રકકાલીન અને અનુમૈત્રકકાલીન**

આ કાળના નગરો અને ગામોમાંથી માટીકામના નમૂનાઓ, મુદ્રાઓ, ધાતુઓનાં નમૂના વગેરે પ્રાપ્ત થયા છે. માટીના અવશેષોમાં વાસણો, ઇંટો, રમકડાં, પૂતળાઓ, મણકાઓ વગેરે પ્રાપ્ત થયા છે. જે માટીમાંથી વિવિધ વસ્તુઓ બનાવવાની કલાનો પરિચય કરાવે છે. માટીના વાસણો ટીંબરવા, વડોદરા, આકોટા, દ્વારકા, સોમનાથ, વડનગર, નગરા અને વલભીપુરમાંથી પ્રાપ્ત થયા છે. નગરામાંથી રોમન ઘાટના, એમ્ફોરાના અવશેષો પ્રાપ્ત થયા છે. વાસણોને ચીતરીને સુશોભિત કરવાની અને મુદ્રાઓ વડે સુશોભિત કરવાની કલા નોંધપાત્ર છે. ઉ.દા. શામળાજીમાંથી આવા વાસણો સૌરાષ્ટ્રનાં ઘણા ભાગોમાંથી મળી આવ્યા છે. જો કે આ કાળના વાસણોમાં વિવિધતાનું પ્રમાણ મૌર્ય અને ક્ષત્રપકાળ કરતા ઓછું જોવા મળે છે. રમકડાઓમાં કરવણમાંથી મળેલું યુગલ- નગરામાંથી મળેલી વૃષભની પ્રતિમાઓ, ઘોડાં, નીલગાય, ભેંસ, હાથી મુખ્યત્વે મનુષ્યની આકૃતિઓ અને સુશોભિત તકતીઓ પણ પ્રાપ્ત થઈ છે.

પથ્થરમાંથી બનેલી ઘંટીઓ, મણકા, મૂર્તિઓ વગેરે પ્રાપ્ત થાય છે. પથ્થરની ઘંટીઓનું સ્વરૂપ ક્ષત્રપકાલીન જોવા મળે છે. મધ્ય એશિયામાંથી વૈદૂર્ય નામના આયાત થતાં પથ્થરમાંથી તથા અકીક, ચર્ટ, ચાલ્સીડો વગેરે પથ્થરમાંથી વિવિધ ઘાટનામણકા પ્રાપ્ત થાય છે.

લોખંડ, તાંબુ, પંચધાતુ, સોનું, ચાંદી, સીસું વગેરે ધાતુઓના ઉપયોગની અને તેમાંથી બનતી વસ્તુઓની માહિતી પ્રાપ્ત થાય છે. આ કાળમાં લોખંડના ખીલા, તાંબામાંથી બનતા શિલ્પો તથા સીશાના આભૂષણો નોધપાત્ર છે. શંખ અને કાંચની પ્રાપ્ત થયેલી બંગડીઓ તેના ઉપયોગની માહિતી આપે છે.

**2.3.4 સોલંકીકાલીન**

આ કાળમાં માટીનો ઉપયોગ વાસણો, રમકડાં, મૂર્તિઓ, ઇંટો, મણકા અને તળાવની પાળ બનાવવા ઉપરાંત લોખંડ ગાળવાની ભઠ્ઠી બનાવવામાં થતો હોવાના અવશેષો પ્રાપ્ત થાય છે. માટીના ચાર પ્રકારના રોજિંદા વપરાશના દેશી વાસણો મળે છે. વાસણો ઉપર ચિત્રો દોરીને સુશોભિત કરવામાં આવતા હતા. વાસણો પરદેશમાંથી પણ આયાત કરવામાં આવતા હતા. વડોદરામાંથી, ચીનમાંથી આયાત કરવામાં આવેલા વાસણોનો એક નમૂનો પ્રાપ્ત થયો છે જે ચીં સાથેના વેપારનો નિર્દેશ કરે છે. વડનગરમાં અને વડોદરામાં ઇંટોની ઈમારતોનાં

અવશેષો મળ્યા છે. આ કાળમાં માટીનો વિશિષ્ટ ઉપયોગ લોખંડને ગાળવાની ભઠ્ઠીઓમાં થતો હતો એમ કુંભારિયાના પ્રાપ્ત અવશેષો પરથી કહી શકાય.

પથ્થરના ઉપયોગ દ્વારા ઈમારતો બાંધવામાં આવતી હતી. જે ધાર્મિક ઈમારતો હોવાના પુરાવાઓ પ્રાપ્ત થાય છે. સોલકીના અંત ભાગમાં અસ્તિત્વ ધરાવતી (રેતિયા કે ખરતા) પથ્થરની ખાણોના પાવાગઢ પાસે પુરાવા મળ્યા છે. પથ્થરોની શિલાઓનો વધેલો કચરો તેમજ અણઘડ શિલાઓ આ સમયના નગરો અને ગામોમાંથી મળી આવે છે. રેતિયા ચૂનાના પીળા, આરસપહાણ, રાયોલાઈટ, ટ્રેપ વગેરે પ્રકારનાં પથ્થર ખાણમાંથી ખોદીને ઉપયોગમાં લેવામાં આવતા હતા તેવા પુરાવાઓ પણ પ્રાપ્ત થયા છે.

ધાતુ ઉદ્યોગનો પણ નોંધપાત્ર વિકાસ થયો હતો. આના પુરાવારૂપે લોખંડ, ચાંદી અને તાંબાની ધાતુના કીટા પ્રાપ્ત થયા છે. લોખંડ ગાળવાનાં ઉદ્યોગનાં પુરાવા કુંભારિયા, અંબાજીના પ્રદેશ ઉપરાંત કપડવંજ ધલા, વસરાવી, ધુમલી, વસ્તાન, ડુંગરી, ધાતવા, કાટોડિયા વગેરે સ્થળેથી મળી આવ્યા છે. તારાપુરમાંથી ચાંદીની કાચી ધાતુમાંથી મળેલા કિટા અને આબુ પાસે તાંબાની ધાતુનાં કિટા પણ પ્રાપ્ત થયા છે.

## 2.4 સ્થાપત્યકાલીન સ્મારકો

### 2.4.1 ગુફાઓ

આ સ્થાપત્યમાં ચૈત્યગૃહો અને વિહારો રૂપે કંડારાયેલી ગુફાઓનો સમાવેશ થયા છે. ગુફા સ્થાપત્ય જૂનાગઢ, તળાજા, ઢાંક, ખાંભલડા, સાણા (ની ટેકરીઓ ઉપર), ઝીંઝૂરિયર, કડિયા ડુંગર વગેરે સ્થળોએ આવેલા છે. જેમાં બાવા ખ્યારાની ગુફાઓ, ખાપરા-કોળિયાની ગુફાઓ, ઉપરકોટ ગુફાઓ, તળાજાની ગુફાઓ, ઢાંકાની ગુફાઓ, ખાંભીભલડાની ગુફાઓ, સાણાની ગુફાઓ, ઝીંઝૂરિયરની ગુફાઓનો સમાવેશ થાય છે.

ઇંટેરી સ્તૂપો અને વિહારોના અવશેષો પણ મળ્યા છે, જેમાં બોરિયાનો સ્તૂપ પાકી ઇંટોનો બનેલો છે. આ ઈંટો પ્રાયઃ મૌર્યકાલીન અને અનુમૌર્યકાલીન છે. ઈંટવા વિહારમાંથી પ્રાપ્ત માટીના મુદ્રાંકમાં બ્રાહ્મી લિપિમાં મહારાજા રુદ્રસેન વિહારે ભિક્ષુસંઘસ્ય લખેલું છે. શામળાજીમાં દેવની મોતી નામના સ્થળે ઉત્ખનન કરતા વિહાર અને મોટા સ્તૂપ પ્રાપ્ત થયાં છે. આ સ્તૂપમાંથી બુદ્ધની પ્રતિમા અને માટીના વાસણમાં મૂકેલો પથ્થરનો દાબડો (અસ્થિપાત્ર) પ્રાપ્ત થયો હતો. જેની બાજુએ અને તળિયા પર સંસ્કૃત પદ્યમાં અને ઢાંકણા પર પાલિ ત્રિપિટકમાંનું પ્રતિત્ય- સમુત્પાદનાં સિદ્ધાંતને લગતું સૂત્ર કોતરેલું છે. પથ્થરનાં દાબડામાં,

તાંબાની દાબડીમાં બુદ્ધના શરીરાવશેષ સાચવતી સોનાની શીશી, રેશમી વસ્ત્રની બે કોથળી, પૂજાનો સામાન વગેરે હતો. આ અવશેષો પરથી જણાય છે કે આ સ્થળ બૌદ્ધ ધર્મનું મહત્વનું કેન્દ્ર હશે.

મૈત્રક શાસનોમાં તેર વિહારોનો ઉલ્લેખ આવે છે. એમાંના અગિયાર વલભીપુરમાં હતા. આ તમામ વિહરોને મૈત્રક રાજાઓ તરફથી ભૂમિદાન મળ્યા હતાં. જે મૈત્રક દાનધર્મની માહિતી આપે છે.

**2.4.2 મંદિરો**

મૈત્રક અને અનુમૈત્રક સમયનાં દાનશાસનોમાં ઉલ્લેખિત એક પણ મંદિર અસ્તિત્વમાં નથી. સૌરાષ્ટ્ર, તળગુજરાત અને કચ્છમાં આ કાળનાં જળવાયેલા દેવાલયો પરથી તેના સ્થાપત્ય સ્વરૂપ અને તેના ઉત્તરોત્તર વિકાસનો ખ્યાલ આવે છે.

મૈત્રકકાલીન દેવાલયમાં સૌથી પ્રાચીન દેવાલય ઘુમલીની ઉત્તર પૂર્વે આવેલ ગાપ ગામનું પથ્થરનું દેવાલય છે. સમચોરસ ગર્ભગૃહનું બનેલું આ મંદિર સમચોરસ જગતી પર બંધાયેલું છે. મંદિરનો સમય છઠ્ઠી સદીના અંતિમ ચારનો હોવાનું શ્રી નાણાંવટી અને શિ ઢાંકીએ પ્રતિપાદિત કર્યું છે. મૈત્રકકાલીન દેવાલયની સ્થાપત્ય શૈલીનો ક્રમિક વિકાસ વિસવડા, બિલેશ્વર અને સૂત્રાપાડાના દેવાલયોમાં નજરે પડે છે. આ કાળના બીજા દેવાલયોમાં થાનમાં મોટા સૂર્યમંદિરની નજીકમાં આવેલું નાનું મંદિર, સૂત્રાપાડાની પશ્ચિમે આવેલું ક્દવાર ગામનું જૂનું દેવાલય, સમુદ્રકાંઠે આવેલા કલસાર ગામના દેવાલયનો સમાવેશ થાય છે. દેવાલયોના ઉપલબ્ધ નમૂના દેવાલય- વસ્તુકલાનાં જુદા-જુદા તબક્કા દર્શાવે છે.

મૈત્રકકાળમાં મંદિર સ્થાપત્યમાં છાદ્યાન્વિત અને રૂપાન્વિત શૈલીનો સંમિશ્રણની સંક્રમણ અવસ્થા જોવા મળે છે, પરંતુ આમાંના શરૂઆતના મંદિરો મૈત્રકકાળનાં ઉત્તર ભાગનાં છે. સંક્રમણ અવસ્થાના મંદિરો સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ આવેલા છે. જેમાં ભાણસરા, સુત્રાપાડા, કાલાવડ, આખોદર, પાછતર, ધ્રાસણવેલ, ઘુમલી, મૈથણ, ઓડદર, મિયાણી, વસઈ, ધ્રુમઠ, દેદાદરા તથા ખિમરાણનો સમાવેશ થાય છે. સંક્રમણ અવસ્થાના મંદિરો મૈત્રકકાલીન છે કે અનુમૈત્રકકાલીનના હતા તે નક્કી કરવું મુશ્કેલ છે,

ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના લાકરોડામાં આવેલું દેમરાનું દહેરું તરીકે ઓળખાતું મંદિર પ્રાક સોલંકીકાલીન વિશિષ્ટતા ધરાવે છે. જેમાં ગર્ભગૃહ ઉપર સર્પાકાર શિખરમાં બાર સમતલ થરોની રચના છે. હિંમતનગર તાલુકાના રોડામાં

સાત મંદિરોનો સમૂહ છે. જેમાં મંદિર નંબર-૨ નું શિખર ફાંસાકાર છે અને બાકીના બધાં મંદિરોના શિખર એકાંડી રેખાન્વિત શિખર શૈલીનાં છે. જે ચાલુક્યકાળના પ્રારંભના સળંગ ઉભકડ વળાંકવાળા રેખાન્વિત શિખરશૈલીની વચગાળાની અવસ્થા દર્શાવે છે. ખેરાલુ તાલુકાનાં વડનગરના અમથોર માતાના મંદિરોની પીઠ, દ્વાર શાખાઓ, સ્તંભો વગેરેનાં ઘાટ પરથી તે દસમી સદીના પૂર્વાર્ધનાં હોવાનું સૂચિત થાય છે.

સોલંકીકાળ વસ્તુકલામાં સુવર્ણકાળ ગણાય છે. આ કાળમાં નગરશૈલી સ્થાનિક લક્ષણો સાથે મંદિરમાં આવિર્ભાવ પામી. રેખાન્વિત શિખરશૈલીનો ઉત્તરોત્તર ક્રમિક વિકાસ દસમી સદીના મધ્યપૂર્વથી તેરમી સદીના અંત સુધી બંધાયેલા મંદિરોમાં જોવા મળે છે. આ કાળના દેવાલયોમાં તલદર્શન દૃષ્ટિએ એકયતન, બે ઉધ્વઁદર્શનમાં દેવાલય-વસ્તુકલાનો સંપૂર્ણ વિકાસ જોવા મળે છે. તલદર્શનની દ્રષ્ટિએ એકયતન, બે ગર્ભગૃહવાળો દ્વયાયતન, ત્રણ ગર્ભગૃહવાળા ત્રયાયતન, પાંચ ગર્ભગૃહવાળા પંચાયતન એમ વર્ગીકરણ કરી શકાય. એકયતનમાં પણ એકાંગી, દ્વિઅંગી, ત્રયંગી, ચતુરંગી, પંચગી, ષડંગી એમ પેટા પ્રકાર જોવા મળે છે. આ કાળના મંદિરોમાં ગર્ભગૃહ, મંડપ અને તેને જોડતું અંતરાલ વિકસિત સવરૂપમાં જોવા મળે છે. મોટા મંદિરોમાં ગૂઢમંડપ, સભામંડપ, મહામંડપ, મુખમંડપ આ સર્વ જોવા મળે છે. મંદિરના પીઠોદયમાં થર કોતરેલા હોય છે. મતા મંદિરોમાં ગજથર, અશ્વથર, નરથર જોવા મળે છે. નરથરમાં માનવજીવનની વિવિધ પરિસ્થિતિઓ અને આનંદપ્રમોદનાં પ્રસંગો જોવા મળે છે. પીઠની જેમ માંડોવરમાં પણ અનેકવિધ સમતલ થરોની રચના હોય છે. જેમાં અનેક દેવદેવીઓની આકૃતિઓ કંડરાયેલી હોય છે. રેખાન્વિત શિખરમાં મંડોવરના ભાદ્રાદિ નિર્ગમો અને ટોચ સુધી વિસ્તરે છે. એના પર થર ઉર શૃંગો(અડધિયા શિખરો), પ્રત્યંગો (ચોથિયા શિખરો) અને શૃંગારિકો (નવા શિખરો)ની રચના થાય છે. ઉધ્વદર્શનની દ્રષ્ટિએ આ ઝાલનાં મંદિરમાં વિશાળ જગતી (ઓટલા) પર બંધાયેલા છે.

આ કાળના જૈન મંદિરોમાં આસપાસના ચોકને ફરતી ૨૪, ૫૨ કે ૭૨ દેવકુલિકાઓ કરવામાં આવે છે. આ કુલિકાઓની સંખ્યા પરથી અનુક્રમે ચોવીસ, બાવન કે બોંતેર જિનાલય નામે ઓળખવામાં આવે છે.

આ કાળના મંદિર સ્થાપત્ય કલાના નોંધપાત્ર નમૂનાઓ પૂરા પડતાં મંદિરો વિવિધ સ્થળોએ આવેલા છે. ભીમદેવ પહેલાના મંત્રી વિમલે આબુમાં બંધાવેલું વિમલવસહિ, મોઢેરાનું સૂર્યમંદિર, સિદ્ધરાજે વિકસાવેલ સિદ્ધપુરનો રુદ્રમહાલય, કુમારપાળે તારંગા પર બંધાવેલું અજિતનાથ મંદિર, તેજપાલે આબુ પર બંધાવેલ

લુણવસહિ, ડભોઇનું વૈદ્યનાથ મંદિર, કુમ્ભારીયામાં બંધાયેલા જિનાલયો, સેજકપુર, ધૂમલીના નવલખા મંદિરો, સરનાળનું ગળતેશ્વર મંદિર, થાનનું ત્રિનેત્રેશ્વર મંદિર ઉપરાંત ઉત્તર ગુજરાતમાં સુણક, રુહાવી, મણુંદ, વીરતા, ગોરાદ, ધીણોજ, મોટબ, દેલમાલ, ખંડોસણ વગેરેનો સમાવેશ થાય છે.

દેવાલયોની શોભામાં વધારો કરતા તોરણો `સોલંકીકાળમાં જોવા મળે છે. વડનગર, સિદ્ધપુર, શામળાજી, મોઢેરા, ધુમલી, પિલુદ્રા, વાલમ, આસોડા વગેરે સ્થળોએ આ કાળનાં તોરણો જોવા મળે છે. શામળાજીનાં પ્રાચીન મંદિરમાં હરિશ્ચંદ્રની ચોરી નામે ઓળખાતું તોરણ ગુજરાતનાં તોરણનો સૌથી પ્રાચીન નમૂનો છે., વડનગરનું તોરણ શિલ્પ સમૃદ્ધિની દ્રષ્ટિએ ભવ્ય છે.

### 2.4.3 જળાશયો

મૈત્રકકાલીન દાન શાસનોમાં વાપી (વાવ), કૂપ (કુવો), તડાગ (તળાવ) વગેરે બાંધકામોનો ઉલ્લેખ આવે છે. જેના પરથી આ સ્થાપત્યકલાના વિકાસની માહિતી પ્રાપ્ત થાય છે. સોલંકીકાળમાં દુર્લભ સરોવર જેણે સિદ્ધરાજે સહસ્ત્રલિંગ સરોવર નામે કરાવેલું નવનિર્મિત, સહસ્ત્રલિંગની પ્રતિકૃતિ સમાન વિરામગામનું મુનસર કે માનસર તળાવ, ધોળકાનું મલાવ તળાવ નોંધપાત્ર છે. વાવનું નિર્માણ એ સાર્વજનિક પરમાર્થ માટે પુણ્યપ્રદ ગણાતા પૂર્તધર્મની માહિતી આપે છે. આ સમયની વાવના નમૂનાઓ મળ્યા છે. જેમાં પાટણની રાણકી વાવ, ઉમરેઠની ભદ્રકાળી વાવ, ખેરાળાની વાવ, બાયડની વાવ, ધાંદલપુરની વાવ, વઢવાણની ગંગા અને માધાવાવ વગેરેનો સમાવેશ થાય છે.

### 2.4.4. કિલ્લાઓ

ક્ષત્રપકાળમાં બાંધવામાં આવેલા કિલ્લાઓના અવશેષો શામળાજીમાંથી પ્રાપ્ત થયા છે. આ કિલ્લાની ચારેબાજુ પાણીની ખાઈની નિશાનીઓ પ્રાપ્ત થઇ છે. કામરેજમાં પ્રાપ્ત થયેલા અવશેષો જોતાં ત્રણ બાજુએ ઊંડી ખાઈ અને ઉપર જવા માટેનો માર્ગ બાજુમાં છે.

સોલંકીકાળ દરમિયાન બંધાયેલા નગરના કોટના અને પુરદ્વારોના અવશેષો પરથી એની રચનાઓ ખ્યાલ આવે છે. ઝીંઝુવાડા અને ડભોઇનાં કિલ્લાઓ અને તેના પર દ્વારો નોધપાત્ર નમૂનાઓ છે.

### 2.4.5 શિલ્પો

મૌર્યકાળનું ગણાવી શકાય એવું કોઇપણ શિલ્પ પ્રાપ્ત થયું નથી. ક્ષત્રપકાલીન શિલ્પો શામળાજીની આજુબાજુનાં પ્રદેશોમાંથી ઉપલબ્ધ થાય છે. જેમાં ગણેશની

ઊભેલી મૂર્તિ, માતા અને શિશુની સંયુક્ત મૂર્તિ, ભીલકન્યા સ્વરૂપે પાર્વતીની મૂર્તિ, સપ્તમાતૃકાઓ પૈકીની બે માતૃકા પ્રતિમા માહેશ્વરની અને અગ્નેયિની, ચામુંડાદેવીની, કુમાર સ્કંદની પ્રતિમા વગેરેનો સમાવેશ થાય છે.

કચ્છના દોલતપુરમાંથી મળેલું મુખ શિલ્પની આંખો ખુલ્લી અને ટોપીઘાટનો સુશોભિત મુકુટ આકર્ષક છે. આહવા, ડાંગમાંથી નાનું શિલ્પ (જિ. સુદન)માંથી ખંડિત પ્રતિમા, ખેડ બ્રહ્મામાંથી મળેલું શિવલિંગ વગેરે ક્ષત્રપકાલીન છે. આ કાળમાં મૂર્તિવિધાન કલાનો સારો વિકાસ થયો છે. વસ્ત્રાલંકારની સૂક્ષ્મ અને સ્પષ્ટ આલેખનશૈલી આ કલાની વિશેષતા છે. ઢાંકની ગુફાઓની જૈન તીર્થંકરોની ઉપલબ્ધ થયેલી પ્રતિમાઓમાં આદિનાથ, ઋષભદેવ, શાંતિનાથ, પાર્શ્વનાથનું મહાવીર અને અંબિકાનો સમાવેશ થયા છે. દેવની મોરીના સ્તૂપમાંથી મળેલી પકવેલી માટીની  પ્રતિમાઓ શિલ્પ વિધાનની દ્રષ્ટિએ શ્રેષ્ઠ છે. ખાંભીલડાની ગુફામાં બૌદ્ધિસત્વો, વૃક્ષ નીચે ઊભેલા પદ્મપાણિ અવલોકિતેશ્વર અને વ્રજપાણિ, આજુબાજુ પરિચારકો- સેવકોની આકૃતિઓ આ કાળની છે.

ગુપ્તકાળની શૈલીમાં પ્રાદેશિક વિશિષ્ટ લક્ષણોવાળી ભિન્ન ભિન્ન છે. આ કાળનાં શિલ્પોમાં પગનો ઘૂંટણ અને પીંડીની નીચેનો ભાગ ધીમે ધીમે પાતળો થતો જાય છે. અર્ધમીલિત નેત્રોવાળા શિલ્પોમાં અંર્તમુખ જીવન અને આધ્યાત્મિક આનંદની ઝાંખી થાય છે. ટીંટોઈમાંથી મળેલી વીણાધર શિવ અને સ્કંદમાતાની પ્રતિમા, શામળાજીમાંથી મળેલી વીરભદ્ર શિવની પ્રતિમા અને નંદીનું શિલ્પ, દેવની મોરી ગામમાંથી મળેલી બીજી માતૃકાઓનો સમૂહ, અંબાજી પાસે વાવના બે ગણના શિલ્પો, શામળાજીનાં આજુબાજુમાંથી મળેલું મસ્તક વિનાનું માટીનું પકવેલું નાનું શિલ્પ જે યક્ષી કે માતૃદેવીનું લાગતું શિલ્પ, તીર્થંકર શ્રી આદિનાથ- જના અર્ધમિલીત ચાંદીવાળા નેત્રની ખંડિત પ્રતિમા વગેરે ગુપ્તકાળની શિલ્પશૈલીની ઝાંખી કરાવે છે.

મૈત્રકકાલીન અનેક દેવ- દેવીઓની પ્રતિમાઓ પ્રાપ્ત થઇ છે. શિવ પાર્વતી, વિશ્વરૂપ વિષ્ણુ, મકરવાહિની ગંગાની દ્વિભુજ પ્રતિમા, સ્કંદમાતા, શેષમાંથી ચતુર્ભુજ, ભૈરવ, પાર્વતી અને નૃત્ય કરતા ગણપતિ, સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ચંદ્રની પ્રતિમાઓ, વરાહ અને દશાવતારની પ્રતિમાઓ ગરૂડારૂઢ વિષ્ણુ, ઉમા-મહેશ્વર વગેરેનો સમાવેશ થાય છે. જેમાં શામળાજીમાં કળશી છોકરાની મા તરીકે પૂજાતી પ્રતિમા, મકર વાહિનીગંગાની દ્વિભુજ પ્રતિમામાં મકરનાં મુખ અને પૃચ્છની કોતવણી નોંધપાત્ર છે. કપૂરાઈમાંથી મળેલું શિવ-પાર્વતીનું ખંડિત શિલ્પ તત્કાલીન કલાનો સુંદર નમૂનો છે. કોટયાર્ક- મહુડીનાં સ્કંદમાતા, માતા અને

શિશુની પ્રતિમા, ટીંટોઇના પાર્વતી અને નૃત્ય કરતાં ગણપતિ નોધપાત્ર શિલ્પો ગણાવી શકાય. આકોટાના જૈન ધાતુ પ્રતિમા સમૂહમાંથી મળેલી શ્રી જીવંતસ્વામીની બે ઊભી કાર્યોત્સર્ગ પ્રતિમાઓ (મહાવીર સ્વામીના દીક્ષા લીધાં પહેલા તપ કરતા સ્વરૂપની), યક્ષ- યક્ષીયુક્ત આદિનાથની ઊભી પ્રતિમા, ત્રિતીર્થિક પાશ્વનાથની પ્રતિમા, ચતુર્ભુજ અશ્વ પર આરૂઢ ચતુર્ભુજ મહાવિદ્યા અચ્છુંપ્રાદેવીની પ્રતિમાઓ મૈત્રકકાલીન કલાની ઝાંખી કરાવે છે.

આકોટા જૈનધાતુ પ્રતિમા સંગ્રહની કેટલીક પ્રતિમાઓ અનુમૈત્રકકાલીન છે. તારંગા પરના ધારણ માતાના મંદિરની બૌદ્ધ તારાની પ્રતિમા નોંધપાત્ર છે.
સોલંકીકાલીન શિલ્પોમાં મુખ્યત્વે હિંદુ અને જૈન ધર્મની પ્રતિમાઓ જોવા મળે છે. જેમાં શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયના શિલ્પો, દેવ-દેવીઓ, સૂર્યપૂજા, શકિતપૂજાને લગતા શિલ્પા ઉપરાંત દીક્પાલોની મૂર્તિઓ, સુંદરીઓ, અપ્સરાઓ, નાયિકાઓ, ધાર્મિક કથા પ્રસંગો, પૌરાણિક આખ્યાયિકાઓ, કથાઓ વગેરેનો સમાવેશ થાય છે. મંદિરમાં પ્રવેશ દ્વાર આગળ, પીઠની દીવાલમાં અને બહારની બાજુએ ઘુમ્મટની નીચે કોતરાયેલાં શિલ્પો- શિલ્પકલાનો ખ્યાલ આપે છે.

સોલંકીકાળમાં બ્રહ્માની મૂર્તિઓ દેલમાલ, ખંભાત, ખેડબ્રહ્મા વગેરે સ્થળોએથી મળી છે. વિષ્ણુની દસાવતારમાંથી વરાહ, ત્રિવિક્રમ, નરસિંહ વગેરે સ્વરૂપોની પ્રતિમા વિશેષ મળે છે. વિષ્ણુના વિવિધ સ્વરૂપોની ત્રૈલોક્ય મોહન, વિશ્વરૂપ, શેષશાયી, લક્ષ્મી- નારાયણ વગેરે સ્વરૂપોની પ્રતિમા સંડેર, તૈબપુર, પાટણ, કોટયર્ક, વાલમ, ચાંણોદ, ઊંઝા, મોઢેરાના સૂર્યકુંડમાં વગેરે સ્થળોએથી મળે છે. કાલિયમર્દનનું શિલ્પ મણુંદના વિષ્ણુ મંદિરની છતમાં અને વિમલવસહિની છતમાંથી મળ્યું છે. શિવપ્રતિમાઓ મિયાણી, વાયડ, ગોરદ અને વીરતા, ધુમલી, ડભોઇનાં દરવાજા આગળથી ઝીંઝુવાડાના કિલ્લાના દરવાજામાંથી મળે છે. ઉપરાંત ઉમામહેશ્વર, અંધકાસુરવધ =મૂર્તિ, ગજાસુરસંહાર મૂર્તિ, શિવતાંડવ પ્રતિમા વગેરે સ્વરૂપો મળી આવે છે. કપડવંજમાંથી ચતુર્ભુજ ગણેશ, ઝિંઝુવાડાના કિલ્લાના દરવાજામાંથી નૃત્ય કરતા ગણેશ ઉપરાંત બેઠેલાં અને ઉભેલાં ગણપતિની અનેક પ્રતિમા મળે છે. મોઢેરાનાં મુખ્ય મંદિરમાં સૂર્યપ્રતિમા ઉપલબ્ધ નથી. ખંભાત પાસે નગરા, સૂત્રાપાડા અને ખેરાલુમાં સૂર્યમૂર્તિ નોંધપાત્ર છે. સૂર્યપત્ની સૂર્યાણીની પ્રભાસ પાટણમાંથી અને ખેરાળુમાંથી મળેલી પ્રાચીન પ્રતિમા છે. કાર્તિકેયની પ્રતિમાઓ વડનગર, કોટયર્ક, મોઢેરામાંથી મળી છે. શક્તિનાં વિવિધ સ્વરૂપોમાં મહિષાસુર મર્દિનીની અષ્ટભૂજ પ્રતિમાઓ પાટણ, સુણકમાં મળે છે. સપ્તમાતૃકાઓમાં છુટક કે સામૂહિક પ્રતિમાઓ પાટણ, લાડોલ, વડનગર, મોઢેરા, સુણક વગેરે સ્થળોએથી મળે છે.

ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ મહાવીર સ્વામી વગેર તીર્થંકરોની પ્રતિમાઓ ગીરનાર, શત્રુંજ્ય, આબુ વગેરે સ્થળોએથી મળી આવે છે. આબુના વિમલવસહિ અને લુણવસહિનાં જૈન મંદિરોમાંથી શિલ્પકલાની સમૃદ્ધિ જોવા મળે છે. યક્ષ-યક્ષિણીઓ, વિદ્યા-દેવીઓ વગેરેની પ્રતિમાઓ પણ પ્રાપ્ત થઇ છે. કથા પ્રસંગના શિલ્પો ડભોઇનાં કાલિકા મંદિરની જંઘા =માંથી, હીરા ભાગોળના દરવાજાની બહારની બાજુએથી લુણવસહિની દેરીની છતમાંથી વગેરે સ્થાઓએથી મળી આવે છે. મંદિરના નરથર ઉપરાંત મોઢેરા, વિમલવસહિ, લુણવસહિ, ડભોઇનું કાલિકા મંદિર વગેરેની દીવાલોમાં આવેલા ગજથર અને અશ્વથર ઉપરાંત અન્ય પ્રાણીઓનાં શિલ્પો, વિવિધ વૃક્ષ, વેલના પાન, પુષ્પો, ફૂલવેલની ભાત, કમળપત્રો વગેરે સુંદર રીતે આ કાળમાં કંડારાયેલા જોવા મળે છે.

- **તમારી પ્રગતિ ચકાસો – 2**

**(ખ) નીચે આપેલાં વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

(1) છીપોલીમાંથી બનાવેલું ત્રિરત્ન આકૃતિનું એક પદક નગરમાંથી પ્રાપ્ત થયું છે.

(2) પશ્ચિમ એશિયામાંથી વૈદૂર્ય નામનો પથ્થર આયાત થતો હતો.

(3) લોખંડ ગાળવાના ઉદ્યોગના પુરાવા કુંભારિયા તથા અંબાજીમાંથી પ્રાપ્ત થયા છે.

**(ગ) સ્વાધ્યાય**

(1) ક્ષત્રપ અને ગુપ્તકાલીન અવશેષો વિશે જણાવો.

(2) સોલંકીકાલીન અવશેષો વિશે વિગતે ચર્ચા કરો.

**(ઘ) જોડકા જોડો**

| | |
|---|---|
| (1) વિરમગામ | (અ) રાણકી વાવ |
| (2) ધોળકા | (બ) મુનસર તળાવ |
| (૩) પાટણ | (ક) મલાવ તળાવ |

## 2.5 સિક્કાઓ

ઈતિહાસની જાણકારી માટે સિક્કાઓ મહત્વનું સાધન છે. ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાંથી જે સિક્કાઓ મળી આવ્યા છે તે ગુજરાતનાં ઈતિહાસની જાણકારી આપે છે.

ગુજરાતના લોથલમાંથી વિવિધ પ્રકારની મુદ્રાઓ મળી છે, જે મુખ્યત્વે સેલખડી ઉપરાંત અકીક, તાંબુ, પકવેલી માટીની બનાવેલી હોય છે, મુદ્રાઓ ઉપર અનેક પ્રકારના પ્રાણીઓ કોતરેલા હોય છે, જેમાં એક શિંગડાંવાળા બળદ, હાથી અને પક્ષીની આકૃતિ નોંધપાત્ર છે. જે કલાના સર્વોત્તમ નમૂના છે. મુદ્રાઓ અને મુદ્રાકો પરના લખાણ હજી સુધી ઉકેલાયા નથી.

ગુજરાતના કામરેજ, નવસારી અમરેલી વગેર સ્થળોએથી મૌર્યકાલીન સિક્કાઓ મળી આવ્યા છે. જેના પર લખાણ નથી પરંતુ અલગ અલગ પંચ વડે ચિહ્ન આહત કરેલા હોય છે. ચાંદીના સિક્કા પર સ્વસ્તિક, ત્રિશુલ, હાથનીનું અને વર્તુળનું ચિહ્ન હોય છે. તાંબાના સિક્કાઓ પર પણ પાંચ ચિહ્ન જોવા મળે છે. આ સિક્કાઓના અભ્યાસ પરથી જણાય છે કે તે કેટલાંક ચોક્કસ વેપારી સંઘો દ્વારા પાડવામાં આવતા હતા. કેટલાંક ચિહ્ન સ્થળ નિર્દેશ કરે છે.

ભારતીય ગ્રીકો યવન રજાઓમાં એઉક્રાતિદેવના સિક્કાઓ સૌરાષ્ટ્રમાંથી મળ્યા છે. જે વેપારીઓ દ્વારા આવ્યા હશે કારણ કે આ રાજાની સત્તા આ પ્રદેશ સુધી પ્રસરી ન હતી. રાજા મીનેન્ડર અને એપલદત્તના સિક્કાઓ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી મળ્યા છે. આ સિક્કાઓ પર રાજાના ઉત્તરાંગ અને ગ્રીક દેવતાની આકૃતિ અંકિત થયેલી છે ઉપરાંત ગ્રીક ભાષાનું લખાણ ગ્રીક લિપિમાં અને પ્રાકૃત ભાષાનું લખાણ ખરોષ્ઠિ લિપિમાં કોતરેલું છે. જે આકૃતિ વિધાન ભાષા અને લિપિની માહિતી આપે છે. દા.ત. મિનેન્ડરના ચાંદીના ગોળ સિક્કાઓના અગ્રભાગે રાજાની મુખાકૃતિ અને ગ્રીક ભાષાનું લખાણ અને પાછળના ભાગે ગ્રીક દેવતાની આકૃતિ અને ખરોષ્ઠી લિપિમાં મહારાજ ત્રાતા મેનન્દ્ર નામનું લખાણ પ્રાકૃત ભાષામાં છે. એપલદત્તના ચાંદીના સિક્કા મિનેન્ડર જેવાં જ હતા જે પાછળથી

ઉતરતી કક્ષાનાં બન્યા. અનુમૌર્યકાળના ઉત્તરાર્ધના બૌધિવંશનાં સિક્કાઓ સિસાના છે.

ક્ષત્રપકાળનો ઈતિહાસ જાણવા માટે મહત્વનું સાધન સિક્કાઓ છે. ક્ષત્રપ રાજવીઓનાં ચાંદીના, તાંબાના, પોટન અને સિસના સિક્કાઓ પ્રાપ્ત થયા છે. જેના દ્વારા રાજાનું નામ, ક્ષત્રપ અને મહાક્ષત્રપનાં પદો, તત્કાલીન લિપિઓ અને ભાષાનો ખ્યાલ આવે છે. સિક્કાઓ પરની રાજાની મુખાકૃતિ – તેની આલેખન શૈલીની કારીગરી વિશે અને સિક્કાઓ તૈયાર કરવાની કલા-કારીગરીની માહિતી આપે છે. સિક્કાઓ પરના પ્રતીકો પ્રચલિત ધર્મ-સંપ્રદાયનું સૂચન કરે છે. ક્ષત્રપોના સિક્કાઓ પર વર્ષ અને નામ આપવાની પ્રથા જોવા મળે છે. આથી ક્ષત્રપોની વંશાવલી અને સાલવારી તૈયર કરવામાં ઘણી મહત્વની માહિતી મળે છે. દા.ત. સૌથી પ્રથમ રુદ્રસિંહ પહેલાના સિક્કા પર વર્ષ આપવાની પ્રથા જોવા મળે છે. સિક્કાઓનાં અગ્ર ભાગમાં ગ્રીક અથવા ગ્રીક રોમન લિપિમાં અને પાછળનાં ભાગમાં તત્કાલીન લિપિઓ અને ભાષામાં લખાણ છે. દા. ત. ભૂમક નહપાન અને ચષ્ટનના સિક્કાઓ ઉપર ખરોષ્ઠિ અને બ્રાહ્મી લિપિમાં જયદામાથી અંત સુધી બધા રાજાઓના સિક્કાઓ પર માત્ર બ્રાહ્મી લિપિમાં, દામજ્દશ્રી અને સત્યમાદાના સિક્કાઓ પર શુદ્ધ સંસ્કૃતમાં લખાણ છે. ક્ષત્રપોના સિક્કાઓમાં દેશી અને વિદેશી બંને પદ્ધતિનું મિશ્રણ જોવા મળે છે. સિક્કાઓ ઉપર મુખાકૃત, અક્ષરો, આકરા, તોલ વગેરે ગ્રીક અસર સૂચવે છે તો સંસ્કૃત-પ્રાકુત ભાષા, બ્રાહ્મી લિપિ અને પર્વત, નદી, ચંદ્ર, સૂર્ય વગેરેનાં પ્રતીકો ભારતીય અસરો સૂચવે છે. તેથી ભારતીય સિક્કાઓશાસ્ત્રનાં ઇતિહાસમાં તે મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાંથી ઉપરકોટ, વસોજ, સનાડિયા, જુનાગઢ મ્યુઝિયમ, અમરેલી, દેવની મોરી, દેવા, મોડાસા, આકોટા, કામરેજમાંથી સિક્કાઓના પ્રાપ્ત થયાં છે. શર્વ ભટ્ટાકર નામના રાજવીના સિક્કાઓ મોટા પ્રમાણમાં મળ્યા છે. જેના આગ્રભાગ પર રાજાનું ઉત્તરાંત અને પૃષ્ઠ ભાગ પર ત્રિશૂળનું ચિહ્ન જણાય છે. ક્ષત્રપ શાસનનાં અંત પછી અને મગધના ગુપ્ત સત્તાના પ્રસાર વચ્ચેના સમય દરમિયાન ગુજરતમાં શર્વ ભટ્ટારક નામના રાજ્યનું શાસન સ્થપાયું હોય એમ જણાય છે.

ગુપ્ત રાજવી ચંદ્રગુપ્ત `વિક્રમાદિત્યનું શાસન ગુજરાતમાં સ્થપાયું. તેણે ક્ષત્રપોના જેવાં ચાંદીના સિક્કાઓ પડાવ્યા. કુમારગુપ્ત અને સ્કંદગુપ્તના ચાંદીના સિક્કાઓ વિશેષ પ્રમાણમાં મળે છે. સિક્કાઓની વિવિધતા, શૈલી અને સંખ્યા જોતાં રાજ્યની જાહોજલાલી અને સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. કુમારગુપ્તનાં સિક્કા પર ગ્રીક અસર જોવા મેં છે. સિક્કાના અગ્ર ભાગમાં ક્ષત્રપોના સિક્કા જેવી રાજાની મુખાકૃત, ગુપ્ત સંવત અને પાછળના ભાગમાં ગરુડની આકૃતિ અને પરમ ભાગવત

મહારાજાધિરાજ શ્રી કુમારગુપ્ત મહેન્દ્રાદિત્ય લખેલું હોય છે. કેટલાંક સિક્કા પર દેખાતા ગ્રીક અક્ષરો કેટલાંક સિક્કાઓમાં જોવા મળતા નથી.

સ્કંદગુપ્તના સિક્કાઓમાં ગરૂડ, નંદી અને વેદીનું ચિહ્ન જોવા મળે છે. ગરૂડનાં ચિહ્ન પરથી રાજધર્મનો ખ્યાલ આવે છે. હુણોના હુમલાના કારણે રાજ્યનો વેપાર ખોરવાતા આર્થિક સ્થિતિ નબળી પડી જેની અસર સિક્કાઓ પર પડી. પિતાનું કુમારગુપ્તનાં જેવાં સિક્કા પડાવનાર સ્કંદગુપ્તના સિક્કા પર રાજકીય અસર જોવા મળે છે. ગુપ્તોનું શાસન સ્થપાતા ક્ષત્રપ સિક્કાઓની અસર દૂર થઇ. ગ્રીક અક્ષરોનું સ્થાન બ્રાહ્મી લિપિ અને સંસ્કૃત ભાષાએ લીધું.

ત્રૈકુટક રાજવંશના પ્રાપ્ત થયેલાં સિક્કાના આધારે ઇન્દ્રદત્ત, દ્રહસેના, વ્યાઘ્રસેન વગેરે રાજાઓની જાણકારી મળે છે. આ રાજવીઓના સિક્કાઓમાં પણ ક્ષત્રપ સિક્કાઓની અસર જોવા મળે છે. આગળના ભાગમાં રાજાનું ઉત્તરાંગ અને ગ્રીક અક્ષરો અને પાછળના ભાગમાં ત્રિકૂટ પર્વત અને ચંદ્ર-સૂર્યનાં પ્રતિક અને સમુદ્ર કે નદી સૂચવતી એક રેખા છે. દ્રહસેનના સિક્કા પરના લખાણની ભાષા સંસ્કૃત છે. ગુપ્ત રાજવીઓની સત્તા મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હતી ત્યારે ત્રૈકુટક રાજવંશની સત્તા દક્ષિણ ગુજરાતમાં હતી.

મૈત્રકોના કોઈ આધારભૂત સિક્કાઓ ઉપલબ્ધ નથી. તેમના દાનશાસનમાં સિક્કાઓનો ઉલ્લેખ મળે છે. ધૃવસેના બાલાદિત્યનાં દાનશાસનમાં તિજોરીમાંથી રોજ એક રૂપક આપવાની જાહેરાત કરે છે. મૈત્રક રાજ્યના પ્રદેશોમાંથી વલભી નામે ઓળખાતા સિક્કાઓ વિપુલ પ્રમાણમાં મળે છે. જેમાં ત્રિશૂળ, પરશુની આકૃતિ જોવા મળે છે. આના ઉપરથી સિક્કા પડાવનાર રાજવી પ્રારંભમાં માહેશ્વર અને સમય જતાં ભાગવત સંપ્રદાય અપનાવ્યો હશે એટલે કે સિક્કાઓ ઉપરથી રાજ્યધર્મની માહિતી મળે છે.

અનુમૈત્રકકાલ દરમિયાન ગુજરાતમાં ચાંદીના અને તાંબાના સિક્કાઓ પ્રચલિત હતા. ચાંદીના સિક્કા દ્રમ્મનાનામે અને તાંબાના સિક્કાઓ સંભવતઃ ગધૈય સિક્કાના નામે ઓળખાતા હતા.

ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણકાળ ગણાતા સોલંકીકાળના રાજવીઓના કોઇ આધારભૂત સિક્કાઓ મળ્યા નથી. આ સમયના લેખો અને સાહિત્યમાંથી કેટલાંક પ્રચલિત સિક્કાઓના નામ મળે છે. જેમ કે – નિષ્ક, બિસ્ત, દ્રમ્મ, ભાત્રક, રૂપક, કાકિણી, કાષાર્પણ, પણ, પ્રસ્થ, શૂર્પ વગેરે લેખનપદ્ધતિમાં સોલંકી રાજવીઓના નામના દ્રમ્મનો ઉલ્લેખ મળે છે. દા.ત. ભીમપ્રિય દ્રમ્મ, કુમારપાળ પ્રિય, લુણસા પ્રિય, વીસલ પ્રિય વગેરે. ગણિતસારમાં ચલણ અંગેનું કોષ્ટક દર્શાવતો શ્લોક મળે

છે. સોલંકી રાજવીઓના સિક્કાઓમાં આના કોષ્ટક મળે છે પણ તેમના સિક્કાઓ મળતા નથી. આ અંગે વિદ્વાનોમાં મતમતાંતરો છે.

## 2.6 શિલાલેખો

શિલાલેખોનો સમાવેશ અભિલેખોમાં થાય છે, તેથી પ્રથમ અભિલેખોનો અર્થ જાણવો જરૂરી છે. અભિલેખ એટલે કોઈ પણ પદાર્થ પર કોતરેલું લખાણ. ખડક, પથ્થર, પથ્થરનાં સ્તંભ, ગુફાની દીવાલ, પથ્થર કે ધાતુના દાબડા પર, તાંબાના પતરા પર અને માટીના વાસણ ઉપર લખાણને કોતરવામાં આવતું હતું. અભિલેખોમાં શિલાલેખો, સિક્કાલેખો, પ્રતિમાલેખો, તામ્રલેખો વગેરેનો સમાવેશ થાય છે. ઈતિહાસની માહિતી પૂરી પાડતા અભિલેખો મહત્વનું સાધન છે.

ગુજરાતના અભિલેખોમાં સૌથી પ્રાચીન મૌર્ય સમ્રાટ અશોકનો ગિરનારનો શિલાલેખ છે. જે જુનાગઢનાં દામોદર કુંડ પાસે આવેલા શૈલ (ખડક) પર ચૌદ ધર્મલેખો પ્રાકૃત ભાષામાં અને મૌર્યકાલીન બ્રાહ્મી લિપિમાં કોતરેલા છે. ઈ.સ. ૧૮૩૭માં જેમ્સ પ્રિન્સેપ નામના વિદ્વાને તેને ઉકેલ્યા. આ શિલાલેખોમાંથી અશોકની ધર્મભાવના અને રાજ્ય વિસ્તારણી માહિતી પ્રાપ્ત થાય છે. ક્ષહરાત ક્ષત્રપ વંશના રાજા નહપાનનાં સમયનાં એના સગા-સંબંધીઓના દાન વિષયક આઠ લેખો નોંધપાત્ર છે. એમાં દાન-ભૂમિદાન, ગૌદાન, સુવર્ણદાન, કન્યાદાન વગેરેની ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે. આ લેખો નાસિક અને પૂણે જિલ્લામાં આવેલી ગુફાઓમાં કોતરેલાં છે. સમ્રાટ અશોકના ગિરનારના શિલાલેખની બીજી બાજુએ રાજા મહાક્ષત્રપ રુદ્રાડામાં પહેલાનો કોતરેલો લેખ મહત્વનો છે. મહાક્ષત્રપ રૂદ્રદામાના જુનાગઢનો શીલાલેખ સંસ્કૃત ગદ્યમાં અને ક્ષત્રપકાલીન બ્રાહ્મીલિપિમાં કોતરાયેલો છે, લેખનો મુખ્ય વિષય સ્થાનિક પુર્ત=કાર્યને લાગતો છે. ગિરિનગરનાં સુદર્શન જળાશયનો સેતુ (બંધ)તૂટી ગયો જે એના આનર્ત-સૌરાષ્ટ્રનાં રાજ્યપાલ સુવિશાખે સમરાવ્યાનો ઉલ્લેખ છે. આ લેખમાંથી એ પણ જાણવા મળે છે કે આ `સુદર્શન તળાવ મોર્ય ચંદ્રગુપ્તનાં રાષ્ટ્રીય (રાજ્યપાલ) વૈશ્ય પુષ્પગુપ્તે બંધ બાંધીને કરાવ્યું હતું. સમ્રાટ અશોક મૌર્યના રાષ્ટ્રીય (રાજ્યપાલ) યવનરાજ તુષાસ્ફે તેમાંથી નહેરો કઢાવી હતી. સુરાષ્ટ્ર પર મગધના મૌર્યનું શાસન પ્રવર્તતું હતું. તેની જન્કરિઆ શિલાલેખ દ્વારા થઇ. જેણે અશોકના ગિરનારના શિલાલેખો દ્વારા સમર્થન મળ્યું.

કચ્છના અંધૌમાંથી વર્ષ પર (બાવન) ના ચાર યષ્ટિલેખો (લષ્ટિલેખો કે મૃત્યુલેખો) રાજા ચાષ્ટન અને રાજા રુદ્રદામાના રાજ્યકાળના પ્રાપ્ત થયા છે. જેમાં રાજાઓના રાજ્યકાળ વિશે, તે સમયના ગોત્રો વિશે અને વ્યકિતઓના નામની

માહિતી પ્રાપ્ત થાય છે. ચાષ્ટનના અંધૌમાંથી વર્ષ 11ના અને દોલતપુરમાંથી વર્ષ 6ના મળેલા યષ્ટિલેખો પરથી શકસંવત ચાષ્ટનના રાજ્યકાળથી શરૂ થયો હોવો જોઈએ એટલે કે આ લેખો શક સંવતનાં પ્રવર્તક ઉપર પ્રકાશ પાડે છે. રાજા રુદ્રદામા (પહેલા)ના સમય, મહાક્ષત્રપ રુદ્રસિંહના સમયનાં યષ્ટિલેખોમાંથી રાજાઓના નામ, વ્યકિતઓના નામ પ્રાપ્ત થાય છે. રાજા રુદ્રસિંહ પહેલાના સમયના ચાર શિલાલેખોમાં શક વર્ષ 103નો ગુંદાનો શિલાલેખ પૂર્તકાર્યને લગતો સૌથી પ્રાચીન છે. જેમાં આભીર સેનાપતિ રુદ્રભૂતિએ વાવ ખોદાવી અને બંધાવી એમ જણાવ્યું છે. શામળાજી પાસે બૌદ્ધ સ્તૂપમાંથી શૈલ સમુદ્રગક (પથ્થરનો દાબડો) પરનો લેખ સંસ્કૃત પદ્યમાં છે જે સ્તૂપની અને અસ્થિપાત્રની સ્થાપનાની માહિતી આપે છે. સમ્રાટ અશોક અને ક્ષત્રપ રુદ્રદામનો લેખ ધરાવતા શૈલ પર કોતરેલો ત્રીજો લેખ ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્તના સમયનો છે. જે ગુપ્તકાલીન સંસ્કૃત પદ્યમાં લખાયેલો છે. જે સુદર્શનન્નો સેતુ (બંધ) ગુપ્ત સંવત 136 (ઈ.સ.455) માં તૂટી જટા સમરાવ્યાનો છે. ભારે પૂર અને અતિવૃષ્ટિ થવાથી સેતુ તૂટી જતા સમ્રાટ સ્કંદગુપ્તના ગિરિનગરના નગરપાલક ચક્રપાલિકે બીજે વર્ષે સમરાવ્યું અને ચક્રભૂત વિષ્ણુનું મંદિર બંધાવ્યું. આ શિલાલેખોમાં ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તની આપવામાં આવેલી માહિતી મહત્વપૂર્ણ છે.

સોલંકીકાળનો ઇતિહાસ જાણવા માટે અભિલેખિત સાધનસામગ્રીમાં શિલાલેખો, પ્રતિમાલેખો અને તામ્રપત્રો વિપુલ સંખ્યામાં મળે છે. શિલાલેખો પરથી રાજ્ય વિસ્તાર, મંદિર નિર્માણ, પુનઃનિર્માણ, વિસ્તરણ, મહંતો, સંપ્રદાયો, દેરાસરો, કિલ્લાઓ, મસ્જિદ વગેરેની માહિતી મળે છે. દા.ત. સિદ્ધરાજના ભદ્રેશ્વર, દાહોદ, ભિનમાલ, કીરડુ, બાલી વગેરેના શિલાલેખો તેના રાજ્યવિસ્તારની માહિતી આપે છે. ગુજરાત બહારના માળવા, મેવાડ, મારવાડ સુધી સોલંકીઓના આધિપત્યની પ્રતીતિ થાય છે. પ્રભાસ પાટણમાં મળેલા શિલાલેખો પરથી સોમનાથના મંદિરના નિર્માણ, પુનઃનિર્માણ, વિસ્તરણોની અને મહંતોની માહિતી પ્રાપ્ત થાય છે. જેમાં ભીમદેવ `પહેલા, કુમારપાલ, ભીમદેવ બીજાના સમયમાં નિર્માણ, પુનઃનિર્માણ અને મહંત ભાવ બૃહસ્પતિ, વિશ્વેશ્વરરાશી વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે. ગિરનાર અને શત્રુંજ્ય પરના શિલાલેખો પરથી વસ્તુપાલ તેજપાલે બંધાયેલા ધર્મસ્થાનોની માહિતી મળે છે. આબુ પર્વત પર દેલવાડામાં પત્ની અનુપમાદેવી અને પુત્ર લુણસિંહના શ્રેય માટે તેજપાલે નેમિનાથ દેવનું ચૈત્ય બંધાવ્યું હતું. આ મંદિરના વહીવટ માટે ટ્રસ્ટીઓ નિમવામાં આવ્યા હતા અને ઉજવવાના ઉત્સવોના નિયમોની માહિતી આપી છે. સારંગદેવના સમયમાં શિલાલેખોમાંથી ચિંતામણી પાર્શ્વનાથ મંદિરના દાતાની અને સંભાળ રાખનાર શ્રાવકોની માહિતી આપી છે. પૂજા-નૈવેધ, પ્રેક્ષણક નિમિત્તે અને નિત્ય પંચોપચાર પુજાના ખર્ચ માટે વિવિધ

લાગા બાંધી આપવાની માહિતી રાજા સારંગદેવના સમયમાં અને માંગરોળના શિલાલેખોમાંથી મળે છે. કેટલાંક શિલાલેખોમાં મંદિરો અને કિલ્લા ઈત્યાદિને લગતી પ્રશસ્તિઓનો સમાવેશ થાય છે. દા.ત. રાજા કુમારપાળે વડનગરને ફરતો કોટ કરાવ્યો તે વિશે કવિ શ્રીપાળે રચેલી પ્રશસ્તિ, વીસલદેવના સમયમાં ડભોઇનાં વૈદ્યનાથ મંદિરની પ્રશસ્તિ કવિ સોમેશ્વર દેવે રચેલી. રાજા અર્જુન દેવના સમયમાં ખોજા નાખુદા નુરૂદ્દીન પીરાજે મસ્જિદ બંધાવી હતી. તેના નિભાવ માટે કરેલી જોગવાઈની માહિતી વેરાવળ-પાટણનાં અરબી અને સંસ્કૃતના લેખોમાંથી મળે છે. ધાતુ અને પાષાણ પ્રતિમા- ઉપરના લેખોમાંથી પ્રતિમાના દાતા, પ્રતિષ્ઠા કરનાર સૂરિ, પ્રતિષ્ઠા સમય વગેરની માહિતી મળે છે.

સોલંકીકાલીન મળેલા તામ્રપત્રોમાંથી રાજાના બિરૂડો, અધિકારીઓ, વહીવટી વિભાગો, નવા બંધાયેલા ગામો અને મંદિરોની પ્રમાણભૂત માહિતી મળે છે. તામ્રપત્રોના આધારે મૈત્રકકાળનો ઇતિહાસ જાણી શકાયો છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

**(ચ) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) ક્ષત્રપોના સિક્કામાથી દેશી અને વિદેશી એમ બંને પદ્ધતિનું મિશ્રણ જોવા મળે છે.

(2) મૈત્રક રાજ્યના પ્રદેશમાંથી પંચમાર્ક નામે ઓળખાતા સિક્કાઓ વિપુલ પ્રમાણમાં મળે છે.

(3) સુવર્ણયુગીના સોલંકીકાળના રાજવીઓના સિક્કાઓ પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે.

**(છ) સ્વાધ્યાય**

(1) ક્ષત્રપકાલીન સિક્કાઓ વિશે નોંધ લખો.

(2) ઇતિહાસ જાણવાના સાધન તરીકે શિલાલેખોનું મૂલ્યાંકન કરો.

## 2.7 સારાંશ

આ પ્રકરણમાં ગુજરાતનો ઇતિહાસ જાણવાના સાધનોની જાણકારી મેળવી. પ્રાગૈતિહાસિકકાળથી શરૂ કરી સોલંકીકાળ સુધીનો ગુજરાતનો ઇતિહાસ જાણવા માટેના સાધનો વિવિધ અને વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થયાં છે. જેમાં અલિખિત અને અભિલેખિત સાધનોનો સમાવેશ થાય છે. આ સાધનો દ્વારા ગુજરાતનો રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઇતિહાસ જાણી શકાય છે.

## 2.8 શબ્દાવલી

- યષ્ટિલેખો - મૃત્યુ પામેલા વ્યક્તિની યાદગીરીમાં પથ્થર પર કોતરવામાં આવતા લેખો.
- શૈલ સમુદ્ગક -પથ્થરનો દાબડો
- ગુફાલેખ – ડુંગરમાં કંડારેલી ગુફાની દિવાલ પર કોતરેલા લેખ
- શિલાલેખ - શિલા (પથ્થર) પર કોતરેલા લખાણ
- પ્રતિમાલેખ - પ્રતિમાની બેસણી કે પીઠ પર કોતરેલા લેખ
- મૃતપાત્ર કે મૃદ્ભાંડ લેખ- માટીના વાસણો પર કોતરેલા લેખ
- તામ્રપત્ર – દાનશાસન લેખ – કોતરેલા તાંબાના પતરા
- પૂર્તનિર્માણ - દેવાલય, વાવ, કૂવા, તળાવ વગેરે સાર્વજનિક પરમાર્થ બાંધકામનું નિર્માણ

## 2.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(ખ) નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(1) ખરું (2) ખોટું (3) ખરું

**(ઘ) જોડકા જોડો**

| | |
|---|---|
| (1) વિરામગામ | (આ) મુનસર તળાવ |
| (2) ધોળકા | (ઈ) મલાવ તળાવ |
| (3 ) પાટણ | (અ) રાણકી વાવ |

**(ચ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

(1) ખરું (2) ખોટું (3) ખોટું

## 2.10 સંદર્ભસૂચિ


1. રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રી : ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઇતિહાસ ભાગ – 1 થી 4
2. શાસ્ત્રી હરિપ્રસાદ : ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ
3. શાસ્ત્રી હરિપ્રસાદ : મૈત્રકકાલીન ગુજરાત ભાગ -૧-૨
4. જમીનદાર રશેસ : ક્ષત્રપકાલીન ગુજરાત
5. આચાર્ય ન. આ. : ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ
6. આચાર્ય ન. આ. : ગુજરાતના સિક્કાઓ
7. શાસ્ત્રી હરિપ્રસાદ : ગુજરાતના પ્રાચીન ઇતિહાસની સાધન સામગ્રી
8. શાસ્ત્રી હરિપ્રસાદ : ભારતીય અભિલેખ વિદ્યા
9. મુનશી કનૈયાલાલ માણેકલાલ : ગુજરાતની કીર્તિગાથા
10. સાંકળિયા હસમુખ : પૂરાતત્વમાં ગુજરાત
11. ધારૈયા આર. કે. અને અન્ય – ગુજરાતનો ઇતિહાસ

| એકમ-03 | ગુજરાતનો પ્રાગ ઇતિહાસ-કોઢ, પેઢામલી અને લાંઘણજના સંદર્ભમાં |
|---|---|

**:: રૂપરેખા::**

**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના તથા ગુજરાતનો ભૌગોલિક પરિચય**

**3.2 ભૂસ્તર રચના**

**3.3 પ્રાગૈતિહાસ**

**3.3.1 પુરાવસ્તુકીય અન્વેષણો**

**3.3.2 પ્રાગ્ - ઐતિહાસિક સંસ્કૃતિઓ**

**3.3.2.1 આદ્ય પ્રાચીન પાષાણયુગ**

**3.3.2.2 મધ્ય પ્રાચીન પાષાણયુગ**

**3.3.2.3 અંત્ય પ્રાચીન પાષાણયુગ**

**3.3.2.4 નૂતન પાષાણયુગ**

**3.4 સારાંશ**

**3.5 ચાવીરૂપ શબ્દો**

**3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**3.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

## 3.0 ઉદ્દેશો

આ એકમ શીખ્યા પછી તમે જાણી શકશો કે,

- ગુજરાતના ભૌગોલિક સ્થાનની સાથે તેની શરૂઆતની ભૂસ્તર રચના અને એમાં થતાં ફેરફારો.
- સૌ પ્રથમ યોનિ અને માનવ યોનિનો ઉદ્દગમ.
- ગુજરાતમાં પ્રાગ્-ઐતિહાસિક સમયની શરૂઆત અને અનુક્રમે જોવા મળતો વિકાસક્રમ.
- તેઓના વપરાશના ઓજારો અને તેના પરથી જાણવા મળતો બદલાતો ઇતિહાસક્રમ.

## 3.1 પ્રસ્તાવના તથા ગુજરાતનો ભૌગોલિક પરિચય

ભારતમાં 28 રાજ્યો અને રાષ્ટ્રીય પાટનગર વિસ્તાર દિલ્હી સહિત 8 કેન્દ્રશાસિત પ્રદેશો છે. 1લી મે, 1960ના રોજ ભારતના 17 રાજયોમાંના એક એવા અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થઇ.  ભારતના આ 29 રાજ્યોમાં આર્થિક વિકાસની દૃષ્ટિએ દ્વિતીય ક્રમે આવતું ગુજરાત રાજ્ય આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય દ્રષ્ટિએ એક અગ્રગણ્ય રાજ્ય છે. આજે ખુબ જ વિકાસ પામેલ ગુજરાતના પ્રદેશનો ઇતિહાસ પણ રસપ્રદ છે. ગુજરાતની હદ અત્યારે છે તે પ્રમાણે જ ભૂતકાળમાં હંમેશા ન હતી. રાજકીય પરિવર્તન અનુસાર ગુજરાતના વિસ્તારમાં જુદા જુદા સમયે વધઘટ થતી રહી છે. ભારતનો જે ભૂમિપ્રદેશ હાલ ગુજરાત તરીકે ઓળખાય છે તે ભારતના પશ્ચિમ ભાગમાં આવેલો હોઈ પશ્ચિમ ભારતની અંતર્ગત ગણાય છે. આ પ્રદેશ અરબ સાગરના કિનારે 20°.6' ઉત્તર અક્ષાંશવૃતથી 24°.07' ઉત્તર અક્ષાંશવૃત્ત અને 68°.10' પૂર્વ રેખાંશવૃતથી 74°.28' પૂર્વ રેખાંશવૃત્તની વચ્ચે આવેલું છે.

તેની ઉત્તરે મારવાડ (રાજસ્થાન), ઉત્તર પૂર્વે મેવાડ (રાજસ્થાન), પૂર્વે માળવા (મધ્યપ્રદેશ) અને ખાનદેશ (મહારાષ્ટ્ર), દક્ષિણ પૂર્વે મહારાષ્ટ્રનો નાસિક જીલ્લો, દક્ષિણે કોકણ (મહારાષ્ટ્ર) અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે, જ્યારે ઉતરે પશ્ચિમે સિંધ (પશ્ચિમ પાકિસ્તાન) આવેલો છે.

ગુજરાતના વિસ્તારની દ્રષ્ટિએ જોઈએ તો, ગુજરાતનું કુલ ક્ષેત્રફળ 1,96,024 ચોરસ કિલોમીટર જેટલું છે. જે દેશના કુલ વિસ્તારના 5.96 ટકા જેટલું થાય છે. ગુજરાતનો રાજ્યનો  વિસ્તારની દ્રષ્ટિએ સાતમો જ્યારે વસ્તીની દ્રષ્ટિએ 10મો ક્રમ આવે છે. ગુજરાતની વસ્તી ગણતરી અનુસાર કુલ વસ્તી 6,04,39,692 હતી.જે દેશની કુલ વસ્તીના 4.99 ટકા જેટલી થાય છે.

ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, તટ (મધ્ય) ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત એવા કુદરતી એકમો તરીકે અલગ તરી આવે છે. આમ, સ્થાન, વિસ્તાર, સીમા અને ઐતિહાસિકતાને લગતા કેટલાંક આગવા લક્ષણોને કારણે તે ભારતના નકશામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તો આવો આપણે ગુજરાતની ભૂમિની પ્રારંભિક અવસ્થાથી તેનો પરિચય મેળવીએ.

## 3.2 ભૂસ્તરરચના

ગુજરાતની ધરતી સપાટીની ચેજે જુદાજુદા ભૂસ્તર મળ્યા છે તે ભૂસ્તરો આ મુજબ છે :

1 આદ્ય કે આજીવમય યુગનો સ્તર

2 પ્રથમ કે પ્રાચીન જીવમય યુગના સ્તર

3 દ્વિતીય કે મધ્ય જીવમય યુગના સ્તર

4 તૃતીય કે નૂતન જીવમય યુગના સ્તર

5 અનુ-તૃતીય કે ચતુર્થ માનવ જીવમય યુગના સ્તર

આદ્ય કે આજીવમય યુગ સર્વેથી પ્રાચીન હોઈ Archaean (પુરાતન કે આદ્ય) તરીકે ઓળખાય છે. તે પૃથ્વીના ધગધગતા પેટાળ પર બંધાયેલ પહેલો સ્તર હોવો સંભવે છે. આ સ્તરના આદ્ય વિભાગમાં નાઈસ (Gneiss) નામે પાષાણ-પડ મળે છે. આદ્ય સ્તરનો અંત્ય વિભાગ ભારતના ભૂસ્તરશાસ્ત્રમાં 'ધારવાડવર્ગ' તરીકે ઓળખાય છે. આ વર્ગના સ્તર બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને વડોદરા જીલ્લાઓમાં મળે છે. આ આદ્ય યુગ દરમિયાન જીવસૃષ્ટિની ઉત્પત્તિ થઇ નહતી, આથી એને આજીવમય (Azoic) પણ યુગ ગણવામાં આવે છે. પ્રથમ જે પ્રાચીન જીવમય યુગના સ્તરના અવશેષોમાં જીવસૃષ્ટિનો સંચાર થયેલ માલૂમ પડે છે. જીવયોનિના અવશેષો ધરાવતા સ્તરોના ચાર યુગમાં આ પહેલો યુગ 'પ્રાચીન જીવમય યુગ'માં જીવયોનિની ઉત્પત્તિ થઇ. ભારતના ભૂસ્તરશાસ્ત્રમાં આ યુગના 'દિલ્હી વિભાગ' તરીકે ઓળખાતા સ્તર ગુજરાતમાં દાંતા, પાલનપુર અને ઇડરની આસપાસ મળે છે. આ યુગના સ્તરોમાં આદ્યમાં સમય પ્રાણીઓના અશ્મીભૂત અવશેષો પ્રાપ્ત થાય છે.

દ્વિતીય કે મધ્ય જીવમય યુગના બે વિભગના સ્તર મળે છે. જુરાસિક વિભાગના સ્તર કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવેલા છે. આ સ્તરના સમયે દક્ષિણ ભારત, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સાથે જોડાયેલું હતું, જ્યારે ઉત્તર ભારતની ઘણી ભૂમિ યુરોપિયન મહાસાગરમાં ડૂબેલી હતી. ગોડવાના ખંડ તરીકે ઓળખાતા આ ખંડના સમયની જીવસૃષ્ટિના અવશેષો કચ્છમાં ઠેકઠેકાણે મળ્યા છે. સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રા અને વઢવાણ પાસે પણ મળ્યા છે. આ સ્તરમાં વિવિધ વનસ્પતિ તથા પ્રાણીઓના અશ્મીભૂત અવશેષોનો સમાવેશ થાય છે. 'ગોંડવાના યુગ' પૂરો થતાં ઉત્તરનો યુરોપ-એશીયાઇ સમુદ્ર ફરી એકવાર કચ્છ, સૌરાષ્ટ્ર અને નર્મદા ખીણમાં છેક અંદર સુધી ફરી વળ્યો હતો. એ પછીનો સ્તર મુખ્યત્વે નર્મદા ખીણમાં અને ઉત્તરમાં વાડાસીનોર સુધી પથરાયા છે. સાબરકાંઠા, પંચમહાલ અને ભરૂચ જીલ્લામાં તથા

ખેડા જીલ્લાના અમુક ભાગમાં એખાસ જોવા મળે છે છતાં સ્તરમાં ઉદરસર્પી પ્રાણીઓ, સર્પો, મગરો, કાચબો, માછલા વગેરે જળચર પ્રાણીઓના તથા નરમમાં સમય પ્રાણીઓના પરવાળાના અશ્મીભૂત અવશેષ મળે છે.

મધ્ય જીવમય યુગના અંતે ગુજરાત સહીત સમસ્ત પશ્ચિમ ભારતમાં ભયંકર આગ્નેય ક્ષોભ થયો. ભૂગર્ભમાંથી ધગધગતો રસ (લાવા) ચીરા અને ફોટો વાટે બહાર નીકળી સેકડો મીટર જાડા સપાટ પગથીદાર સ્તરોમાં પથરાયો. એનો દેખાવ પગથીયા જેવા હોવાથી એને 'ટ્રેપ' કહેવામાં આવે છે. ભારતના ભૂસ્તાશાસ્ત્રમાં અને 'ડેક્કનટ્રેપ' તરીકે ઓળખવામાં આવે છે. આ તૃતીય કે નૂતન જીવમય યુગ હતો. એના આરંભિક સ્તર સૌરાષ્ટ્રમાં તથા ગુજરાતના પૂર્વ સીમાડા પર મળે છે. ગીરનાર અને પાવાગઢ આ જ્વાળામુખી ઉદ્દ્ભેદનોમાંથી ઉત્પન્ન થયેલા છે. વળી ફરી સમુદ્રના નીર ગુજરાતના પશ્ચિમ ભાગ પર ફરી વળ્યો. એની નિશાની ખંભાતના અખાતની બંને બાજુએથી મળે છે. અકીક અને તેલના ખનીજ આ સ્તરમાંથી પ્રાપ્ત થાય છે. રતનપુર (રાજપીપળા)ના અકીક આ સ્તરની ખાણોમાંથી નીકળે છે. સમુદ્રના નીર પાછા ફરતા જે જમીન પછી ઉપસી આવી. તેમાં જાત-જાતના હાથીઓ, વાગોળનારા પ્રાણીઓ, હરણો, જિરાફ, ડુક્કર અને હિંસક શિકારી પ્રાણીઓ, વસતા હતા. આ છીપોલીવાળા સ્તર સુરત જીલ્લમાં, ભરૂચ જીલ્લામાં અને ખંભાતની અખાતની બંને બાજુએ  (વડોદરા અને ભાવનગર પાસે) આવેલી છે. પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ઓખા પાસે એ વિશેષ જોવા મળે છે. આ યુગના અંતભાગમાં ભૂતળ-રચનામાં બે ભારે ફેરફાર થયા. દક્ષિણના ગોડવાના ખંડનો મોટાભાગ નીચે બેસી ગયો, એના પર સમુદ્રના નીર ફરી વળ્યા. ભારત આફ્રિકાથી તદ્દન છુટ્ટૂં પડી ગયું. વચ્ચે અરબી સમુદ્ર અસ્તિત્વમાં આવ્યો. ઉત્તરના યુરોપ-એશીયાઇ સમુદ્રનું તળિયું ઊંચે ઉપસી આવ્યું, જેમાંથી હિમાલય પર્વત ઊંચે આવવા લાગ્યો. આ યુગના અંત્યભાગમાં વર્તમાન જીવયોનિઓનું અધિકત્તર પ્રમાણ રહેલું હોઈ એને 'આધુનિક અધિકત્તર' (Pliocene) યુગ કહે છે. આ યુગમાં સસ્તન પ્રાણીઓનો વિકાસ થયો.

અનુ-તૃતીય કે ચતુર્થ માનવજીવમય યુગના પહેલા વિભાગને 'આધુનિક-અધિકતમ (Pleistocene) યુગ' કહે છે. કેમકે એમાં વર્તમાન જીવયોનિઓના અવશેષ સહુથી વધુ પ્રમાણમાં મળે છે. વળી માનવના પ્રાદુર્ભાવના ચિહ્નો આ યુગમાં દેખાય છે. આ યુગ દરમ્યાન ઉત્તર ગોળાર્ધમાં એકાંતરે ઠંડી આબોહવા અને પછી સરખામણી ગરમ આબોહવામાં વારાફરતી સાતેકવાર પરિવર્તન થયાં. ઠંડીના યુગને 'હિમયુગ (Glacial age)' કહે છે અને બે હિમયુગો વચ્ચેના યુગને 'અન્તહિમયુગ (inter-glacial age)' કહે છે. આ યુગમાં માનવદેહના અવશેષો ન મળતાં માનવકૃત

હથિયારોના અવશેષો પ્રાપ્ત થાય છે અને ગુજરાતમાં જૂનામાં જૂના નમુના બીજા હિમયુગના કે બહુ તો બીજા અન્તહિમ યુગના સ્તરોમાં મળે છે. દક્ષિણગુજરાતની કાળી જમીન, અર્વાચીન નદીઓનો કાંપ અને ઉત્તર ગુજરાતના અખાતોના પરણ એ અ યુગના લક્ષણો છે.

આમ, ધરતીના લાંબા ઇતિહાસમાં માનવનો ઇતિહાસ છે ક આજકાલનો લાગે છે તથા ગુજરાતમાં માનવના પ્રાદુર્ભાવ પછી તેના ભૂસ્તર-પરિવર્તન ઘણા જૂજ જોવા મળે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**1.** ગુજરાતની ભૂગોળ વિષે ચર્ચા કરો.

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

__________________________________________________________________

**2.** ડેક્કન ટ્રેપ એટલે શું?

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

__________________________________________________________________

## 3.3 પ્રાગૈતિહાસ

માનવ કઈ સંસ્કૃતિના છેક ઉદ્દગમકાળથી લેખનકલા જાણતો ને પ્રયોજતો થયો ન હતો. સંસ્કૃતિના શરૂઆતના હજારો વર્ષોનો વૃત્તાંત અ-લેખિત રહ્યો છે. એ કાળની સંસ્કૃતિના વૃત્તાંત માટે અન્ય સમકાલીન સાધનો દ્વારા કેટલીક રૂપરેખાત્મક માહિતી મળે છે, જેમાં લેખિત ઉલ્લેખોના અભાવે કોઈ માનવવિશેષો, સ્થળ વિશેષો કે ઘટના વિશેષોની સંજ્ઞાપૂર્વક વિગતો પૂરી શકાતી નથી, આથી સંસ્કૃતિના આ પ્રાગ્-અક્ષરજ્ઞાન કે નીર-અક્ષરજ્ઞાન કાળને 'પ્રાગ – ઐતિહાસિકકાળ' તરીકે ઓળખવામાં આવે છે. પ્રાગ–ઐતિહાસિકકાળના ઉપલબ્ધ વૃત્તાંતને 'પ્રાગ-ઇતિહાસ' કહે છે પ્રાગૈતિહાસિક વસવાટના સ્થળ નદી અને તળાવ જેવાં જળાશયો પાસે ખાસ કરીને મળે છે.

મિત્રો, ઐતિહાસિકકાળની સરખામણીએ પ્રાગ-ઐતિહાસિકકાળ ઘણો લાંબો છે. ભારતમાં ઐતિહાસિકકાળ છેલ્લા પાંચેક હજાર વર્ષોનો છે, જ્યારે પ્રાગ- ઐતિહાસિક સમયપટ અઢીથી પાંચ લાખ વર્ષ જેટલો વિસ્તૃત છે. આથી જ પ્રાગ્ - ઐતિહાસિકકાળને 'યુગ' સંજ્ઞા આપવામાં આવે છે.

### 3.3.1 પુરાવસ્તુકીય અન્વેષણો

વિદ્યાર્થી મિત્રો, આપણે આગળ જોયું કે પ્રાગ્- ઐતિહાસિક સંસ્કૃતિમાં પ્રાગ્-અક્ષરજ્ઞાન કે નીર અક્ષરજ્ઞાન હોવાથી એમાં કોઈ લિખિત કે અભિલિખિત સામગ્રીની અપેક્ષા રહેતી નથી. આ સંસ્કૃતિના વૃત્તાંતનો સર્વ આધાર એ કાળની પુરાવસ્તુકીય સાધનસામગ્રી પર રહેલો છે. આ પુરાવાસ્તુકીય સાધનસામગ્રીમાં મુખ્યત્વે માનવે ઘડેલા પાષણના હથિયારો, માનવોના અને માનવોની સાથે સંકળાયેલા પ્રાણીઓના દેહાવશેષ, માનવે ઘડેલા વાસણો, માનવે કંડારેલા ચિત્રાંકનો વગેરે સામગ્રીનો સમાવેશ થાય છે. આ સામગ્રી મુખ્યત્વે સ્થળ તપાસ દ્વારા અને કેટલાંક અંશે ઉત્ખન્ન દ્વારા મળી હોય છે.

આ બધી જ સામગ્રીની શોધ કેટલીકવાર અનાયાસ કે અકસ્માત થતી હોય છે અને આ શોધ કેટલીકવાર અન્ય ક્ષેત્રના માણસો દ્વારા થતી હોય છે પરંતુ આ અવશેષણો પ્રાગ્-ઇતિહાસ તથા ઇતિહાસની પ્રમાણિત સાધન-સામગ્રી તરીકે ઉપયોગ કરવા માટે પુરાવસ્તુવિદ્યાના જાણકારો આ અવશેષો સાથે પદ્ધતિસરની શોધ, સ્થળ તપાસ, ઉત્ખનન અને વૈજ્ઞાનિક પદ્ધતિના એના અભ્યાસ પરથી તર્કશુદ્ધ અનુમાનો તારવે ત્યારે એ પ્રમાણિત નીવડે છે.

પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓના અંદાજીત સમયાંકન માટે અનેકવિધ પદ્ધતિઓ પ્રયોજાય છે. એમાં સી-14 ની પદ્ધતિ સહુથી વધુ પ્રચલિત છે. એમાં મૃત વનસ્પતિ તથા પ્રાણીઓના અવશેષોમાં સી-14 સંજ્ઞા ધરાવતા કાર્બનના ઘટાડાનો આધાર લેવામાં આવે છે. વળી અસ્થીઓ અશ્મીભૂત થવાનો વેગ તથા ધાતુને કાટ લાગવાનો વેગ પણ આમા ઉપયોગી નીવડે છે. વિવિધ સ્થળોએ મળેલ પદાર્થોમાં રૂપસામ્ય તથા સ્તરવિદ્યા પણ સમયાંકન માટે કામ લાગે છે.

### 3.3.2 પ્રાગ્- ઐતિહાસિક સંસ્કૃતિઓ

પ્રાગ્- ઐતિહાસિકકાળમાં માનવ-કૃત ટકાઉ ચીજો મુખ્યત્વે પાષાણની ઘડવામાં આવતી, આથી એ યુગને 'પાષાણયુગ' કહે છે. એ ચીજોમાં મુખ્યત્વે હથિયારોનો સમાવેશ થાય છે. પાષાણના હથિયારો ઘડવાની જુદી-જુદી હુન્નર પદ્ધતિ પરથી પાષાણયુગની સંસ્કૃતિના જુદા-જુદા તબક્કા જાણવા મળે છે અને એ અનુસાર

પાષાણયુગના જુદા-જુદા વિભાગ પાડવામાં આવે છે. આમ, પ્રાગ્- ઐતિહાસિકકાળ આ પાષાણયુગનો બનેલો છે.

મિત્રો, આપણે જોયું કે તેની પાષાણની ચીજવસ્તુઓ ઘડવાની હુન્નર પદ્ધતિઓ સમય મુજબ બદલાતી રહી અને આ બદલાતી રહેતી હુન્નર પદ્ધતિ અને સંસ્કૃતિ તેનો સમય નિર્દેશિત કરે છે. આના આધારે આ યુગના બે ભેદ પાડવામાં આવ્યું છે. પ્રાચીન પાષાણયુગ અને નૂતન પાષાણયુગ. કેટલાક આ બે પાષાણયુગના વચ્ચે મધ્યપાષાણ યુગ નામે ત્રીજો યુગ પણ ઉમેરે છે. વળી, પ્રાચીન પાષાણયુગના આદ્ય, મધ્ય અને અંત્ય એવા ત્રણ તબક્કા પાડવામાં આવ્યા છે.

### 3.3.2.1 આદ્યપ્રાચીન પાષાણયુગ

Pale - પ્રાચીન અને lith - પાષાણ

આમ, અંગ્રેજીમાં પ્રાચીન પાષાણ યુગને paleltithicage કહેવામાં આવે છે.

ગુજરાતમાં પ્રાગ- ઐતિહાસિકયુગના પ્રાચીન પાષાણયુગનાં ઓજાર પહેલા વહેલા ઈ.સ. 1893માં (હાલનાં મહેસાણા જિલ્લાના) વિજાપુર તાલુકામાં કોટ અને પેઢામલી ગામ પાસે સાબરમતીનાં કાંઠામાં મળેલાં. આની શોધ સૌ પ્રથમવાર રોબર્ટબ્રુસ ફૂટ નામના વ્યક્તિએ કરી. રોબર્ટ બ્રુસ ફૂટ ભૂસ્તર શાસ્ત્રી તરીકે હિંદ સરકારની સેવામાંથી નિવૃત્ત થયા બાદ વડોદરા રાજ્યની સેવામાં જોડ્યા. અહી રાજ્યનું આર્થિક દ્દષ્ટિએ ભૂસ્તર નિરીક્ષણ કરતા હતા, ત્યારે એમને ત્યાંના સાબરમતી પટમાં સાદોલિયા (તા.પ્રાંતિજ) ગામની સામે આવેલા અનોડીયા કોટ નામના સ્થળે હાથે ઘડેલા પથ્થરના બે હથિયાર અને પેઢામલી પાસે એવું એક હથિયાર મળેલું. આગળ જતાં 1941માં આવા ઓજાર એજ પ્રદેશમાં લાંઘણજ ગામ પાસે મળ્યાં અને તે પણ નદીના આદ્યપટમાં સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં સાબરમતી પણ કોતરોવાળી છે. એનું મૂળ નામ 'શ્વભ્ર' (સાબર) = કોતર પરથી પડેલું છે. સાબરકાંઠા અને મહેસાણા તથા ખેડા જિલ્લામાં આ નદીઓનાં કોતરોની અંદર રહેલા જુદા-જુદા થારોનું નિરીક્ષણ કરતાં એમાંથી જુદા-જુદા કાલના સ્તરોનાં લક્ષણ નજરે પડે છે. એ વખતની આબોહવા પણ હાલનાં કરતાં વધુ ભેજવાળી હતી. મિત્રો આપણે અગાઉ જોયું કે 1941માં લાંઘણજમાં નદીના આદ્યષ્ટમાંથી મળેલાં હથિયાર તેના પુરાતનતાની પ્રતીતિ કરાવતા હતા અને પછી તો પ્રાગ્-ઐતિહાસિક શોધ જૂથોની પ્રવૃત્તિ 1949 સુધી ચાલુ રહી, ત્યાર પછી 1952, 1954, 1959 અને 1963માં લાંઘણજમાં વધુ ઉત્ખનન થયાં. મહી નદીની ભેખડોમાં પણ આવાં પાષાણ-ઓજાર પ્રાપ્ત થયાં. પછી સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ, દક્ષિણ ગુજરાતમાં છેક વલસાડ અને ડાંગ જિલ્લા સુધી તેમજ કચ્છમાં પણ આવાં ઓજાર પ્રાપ્ત થયાં. આમ, આ યુગનો માનવ ગુજરાતમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત,

દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એ પાંચેય પ્રદેશોમાં વસતો હતો એવું માલૂમ પડે છે.

નદીના પટમાંથી મળતાં હથિયારોમાં ચકમક જેવાં પ્રકારના પથ્થરમાંથી હાથ-કુહાડી, છોલણી, છીણી વગેરે જાતના મોટા ઓજારો ઘડાયેલા છે. આ ઓજારો પથ્થરને ધીમેધીમે ટોચીને એના ગાભામાંથી ઘડાતા અથવા પથ્થરની ચીપમાંથી ઘડાતા. આ ઓજારોમાંના કેટલાંક જેવા તેવા ઘડેલા છે, જ્યારે કેટલાંક એવા સફાઈદાર છે કે ભારતના બીજા પ્રદેશોના તેમજ આફ્રિકા અને પશ્ચિમ યુરોપના પ્રાચીન પાષાણયુગના ઓજારોની બરોબરી કરી શકે. અમુક હથિયારોમાં એકભાગ ધારવાળો કે અણીવાળો હોય છે, જ્યારે બીજો ભાગ અણઘડેલો કે ગોળ હોય છે. જેને હાથમાં પકડતા ફાવે.

આ આદિમાનવના હાડપિંજર કે અસ્થિ પ્રાપ્ત થયા નથી. મળી આવેલ ઓજારોનો ઉપયોગ કંદમૂળ ખોદી કાઢવા, ઝાડ કાપવા કે પ્રાણીઓના શિકાર કરવા માટે કરતો હશે. આ ઉપરથી કહી શકાય કે તે માનવકુદરતી રીતે ઉગેલી વનસ્પતિમાંથી અને શિકાર દ્વારા ખોરાક એકઠો કરતો અને આ ખોરાક પ્રાપ્ત કરવા એક વનપ્રદેશમાંથી બીજા વન પ્રદેશમાં ભમતો રહેતો અને તદ્દન જંગલીઅવસ્થામાં વનવાસી જીવન ગાળતો. કપડા લતા કે દાગીના ધરાવતો નહિ. આ સમયે જુદા-જુદા પ્રદેશોમાં જુદા-જુદા પ્રકારના પથ્થર વપરાતા, સાબરમતી વગેરે ઉત્તર ગુજરાતની નદીઓમાં 'ક્વાર્ટઝાઈટ' નામના ખડક (પાષણપડ)માંથી બનાવેલા, મહી અને ઓરસંગમાં 'ક્વાર્ટઝાઈડ' ઉપરાંત 'ક્વાર્ટઝ' તથા સૌરાષ્ટ્ર અને કચ્છમાં 'બસાલ્ટ અને રેતીના પથ્થર'ના ઓજારો પ્રાપ્ત થાય છે. આ ઓજારો અને ઓજારો બનાવનાર માણસોનો સમય નક્કી કરવો મુશ્કેલ છે. પરંતુ આવા હથિયાર બનાવતો માનવ ગુજરાતમાં આજથી 50,000 -1,00,000 વર્ષો પૂર્વે વસતો હશે એવું પુરાતત્વવિદો માને છે. આ ઉપરાંત ગુજરાતનો આદિમાનવ આફ્રિકાના પૂર્વકિનારેથી આવ્યો હોય એવું માનવામાં આવે છે.

#### 3.3.2.2 મધ્યપ્રાચીન પાષણયુગ

તો મિત્રો, પાષાણયુગના આ બીજા તબક્કાને મધ્ય પ્રાચીન પાષાણયુગ કહેછે. ઉત્તર ગુજરાતમાં સાબરમતી અને એની ઉપનદીઓ સિવાય મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં નદીઓની ભેખડોમાં ચુનાથી ઘટ્ટ થયેલું રેતીનું એક બીજું પડ જોવા મળ્યું. એની ઉપર જામેલા નવા કાંપમાં જાડી રેતી અને બસાલ્ટમાં ઉદ્દભવેલા અકીક જોવા, રંગબેરંગી ઉપલ પથરાયા. આ સ્તરના હથિયારો અગાઉના હથિયારો કરતાં સાધારણ રીતે નાના અને બહુ જ ઘટ્ટ સુંદર પોતવાળા

ઘડેલા છે. એ પતરીઓ કે સપાટ ઉપલોમાંથી બનાવેલા છે. આ ઓજારોમાં બાણના ફળા તથા ભાલાના ફળા જેવાં ઓજારો પણ મળી આવ્યા છે. માનવ હવે ચામડાના કપડા કે વલ્કલો પહેરતો થયો અને દુરથીય પ્રાણીઓનો શિકાર કરવા લાગ્યો હોય એવું માલૂમ પડે છે. અહીં સાબરમતી વગેરે નદીઓના ભાઠામાં આલાંબાગળાના થરોમાં માનવ-વસવાટની નિશાનીઓ મળતી નથી.

### 3.3.2.3 અંત્ય પ્રાચીન પાષાણયુગ

રોબર્ટ ફૂટને ઉત્તર ગુજરાતમાં સાબરમતીના પટમાં આદ્યપ્રાચીન પાષાણયુગના ઓજાર મળેલા, ત્યારે તેની જમીનની સપાટી પરથી અને ખાસ કરીને નાનામોટા ટીંબાઓ પરથી પાષાણ ઓજાર અને માટીના ઠીકરાં પણ મળેલા. દક્ષિણ ગુજરાતમાં તથા સૌરાષ્ટ્રમાં પણ આવા અવશેષ પ્રાપ્ત થયેલા. આ પરથી ફૂટે બે ભિન્ન પાષાણયુગને અલગ અલગ તારવ્યા. આગળ જતાં આવા અકીકના નાના ઓજારો ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પણ પ્રાપ્ત થયા. ઉત્તર ગુજરાતમાં જે-જે સ્થળોએ ફૂટને આવા નાના અકીકના હથિયાર અને ઠીકરા મળ્યા હતા. તેમાંના થોડાંક-વિજાપુર તાલુકામાં હીરાપુરા, ગઢડા, પેઢામલી, કુદેડા, મહેસાણા તાલુકામાં મેઉં, મૂળસણ અને આખાજ, કડી તાલુકામાં ડાંગર વાકૈયલમાં પણ આ શોધ ચાલી.

આબોહવા ફરી ભેજવાળી થતાં માનવ હવે ટીંબાઓ (ટેકરા)માં વસવાટ કરવા લાગ્યો. ટીંબાઓની વચ્ચેના છીંછરા ભાગમાં થતાં જળાશયના પાણીનો લાભ લેતો. આ માનવ મુખ્યત: શિકાર કરતો ને એ માટે જુદી-જુદી જાતના અકીકના નાના તીક્ષ્ણ ઓજાર ઘડતો. નાના નાના પાષાણ ઓજારોને લઘુ-પાષાણ ઓજાર તરીકે ઓળખવામાં આવે છે અને આ યુગને લઘુ પાષાણયુગ, ઉત્તર પાષાણયુગ કે અંત્ય પ્રાચીનપાષાણ યુગ કહેવામાં આવે છે.

મહેસાણા વગેરે જિલ્લાઓમાં ટીંબાઓની સપાટી પરના અન્વેષણ પરથી તેમજ હીરાપુરા (તાલુકો વિજાપુર) અને લાંઘણજ (તાલુકો મહેસાણા) જેવાં સ્થળોએ આવેલા ટીંબાઓના ઉત્ખનન પરથી આ પાષાણયુગની માનવસંસ્કૃતિ વિશે કેટલીક માહિતી મળે છે. આ ઉપરાંત સાબરમતી, માઝમ, મહી, મેશ્વો, વિશ્વામિત્રી, નર્મદા, ઓરસંગ, સરસ્વતી, બનાસ, ભોગવો, ગોમા, વેણૂ, ભાદર, મોરઇ વગેરે અનેક નદીઓને કાંઠે આ યુગના લઘુપાષાણ ઓજારોના નમુના મળે છે. નાનાં ઓજારો સાથેના મોટા ઓજારોને ફળા તરીકે વાપરી પ્રાણીઓના શિકાર કરી પ્રાણીઓના શરીરોને ચીરતો અને એમાંથી માંસ બહાર કાઢતો. શિકારનો ભોગ બનેલાં આ પ્રાણીઓના હાડકાના અવશેષો પરથીમાલૂમ પડે છે કે તેમાં ઘેટા, બકરા, નીલ

ગાય, બળદ, હરણ, ડુક્કર, ગેંડા, કાચબો, માછલી અને પંખીઓનો સમાવેશ થતો. પાળેલા પશુઓમાં કુતરાઓનો સંભવ રહેલો છે. આ પુરાતન વસાહતોમાં એ કાળના માનવોના હાડપિંજર પણ મળ્યા છે. આ દેહાવશેષો પરથી આ માનવનુ લાંબુ- મોટું માથું, ઉપસેલા ભવાં, ઉપસેલો નીચેલો હોઠ અને ચીબું નાક ધરાવતો. માનવોનો શાસ્ત્રીય રીતે અભ્યાસ કરનાર નિષ્ણાંત ડૉ. શ્રીમતી સોફી એરહાર્ડ અને ડૉ. કૅનેથ કેનેડી જેવા વિધવાનોનું માનવું છે કે લાંઘણજનો માનવ કયાં માનવવંશનો હતો એ નિશ્રિત કરવું મુશ્કેલ છે કારણ કે એના શારીરિક લક્ષણોમાં લાંબુ મોટું માથું, ઠીકઠીક ઉંચાઈ સાથે ઉપસેલા ભવાં, સહેજ બહાર આવતો નીચલો હોઠ અને કદાચ ચીબું નાક, આમ 4500 વર્ષો પૂર્વે ગુજરાતમાં માનવંશ-સંકરતા થઇ ગઈ હતી. એ ભૂમધ્યજાતિ અને શ્રીલંકાની વેદ્દા અને આદિવાસી જેવી જાતિઓના મિશ્ર લક્ષણ ધરાવતા. અહી રોગોના નિવારણ માટે કોઈવાર ખોપરીમાં કાણું પાડતા, જેથી ઉપદ્રવ કરનાર મલીનતત્વ એ કાણામાંથી જલ્દી બહાર નીકળી શકે. અહીં, માનવના દેહને મુખ્યત્વે પૂર્વ-પશ્ચિમ દિશામાં ટૂંટિયું વળાવીને દાટતા.

અહીં મળી આવેલા ઓજારોમાં મુખ્યત્વે બે પ્રકાર છે : ગાભો (core) અને પતરી (flake). કેટલીક પતરીઓ નાની હોય છે જે હાથમાં પકડીને નહિ, પણ લાકડાના કે હાડકાના હાથમાં ખોસીને વપરાતી હશે. કેટલાંક ઉપલો હથોડા તરીકે વપરાતા. વેળું પાષાણના ઓજાર વાટવાના કે ઘસવાના પાટા તરીકે વપરાતા હશે. લાંઘણજના ખોદકામમાંથી જે નમુના મળ્યા છે તે ઘણાખરા અડધા કે પા ભાગ જેટલા ભાગેલા હોઈ, ભાંગેલી બાજુ પર વપરાશના ચિહ્નો દેખાય છે.

વિદ્યાર્થી, મિત્રો આપણે અગાઉ વાંચ્યું કે આ યુગનો માનવ હવે ટીંબાઓ ઉપર રહેતો. આ પાષાણયુગનો માનવ હજી જંગલી અવસ્થામાં રહેતો. પણ હવે એ એક ઠેકાણે રહેવા લાગ્યો હતો. હજી સુધી કોઈ પણ જાતના મકાનો-ઘાસ, પાંદડા અને ડાળીઓથી બનાવેલા ઝુપડા કે બીજા કોઈ પણ જાતનાં મકાનોના અવશેષ (દાખલા તરીકે માટીના ઢેફાં) લાંઘણજના ખોદકામમાંથી મળ્યા નથી. ઉત્તર ગુજરાતમાં લગભગ 100 થી વધારે ટીંબાઓ પર કેવળ પથ્થરનો નાનાં હથિયારો જ મળે છે, પરંતુ લાંઘણજ, આખજ અને હીરાપુરના ખોદકામ પરથી કહી શકાય કે આ યુગના ઉતરાર્ધમાં માનવ માટીના વાસણો વપરાતો થયો હશે. કારણ કે આપને અગાઉ જોયું એમ ઉપલા સ્તરોમાં થોડીક બહુ જ નાની નાની ઠીકરીઓ મળે છે. કેટલાંક વાસણ હાથે ઘડેલા ને કેટલાંક કુંભારના ચાક પર ઘડેલા હોય છે. આ વાસણ લાલ અને કાળા રંગના છે.

લાંઘણજમાં અંધારિયા ટીંબાના ખોદકામમાંથી નીકળેલા માનવના(પ૬ ૧૧, ૧૨૫) અને પ્રાણીઓના અવશેષો મોહેં - જો - દડોના અવશેષો કરતા વધારે જુના હોવાનો

સંભવ છે. ટાટા ઇન્સ્ટીટયુટે કાર્બન C-14 ના આધારે એનો જે સમય આંક્યો છે તે ઈ.સ. પૂર્વે 2400ની આસપાસનો છે. ગુજરાતના આ માનવ સંસ્કૃતિનો કાળ તદ્દન ચોક્કસ રીતે નક્કી થયો નથી. પણ, લાંઘણજમાં મળે છે તેવા પથ્થરના નાનાં ઓજારો અને સમુદ્ર કિનારે મળતાં નાનાં છીપલાંઓના મણકા, સિંધુ સંસ્કૃતિના સ્તરોની નીચે મળ્યા છે. આથી કહી શકાય કે લાંઘણજના અત્ય પાષાણયુગની સંસ્કૃતિ આ પહેલાના સમયની તો હશે જ આ પરથી કહી શકાય કે લાંઘણજનો પાષાણયુગી માનવ લગભગ 5,000 વર્ષો પહેલા ગુજરાતમાં વસતો હતો.

**3.3.2.4 નૂતન પાષણયુગ**

પ્રાચીન પાષાણયુગનો માનવ શિકાર તથા ધાન્યની શોધમાં ઠેકઠેકાણે ભટકતોને આગળ જતાં એક સ્થળે સ્થાયી જીવન ગાળતો થયો. પરંતુ, ધાન્ય માટે તે કુદરતને ઉગાડેલા ધાન્ય ઉપર જ આધાર રાખતો. પરંતુ સમય જતાં માનવ ધાન્યના મોસમી ઉત્પાદનને અને વાર્ષિક સંગ્રહને લઈને હવે નદી કિનારે ગ્રામવાસીનું સ્થાયી જીવન ગાળવા લાગ્યો. કેટલાંક પશુઓને પાળી પોતાના કામમાં જોતરવા લાગ્યો. કૃષિ અને પશુપાલનને લીધે એના આર્થિક જીવનમાં ક્રાંતિકારક પરિવર્તન આવ્યું. આથી નૂતન પાષાણયુગને માનવ સંસ્કૃતિમાં પ્રથમ ક્રાંતિનો યુગ ગણવામાં આવે છે.

નૂતન પાષાણયુગનો માનવ પતરી કે ગાંભામાંથી જરૂરી ઘાટનું ઓજાર ઘડી લેતો. કુહાડી અને રંદાના પાનાને લાકડાના કે હાડકાના હાથામાં ભરાવવામાં આવતાં અને પછી વેલાથી બાંધી ગુંદર જેવાં ચીકણા પદાર્થથી ઘટ રીતે બાંધવામાં આવતાં. આના દ્વારા માનવ ઝાડ કાપતો, લાકડા ચીરતો અને ઘસતો. આમ, સુથારનો જન્મ થયો.
ઘસીને બનાવેલી કુહાડીના પાના, રંદાના પાના કે છીણી ગુજરાતમાં ક્યાંય મળ્યા નથી. જે ઉપલબ્ધ થયાં છે તે ગોળ, કાણાદાર મોટા પથ્થરો અને આ પણ નહિ જેવા જૂજ. એક લાંઘણજના ખોદકામમાં ક્વાર્ટઝાઇડ પથ્થરનું હથિયાર મળ્યું છે. આ ઉપરાંત તાપીના તટપ્રદેશમાં અને ડાંગ વિસ્તારમાં આવા પ્રકારના હથિયારો મળ્યાં છે. આમ, નૂતન પાષાણયુગનું અસ્તિત્વ બતાવતી કોઈ ખાસ વધારે વસ્તુઓ પ્રાપ્ત થઇ નથી. માટે કહી શકાય કે ઉત્તર ગુજરાતમાં માનવે અંત્ય પાષાણયુગમાંથી નૂતન પાષાણયુગમાં પ્રવેશ કર્યો. પરંતુ આ નવી સંસ્કૃતિનો વિકાસ થયાની કોઈ નિશાનીઓ મળી નથી.

- **તમારી પ્રગતિ ચકાસો**

**(ક)** ખાલી જગ્યા પૂરો.

I. ભારતમાં ....... રાજ્યો અને રાષ્ટ્રીય પાટનગર વિસ્તાર દિલ્હી સહિત _______ કેન્દ્રશાસિત પ્રદેશો છે.

II. ગુજરાત રાજ્યની સ્થાપના _________ સાલમાં થઇ.

III. આદ્ય સ્તરનો અંત્ય વિભાગ ભારતના ભૂસ્તર શાસ્ત્રમાં _________ તરીકે ઓળખાય છે.

IV. પ્રાગ્- ઐતિહાસિકકાળમાં માનવ-કૃત ટકાઉ ચીજો મુખ્યત્વે પાષાણની ઘડવામાં આવતી, આથી એ યુગને ____________કહે છે.

V. ટાટા ઇન્સ્ટીટયુટે __________ ના આધારે લાંઘણજનો સમય આંક્યો છે

1. પ્રાગ્ - ઐતિહાસિકકાળ એટલે શું?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

2. ગુજરાતમાં પ્રાગ્- ઐતિહાસિક યુગના પ્રાચીન પાષાણયુગનાં ઓજાર પહેલા વહેલા ક્યાંથી અને ક્યારે મળેલા છે.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## 3.4 સારાંશ

માનવે પાષાણયુગના ઓજાર ઘડવાની હુન્નરકલાથી માંડીને કૃષિ, પશુપાલન અને સ્થાઈ વસવાટ સુધીની પ્રગતિ કરી. પરંતુ હજી લેખનકલા કે અક્ષરજ્ઞાન શોધી શક્યો ન હતો અને આથી અક્ષરરહિત સંસ્કૃતિને ઐતિહાસિકકાળમાં સમાવેશ ન કરતા તેમને પ્રાગ્- ઐતિહાસિક ગણવામાં આવે છે. જેના હથિયારોને લીધે તે પાષાણયુગ તરીકે ઓળખવામાં આવ્યો.

## 3.5 ચાવી રૂપ શબ્દો (Key Words)

- ભૌગોલિક સ્થાન - પ્રદેશની ભૂગોળ. જેમાં નકશામાં તેનું સ્થાન, તેનો વિસ્તાર અને તેની સીમાઓ આવરી લેવામાં આવે છે.
- ભૂસ્તર રચના - ધરતીની સપાટીની નીચેની અવસ્થા. જેમાં સમયાંતરે ફેરફાર થયા
- પુરાતન કે આદ્ય - સૌથી જૂનું ,જૂનામાં જુનું
- અજીવમયયુગ - જે સમયમાં કોઈ જીવનું અસ્તિત્વ જ ન હતું.
- જીવમયયુગ - જે સમયથી સૃષ્ટી પર જીવનું અસ્તિત્વ શરૂ થયું ત્યારથી અત્યાર સુધી.
- ડેક્કન ટ્રેપ - પૃથ્વીમાંથી લાવા ફાટો વાટે પગથીદાર કે પગથિયાની જેમ પથરાયા.

## 3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો-ક**

(ક) ખાલી જગ્યા પૂરો.

I. 29,7

II. 1 લી મે, 1960

III. ધારવાડવર્ગ

IV. પાષાણયુગ

V. કાર્બન C-14

## 3.7 સંદર્ભસૂચિ


1. પરીખ રસિકલાલ છોટાલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર (સંપા), ઇતિહાસની પૂર્વભૂમિકા, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-1, શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ઈ.સ. 1972.
2. શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, અમદાવાદ 1964.
3. ચોપરા ડૉ. પી.એન. (સંપા), ભારતનું ગેઝેટીયર (ઇતિહાસ અને સંસ્કૃતિ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, 2001.

4. સાંકળીયા ડૉ. હસમુખ ધી, પુરાતત્વમાં ગુજરાત, ગુજરાત ઇતિહાસ પરિષદ, અમદાવાદ-1983.

5. નાણાવટી જયેન્દ્ર, અત્ર તત્ર પુરાતત્વ-ગુજરાતનો ઇતિહાસ, ટીમ સ્પીરીટ (ઇન્ડિયા) પ્રા.લી. અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ડિસેમ્બર-2003.

6. દવે મંજુલાબેન, ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અગિયારમી આવૃત્તિ, 2018.

# એકમ-04 આદ્ય ઐતિહાસિક ગુજરાત - લોથલ અને ધોળાવીરાના સંદર્ભમાં

:: રૂપરેખા ::

**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 માહિતિના સ્ત્રોત્તો**

**4.3 ગુજરાતમાં હડપ્પીય સભ્યતાનો પ્રસાર**

**4.4 ધોળાવીરા**

**4.5 હડપ્પીય સભ્યતાનો વિકાસ**

**4.6 લોથલ**

**4.7 બજાર અને ઔદ્યોગિક ક્ષેત્રે**

**4.8 ગોદી**

**4.9 અન્ય વિશેષતાઓ**

**4.10 સારાંશ**

**4.11 ચાવીરૂપ શબ્દો**

**4.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**4.13 સંદર્ભગ્રંથોની સૂચિ**

## 4.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

- ભારતમાં – ગુજરાતમાં 'નગર સંસ્કૃતિ'ની શરૂઆત કેવી રીતે થઈ?
- ભારતની આદ્ય સંસ્કૃતિનો માણસ કેટલો આધુનિક હતો?
- આજથી આશરે 5000 વર્ષ પહેલાં તે કેવી દુનિયાથી પરિચિત હતો?
- હજારો વર્ષે પૂર્વ આપણે ધાતુ, વિદ્યા, નગર- વ્યવસ્થા, લિપિ – વિદ્યા, કલા કૌશલ્ય, કૃષિ, વેપાર વગેરેમાં કેવા શ્રેષ્ઠ હતા?

## 4.1 પ્રસ્તાવના

ભારતમાં નગર સંસ્કૃતિના પુરાવશેષ પહેલ વહેલા 1921-22માં પશ્ચિમ પંજાબમાં રાવી નદી પાસેના હડપ્પા નામે સ્થળેથી શોધાયા. આ પરથી એને 'હડપ્પીય સભ્યતા' તરીકે ઓળખવામાં આવે છે. આગળ જતાં સિંધમાં સિંધુ નદી અને તેને મળતી નદીઓની ખીણમાંથી મોહેં જો- દડો અને અન્ય નગરો પ્રાપ્ત થયા અને તેથી તેને સિંધુ પ્રદેશની સભ્યતાં તરીકે પણ ઓળખવામાં આવે છે. હડપ્પા નગરના જેવું જ બાંધકામ અન્ય નગરોમાંથી મળી આવતાં તેને 'હડપ્પીય સંસ્કૃતિ' પણ કહે છે.

એક મોટા ભૂભાગમાં પથરાયેલ એનો વિસ્તાર અને ઈ.સ. પૂર્વે 3000 થી 2000 વર્ષ સુધી ટકેલું એનું અસ્તિત્વ અને નગર રચના, સ્થાપત્ય તેમજ અન્ય કલાઓ તથા હુન્નરોના વિકાસમાં પ્રતિબિંબિત થતાં અર્વાચીન વલણો વગેરેને લક્ષ્યમાં લેતા આ સભ્યતા જગતની મિસર, બેબિલોનિયા, સુમેરિયા, ચીન વગેરેની પ્રાચીન આબાદ સભ્યતાઓ પૈકીની એક ગણાય છે.

ભારતમાં આ સભ્યતાના અગ્રેસર લોકો બલુચિસ્તાનમાં આવી વસેલા અને સાદું ખેડૂત જીવન જીવતા હતા. ધીમે ધીમે ખેતી પર આધારિત અર્થતંત્રનો વિકાસ થતાં, સિંધુ ખીણની સભ્યતાનો ઉદય થયો અને સિંધુથી નર્મદા સુધીના ઘણા વિશાળ ભૂભાગ પર તેનો ફેલાવો થયો. આ સભ્યતાનાં કેન્દ્રો બલુચિસ્તાનથી માંડીને ઉત્તર પ્રદેશ સુધી અને ઉત્તર પંજાબથી માંડીને દક્ષિણ ગુજરાત સુધી મળી આવે છે. સિંધુમાં મોહેં-જો – દડો અને ચાન્હુ દડો, પંજાબમાં હડપ્પા, રૂપડ, રાજસ્થાનમાં કાલીબંગન, ગુજરાતમાં દેસલપર અને સૂરકોટડા, ધોળાવીરા,રંગપુર, રોઝડી, શ્રીનાથગઢ, સોમનાથ, (સૌરાષ્ટ્ર) લોથલ (જિ. અમદાવાદ), મેઘમ (દ.ગુજરાત) વગેરે આ સભ્યતાના પ્રસિદ્ધ સ્થાનો છે. હાલમાં પ્રકાશમાં આવેલ સ્થાનો પૈકી જોતા (તા. કામરેજ જિ. સુરત) સિંધુ સભ્યતાના દક્ષિણવર્તી પ્રસારનું છેલ્લું સ્થાન મનાય છે.

સિંધુ અને પંજાબનો વસવાટ સૌરાષ્ટ્ર અને ગુજરાતના વસવાટની સરખામણીમાં ઠીક ઠીક પ્રાચીન જણાયો છે. તેથી આ સભ્યતા ધીમે ધીમે ઉત્તરથી દક્ષિણ તરફ એટલે કે સિંધુ પંજાબથી ગુજરાત તરફ પ્રસરી હોવાનું કેટલાંક વિદ્વાનો માને છે.

## 4.2 માહિતીના સ્રોત

ભારતમાં નગરીય સંસ્કૃતિના ઉદ્દગમ અને વિકાસના વિવિધ તબક્કાઓના ઇતિહાસની જાણકારી માટે મોટે ભાગે ઉત્ખનન દ્વારા પ્રાપ્ત અવશેષો જેમકે મુદ્રાઓ, મુદ્રાભાણો, ઓજારો, હથિયારો, આભૂષણો, નગરરચના, કિલ્લા, કૂવાઓ, તોલમાપના સાધનો, રમકડાં, મૂર્તિઓ, ચિત્રો વગેરેમાંથી પ્રાપ્ત થાય છે. C-14 (કાર્બન કોરટીન) દ્વારા તેનું સમય નિર્ધારણ થયેલ છે. જે મુજબ ઈ.સ. પૂર્વે 3000 થી ઈ.સ. પૂર્વે 2000 સુધીનો સમય મનાય છે.

## 4.3 ગુજરાતમાં હડપ્પીય સભ્યતાનો પ્રચાર

પંજાબમાંથી હડપ્પીય સભ્યતા પ્રકાશમાં આવ્યા પછી 1931માં એ સમયના લીંબડી રાજ્યમાં (હાલના સુરેન્દ્રનગર જિલ્લામાં) રંગપુર પાસેના ટીંબામાંથી હડપ્પીય સભ્યતાના અવશેષો સૌ પ્રથમ મળી આવ્યાં. ત્યારબાદ સૌરાષ્ટ્ર આ સંસ્કૃતિના પ્રસારનો માર્ગ શોધવા એ હસ્તકલાના પૂર્વ ભાગમાં અન્વેષણ કરતાં 1954માં ભોગાવો નદીના તટે ધોળકા તાલુકામાં લોથલમાંથી એક બીજી અને ગુજરાતની મોટી વસાહત મળી આવી. ત્યાર પછી 1955 થી 1962 સુધીમાં ચાલેલ ઉત્ખનનોથી આમરા, લાખાબાવળ, પ્રભાસ- સોમનાથ, રોજડી, (શ્રીનાથગઢ) આટકીટ, દડ, પીઠડીયા, નોંધપાત્ર છે. એવી રીતે કચ્છમાં દેશલપર, પબુમક, સુરકોટડા, ધોળાવીરા, શીકારપુર વગેરે સ્થળોએથી આ સભ્યતાની નાની મોટી વસાહતો મળી આવી. વળી દક્ષિણ ગુજરાતમાં ભગાતળાવ, મહેગામ અને તેલોદ જેવાં સ્થળો હડપ્પીય સભ્યતાની વસાહતો પ્રકાશમાં આવી છે.

ગુજરાતમાં મળેલી હડપ્પીય વસાહતોની મુખ્યત્વે લોથલ અને ધોળાવીરાના સંદર્ભમાં સમીક્ષા કરીશું.

## 4.4 ધોળાવીરા

હડપ્પા સભ્યતાના પુરાસ્થળોમાં એક નવીન કેડી રૂપે જોડાયેલ ધોળાવીરા કચ્છના રણના મધ્યમાં આવેલ ખદીરબેટમાંથી મળી આવેલ છે. ધોળાવીરા ગામ ખદીરબેટના ઉત્તર પશ્ચિમ સીમા પર સ્થિત છે. આ નગર મનહર અને માનસર નદીની વચ્ચે વસેલ છે. આ નગરની રચના સમાન્તર ચતુર્ભુજ રૂપે જોવા મળે છે. આ નગરની લંબાઈ પૂર્વથી પશ્ચિમ તરફ છે. નગરની ચારે બાજુ

એક 11મીટર જાડી મજબૂત દીવાલ (કિલ્લો) મળી આવેલ છે. આ દીવાલના ચાર દરવાજા છે. જેમાંથી નગરમાં પ્રવેશ થઈ શકતો.

નગરના મહાપ્રસાદવાળા ભાગની ઉત્તરમાં એક વિશાળ સંપૂર્ણ અને વિકસિત સમતલ મેદાન છે. તેની ઉત્તરમાં નગરનો મધ્યમાર્ગ છે. જેને 'પુર' કહેવામાં અવે છે. જેની પૂર્વમાં નગરનો ત્રીજો મહત્વનો ભાગ આવેલ છે. જેને નીચલું શહેર કહેવામાં આવા છે.

આ નગરની શોધ 1960માં થઈ હતી. ઉત્ખનનના પ્રારંભિક તબક્કે એવું જાણવા મળે છે કે,  અહીં વસવાટ કરવાવાળા લોકો પોતાની સાથે એક પૂર્ણ વિકસીત સભ્યતા લઇને આવ્યા હતા. જે બલુચિસ્તાન અને સિંધ તરફથી આવ્યા હતા. આ લોકો માટીના વાસણો બનાવવામાં તાંબાને શુદ્ધ કરવાની, પત્થરને કંડારવાની ઉપરત્નો, સેલખડી અને શંખમાંથી આભૂષણો અને મણકા બનાવવની પદ્ધતિના જાણકાર હતા. આ પ્રજાએ ચોક્કસ માપ અને આકારની બનેલી માટીની ઈંટોનો બાંધકામમાં ઉપયોગ કરેલ છે. ઈંટોની સાથે મર્યાદિત માત્રામાં પત્થરોનો પણ ઉપયોગ કરેલ છે.

આ સભ્યતાના બીજા તબક્કામાં કિલ્લેબંધીની અંદર બીજી 3 મીટર જાડી કાચી ઈંટોની દીવાલ બનાવવામાં આવેલ છે. દીવાલની અંદરના ભાગમાં સફેદ, ગુલાબી, ઘેરોગુલાબી જેવા રંગની માટીના તેર જેટલા પડ ચઢાવેલા જોવા મળે છે. આ જ પ્રકારની રંગીન માટીનો ઉપયોગ જાહેર ભવનોની અંદર, બહાર તેમજ રહેણાંક મકાનોના પ્લાસ્ટર તરીકે કરવામાં આવેલ છે.

કિલ્લાની દિવાલને વધુ મજબૂતી આપવા માટે અંદર તરફથી દીવાલને વધુ જાડી કરવામાં આવી હતી. નગરની ઉત્તરમાં એક વિશાળ મેદાન બનાવવામાં આવેલ છે. મેદાનની ઉત્તરે સામાન્ય માનવવસ્તી માટે નગરનું નિર્માણ કરવામાં આવેલ છે. નગરની ચારે તરફ કિલ્લે માટેની ચારેય તરફથી દીવાલોના મધ્યભાગો ચાર દરવાજાનું નિર્માણ થયેલ છે. નગરના બંને ભાગના મધ્યમાં આવેલ મેદાનને રંગમહુલ કહેવામાં આવે છે. સંભવતઃ આ મેદાનનો ઉપયોગ સાર્વજનિક અને સામુહિક ઉત્સવોના સમયે કરવામાં આવતો હશે.

## 4.5 હડપ્પીય સભ્યતાનો વિકાસ

સિંધુ સભ્યતાના ત્રીજો તબક્કો લગભગ 300 વર્ષ સુધી જળવાયેલ રહેતો. એવું અનુમાન કરવામાં આવે છે કે આ સભ્યતાના અંતિમ અર્ધાદાયકામાં સંભવતઃ આ નગર ભયંકર ભૂંકપનો ભોગ બન્યું હશે. પરંતુ આર્થિક સધ્ધરતાને કારણે આ પ્રજાએ ખૂબ ઝડપથી નગરનું પુનઃ નિર્માણ કર્યું હોવું જોઈએ. નગરનો ત્રીજો ભાગ મળી આવતાની સાથે જૂના શહેરને મધ્યમ નગર અને નવા જોડાયેલા ભાગને અવમ (citadel) નામ આપવામાં આવ્યું. આ તબક્કામાં ચિત્રકારી કરેલ માટીના વાસણોનો ઉપયોગ શરૂ થયો હતો. જે હડપ્પા નગર સાથે સીધો સંબંધ ધરાવે છે. વળી અન્ય પુરાતત્વીય ઉત્ખનનોમાંથી પ્રાપ્ત મુદ્રાઓ જેવી જ મુદ્રાઓ અને તોલમાપના સાધનો સૌ પ્રથમ વખત અહીંથી પ્રાપ્ત થયા. એટલું જ નહીં તત્કાલીન લિપિમાં લખાયેલ એક સાઈન બોર્ડ પણ મળ્યું  છે. જે અન્યત્ર ક્યાંયથી પ્રાપ્ત થયું નથી. માટીના વાસણોના એક ભાગ પર હડપ્પા લીપિ પણ મળી આવેલ છે. ધોળાવીરાનો આ તબક્કો નિ:સંદેહ હડપ્પા સંસ્કૃતિના વિકાસનો સાક્ષી છે.

ધોળાવીરાની બહુઆયામી સમૃદ્ધિ આપણને તેના ત્યાર પછીના ચોથા તબક્કામાં જોવા મળે છે. જેમાં કલાત્મક માટીના વાસણો, કલાત્મક મુદ્રાઓ, તોલમાપના સાધનો, લિપિવાળા લેખ, મણકા, શંખમાંથી બનેલા આભૂષણો, તાંબા તથા માટીની બંગડીઓ, ઉપરત્નો, છીપ, તાંબા, સોના તથા માટીના મણકાઓ શંખ અને છીપમાંથી બનેલ માળાઓ માટીના રમકડામાંથી ગાડા, બળદ, માનવકૃતિઓ વગેરે આ સંસ્કૃતિના લોકોની કલા ઉજાગર કરે છે.

ખાસ કરીને ચૂનાના પથ્થરમાંથી બનેલા સ્મારકોમાં કેટલીક જગ્યાએ પીળા તથા જાંબલી રંગની બનેલ જાળીઓ ધોળાવીરાની વિશિષ્ટ ઓળખ છે.

સભ્યતાની પાંચમી અવસ્થામાં ધોળાવીરાની પૂર્ણરૂપે વિકસેલી વસાહતના પતનનાં લક્ષણો જોવા મળે છે. સૌ પ્રથમ નગર આયોજન અને સ્થાપત્યક્ષેત્રે તે જોવા મળે છે. સંભવતઃ આ પતન માટે મહત્વનું રાજકીય અવ્યવસ્થાને ગણવામાં આવે છે.

સભ્યતાના છઠ્ઠા તબક્કમાં કેટલુંક પરિવર્તન જોઈ શકાય છે. જેમાં તે સમયે ભવન નિર્માણ કાર્યમાં ઉપયોગમાં લેવામાં આવેલ ઈંટો અનિયમિત માપ-આકારની મળી આવેલ છે. મકાનોની વચ્ચેની શેરીઓ નવા આયોજન પ્રમાણે બનાવેલ હતી. આ સમયના મકાનોમાં આદિ નગર વ્યવસ્થાના મકાનો માટે

વપરાયેલા પથ્થરોનો પુન: ઉપયોગ થયો હતો. આ સમયના મકાનોની ઉંચાઈ ઓછી અને છત લાકડાં અને ઘાસમાંથી બનાવેલ હતી. શંખ અને ઉપરત્નો (અકીક)નાં આભૂષણો આ સમય દરમિયાન પ્રચુર માત્રામાં ઉત્પાદિત થયેલા ધોળાવીરા સંસ્કૃતિનો આ તબક્કો સો વર્ષ સુધી જીવિત રહેલો.

સભ્યતાના સાતમા અને અંતિમ તબક્કામાં લોકો લંબ કે સમલંબ મકાનો કરતા ગોળાકાર મકાનો બાંધીને રહેવા લાગેલા જેને બુંગા કે ભૂંગા કહી શકાય. આ મકાનો પથ્થર કે ઈંટોના નહીં પરંતુ, લાકડી ઘાસફૂસમાંથી તૈયાર કરવામાં આવેલા માત્ર બેથી અઢી ફૂટ વતૃળાકાર પત્થરની પરદી ઉપર આ પ્રકારના મકાનો તૈયાર થયેલાં છે. તેના ઉપર ગોળાકાર છત બનાવાવમાં આવતી. આ પ્રમાણે આશરે આ સભ્યતાનું નગર સાત સાત વાર પતન પામી નિર્માણ પામતું લગભગ 1000 વર્ષ સુધી ટકેલું હતું.

## 4.6 લોથલ

લોથલ હડપ્પીય સભ્યતાનું ગુજરાતના અમદાવાદ જિલ્લામાં ભોગાવો નદીના કિનારે સરગવાલા ગામ પાસે આવેલ હડપ્પીય સભ્યતાનું નગર છે. તેનું ઉત્ખનન 1954-55માં રંગનાથ રાવના નેતૃત્વમાં થયું હતું. આ સ્થળમાં સમકાલીન સભ્યતાના પાંચ તબક્કા જોવા મળે છે. આ નગરમાં અલગ-અલગ વસાહતો નહીં; પરંતુ સમગ્ર નગર એક કિલ્લેબંધ નગર હતું. જે છ જેટલા ભાગોમાં વિભક્ત થયેલ હતું.

લોથલ નગર લગભગ સમચોરસ ક્ષેત્રમાં વિકસેલું અને તે નગરદુર્ગથી રક્ષિત હતું. જે પૂર્વથી પશ્ચિમ 117ની અને ઉત્તરથી દક્ષિણ 136 મીટર ફેલાયેલ હતુ.

## 4.7 બજાર અને ઔદ્યોગિક ક્ષેત્રે

લોથલ નગરની ઉત્તરે એક મોટું બજાર અને દક્ષિણમાં ઔદ્યોગિક ક્ષેત્ર આવેલ હતું. જેમાં મણકા બનાવવા, વીંધવા, તાંબા અને સોનાનું કામ કરવાની ઉદ્યોગશાળાઓ હતી. અહીંયા એક ઘરમાંથી સોનાના મણકા, ચાર મહોર, --- અને તાંબામાંથી બનેલ બંગડીઓ એક ઉત્તમ રીતે રંગાયેલ એક માટીનો ઘડો મળ્યો છે. લોથલમાંથી શંખ ઉપર કામ કરનાર કારીગરો અને તાંબાની વસ્તુઓ બનાવવાની ભઠ્ઠીઓ પણ પ્રાપ્ત થયેલ છે.

લોથલ નગરમાં પાણીના શુદ્ધિકરણ કરવાની પદ્ધતિવાળી રચના પ્રાપ્ત થયેલ છે. પાણીનો બગાડ બિલકુલ નહોતો થતો. નગરના પશ્ચિમ ભાગમાં જુદા જુદા આકારના 11 ઓરડાઓ મળી આવેલ છે. જેનો ઉપયોગ સંભવતઃ મણકા બનાવવના કારખાના તરીકે થતો હશે. લોથલ નગરની બહાર ઉત્તર પશ્ચિમ કિનારે કબ્રસ્તાન મળી આવ્યું છે. આ નગરની સૌથી સિદ્ધિ તેની ગોદી ઉપરાંત વિશિષ્ટ પ્રકારના માટીના વાસણો, મુદ્રાઓ, તોલમાપના સાધનો તથા પથ્થરના ઓજારો છે. અહિંયાથી જે કબરો મળી છે તેમાં ત્રણમાંથી યુગ્મોદફન કરાયેલાં કંકાલો પ્રાપ્ત થયા છે. સ્ત્રી અને પુરૂષ યુગ્મ કેકાલ પણ પ્રાપ્ત થયેલ છે. કબરોમાં શબને એવી રીતે દફનાવવામાં આવતા હતા કે માથુ ઉત્તર તરફ અને પગ દક્ષિણ તરફ રહે. માત્ર અપવાદરૂપ એક જ કંકાલ પૂર્વ પશ્ચિમ દિશામાં મળ્યું છે.

## 4.8 બંદરગાહુ અથવા ગોદીવાડા

લોથલની સૌથી મોટી બાબત તેની ગોદી છે. આ બંદરગાહુમાં ઇજિપ્ત મેસોપોટેમિયાથી જહાજો આવતા હતા. તેનો આકાર 214 X 36 મીટર અને ઉંચાઈ 3.3 મીટર હતી. તેની ઉત્તરમાં 12 મીટર પહોળું એક પ્રવેશ દ્વાર હતું; જેમાંથી જહાજો આવતા અને જતાં તથા દક્ષિણ તરફ વધારાના પાણીના નિકાલ માટેની પણ વ્યવસ્થા હતી.

## 4.9 અન્ય વિશેષતાઓ

લોથલમાં રાજભવન અને નગર બંને કિલ્લાથી રક્ષાયેલા હતા. વળી આ ઉત્ખનનમાં ચોખાની ખેતીના પ્રમાણ પણ પ્રાપ્ત થયેલ છે. લોથલની સાઇટ્સમાંથી મુદ્રાઓ તથા બળદની લઘુમૂર્તિઓના અવશેષ મળી આવ્યા છે. લોથલમાંથી પ્રાપ્ત એક માટીના ઘડા ઉપર એક કાગડા અને શિયાળનું ચિત્ર પ્રાપ્ત થયેલ છે. આ નગરની ઉત્તરમાં એક અગ્નિવેદી મળેલ છે. હોડી આકારની બે મુદ્રાઓ અને લાકડાની કોઠી સંગ્રહ માટેની વ્યવસ્થા પણ પ્રાપ્ત થયેલ છે. આ સિવાય અનાજ દળવાની હાથઘંટી, હાથીદાંત પરના કોતરકામની વસ્તુઓ, દિશા માપવાનું નાનું યંત્ર, તાંબાનું પડત, બળદ, રમકડાં તથા કૂતરાના આકારના માટીના રમકડાં મળ્યા છે. એટલું જ નહીં તાંબામાંથી બનાવેલ કૂતરાની મૂર્તિ વિશેષ આકર્ષણ છે.

અહીંયાથી નાની બટન આકારની એક મુદ્રા મળી છે. જે મૂળ મેસેપોટેમિયાની પ્રતિ કૃતિરૂપ છે. તે જ રીતે ત્રણ વેલણ આકારની મુદ્રાઓ પણ વિદેશો સાથેના સંબંધ દર્શાવે છે. અનાજ દળવાની ઘંટી સમગ્ર પુરાતત્વીય સ્થાનોમાં માત્ર લોથલમાંથી જ પ્રાપ્ત થયેલ છે.

ઉત્ખનનોથી લોથલ નગર અને ભૌતિક ચીજ વસ્તુઓ જે પ્રાપ્ત થયેલ છે તે સિંધુ- સભ્યતાની સમકાલીન છે. સ્વાભાવિક રીતે સમુદ્રતટ પર સ્થિત આ નગર પશ્ચિમ એશિયા સાથેના વેપાર માટેનું આ સર્વોત્તમ સ્થળ રહ્યું છે.

## 4.10 સમાપન

ધોળાવીરા અને લોથલના ઉત્પનનોથી એ સાબિત થાય છે. કે આજથી સાડા ચાર હજાર વર્ષો જૂની આપણી સભ્યતા કેવી શ્રેષ્ઠ હતી. નદીઓનાં પાણીનો મહત્તમ કેવી રીતે ખેતી અને વ્યક્તિગત રીતે ઉપયોગ કરી શકાય, સંગ્રહ કરી શકાય એની આવડત એ પ્રજામાં હતી. સંભવતઃ પૂરની સ્થિતિથી નગરને કેવી રીતે રક્ષણ આપી શકાય, ઊંચી પીઠિકા ઉપર બજાર, રહેઠાણો, અન્નભંડાર, સભાગૃહો, બનાવી તેને કેવી રીતે બચાવી શકાય, વપરાશનું પાણી કેવી રીતે ઘર અને સ્નાનુગૃહ સુધી લાવી શકાય અને વપરાયેલા ગંદા પાણીનો કેવો ઉત્તમ રીતે નિકાલ કરી શકાય આ બધી આવડત આપણને આ નગરોની રચના પરથી ખ્યાલ આવે છે. દુશ્મનોના આક્રમણો સામે નગરને રક્ષણ આપવા માટેની કિલ્લેબંધી અદ્દભુત છે. આજે તો અરબ સાગરના દરિયાથી લોથલ 18 km દૂર છે, પરંતુ જે તે સમયે નગર સુધી વહાણોને લાવવા લઈ જવા બનાવેલ ગોદી અદભૂત ઈજનેરી કલાનો નમૂનો છે. મળી આવેલ મુદ્રાઓ પરની આકૃતિઓ અને લિપિ જે તે સમયના પશુપક્ષીઓના મામિતી પૂરી પાડે છે. હજુ આજદિન સુધી લિપિ ઉકેલી શકાય નથી. જ્યારે ઉકેલાશે ત્યારે આ સંસ્કૃતિની કેટલીક આજ્ઞાત બાબતો બહાર આવશે.

મળી આવેલ ધાતુ કામના અવશેષો તે પ્રજાના ધાતુ વિજ્ઞાનના જ્ઞાનને પ્રદર્શિત કરે છે તો અન્ય અવશેષો તે સમયના ઉદ્યમી અને કુશળ કારીગરોની આવડત છતી કરે છે. આપણા કારીગરોએ બનાવેલ ચીજવસ્તુઓ દુનિયામાં નિકાસ થતી અને આવા બૃહદ્ વેપારને કારણે આ પ્રજા ખૂબ ધનવાન બની હોવી જોઇએ. ટૂંકમાં આ પ્રજાના તમામ ક્ષેત્રોની આવડત અને શ્રેષ્ઠતા જગતની અન્ય સભ્યતાઓની જેમ શ્રેષ્ઠ હતી એમ ચોક્કસ પણે કહી શકાય.

## તમારી પ્રગતિ ચકાસો

**(1) નીચેના વિધાનો વાંચી તે સાચાં (√) છે કે ખોટાં (X) તેની નિશાની કરો.**

1. હડપ્પીય સભ્યતાનો સમય ઈ.સ. 1000 થી 3000નો છે.
2. ધોળાવીરા પંજાબમાં આવેલ છે.
3. લોથલ સાબરમતી નદીના કિનારે વિકસેલ હતું.
4. લોથલથી જહામે દુનિયાના દેશો સુધી વેપાર કરવા જતાં.
5. આ સભ્યતાને 'વૈદિક સભ્યતા' પણ કહેવામાં આવે છે.

(2) સિંધુ સભ્યતા એ નગરીય સભ્યતા હતી. દસેક લીટીમાં ઉત્તર લખો.

(3) 'ધોળાવીરા એ મોહેં-જો – દડો અને હડપ્પાની ખોટ પૂરી કરી'.

(4) લોથલ એક આંતરરાષ્ટ્રીય વેપારનું મથક અને બંદર હતું.

## 4.11 ચાવીરૂપ શબ્દો

- બેટ
- ઉત્ખનન
- પુરાતત્વ
- ભૂંગા
- બંદરગાહ
- મુદ્રાઓ
- ઉદ્યોગશાળા
- નગરરચના
- આયાત- નિકાસ

## 4.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

Q-1 વિધાનો સાચાં છે કે ખોટાં

1. X
2. X
3. X
4. √
5. X

## 4.13 સંદર્ભગ્રંથ સૂચિ


1. R.S. Sharma Oxfard- India's Ancient Past –The Penguin History of Early India : From the Origins to AD 1300 Romila Thapar
2. R. c. Majumdar- Ancient India
3. सत्यकेतु विद्याभंडार – भारतीय संस्कृतका विकास
4. नागोरी एस क्षेल – भारतीय संस्कृतका बृहद इतिहास
5. ડૉ. ર.ના મહેતા – ભારતીય પ્રગતિકાર
6. અંબાલાલ પટેલ – ભારતીય પ્રાચીન સંસ્કૃત
7. ભારતદર્શન –1 (ઇતિહાસ – આદિયુગા જ્ઞાનગંગોત્રી શ્રેણી 22 સ.પ. યુનિવર્સિટી, વિદ્યાનગર.
8. દેવેન્દ્ર વી. ભટ્ટ – ભારત ઇતિહાસદર્શનધ્ ખંડ- ૧
9. હરિપ્રસાદ શાસ્ત્રી – પ્રાચીન ભારતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- ૬
10. ડૉ. થોમસ પરમાર – ભારતીય સંસ્કૃતિની ઝળક

# એકમ-05 ગુજરાતમાં મૌર્યસત્તા

:: રૂપરેખા ::

**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 ગુજરાતમાં મૌર્યસત્તા**

**5.2.1 ગુજરાતની રાજકીય સ્થિતિ**

**5.2.1.1 ચંદ્રગુપ્ત મૌર્ય**

**5.2.1.2 અશોક મૌર્ય**

**5.2.1.3 ઉત્તરકાલીન મૌર્ય શાસકો**

**5.2.2 પ્રાદેશિક વહીવટીતંત્ર**

**• તમારી જાતે ચકાસો.ક**

**5.2.3 સામાજિક આર્થિક સ્થિતિ**

**5.2.4 ધાર્મિક સ્થિતિ**

**5.3 ગિરનાર શિલાલેખનું ઐતિહાસિક-સાંસ્કૃતિક મહત્વ**

**• તમારી જાતે ચકાસો.**

**5.4 સારાંશ**

**5.5 શબ્દાવલી /ચાવીરૂપ શબ્દો**

**5.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**5.7 સંદર્ભ ગ્રંથ સૂચિ**

## 5.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

- ગુજરાતમાં ઐતિહાસિક મૌર્યસત્તાનો રાજકીય ઈતિહાસ.
- મૌર્યકાલીન ગુજરાતની વહીવટી વ્યવસ્થા.
- મૌર્યકાલીન ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ અને સ્થાપત્ય.

## 5.1 પ્રસ્તાવના

ગુજરાતનો ઇતિહાસ જાણવાના વિવિધ સાધનોથી પરિચિત થયા. તમે એ પણ શીખ્યા કે પ્રાગ અને આદ્યઐતિહાસિક ગુજરાત પુરાવાસ્તુકીય સાધનોની બાબતમાં કેવું સમૃદ્ધ છે. તમે એ પણ જાણ્યું કે હડપ્પાકાલીન ગુજરાતમાં ધોળાવીરા અને લોથલ જેવાં સમૃદ્ધ બંદરો ને વસાહતો અસ્તિત્વમાં હતાં. સદ્દભાગ્યે ગુજરાતના પ્રાચીનકાળના ઇતિહાસ માટે અનેકવિધ સાધન-સામગ્રી સારા પ્રમાણમાં ઉપલબ્ધ છે. સર જદુનાથ સરકારના શબ્દોમાં ઐતિહાસિક સાધનોમાં આખા ભારતમાં ગુજરાત જેટલું સમૃદ્ધ બીજું કોઈ રાજ્ય નથી. વૈદિકકાળ પછી મહાજનપદકાલમાં મગધનો ઉત્કર્ષ થયો. હર્યક વંશનો બિંબિસાર ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીનો સમકાલીન હતો ને તેના સમયથી(ઈ.પૂ. 5મી સદીથી) ભારતનો પ્રમાણિત ઇતિહાસ શરૂ થાય છે. જેને ‘આરંભિક ઐતિહાસિકકાળ’ ગણવામાં આવે છે. જે મૌર્યકાલની પહેલાનો પ્રથમ તબક્કો છે. આ સંદર્ભમાં ગુજરાતનો આરંભિક ઐતિહાસિક કાલ દોઢેક સૈકા જેટલો મોડો શરૂ થાય છે. એટલે મૌર્યકાળથી જ ગુજરાતના રાજકીય ઇતિહાસની માહિતી હાથવગી થાય છે. મૌર્યકાલમાં ગુજરાત તે શાસકોના આધિપત્ય નીચે હતું ને અહિં તેમના નિયુક્ત રાષ્ટ્રીય(રાષ્ટ્રપાલ) વહીવટ ચલાવતા હતા. ઉપરાંત તે કાળે ધર્મ, સંસ્કૃતિ, સમાજ, વહીવટ, પૂર્તકાર્ય વગેરેમાં મૌર્યકાલીન ગુજરાતે વિકાસ કર્યો. જેની આપણે અહીં વધુ વિગતે અભ્યાસ કરીશું.

## 5.2 ગુજરાતમાં મૌર્ય સત્તા

પ્રાગ-મૌર્યકાલીન ગુજરાતના ઇતિહાસની માહિતી ખૂબ ઓછી મળે છે. મગધના પ્રારંભિક ઐતિહાસિકકાળમાં હર્યક વંશના રાજા બિંબિસાર(ઈ.પૂ. 543-491) અને તેના વંશજોની સત્તા પ્રવર્તેલી ત્યારે એ સમયે ગુજરાતમાં ક્યા રાજાઓનું રાજ્ય ચાલેલું તે જાણવા મળતું નથી. તેમ છતાં ઈ.પૂ. 5મી સદીના પાણિનિના ‘અષ્ટાધ્યાયી’ તથા શ્રીલંકાના પાલિ ભાષાના ‘દીપવંસ’(4થી સદી) અને ‘મહાવંસ’(6ઠ્ઠી સદી) જેવા બૌદ્ધગ્રંથોમાં મૌર્ય સમય પહેલાંના ગુજરાત વિશે થોડીક માહિતી પ્રાપ્ત થાય છે. ભારતનો ઐતિહાસિકકાળ બિંબિસારથી શરૂ થાય છે તો ગુજરાતનો ઐતિહાસિકકાળ મગધના મૌર્યવંશના સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ.પૂ. 322-298)થી શરૂ થાય છે. એટલે ચંદ્રગુપ્ત મૌર્યના શાસનથી ગુજરાતનો સપ્રમાણ ઇતિહાસ પ્રાપ્ત થાય છે. આમ, દેશની તુલનાએ ગુજરાતનો ઐતિહાસિકકાળ 150 વર્ષ માંડો શરૂ થાય છે. મૌર્યકાલીન ગુજરાતનો ઇતિહાસ

જાણવાનાં પુરાવશેષીય, અભિલેખિક સાધનોમાં સૌથી મહત્ત્વનું સાધન મૌર્ય સમ્રાટ અશોકનો ગિરિનાર શિલાલેખ છે. કર્નલ જેમ્સ ટોડે તેનું નિરીક્ષણ કરેલું.(1822) ઈ.સ. 1834-37 દરમ્યાન જેમ્સ પ્રિન્સેપ વગેરે વિદ્વાનોએ અશોકના અભિલેખોની લિપિ ઉકેલી હતી. આ શૈલ-શાસનોનું સારું લિપ્યંતર 1876માં બહાર પડ્યું. બીજા વર્ષે સર અલેકઝાંડર કનિંગહામે અશોકના અભિલેખોનો સંગ્રહ પ્રકાશિત કર્યો હતો. જેમ્સ બર્જેસની ભલામણથી ઈ.સ. 1900માં જૂનાગઢ રાજ્યના નવાબ રસુલ ખાને ગિરિનારના શૈલલેખની સુરક્ષા માટે મકાન બંધાવ્યું હતું તથા એ જ વર્ષે મૂળ શિલાલેખના રક્ષણાર્થે તેની પૂર્વદિશાના એક શૈલ પર અશોકના શૈલલેખની નકલ જનતા માટે કોતરાવવામાં આવી. જેમ્સ પ્રિન્સેપ, ભગવાનલાલ ઈન્દ્રજી, બ્યૂહલર, કીલહોર્ન વગેરે વિદ્વાનોએ તેનું સંપાદન કર્યું છે. અત્યારે પુરાતત્વ ખાતા દ્વારા તેની જાળવણી થાય છે. આ ઉપરાંત પુરાવશેષ ઉત્ખનનથી મળેલ સામગ્રી અને ગિરનાર શૈલલેખ પરથી મૌર્યકાલીન ગુજરાતની રાજકીય, સામાજિક, ધાર્મિક ને આર્થિક સ્થિતિ વિશેની જાણકારી સંપ્રાપ્ત થાય છે. જેની ચર્ચા હવે કરીશું.

### 5.2.1 ગુજરાતની રાજકીય સ્થિતિ

ચંદ્રગુપ્ત મૌર્યે પોતાના વિશાળ સામ્રાજ્યના યોગ્ય વહીવટ માટે તેના અલગ-અલગ પ્રદેશોમાં વિભાજન કર્યું હતું. તેના સામ્રાજ્યમાં ગુજરાતનો સમાવેશ થતો હતો. તેથી ગુજરાતના વહીવટની વ્યવસ્થા તેણે કરી હતી. ચંદ્રગુપ્ત મૌર્યથી લઈ સંપ્રતિ સુધીના મૌર્ય શાસકોની સત્તા ગુજરાતમાં ચાલી હતી. સંપ્રતિ પછીના છેલ્લા મૌર્ય શાસકોનું શાસન પણ આ પ્રદેશ પર હશે પણ તેનાં પ્રમાણ મળતાં નથી.

#### 5.2.1.1 ચંદ્રગુપ્ત મૌર્ય

ચંદ્રગુપ્ત મૌર્યે ગુજરાતના પ્રદેશ શાસન માટે પુરાણ પ્રસિદ્ધ દ્વારવતીને સ્થાને ગિરિનગરને વહીવટી મથક બનાવ્યું. તેની પાછળ ગિરિવ્રજ (રાજગૃહ) હતું તેવું અનુમાન છે. પાટલિપુત્રમાં રાજધાની ગિરિવ્રજ ગિરિઓના વાદા વચ્ચે આવેલી હતી. તેવું સ્થાન તેને ગુજરાત પ્રાંતના શાસન માટે ગિરિનગરમાં દેખાયું હોય. હરિવંશની અનુશ્રુતિમાં મૌર્ય ગિરિપુરને 'ગિરિનગર' બતાવ્યાનો ઉલ્લેખ છે. જૂની વસાહતો ઉપર કે પાસે નવી વસાહતો વસાવવાની પરંપરા ઇતિહાસ પ્રસિદ્ધ છે. અર્થશાસ્ત્ર પણ આ પ્રકારના જનપદનો ઉલ્લેખ કરે છે. તેમાં વિવિધ જાતનાં દુર્ગોમાં 'પાર્વત દુર્ગ'નું પણ સૂચન છે. માનસારમાં સાત પ્રકારના દુર્ગો ગણાવ્યા છે. તેમાં પહેલું ગિરિદુર્ગ છે. જે સુરક્ષાની દ્રષ્ટિએ ઉત્તમ ગણાય. ગિરિનગર સૌરાષ્ટ્ર જનપદની મધ્યે હોઈ ત્યાંથી આખા પ્રદેશનો વહીવટ સુચારુ રૂપે ચાલી શકે. જલ-સ્થલમાર્ગે વેપાર-વણજ માટે પણ તે અનુકૂળ હતું ને તેના ઉલ્લેખો મળે છે. જોકે ગિરિનગરના અવશેષો હજી પૂરતા પ્રમાણમાં શોધાયા નથી. આથી તે ક્યાં

પ્રકારનો ગિરિદુર્ગ છે તે કહેવું મુશ્કેલ છે. ગિરિનગરમાં પ્રાકૃતિક સરોવર નથી. પરંતુ બારેમાસ પાણી મળી રહે તેવું જળાશય ચંદ્રગુપ્તે બંધ બાંધીને કરાવ્યું હતું. આ સેતુબંધની વ્યવસ્થા રાજ્ય કરતું એટલે એના ઉપર કર લેવાતો. જેની જવાબદારી સમાહર્તાની રહેતી. જૂનાગઢમાં બાવા પ્યારા નજીકની ગુફાથી પ્રાપ્ત એક ક્ષત્રપ રાજાના મિતિ વગરના અભિલેખમાં 'ગિરિનગરમાં' એવો નિર્દેશ મળે છે. તેવી જ રીતે રુદ્રદામાના લેખમાં ગિરિનગર અને ગિરિ ઊર્જયતનો નિર્દેશ, સ્કંદગુપ્તના લેખમાં 'નગર' શબ્દ ગિરિનગર માટે ઉદિષ્ટ છે. ઉપરાંત તેમાં 'રૈવતક' અને 'ઊર્જયત'નો પ્રયોગ છે. આમ, મૌર્યકાલમાં ગિરિનગર એ આ પ્રદેશ (ગુજરાત)ની રાજધાની અને વહીવટી કેન્દ્ર હતું.

મૌર્યસમ્રાટ અશોકના ગિરનાર શૈલલેખની બાજુમાં ચાર સદી પછી કોતરાયેલ રાજા મહાક્ષત્રપ રુદ્રદામા 1 લાના શકવર્ષ 72-73(ઈ.સ. 150-51)ના લેખમાં ગિરિનગરના સુદર્શન તળાવના સેતુ(બંધ)ના ભંગાણ તથા પુનઃનિર્માણના વૃત્તાંત સાથે એ જલાશયની ઉત્પત્તિ વિશે પણ કેટલીક હકીકત આપેલી છે. જે મુજબ સુદર્શન જળાશય મૌર્ય રાજા ચંદ્રગુપ્તના રાષ્ટ્રીય વૈશ્ય પુષ્યગુપ્તે નિર્માણ કરાવેલું અને અશોક મૌર્યના રાષ્ટ્રીય યવનરાજ તુષાસ્ફે એમાંથી નહેરો કરાવી હતી. આમ, ક્ષત્રપકાલીન શૈલલેખ મૌર્યકાલીન ઇતિહાસ પર પ્રકાશ પાડે છે. આ પ્રદેશ પર ચંદ્રગુપ્ત મૌર્યનું(ઈ.પૂ.322-289) શાસન પ્રવર્ત્યું હોવાનું જાણવા મળે છે. મગધના મૌર્ય સામ્રાજ્યની સત્તા સૌરાષ્ટ્ર કચ્છ, તળ ગુજરાતના પ્રદેશો એમ સમગ્ર ગુજરાત પર સ્થપાઈ હતી. તે સ્પષ્ટ થાય છે. વહીવટી વડુ મથક ત્યારે ગિરિનગર હતું. ગિરિનગર પર્વતની તળેટીમાં પશ્ચિમે વસેલું તથા ત્યાં મૌર્ય રાજ્ય રાષ્ટ્રીય (રાષ્ટ્રપાલ) રહેતો. ચંદ્રગુપ્તના રાજયકાલમાં આ પ્રદેશ માટે એક જ રાષ્ટ્રિય વૈશ્ય પુષ્યગુપ્ત નિમાયો હતો. તેના પછી રાષ્ટ્રિય તરીકે કોણ નિમાયો તેની જાણકારી મળતી નથી. પુષ્યગુપ્ત વૈશ્ય હતો તે જાણવા મળે છે. પરંતુ તે ક્યાંનો વતની તથા તેણે કેટલાં વર્ષ સુધી આ પ્રદેશનો રાષ્ટ્રીય તરીકે વહીવટ કર્યો તે જાણવા મળતું નથી. તેમ છતાં તેનું પ્રશંસાપાત્ર ને નોંધપાત્ર કાર્ય તેણે ગિરિનગર પાસે ઉર્જયત ગિરિમાંથી નીકળતી સુવર્ણસિકતા, પલાશિની વગેરે નદીઓના આડે બંધ બંધાવી સુદર્શન નામે સુંદર જળાશય કરાવ્યું તે છે. આમ, ક્ષત્રપ રાજા રુદ્રદામાએ પોતાના લેખમાં પૂર્વકાલીન ઇતિહાસ નોંધી અમૂલ્ય હકીકત હાથવગી કરી આપી છે. જેથી ચંદ્રગુપ્ત મૌર્ય અને તેના સમયના ગુજરાતના શાસન વિશે જાણી શકાયું છે.

**5.2.1.2 અશોક મૌર્ય (ઈ.પૂ. 273-237)**

ચંદ્રગુપ્ત મૌર્ય પછી બિંદુસાર(ઈ.પૂ.298-273) પાટલિપુત્રની ગાદીએ આવ્યો. તેના સમયે પણ અહીં મગધ રાજ્યના રાષ્ટ્રીયનો વહીવટ રહ્યો હશે. પેતવત્થુની

પરમત્થદીપની બૌદ્ધ પાલિ (ઉત્તરકાલીન બૌદ્ધ ગ્રંથો)ની અનુશ્રુતિ મુજબ બિંદુસારના શાસનકાળના 16મા વર્ષે સુરાષ્ટ્રમાં પિંગલક નામે રાજા ગાદીએ આવ્યો. પરંતુ બિંદુસાર અને તેના ગુજરાતના રાષ્ટ્રીય વિશે કોઈ પ્રમાણ મળ્યાં નથી. પરંતુ તેના પછી અશોકના સમયથી આ પ્રદેશ પરના તેના શાસન ને ગિરિનગરના શાસનિક ઇતિહાસ વિશેની જાણકારી તેના ગિરનાર શિલાલેખ પરથી પ્રાપ્ત થાય છે. ગિરિનગરમાં તેનો યવનરાજ તુષાસ્ફ રાષ્ટ્રીય તરીકે હતો. પ્રાયઃ રુદ્રદામાના શૈલલેખમાં એનો યવનરાજ અને અશોક મૌર્યના રાષ્ટ્રીય તરીકે ઉલ્લેખ છે. તથા તેણે એમાંથી નહેરો કરાવી હતી. મહાક્ષત્રપ રુદ્રદામાના સમયમાં અતિવૃષ્ટિથી નદીઓમાં આવેલા પૂરથી સુદર્શન જળાશયનો બંધ તૂટી ગયો ને જળ વહી ગયું. તેનું સમારકામ રુદ્રદામાના અમાત્ય સુવિશાખ પહલવે કરાવ્યું હતું. આની હકીકત પ્રસ્તુત શૈલની બીજી બાજુ ઉપર ઐતિહાસિક દસ્તાવેજ રૂપે કોતરાવી પૂરી પાડી છે. 5મી સદીમાં ગુપ્ત રાજા સ્કંદગુપ્તના સમયમાં પુનઃસરોવરની પાળ તૂટી ત્યારે એના ગોપ્તા(સૂબા) પર્ણદત્તે પુત્ર ચક્રપાલિતના સહકારથી સમરાવી એની સ્મૃતિમાં શૈલની ત્રીજી બાજુ ઉપર સ્કંદગુપ્તના નામે સંસ્કૃત પદ્યમાં લેખ કોતરાવ્યો હતો તથા સરોવરની પાળે ચક્રધારી વિષ્ણુનું ઊંચું મંદિર બંધાવ્યું હતું. આમ, એ શૈલ ઉપર ત્રણ રાજવંશોના ત્રણ લેખ 'સુદર્શન' જલાશયને કેન્દ્રમાં રાખી નિર્માણ કરાવેલા જોવા મળે છે. જે ઈ.પૂ. ત્રીજી સદીથી ઈ.સ.ની પાંચમી સદી સુધીના આઠસો જેટલા લાંબા કાળના ત્રણ વિભિન્ન તબક્કાઓ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિચય તે આપે છે. આ અભૂતપૂર્વ દસ્તાવેજ 'અશોકના શૈલલેખ' તરીકે વિખ્યાત છે. કારણ કે તે ત્રણેય લેખમાં પૂર્વકાલીન છે, સુદર્શન તળાવ મળ્યું નથી, તેને શોધવાના પ્રયાસ ઘણા વિદ્વાનોએ પ્રયાસ કર્યા હતા. ઈ.સ. 1967-68ના વર્ષોમાં ડૉ. રમણલાલ નાગરજી મહેતાએ તેનું પુનઃ અન્વેષણ શરૂ કરી સુદર્શન સરોવરનું સ્થાન નક્કી કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમની તપાસમાં રુદ્રદામાના લેખમાં નિર્દિષ્ટ સેતુ શોધી કાઢવામાં આવ્યો હતો. જે માટી અને પથ્થરમાંથી નિર્માણ પામ્યો હતો.

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા તરીકે પોતાને ઓળખાવતા અશોક મૌર્યએ કલિંગ વિજય પછી હૃદય પરીવર્તન થતાં જાગેલી ઉત્કંઠ ધર્મ-ભાવનાનો સમગ્ર પ્રજામાં પ્રસાર-પ્રચાર કરવાના હેતુથી સમગ્ર સામ્રાજ્યમાં જુદા જુદા પ્રદેશોમાં ચૌદ ધર્મલેખો કોતરાવ્યા. તેમાંથી ગિરિનગરનો શૈલલેખ એક છે. જે તેના શાસનનો સંગીન પુરાવો છે. સામાન્ય રીતે ચૌદ શૈલલેખો તરીકે ઓળખાય છે. જેમાં ગિરિનાર(ગુજરાત), કાલસી(ઉત્તરપ્રદેશ), ધૌલી(ઓરિસ્સા), જૌગઢ(ઓરિસ્સા), એરંગુડી(મદ્રાસ), સોપારા(મહારાષ્ટ્ર), માનસેરા(પશ્ચિમ પાકિસ્તાન) અને શહબાજગઢી(પેશાવર, પશ્ચિમ પાકિસ્તાન)માં મળ્યા છે. અશોકના 'ગિરનાર

શૈલશાસનો' કે ચૌદ શૈલશાસનો 'ગિરનાર પાઠ' તરીકે જ્યારે એ જ શૈલ ઉપર બીજા બે લેખ (રુદ્રદામા અને સ્કંદગુપ્ત) 'જૂનાગઢ શૈલલેખ' તરીકે ઓળખાય છે.

અશોકના ચૌદ ધર્મલેખોનો ટૂંકો સાર આ પ્રમાણે છે: કોઈએ પ્રાણીને મારી હોમવું નહિ, રાજાએ પોતાના રાજ્યમાં બે પ્રકારના ચિકિત્સા કરી છે મનુષ્ય-ચિકિત્સા અને પશુ-ચિકિત્સા, મારા અધિકારીઓ પ્રદેશોમાં ફરતા રહે ને ત્યારે ધર્મોપદેશ પણ કરતા રહે. માતા-પિતાની સેવા, પરિચિતો અને સંબંધીઓને તથા બ્રાહ્મણોને અને શ્રમણોને દાન કરતા રહે, રાજાના ધર્મપ્રચારથી લોકોમાં ધર્માચરણ વધ્યું છે, રાજાએ ધર્મના મહામાત્ર નીમ્યા છે; નિવેદકો સર્વ કાલે ને સર્વ સ્થળે રાજા પાસે આવી શકે, સર્વ સંપ્રદાયો સર્વત્ર વસે; રાજાએ વિહારયાત્રાને બદલે ધર્મયાત્રા કરવા માંડી છે, સાંસારિક હેતુથી માંગલિક વિધિ અલ્પફલદાયી છે, જ્યારે ધર્મની માંગલિક વિધિ મહાફલ દે છે; રાજા ધર્મ-પ્રચાર સિવાય બીજા કશામાં યશ કે કીર્તિ ઝંખતા નથી, ધર્મદાન શ્રેષ્ઠ દાન છે, રાજા સર્વ સંપ્રદાયોને દાન તથા આદર દે છે. કલિંગના યુદ્ધમાં થયેલી વિપુલ હિંસા માટે રાજા ભારે સંતાપ અને પશ્ચાત્તાપ અનુભવે છે ને હવે ધર્મવિજય જ મુખ્ય વિજય માને છે, આ ધર્મલેખ એટલા માટે કોતરાવ્યો છે કે એ લાંબો વખત ટકે ને પ્રજા એ પ્રમાણે વર્તે.

આમ, અશોકનો શૈલલેખ નૈતિક જીવનની ઉન્નતિનો પાયાનો ખ્યાલ રજૂ કરે છે. તેના ઉપદેશેલા સામાન્ય અને ઉદાત્ત માનવધર્મ ઉપર બૌદ્ધ અનુયાયી હોઈ બૌદ્ધધર્મની અસર વર્તાય છે. ચંદ્રગુપ્ત અને અશોક મૌર્યના સમયના ગિરિનગરના રાષ્ટ્રીય તેમની સુદર્શન તળાવના નિર્માણ, નહેરોનું નિર્માણ વગેરે રુદ્રદામાના લેખ પરથી જાણી શકાયું છે. અશોકના લેખમાં માત્ર ધર્માદેશો છે. અશોકના ધર્મલેખની ભાષા પાલિ અને લિપિ બ્રાહ્મી છે.

### 5.2.1.3 ઉત્તરકાલીન મૌર્ય શાસકો

આમ તો ગુજરાતમાં મૌર્યસત્તા ઓછામાં ઓછી અશોકના રાજ્ય અમલ સુધી જ જ્ઞાત પડે છે. તે પછી અહિ કોનું શાસન રહ્યું તે બાબતે જાણવા મળતું નથી. વળી અનુ-મૌર્યકાલના સાધનો ખુબ ઓછા પ્રાપ્ય છે. અશોકના પુત્ર કુનાલ હતો અને કુનાલપુત્ર સંપ્રતિને રાજ્ય વારસો મળેલો તેવી જૈન અનુશ્રુતિ છે. જ્યારે પુરાણોમાં અશોકનો ઉત્તરાધિકારી કુનાલે આઠ વર્ષ રાજ્ય કર્યું જણાવે છે, તો બૌદ્ધ પરંપરામાં એને 'ધર્મવિવર્ધન' કહ્યો છે. કુનાલના (ઈ.પૂ. 237-229) શાસન દરમ્યાન મૌર્યસત્તા દૂરના પ્રદેશોમાં નબળી પડી. કુનાલના પુત્ર સંપ્રતિએ સૌરાષ્ટ્ર, આંધ્ર અને દ્રવીડ પ્રદેશ સર કર્યાનો 'નિશીથચૂર્ણિ' ગ્રંથ નોંધે છે. કુનાલના રાજ્ય અમલ પછી મગધ સામ્રાજ્ય ત્રણેક ભાગમાં વહેંચાઈ ગયું ને પશ્ચિમ ભારતના પ્રદેશો પર

કુનાલના પુત્ર સંપ્રતિની સત્તા સ્થપાઈ. જેની રાજધાની ઉજ્જયિનીમાં હતી. જિનપ્રભસૂરિના વિવિધ તીર્થકલ્પ, પ્રભાચંદ્રાચાર્યના પ્રભાવકચરિતના ઉલ્લેખ મુજબ શત્રુંજ્ય અને ભૃગુકચ્છમાં સંપ્રતિએ દેરાસર બંધાવ્યા હતાં. એજ રીતે ગિરનારનું મહાવીર મંદિર પણ તેણે બંધાવ્યું હોવાનું મનાય છે. એ સ્થાન સંપ્રતિની ટૂંક તરીકે ઓળખાય છે. હેમચંદ્ર પરિશિષ્ટ પર્વ અને વિવિધ તીર્થકલ્પની અનુશ્રુતિ પ્રમાણે ગુજરાતમાં જૈન તીર્થધામોમાં કેટલાંક પ્રાચીન જિનાલય સંપ્રતિએ બંધાવ્યા હોવાનું માને છે. આમ, જૈન ધર્મના વિકાસમાં સંપ્રતિનો ફાળો મહત્ત્વનો ગણાય છે. પુરાણો સંપ્રતિ પછી શાલિશૂક ગાદીએ આવ્યો હોવાનું જણાવે છે. અને તેણે (ઈ.પૂ. 220 થી 207) 13 વર્ષ રાજ્ય કર્યું તેવું નોંધે છે. પરંતુ ગુજરાત પર તેના અને તેના વંશજોના શાસન વિશે ચોક્કસ માહિતી મળતી નથી. આમ, ઉપરોક્ત સાધનો પરથી ગુજરાતમાં મૌર્યસત્તા સંપ્રતિ સુધી ચાલી હશે ને તેના પછી ગુજરાતમાં મૌર્યસત્તાનો અંત આવ્યો. કેમ કે, સંપ્રતિ પછી મૌર્યશાસનને લગતા કે કોઈ અન્ય વંશના શાસન સંબંધી કોઈ જ ઉલ્લેખો મળતા નથી. મગધમાં મૌર્યવંશના છેલ્લા રાજા બૃહદ્રથને તેના સેનાપતિ પુષ્યમિત્ર શુંગેને મારી શુંગવંશની સત્તા સ્થાપી. તે સાથે મૌર્યવંશનો અંત આવ્યો. આમ, ગુજરાતમાં મૌર્યસત્તાનું શાસન ચંદ્રગુપ્ત મૌર્યથી અશોક મૌર્ય સુધી ચાલ્યું તે સ્પષ્ટ છે.

### 5.2.2 પ્રાદેશિક વહીવટીતંત્ર

મૌર્યકાલીન ગુજરાતમાં કેવા પ્રકારનું પ્રાંતિક વહીવટીતંત્ર હતું તે વિશે ચોક્કસ માહિતી મળતી નથી. અશોકના ગિરનાર શિલાલેખમાં ગુજરાતના કોઈ પ્રાદેશિક ઉલ્લેખો નથી. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સુરાષ્ટ્રની ક્ષત્રિય શ્રેણીનો નિર્દેશ આવે છે. તેના પરથી સૌરાષ્ટ્રમાં ક્ષત્રિયોની શ્રેણી હશે તેવું જાણવા મળે છે. રુદ્રદામાના જૂનાગઢ શૈલલેખમાં ચંદ્રગુપ્ત અને અશોક મૌર્યના ગિરિનગરના રાષ્ટ્રીય અનુક્રમે વૈશ્ય પુષ્યગુપ્ત અને યવનરાજ તુષાસ્ફના ઉલ્લેખ છે. જે કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જણાવેલ રાષ્ટ્રપાલ હોવાનું જણાય છે. રાષ્ટ્રીયનો એક અર્થ રાજાનો સાળો એવો પણ મળે છે. પરંતુ ચંદ્રગુપ્ત કે અશોકના રાષ્ટ્રીય વચ્ચેના સંબંધ વિશે ચોક્કસ પ્રમાણ મળતું નથી. પ્રાપ્ત સાધનોના અભ્યાસ પરથી ગુજરાતનો રાષ્ટ્રીય કેન્દ્રના સીધા શાસન હેઠળ પ્રદેશ વહીવટ ચલાવતો હતો. વળી, અનુશ્રુતિઓમાં સૌરાષ્ટ્રમાં અશોકના સમયમાં સ્થાનિક રાજાનો ઉલ્લેખ છે. તે પરથી રાષ્ટ્રીય પ્રાંતિક સૂબા કરતાં સામ્રાજ્યના હાઈ-કમિશનર હોવાનું ધારવામાં આવ્યું છે.

આમ, રાષ્ટ્રીય(રાષ્ટ્રપાલ) મૌર્યકાલીન ગુજરાતમાં સામ્રાજ્યના અધિકારી તરીકે સૌરાષ્ટ્ર ગિરિનગરમાં રહી પ્રાંતિક વહીવટ કરતો હતો. તેના અન્ય વહીવટી વિભાગો વિશે જાણકારી મળતી નથી. પરંતુ મૌર્યકાલમાં આનર્ત-સુરાષ્ટ્રના સંયુક્ત

વહીવટી વિભાગ હશે ને તેના અધિકારી રાષ્ટ્રિય પરથી તે વહીવટી વિભાગને 'રાષ્ટ્ર' કહેવાતું હતું. રજ્જુક પણ રાષ્ટ્રીય જેવો પ્રાંતિક સૂબેદાર(કલેક્ટર જેવો), યુક્ત એ સર્વ અધિકરણનો ખજાનચી અધિકારી હશે. સુરાષ્ટ્ર કે આનર્ત-સુરાષ્ટ્રના વહીવટી પેટા-વિભાગો વિશે જાણવા મળતું નથી. તેમ છતાં પ્રદેશ, વિષય અને આહાર જેવાં પેટા વિભાગો પણ હશે તેવું અનુમાન છે. આ ઉપરાંત રાજ્ય વહીવટમાં અમાત્યો, અધ્યક્ષો નિમાતા હતા. જેમાં નગરાધ્યક્ષને નાગરિક, ગ્રામાધ્યક્ષને 'ગોપ' કહેતા. આ સ્થાનિક અધિકારીઓની ફરજો વિશે અર્થશાસ્ત્રમાં વિગતે વર્ણન છે. પૌર-વ્યાવહારિક કે નગર-વ્યાવહારિક(ન્યાયાધીશ) કુમાર અને રાષ્ટ્રપાલની સમકક્ષ ગણાતો હતો. કેન્દ્રીયતંત્રની પ્રાંતિકતંત્રમાં પ્રશાસ્તા, સમાહર્તા, સંનિધાતા, નાયક, કાર્માતિક વગેરે મહામાત્રો ઉપરાંત અશોકના સમયે ધર્મ-મહામાત્ર નિમાયા હતા. જેનો લાભ અહીંના લોકોને મળ્યો હશે.

એ સમયના ચાંદી અને તાંબાના આહત સિક્કા(Punch-Marked) ગુજરાતમાંથી તળગુજરાત, વડોદરા, બનાસકાંઠા, કામરેજ, નવસારી વગેરેથી મળ્યા છે. જે નાના કદના તથા નાનાં-મોટાં ચિહ્ન જોતાં સિક્કા પડાવનાર અને મંજૂર કરનાર જુદાં-જુદાં અધિકૃત મંડળોના માલૂમ પડે છે. થોડાક તાંબાના આહત સિક્કા અમરેલી, હાથબ, કામરેજ, કરવણ, મોઢેરા, વડનગર વગેરે સ્થળો એથી મળ્યા છે. જે પરથી સમસ્ત ગુજરાતમાં મૌર્યસત્તાનું શાસન સ્થપાયું કહેવાય. પરંતુ અશોક પછીના મૌર્યશાસકોના સમયે ગુજરાતનાં શાસન વિશે જાણકારી મળતી નથી. પ્રદેશની આર્થિક ઉન્નતિ માટે સામ્રાજ્યના રાષ્ટ્રીય અધિકારીઓ દ્વારા વિવિધ પ્રજાકલ્યાણને બહુજન હિતાર્થે કાર્યો થતાં હતાં. સુદર્શન જળાશય તેનું નક્કર ઉદાહરણ છે. ખેતીના વિકાસાર્થે દૂરંદેશી નીતિ અપનાવી હતી. તે સમયે સમાહર્તા વિવિધ કરની સાથે સેતુબંધ ઉપર પણ કર લઈ તેની વ્યવસ્થા પર દેખરેખ રાખતો હશે.





આહતસિક્કાઓ

**તમારી પ્રગતિ ચકાસો**

(ક) સાચાં જોડકાં જોડો.

.

| A | B |
|---|---|
| 1. હર્યકવંશ | a) રાજગૃહ |
| 2. મૌર્યવંશ | b) બિંબિસાર |
| 3. શુંગવંશ | c) કૌટિલ્ય |
| 4. બ્રાહ્મીલિપિ | d) જેમ્સપ્રિન્સેપ |
| 5. ગિરિવ્રજ | e) ચંદ્રગુપ્તમૌર્ય |
| 6. અર્થશાસ્ત્ર | f) જળાશય |
| 7. સુદર્શન | g) પુષ્યમિત્ર |
| 8. યવનરાજતુષાસ્ફ | h) સ્કંદગુપ્ત |
| 9. રાષ્ટ્રીય | i) અશોક |
| 10. પર્ણદત્ત | j) પ્રાંતિકસૂબો(અધિકારી) |

1. અશોકમૌર્યના ગુજરાત પરની સત્તા વિશે પાંચ વાક્યો લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. મૌર્યકાલીન ગુજરાતના પ્રાદેશિક વહીવટીતંત્ર વિશે ટૂંકમાં જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

### 5.2.3 **સામાજિક-આર્થિક સ્થિતિ**

વર્ણ, જાતિ, સમાજરચના વિશે ખાસ માહિતી મળતી નથી. જ્ઞાતિવ્યવસ્થાનાં બંધન જણાતાં નથી. પુરુષો અને સ્ત્રીઓ મોટે ભાગે સીવ્યા વગરનાં સૂરતનાં, ઊનનાં કે રેશમનાં વસ્ત્રો પહેરતાં. ઉચ્ચવર્ગના પુરુષો મોટેભાગે બે વસ્ત્રો- એક ધોતિયું બીજું

ઓઢવાનું પહેરતા. માથે ફાળિયા જેવું બાંધતા. સ્ત્રીઓ શરીરના નીચલા ભાગે વસ્ત્ર વીંટતી અને વસ્ત્રનો એક ટુકડો ઉપલા ભાગમાં છાતી ઉપર બાંધતી. મુખ્યત્વે નગરા, ટીંબરવા, ભરૂચ, સોમનાથ, ધાતવા વગેરેમાંથી મૌર્યકાલ કરતાં પણ જૂના થર મળ્યા છે. એ માટીના વાસણો મૌર્યકાલના શ્રીમંત વર્ગો વાપરતાં. તે પરથી શ્રીમંત ગરીબ જેવા વર્ગો પણ હતા. ઉત્ખનનમાં પ્રાપ્ત ડાંગર અને કોદરાનાં બી મળ્યાં છે. જેનો ખોરાકમાં ઉપયોગ થતો હતો. અશોકે પોતાના લેખમાં અહિંસાનો ઉપદેશ કર્યો છે તે પરથી મૃગયા(શિકાર) થતો હશે ને માંસ પણ ખોરાકમાં વપરાતું હતું. ઉપરાંત વિવિધ અનાજ, ફળ, દૂધ-ઘી ખોરાકમાં વપરાતા. બાંધકામમાં માટી, પથ્થર ઉપરાંત ઈંટો(19"થી 22" માપની) ઉપયોગ થતો હતો. ઉપરાંત માટીની ઢીંગલીઓ, શંકુ ઘાટના દાટાઓ, મણકા, કાનની બુટ્ટીઓ, મેલ કાઢવાનાં મેલિયાં, પથ્થરનાં કુંડળ, નિશા અને નિશાતરા, ગોળ લખોટા વગેરે પ્રાપ્ત થયા છે. તે પરથી એ કાળે સ્ત્રી-પુરુષોમાં સૌંદર્યપ્રસાધન ઘરેણાં અને બાળકો માટે રકમકડાં બનતાં હતા. પ્રાપ્ત સાધનો પરથી ગામડાં ખેતી પર નિર્ભર હતાં તથા નગરોમાં વેપાર-ઉદ્યોગ સારો ચાલતો હતો.

અર્થશાસ્ત્ર અને અશોકના શૈલલેખનાં ઉલ્લેખો મુજબ બ્રાહ્મણ(ધર્મ-મહામાત્રો), ક્ષત્રિય-શ્રેણીઓ, વાર્તા-ખેતી, સુરાષ્ટ્રના જંગલોમાં હાથીઓ થતાં તથા રાષ્ટ્રીય, સમાહર્તા, રજ્જુક, અમાત્યો, અધ્યક્ષો, નાગરિક, ગોપ જેવાં ઉલ્લેખો પરથી ખેતી, પશુપાલન ઉપરાંત લશ્કર, વહીવટી વિભાગોમાં રાજ્યની વિવિધ નોકરીઓ તથા સુદર્શન તળાવના નિર્માણ પરથી માટીકામ, પથ્થરકામ, સલાટકામ, લહિયાકામ, વણાટકામ, મૌર્યકાલીન મળેલ ચાંદીને તાંબાના આહત સિક્કાઓ પરથી સોનીકામ, મળેલ લોખંડના પુરાવશેષો પરથી લુહારીકામ, મૌર્યકાલીન મળેલ માટીનાં કાળા-લાલ ચકિત વાસણોના ટૂકડા પરથી કુંભારીકામ ઉપરાંત જુદા જુદા વ્યવસાય ઉદ્યોગ-ધંધા મૌર્યકાલીન ગુજરાતમાં પ્રવર્તમાન હતા. સમ્રાટ અશોકે બૌદ્ધધર્મને રાજ્યાશ્રય આપેલો અને વિદેશ વેપાર માટે બૌદ્ધ ધર્મે કરી આપેલી અનુકૂળતા પરથી વિદેશ વેપાર પણ ચાલતો હશે. અશોક મૌર્યના સમયમાં બૌદ્ધ ભિક્ષુઓ માટે ગુફાઓ કંડારવી શરૂ થઈ હતી. તેથી ગુફાનિર્માણ સાથે જોડાયેલ કારીગરોનો વર્ગ પણ હતો. આગળ ઉપર એક ઠેકાણે આપણે સુદર્શન જળાશય નિર્માણ અને તેમાંથી નહેર નિર્માણ વિશે જોઈ ગયા તેના પરથી મૌર્યકાળમાં ગુજરાતનો મુખ્ય વ્યવસાય ખેતી હતો.

જૈન આગમ અનુશ્રુતિ પ્રમાણે વિક્રમ પૂર્વે પાંચમી સદીમાં ભરૂકચ્છ અવંતિના રાજા પ્રદ્યોતના આધિપત્ય હેઠળ હતું. તેનો દૂત મલ્લવિદ્યામાં પારંગત હતો. ગુર્જરદેશમાં મલ્લવિદ્યાની ખૂબ પ્રાચીન છે. ઈ.પૂ. 5મી સદીથી જ ગુજરાતના વેપાર માટે

ભરૂકચ્છ જલ-સ્થલ માર્ગે જાણીતું હતું ને તેથી તે ક્યારેક ઉજ્જયિની, પ્રતિષ્ઠાન તો ક્યારેક ગુજરાતના શાસન હેઠળ ચાલ્યા કરતું હતું. મૌર્યકાલમાં ગિરિનગર ઉપરાંત ભૃગુકચ્છ પણ મહત્વનું વેપારી મથક હશે. જે પછીથી ક્ષત્રપકાલમાં વધુ વિકસ્યું ને કાળક્રમે ત્યાંનો સમુદ્ર છીછરો થતાં તેનું મહત્વ ઘટ્યું. એ ઉપરાંત પણ બીજા વેપારી બંદરો હશે. જે અંગે જાણકારી મળતી નથી.

### 5.2.4 ધાર્મિક સ્થિતિ

આ કાળખંડમાં ગુજરાતના ધર્મસંપ્રદાયો ને ધાર્મિક સ્થિતિ વિશે ચોક્કસ માહિતી આપતાં સાધનો ઘણાં ઓછાં પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ એમ ત્રણ મુખ્ય આર્ય ધર્મ પ્રચલિત હતા. જૈન અનુશ્રુતિ પ્રમાણે બાવીસમા જૈન તીર્થંકર નેમિનાથનું નિર્વાણ ઉજ્જયંત-ગિરિનાર ઉપર થયું હતું. તેમના સમયથી ગુજરાતમાં જૈન સંપ્રદાયને વેગ મળ્યો હશે. જે મૌર્યકાલ અને પછીના સમયે પણ ગુજરાતમાં જૈન સંપ્રદાય લોકપ્રિય હતો. આગળ જતાં પશ્ચિમ ભારતમાં કેન્દ્ર સ્થાને રહ્યો હતો. જૈનધર્મ જેમ બૌદ્ધ ધર્મ પણ ગુજરાતમાં વિકાસ પામ્યો હતો. ઈ.પૂ. ત્રીજા સૈકામાં અશોકના રાજ્યકાલથી આ પ્રદેશમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો જણાય છે. અશોકના સમયથી બૌદ્ધ ભિક્ષુઓ માટેના વિહારો, ગુફાઓ નિર્માણ પામવી શરૂ થઈ હતી. તે ઉપરાંત આજીવક, અગ્નિપૂજકો, નાગપંથ વગેરેની વસ્તી ઓછા પ્રમાણમાં હોવા સંભવ છે. હિંદુ ધર્મમાં બે પંથો શૈવ અને વૈષ્ણવનો વિકાસ ક્ષત્રપકાલ અને ગુપ્તકાલમાં સવિશેષ થયો તે સુવિદિત છે.

મૌર્યકાલીન ગુજરાતમાં પૂર્તધર્મ મહત્ત્વ ધારણ કરે છે. જેનું સીધું પ્રમાણ સુદર્શન તળાવનું નિર્માણ, તેમાંથી નહેરોનું નિર્માણ ઉપરાંત કૂવા, વાવ વગેરેનું બાંધકામ લોકહિતાર્થે છેક મૌર્યકાલથી શરૂ કરી આજ પર્યંત મહત્ત્વ પામ્યું છે. આ બધામાં સૌથી નોંધનીય બાબત એ છે કે અશોકે પોતાના ધર્મલેખમાં બધાં ધર્મોમાં વ્યાપ્ત મૂળભૂત એકતામાં વિશ્વાસ કર્યો. અહિંસાનો બોધ કર્યો અને વિહારયાત્રાને સ્થાને ધર્મયાત્રા દ્વારા ધર્મથી વિશ્વવિજયની કામના કરી. તેનો વ્યક્તિગત ધર્મ બૌદ્ધ હતો. પરંતુ વ્યવહારિક અને રાજધર્મમાં સર્વધર્મ નિચોડ છે. રુદ્રદામાના લેખમાં તેના માટે અશોક મૌર્ય સ્પષ્ટ વપરાયું છે તે પણ ધ્યાનાર્હ છે. કેમ કે, તેના અન્ય અભિલેખોમાં(માસ્કી, ગુર્જરામાં અશોક) તેના નામ કે ઉપાધિ દેવાનપ્રિય, દેવાનપ્રિયદર્શી કે રાજા દ્વારા જ ઓળખવ્યો છે.

## 5.3 ગિરનાર શિલાલેખનું મહત્વ

વર્તમાને જૂનાગઢના પ્રાંગણમાં ગિરનાર પર્વત જવાના રસ્તે તળેટીમાં 'અશોકના ધર્મશાસનો'થી સુવિખ્યાત રાષ્ટ્રીય સ્મારક તરીકે તે આવેલ છે. તેના જેવો ખડક

ઉપર ઉત્કીર્ણ લગભગ ૪૦૦ વર્ષનો ઈતિહાસ આપતો લેખ મળવો દુર્લભ છે. બ્રાહ્મી અને સંસ્કૃત લિપિ તથા ભાષામાં ઉત્કીર્ણ ત્રણ લેખ ભાષાવિકાસ, લિપિવિકાસ સમજવામાં ઉપયોગી છે તો સાથે ભારતમાં આરંભિક દફતરવિદ્યા વિશેનું જ્ઞાન પણ તે આપે છે.



**ગિરનાર શિલાલેખ**

જૂનાગઢનું જૂનુ નામ ગિરિનગર તેમાંથી જાણવા મળે છે. સાથે ત્રણ રાજવંશો મૌર્ય, ક્ષત્રપ અને ગુપ્ત સમયના આ પ્રદેશના પ્રાદેશિક શાસન, સંસ્કૃતિ, ધર્મ, લિપિ, ભાષા, કૃષિ, જળાશય વગેરે વિશે પણ જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. સમયની દ્રષ્ટિએ ઈ.પૂ. ત્રીજી સદીથી ઈ.સ. પાંચમી સદી જેટલા લાંબાકાળનો ઇતિહાસ તેમાં સંગૃહીત છે. આમ તો તેનો મુખ્ય હેતુ સુદર્શન સરોવર નિર્માણ, તેનું તૂટવું, સમરાવવું અને ફરી તૂટવું, પુનઃ સમરાવવું એમ તેના ઇતિહાસની ઝાંખી આ શૈલાલેખ કરાવે છે. આપણા દેશના ઐતિહાસિક વંશના/યુગના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યના ગિરિનગરના(ગુજરાતના) સૂબા વૈશ્ય પુષ્યગુપ્તે સુદર્શનનું નિર્માણ કરાવ્યુ, અશોકના રાષ્ટ્રીય યવનરાજ તુષાસ્ફે તેમાંથી નહેરો કરાવી સ્મૃતિરૂપે શૈલ ઉપર ચૌદ ધર્મલેખો કરાવ્યા. ક્ષત્રપ સમ્રાટ રુદ્રદામાના સમયમાં સરોવરમાં ગાબડું પડતાં તેના અમાત્ય સુવિશાખે તેનું સમારકામ પ્રજા પાસેથી અતિરિક્ત કર લીધા વિના રાજ્ય કોશમાંથી કરાવ્યું. પાંચમી સદીમાં ગુપ્ત રાજા સ્કંદગુપ્તના સમયમાં ફરી પાળ તૂટતાં તેના સુરાષ્ટ્રના ગોપ્તા પર્ણદત્તે ગિરિનગરના અધિકારી ને પોતાના પુત્ર ચક્રપાલિતના સહયોગથી પુનઃસમરાવ્યું તથા સ્કંદગુપ્તના નામે લેખ કરાવ્યો. ઉપરાંત ચક્રધારી વિષ્ણુનું ઊંચું મંદિર પણ બંધાવ્યું. આમ, પૂર્વકાલના ઇતિહાસ માટે ગિરનાર શિલાલેખ બેનમૂન છે. તેમાંથી ગિરિનારના કહો કે ગુજરાતના વિભિન્ન ત્રણ રાજવંશોના પ્રાદેશિક વહીવટી અધિકારીઓ રાષ્ટ્રીય, અમાત્ય અને ગોપ્તા જેવાં હોદ્દા પણ જાણવા મળે છે. પ્રાદેશિક વહીવટી હકીકત સંદર્ભે આ લેખત્રયીનું દસ્તાવેજી મહત્ત્વ વિશેષ છે. સિંધુખીણની સંસ્કૃતિમાં ધોળાવીરા, લોથલ વગેરેના ઉત્ખનનોમાં જળાશયો મળ્યાં તેના પછીના કાળમાં મૌર્ય, ક્ષત્રપ અને ગુપ્તકાલમાં ગિરિનગરના સુદર્શન સરોવરની જે હકીકતો

ગિરનારના શૈલલેખમાંથી મળે છે તથા આજ પર્યંત જળાશયોનું મહત્વ આપણા પ્રદેશમાં જે રહ્યું છે તેના વિશે ડૉ. ઈશ્વરલાલ ઓઝા યોગ્ય જ નોંધે છે કે, 'ગુજરાતની સંસ્કૃતિ સરોવરની સંસ્કૃતિ છે.'

ગિરિનાર શૈલલેખ આ પ્રદેશમાં અર્થકારણના અભ્યુદય પર પણ પ્રકાશ પાડે છે. તેમાં અર્થતંત્રની કેટલીક પાયાની લાક્ષણિક્તા નજરે પડે છે. જેમાં આપણા દેશની ખેતી વરસાદી ખેતી કરતાં વિશેષ સરોવરિયા ખેતી પર વિશ્વાસ, તે માટે થયેલા પ્રયાસો તેમાંથી જાણવા મળે છે. દેશનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેના વિકાસ માટે વિભિન્ન સમયે જુદા જુદા રાજવંશોએ દાખવેલ રુચિ-રસ તે બતાવી આપે છે.

અશોકના શૈલલેખ પાછળનો હેતુ નહેરો માટેનો હોવા છતાં તેનો ઉલ્લેખ નથી. પણ પ્રજાના નૈતિક ઉત્થાન માટેનો પાયાનો ખ્યાલ તેમાં છે. તે બૌદ્ધધર્મી હોવા છતાં તેનો ઉલ્લેખ પણ નથી. પરંતુ સર્વધર્મસમભાવ, અહિંસા, ધર્મદાન, પ્રાણીઓનું કલ્યાણ જેવાં મુખ્ય સૂર તેના લેખમાં છે. ગુજરાતીઓમાં જે ઉદારતાનો ગુણ સહજે રહેલો છે તેનું પ્રતિબિંબ અશોકના લેખમાં ઝિલાયું છે. પ્રાણીમાત્રની સેવા એ જ ધર્મ એવો મંત્ર અશોકના લેખોથી અભિવ્યક્ત થાય છે. જે માનવધર્મની સાચી વ્યાખ્યા કરી આપે છે. અશોકના ચૌદ ધર્મલેખો ગદ્યમાં તથા સામ્રાજ્યની પ્રચલિત રાજભાષા પાલિમાં છે. જે શુદ્ધ અને શિષ્ટ સંસ્કૃત અલંકારિક ગદ્ય શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. જેમાં અલંકાર ને સામાસિક શબ્દોનો ભરપૂર ઉપયોગ થયેલો છે. જળાશયો ત્યારે નિર્માણ પામે છે જ્યારે વરસાદની અનિયમિતતા હોય. તેથી અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ જેવી પ્રાકૃતિક બાબતોનો પણ આ લેખ પરથી ખ્યાલ મળે છે. તેમાં ઉલ્લેખિત પૌર અને જાનપદ જેવાં શબ્દો પરથી આ પ્રદેશમાં શહેરી અને ગ્રામજીવન વિદ્યમાન હોવાની પ્રતીતિ કરાવે છે. આમ, ગિરનાર શિલાલેખ દેશ અને ગુજરાતના તત્કાલીન ઈતિહાસ અને સંસ્કૃતિ પર ઠીક પ્રકાશ પાડે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

(ખ) નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર માટે સાચા વિકલ્પની સામે √ ની નિશાની કરો.

(1) કાળા ચકિત વાસણો મૌર્યકાળમાં ક્યો વર્ગ વાપરતો હતો?

(a) ગરીબ વર્ગ (b) મધ્યમ વર્ગ (c) શ્રીમંત વર્ગ (d) કારીગર વર્ગ

(2) મૌર્યકાલમાં ગુજરાતનો મુખ્ય વ્યવસાય ક્યો હતો?

(a) ખેતી (b) સલાટકામ (c) સોનીકામ (d) માટીકામ

(3) મૌર્યકાલીન ગુજરાતમાંથી કઈ ધાતુના સિક્કા પ્રાપ્ત થયા છે?

(a) સોનાના (b) માટીના (c) સીસાના (d) ચાંદી અને તાંબાના

(4) અશોકના શૈલાલેખની લિપિ કઈ છે?

(a) અર્ધ માગધી (b) માગધી (c) ગુજરાતી (d) બ્રાહ્મી

(5) સમ્રાટ અશોકે ક્યાં ધર્મને રાજ્યાશ્રય આપેલો?

(a) જૈન (b) વૈષ્ણવ (c) બૌદ્ધ (d) શૈવ

1. મૌર્યકાલના ગુજરાતના સમાજજીવન વિશે પાંચ વાક્યો લખો.

2. ગુજરાતમાં મૌર્યકાલ સમયની આર્થિક સ્થિતિ કેવી હતી?

3. ગિરિનારના શિલાલેખનું મહત્ત્વ ટૂંકમાં વર્ણાવો?

**(ગ) તમારી પ્રગતિ ચકાસો**

1. ગુજરાતમાં મૌર્યસત્તા વિશે વિસ્તારથી જણાવો.
2. મૌર્યકાલીન ગુજરાતની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિને નિરૂપો.
3. મૌર્યકાલીન ગુજરાતની પ્રાદેશિક વહીવટી વ્યવસ્થા વિગતે સમજાવો.
4. ટૂંકનોધ: (1) ચંદ્રગુપ્ત મૌર્યનું ગુજરાત શાસન (2) અશોક મૌર્યનું ગુજરાત શાસન (3) ગિરનાર શિલાલેખનું મહત્વ

## 5.4 સારાંશ

ગુજરાતમાં મૌર્યસત્તાની હાજરી આપણા દેશના ઐતિહાસિકયુગ મૌર્ય સામ્રાજ્યના સ્થાપક ચંદ્રગુપ્તના રાજ્ય અમલ સમયે આપણા રાજ્ય(ગુજરાત)નો સૂબો વૈશ્ય પુષ્યગુપ્ત હતો. જેણે ગિરનાર પર્વતમાંથી નીકળતી નદીઓ આડે સેતુબંધ કરી સુદર્શન સરોવરની રચના કરી. અશોક મૌર્યના રાષ્ટ્રીય યવનરાજ તુષાસ્ફે આ સરોવરમાંથી નહેરો કરાવી સાથે અશોકે ત્યાં ચૌદ ધર્મલેખ કોતરાવી પ્રજાને ધર્માદેશ કર્યો. આમ, પ્રાયઃ અશોક સુધી ગુજરાતમાં મૌર્યસત્તાના પ્રમાણ મળે છે. આ મૌર્યસત્તાની ઉપલબ્ધિ આપણે સુદર્શન જળાશયમાં જોઈ શકીએ છીએ. આપણી સંસ્કૃતિ સરોવરીય સંસ્કૃતિ તરીકે ઓળખાવી શકીએ. જેનો પ્રારંભ ધોળાવીરાના સરોવરથી, સુદર્શનથી તેનો આરંભ થયો ને સહસ્ત્રલિંગ સરોવરમાં

પરાકાષ્ઠાએ પહોંચી. જેનું મહત્વ આજ પર્યંત છે ને રહેશે. મૌર્ય રાજ્યકર્તાઓનો તેમાં પ્રજાકલ્યાણકારી અભિગમ ઉપરાંત સાહિત્યમાં ભાષા, લિપિનો વિકાસ, અભિલેખવિદ્યા, ધર્મ સંબંધિત અહિંસા, સહિષ્ણુતા, પ્રજામાં પૂર્તધર્મનું મહત્ત્વ વગેરે મૌર્યકાલીન દેન ગણાવી શકાય. જેનો પછીના સમયે વિકાસ થયો.

## 5.5 શબ્દાવલી

સમાહર્તા- કર સંગ્રહકર્તા અધિકારી

નાગરિક- નગરનો શાસન અધિકારી

વ્યાવહારિક- મુખ્ય ન્યાયાધીશ

પ્રિયદર્શી- અશોક મૌર્યનું અધિકારી નામ

દેવોનો પ્રિય- અશોકે ધારણ કરેલ રાજકીય ઉપાધિ

ઐતિહાસિકકાળ- જ્યાંથી ઇતિહાસ લેખિત સ્વરૂપે મળે છે ને તેની લિપિ ભાષા ઉકેલાઈ છે.

રાષ્ટ્રીય - રાષ્ટ્રપાલ, પ્રદેશનો મુખ્ય વહીવટી અધિકારી

કુમાર- યુવરાજ

પૌર- ગામ

વાર્તા- ખેતી

બ્રાહ્મી લિપિઃ ઐતિહાસિક ભારતની સૌથી જૂની લિપિ. અશોકના શિલાલેખો આ જ લિપિમાં લખાયા છે.

અર્થશાસ્ત્રઃ ચંદ્રગુપ્તના પ્રધાન, કૌટિલ્ય જેણે ઈ.સ.પૂ. 4-3 સૈકામાં તેણે લખેલું પુસ્તક.

પંચમાર્ક સિક્કાઓઃ ત્રાંબા અને ચાંદીના બનાવેલા સિક્કા જે ઈ.સ.પૂ. છઠ્ઠા-પાંચમાં સૈકામાં વપરાતા સૌથી જૂના સિક્કા

## 5.6 તમારી પ્રગતિ ચકસોના જવાબો

- **તમારી જાતે ચકાસો 'ક' ના જવાબો.**

1. 1-(b), 2-(e), 3-(g), 4-(d), 5-(a), 6-(c), 7-(f), 8-(i), 9-( j), 10-(h)

- **તમારી જાતે ચકાસો 'ખ' ના જવાબો.**

1. (1)-(c), (2)-(a), (3)-(d), (4)-(d), (5)-(c).

## 5.7 સંદર્ભગ્રંથ સૂચિ

1. છો. પરીખ અને હ.ગં. શાસ્ત્રી, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ-2, મૌર્યકાળથી ગુપ્તકાળ, ભો.જે. વિદ્યાભવન,અમદાવાદ.

2. રસેશ સી. જમીનદાર, ક્ષત્રપકાલીન ગુજરાત; ઇતિહાસ અને સંસ્કૃતિ, લાલભાઇ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.
3. અબુઝફર નદવી, ગુજ. અનુ. છોટુભાઇ ર.નાયક, ગુજરાતનો ઇતિહાસ, ભાગ-2, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.
4. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
5. ભોગીલાલ જયચંદ સાંડેસરા, જૈન આગમ સાહિત્યમાં ગુજરાત.
6. A.S. Altekar, A History of Important Ancient Towns and Cities in Gujarat and Kathiawad, Bombay.
7. M.R. Majmudar(Ed.), Historical and Cultural Chronology of Gujarat, Baroda.
8. Jackson, Gazetteer of the Bombay Presidency, Vol.I, Part I, History of Gujarat: Early History, Prepared from notes by Bhagvanlal Indraji, Bombay.(Also useful Vol., 5,8 and 9)
9. R. S. Tripathi, History of Ancient india, 2nd Ed., Varanasi.
10. H. D. Sankalia, Archaeology of Gujarat(including Kathiawar), Bombay.

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીસ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ.સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. ડૉ. અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રીમતી પી. કે. કોટાવાલા આટ્ર્સ કોલેજ, પાટણ |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. જગદિશ ચૌધરી | પ્રિન્સીપાલ, એસ. વી. આટ્ર્સ કોલેજ, અમદાવાદ. |
| ડૉ. અનસુયા ચોથાણી | પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. અશોક વાઘેલા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સરકારી આટ્ર્સ કોલેજ, અમીરગઢ |
| ડૉ. હરેશ પંચાલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, નવજીવન આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ,<br>દાહોદ |
| ડૉ. રમેશ પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, આટ્ર્સ કોલેજ, રાજેન્દ્રનગર |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ. જીતલ રાઠોડ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. જાગૃતિ મહેતા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. દિનેશ ભદ્રેસરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |

**પ્રકાશક**: કુલસચિવ, ડૉ .બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંવર્ધિત આવૃત્તિ-2025**

**ISBN “ 978-93-89909-05-0 ”**

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## વિભાગ : 2 ક્ષત્રપ સમયથી મૈત્રકયુગ સુધી

ગુજરાતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિકયુગ થી ઈ.સ. ૧૩૦૪ સુધી) પેપર-2ના વિભાગ-2 (ક્ષત્રપ સમયથી મૈત્રકયુગ સુધી)માં કુલ ત્રણ એકમોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

એકમ-6 ભારતના અને ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં ક્ષત્રપકાળનું વિશેષ મહત્વ છે. આ એકમમાં ગુજરાતના પશ્ચિમી  ક્ષત્રપોનાં રાજકીય ઇતિહાસની સાથે સાથે આ સમયની ગુજરાતની સંસ્કૃતિ, ધર્મ, સમાજ, કલાઓ વગેરેની માહિતી આપવામાં આવેલી છે.

એકમ-7, 8  ભારત પર અને એમાય ગુજરાતમાં ગુપ્તસત્તા નિર્બળ પડતા ગુજરાતના ભાવનગરના વલભી પ્રદેશમાં કનવાજ વંશનો ઉદય થયો, જે મૈત્રકો તરીકે ઓળખાયા. મૈત્રકો એ વિશાળ સામ્રાજ્ય બનાવ્યું. મૈત્રકવંશની સ્થાપનાથી માંડી તેના શાસકો અને તેમની રાજ્ય વ્યવસ્થા તથા તેમના વિજયોની વિસ્તૃત માહિતી આપવામાં આવેલી છે.

મૈત્રકોના સમયમાં ગુજરાતની પ્રગતિ સોળેકળાએ થઇ હતી, જે આ એકમમાં દર્શાવેલ આ સમયની સામાજિક, આર્થિક, ધાર્મિક વહીવટીતંત્ર વગેરે પાસાઓની વિસ્તૃત માહિતી પરથી જાણી શકાશે.

# એકમ : 06 ક્ષત્રપકાલીન ગુજરાત

:: રૂપરેખા::

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 માહિતીના સ્રોત

6.2.1 સિક્કાઓ

6.2.2 અભિલેખો

6.2.3 ગુફાલેખ

6.2.4 પુરાવશેષો

6.2.5 સાહિત્ય

- તમારી પ્રગતિ ચકાસો

6.3 પશ્ચિમી ક્ષત્રપો

6.3.1 સાતવાહન રાજ્ય સાથેના સંબંધો

6.3.2 રાજકીય સંગઠન

- તમારી જાતે ચકાસો

6.3.3 સાંસ્કૃતિક ઇતિહાસ

6.3.3.1 લલિત સાહિત્ય

6.3.3.2 શિક્ષણ

6.3.3.3 ભાષા અને લિપિ

6.3.3.4 ધર્મ

6.3.3.5 સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર

6.3.4 સામાજિક સ્થિત

6.3.5 આર્થિક સ્થિતિ

6.3.6 પ્રાકૃતિક સ્થળ નામ અને વસાહતો

• તમારી પ્રગતિ ચકાસો

6.4 સારાંશ

6.5 શબ્દાવલી/ચાવીરૂપ શબ્દો

6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

6.7 સંદર્ભગ્રંથો

## 6.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

• ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપોનો ઈતિહાસ જાણવાના સાધનો.

• મૌર્ય સામ્રાજ્ય પછીના પશ્ચિમ ભારતની પ્રથમ ચાર સદી સુધીની રાજકીય સ્થિતિ.

•પશ્ચિમી ક્ષત્રપકાલીન ગુજરાતની સંસ્કૃતિ, ધર્મ, સમાજ, કલાઓ, આર્થિક સ્થિતિ.

## 6.1. પ્રસ્તાવના

અગાઉ તમે મૌર્યકાલીન ગુજરાતમાં મૌર્ય શાસનનો પ્રભાવ વિસ્તાર વિશે જાણ્યું. રાજકીય શાસન પધ્ધતિ, ચંદ્રગુપ્ત મૌર્ય અને અશોકની ધમ્મ નીતિ તથા તેના સૌરાષ્ટ્રના સુબા શાસનથી પણ અવગત થયા.તે સમયના ગુજરાતના સામાજિક-ધાર્મિક અને આર્થિક જીવન વિશે પણ જાણ્યું.તમે એ પણ શીખ્યા કે આ વંશનો અંત ઈ.સ. 180માં પુષ્યમિત્ર શુંગના હાથે આવ્યો. ઇ.સ.પૂર્વ પ્રથમ સદી સુધીમાં કોઈ વિસ્તૃત સામ્રાજ્ય ન રહેતાં વાયવ્ય સરહદેથી વિવિધ પરદેશી પ્રજાઓનું આગમનનો માર્ગ મોકળો બન્યો. જેમાં ઈ.સ.ની પ્રથમ સદીથી પશ્ચિમ ભારતમાં મધ્ય એશિયાની શક પ્રજાએ જે ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપો તરીકે ઓળખાયા છે તેમનું શાસન સ્થપાયું. ભારતના અને ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં ક્ષત્રપકાલનું વિશેષ મહત્ત્વ છે. ક્ષત્રપશાસન ઘણી બધી બાબતોમાં વિશેષતા ધરાવે છે. માત્ર ગુજરાતનું જ નહીં પરંતુ સમગ્ર ભારતવર્ષનું તે સૌ પ્રથમ દીર્ઘશાસિત સ્વતંત્ર રાજ્ય હતું. આ રાજવંશ વિશે આપણે અહીં વધુ વિગતોથી માહિતી મેળવીશું. તે ઉપરાંત તેના ઇતિહાસના સાધનો, ગુજરાતની સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક સ્થિતિ વિશે પણ આ એકમમાં આપણે અભ્યાસ કરીશું.

## 6.2. માહિતીના સ્રોત

### 6.2.1 સિક્કાઓ

ક્ષત્રપ રાજવંશના શાસનકાળ દરમ્યાનના ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ જાણવાના મુખ્ય સ્રોત તેમના સિક્કાઓ છે. પશ્ચિમી ક્ષત્રપ રાજાઓએ પડાવેલા સિક્કાઓ મોટી સંખ્યામાં પ્રાપ્ત થયા છે. અત્યાર સુધીમાં તેમના વીસેક નિધિ(hoards) પ્રાપ્ત થયા છે. ઉપરાંત વિવિધ સ્થળોએથી છૂટાછવાયા ઘણા સિક્કાઓ મળ્યા છે ને મળે છે. જે મોટાભાગના સંગ્રહાલયોમાં કે ખાનગી સંગ્રહોમાં છે. મોટાભાગના સિક્કાઓ ચાંદીના છે. આ રાજાઓના બહોળી સંખ્યામાં પ્રાપ્ત થતા સિક્કાઓ ગુજરાત પ્રદેશમાં બહોળી વસતિ અને વેપાર સૂચવે છે. સિક્કાની બંને બાજુએ ઉપસાવેલાં(embossed) ચિહ્નો, આકૃતિ અને લખાણો તે સમયની રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ઇતિહાસ જાણવામાં ખૂબ ઉપયોગી થયા છે. આ સિક્કાઓની બે વિશિષ્ટતાઓ નજરે પડે છે. (i) સિક્કા પડાવનાર રાજાએ પોતાના નામ હોદ્દા સાથે પિતાના નામ અને હોદ્દા પણ અંકિત કરાવ્યા છે. જે આ રાજાઓની સળંગ વંશાવલી માટે ઉપયોગી છે. અને (ii) સિક્કા નિર્માણનું વર્ષ પણ આપ્યું હોઈ સળંગ સાલવારી જાણવામાં ઇતિહાસકારોને મદદરૂપ બન્યા છે. સિક્કાઓ ક્ષત્રપ અને મહાક્ષત્રપ એમ બે પ્રકારના છે. તથા રાજા શબ્દ વિશેષણ તરીકે બધે જ વપરાયું છે. વિદ્વાનોના મત મુજબ યુવરાજ માટે ક્ષત્રપ અને મહારાજા માટે મહાક્ષત્રપ બિરુદ્દોનો વિનિયોગ ક્ષત્રપ સિક્કાઓની વિશેષતા છે. તેથી કયો રાજા ક્યાં? અને ક્યારે? યુવરાજ કે મહારાજા પદે હતો તે જાણવું સુલભ થાય છે. ક્ષત્રપોના સિક્કાઓને અન્ય વિશેષતામાં યુવરાજ અને મહારાજા બંનેનાં સંયુક્તશાસનનો પણ ખ્યાલ આપે છે.

આ વંશના શાસકોના સિક્કાઓનો સૌથી મોટો નિધિ ગુજરાતના જૂનાગઢના ઉપરકોટ સ્થળેથી 1897માં પ્રાપ્ત થયો હતો. જેમાં 1200 જેટલા સિક્કાઓ હતા. આ નિધિમાં રુદ્રસેન 1લાથી રુદ્રસેન 3જા સુધીના રાજાઓના સિક્કાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત ગોહિલવાડના અમરેલી, સુરત જિલ્લાના કામરેજ, રાજકોટ જિલ્લાના ખામટા,જૂનાગઢ રાજ્ય, સાબરકાંઠાના(હાલ અરવલ્લી જિલ્લો) દેવની મોરી, ખેડા જિલ્લાના દેવા, જૂનાગઢના વસોજ, સનાડિયા, મહારાષ્ટ્રના કરાદ, જોગલથમ્બી(નાસિક જિલ્લો-સૌથી મોટો નિધિ), બાસિમ અને કુંડીનપુર(વર્ધા જિલ્લો), શિરવાલ (પૂણે જિલ્લો), મધ્યપ્રદેશના ભોપાલ પાસે સાંચી, છીંદવાડા, ગોંદરમૌ, આંધ્રપ્રદેશમાં પેટલુરીપલેમ, રાજસ્થાનમાં સર્વાણિયા(વાંસવાડા), સોનેપુર(છીંદવાડા) એમ કુલે વીસેક સ્થળોએથી સિક્કા નિધિ પ્રાપ્ત થયા છે. આમ,

સિક્કાઓ પરથી ક્ષત્રપ શાસકોમાં રુદ્રસિંહ 1લો, જીવદામા, રુદ્રસેન 1લો, પૃથિવિષેણ, સંઘદામા, દામસેન, દામજદશ્રી 2જો, વીરદામા, યશોદામા 1લો, વિજયસેન, દામજદશ્રી 3જો, રુદ્રસેન 2જો, વિશ્વસિંહ, ભર્તૃદામા, વિશ્વસેન, રુદ્રસિંહ 2જો, યશોદામા 2જો, રુદ્રસેન 3જો, સ્વામી સિંહસેન, રુદ્રસિંહ 3જાના નામ જાણી શકાયા છે. તેમના સિક્કા નિધિ વડોદરા, જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, ભુજ, મુંબઈ અને ભોપાલ જેવા જુદા-જુદા સંગ્રહાલયોમાં સંગૃહિત છે.


ચિત્ર-1 ભૂમક


ચિત્ર-2 નહપાન


ચિત્ર-3 ચાષ્ટન


ચિત્ર-4 રુદ્રદામા


ચિત્ર-5 રુદ્રસિંહ-I


ચિત્ર-6 જીવદામા



ચિત્ર-7  રુદ્રસેન-II

### 6.2.2 અભિલેખો

અભિલેખિક સામગ્રીમાં સિક્કાઓ ઉપરાંત શિલાલેખો, અસ્થિપાત્રલેખો, મૃદભાંડલેખો વગેરેનો સમાવેશ થાય છે. ક્ષત્રપ શાસકોના અભિલેખો ખૂબ ઓછી સંખ્યામાં પ્રાપ્ત હોવા છતાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ કાળના 32 જેટલા અભિલેખો અત્યાર


સુધીમાં પ્રાપ્ત થયા છે. ક્ષહરાત ક્ષત્રપવંશના રાજા નહપાનના સમયના તેના સ્નેહી-સંબંધીઓએ કરેલ દાન વિશે આઠ લેખો નાસિક અને પૂણે જિલ્લામાં આવેલી ગુફાઓની દીવાલો પર (ઉષવદાત્તના)(જુઓ ચિત્ર-8) કોતરેલા મળ્યા છે. જેનો મુખ્ય વિષય દાન છે. જેમાં ભૂમિદાન, ગૌદાન, કન્યાદાન, સુવર્ણદાન વગેરેને લગતી માહિતી છે. વળી તેમાં ઉત્કીર્ણ મિતિ નહપાનના શાસન સમય નિર્ધારણ માટે ખૂબ મહત્વની છે. ઉપરાંત તેમાં કેટલાંક તત્કાલિન ધાર્મિક સ્થાનો, વહીવટી વિભાગો, નાણાં ધીરધાર માટેની શરાફી પેઢી વગેરે વિશે માહિતી મળે છે. તેવી જ રીતે કાર્દમક ક્ષત્રપકુળના મહાક્ષત્રપ રુદ્રદામા 1લાના સમયનો ગિરનાર શિલાલેખ અતિ મહત્વનો છે. તેમાં તેના પૂર્તકાર્ય ઉપરાંત સુદર્શન જળાશયના નિર્માણકાર્યનો પૂર્વ ઇતિહાસ સાથે રુદ્રદામાના વિશિષ્ટ વ્યક્તિત્વની સાથે તે કાળની શિક્ષણ પધ્ધતિનો ખ્યાલ આપે છે. આંધૌમાંથી(કચ્છ) પ્રાપ્ત ચાર યષ્ટિલેખો ચાષ્ટન અને રુદ્રદામાના રાજ્ય, તે કાળનાં ગોત્ર, વ્યક્તિનામો વિશે પ્રકાશ પાડે છે. ક્ષત્રપ સમયના અન્ય પ્રાપ્ત શિલાલેખો, મુદ્રાઓ, મુદ્રાંકો તથા મૃદભાંડ ઉપર કોતરેલાં લખાણ પણ વર્ષ, પ્રજાપયોગી જાહેર બાંધકામ, સ્થળો વગેરે જેવી ઉપયોગી માહિતી પૂરી પાડે છે. ભિલોડા તાલુકાના શામળાજી તીર્થ નજીક મેશ્વો નદી કિનારે આવેલા દેવની મોરી ગામની સીમમાં એક ટેકરાનું ઉત્ખનન મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાના ઈતિહાસ અને પુરાવસ્તુવિદ્યા વિભાગના પ્રા. ડૉ. રમણલાલ નાગરજી મહેતાના વડપણ હેઠળ તથા ડૉ. સૂર્યકાંત ચૌધરીની દેખરેખ નીચે 1960ના દાયકામાં થયું. જેમાં એક બૌદ્ધસ્તૂપ અને વિહારના અવશેષો પ્રાપ્ત થયા હતા. ગુજરાતમાં પકવેલી માટીની બૌદ્ધ પ્રતિમાઓ સૌ પ્રથમ અહીંથી જ મળી આવી હતી. જેણે ક્ષત્રપકાલના શિલ્પ-સ્થાપત્ય પર નવો પ્રકાશ પાડ્યો હતો. આમ, શિલ્પકળાની વિશિષ્ટ શૈલી અહીં વિકસેલી જોવા મળી. સ્તૂપના પેટાળમાંથી પ્રાપ્ત શૈલ દાબડા પરનો લેખ સંસ્કૃત પદ્ય અભિલેખોમાં પૂર્વકાલીન માલૂમ પડ્યો છે. (જુઓ ચિત્ર-9) ત્યાંથી પ્રાપ્ત વિશ્વસેનના સિક્કા તથા સ્તૂપના સ્થાપત્ય, શિલ્પોની કલાકારીગરી ઈ.સ. ચોથી સદીના ક્ષત્રપકાલીન હોવાનું વિદ્વાનો માને છે.

ચિત્ર-8 ઉષવદત્તનો નાસિક ગુફાલેખ(નં.10)






ચિત્ર-9A દેવનીમોરીનો સમુદ્દગક(દાબડો)



ચિત્ર-9B દેવની મોરી (દાબડાનો તળિયાનો લેખ)

### 6.2.3 ગુફાલેખ

વાસિષ્ઠીપુત્ર પુળુમાવિનો નાસિક ગુફાલેખ પણ પશ્ચિમી ક્ષત્રપ શાસન પર પ્રકાશ પાડે છે. લેખના ઉલ્લેખ પ્રમાણે ગૌતમીપુત્ર શાતકર્ણિએ પશ્ચિમી ક્ષત્રપ રાજવંશનો અંત લાવ્યો હતો. કણ્હેરી ગુફાલેખ પ્રમાણે મહાક્ષત્રપ રુદ્રદામાએ પોતાની પુત્રી ગૌતમીપુત્ર સિરિ શાતકર્ણિને પરણાવી હતી. આમ, પશ્ચિમી ક્ષત્રપો અને સાતવાહનોના અભિલેખોમાંથી બંને રાજવંશો પ્રતિસ્પર્ધી હતા તથા ક્ષહરાત પશ્ચિમી ક્ષત્રપ રાજવંશનું કુળ અને પિતૃપક્ષના નામોનો ઉપયોગ તેના પરથી જાણી શકાયા છે.

### 6.2.4 પુરાવશેષો

ક્ષત્રપકાલના સ્થાપત્ય અને શિલ્પના કેટલાક અવશેષો ગુજરાતના સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, જૂનાગઢ, સાબરકાંઠામાંથી પ્રાપ્ત થયા છે. જેમાં જૈન અને બૌદ્ધ ધર્મનાં ચૈત્યો, મઠોના નમૂના સૌરાષ્ટ્રના વિસ્તારોમાંથી, દક્ષિણ ગુજરાતમાં ક્ષત્રપકાલીન બૌદ્ધ ગુફાઓ, જૂનાગઢ, સાબરકાંઠામાંથી ચણેલા ઈંટેરી સ્તૂપ, વિહારના અવશેષો, જામનગરના જામખંભાળિયા પાસેના સ્થળેથી મળેલ માનવાકૃતિ, મથુરાથી પ્રાપ્ત ચાષ્ટનનું માથા વગરનું ખંડિત બાવલું વગેરે ક્ષત્રપકાલીન વિકસિત શિલ્પ-સ્થાપત્યના કલાના સુંદર નમૂના છે. રાજ્યના વિભિન્ન સ્થળોએ ઉત્ખનનથી પ્રાપ્ત પુરાવશેષોમાં રેખાંકિત મુદ્રાઓ, માટી વગેરેમાંથી બનાવેલા મણકા, પકવેલી માટીમાંથી નિર્મિત પ્રાણીઓ, સ્ત્રીઓની પૂતળીઓ, શંખ-છીપલાં-હાથીદાંત-હાડકાંના ઘરેણાં, લોખંડના ઓજારો, માટીનાં વાસણો, પકવેલી ઈંટો વગેરે એ કાળના મૃદભાંડોના અવશેષ હજુ પણ મળતાં રહે છે. લાલ રંગનાં અને ચમકદાર સપાટીવાળા માટીનાં વાસણો એ ક્ષત્રપકાલીન વિશેષતા છતી કરે છે. આમ,

ઉપરોક્ત પુરાવશેષીય સામગ્રી ક્ષત્રપકાલીન ગુજરાતના માનવજીવન અને સાંસ્કૃતિક જીવનનાં વિવિધ પાસાંને સમજવા ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

### 6.2.5 સાહિત્ય

ક્ષત્રપકાલીન પુરાવસ્તુકીય અને અભિલેખિક સ્રોતની તુલનામાં સાહિત્ય સામગ્રી અલ્પ પ્રમાણમાં પ્રાપ્ત થઈ છે. વળી, જે મળે છે તેને પણ ક્ષત્રપકાલીન ગણવામાં મુશ્કેલીઓ નડી છે. ખાસ કરીને જૈનધર્મ અને તેમના સૂરીઓએ નોંધપાત્ર ફાળો આપ્યો છે. જોકે જૈનધર્મ તથા દર્શન સાહિત્યના ઘણા લેખકો ક્ષત્રપકાલીન હતા. પરંતુ તેમની કૃતિઓ ક્યાં અને ક્યારે રચાઈ તે અનિર્ણિત છે. તેમ છતાં ક્ષત્રપોના રાજ્ય અમલ સાથે સંબંધ ધરાવતી કૃતિઓમાં નાગાર્જુનસૂરિના અધ્યક્ષ સ્થાને વલભીમાં યોજાયેલી જૈન પરિષદમાં 'વાલભી વાચના' નામે જૈન આગમોને લગતી કૃતિ તથા વલભીના મલ્લવાદીનો ગ્રંથ 'દ્વાદશારનયચક્ર' મુખ્ય છે. સિદ્ધસેન દિવાકરરચિત 'સન્મતિપ્રકરણ', 'બત્રીસીઓ' અને 'ન્યાયાવતાર' ગ્રંથો ક્ષત્રપકાલના છે. ક્ષત્રપશાસનના ઉત્તરાર્ધમાં જૈન વાઙ્મયમાં જાણીતા મહાકાયગ્રંથ 'અંગવિજ્જા પઈણ્ણ્ય' (અજ્ઞાત લેખક) રચાયો. બ્રાહ્મણ વિદ્વાન દુર્ગાચાર્ય રચિત 'દુર્ગવૃત્તિ' આ કાલમાં ગુજરાતમાં રચાયેલી મનાય છે. આમ, ઉપરોક્ત સાહિત્યમાંથી ક્ષત્રપકાલીન ગુજરાતની સંસ્કૃતિ જાણવામાં મદદરૂપ છે. ઉપરાંત મૈત્રકકાલથી સલ્તનતકાલ દરમ્યાન રચિત કેટલીક અનુકાલીન સાહિત્યિક કૃતિઓમાંથી પણ ગુજરાતના ક્ષત્રપકાલના સાંસ્કૃતિક ઈતિહાસ માટે ઉપયોગી છે. જેમાં મૈત્રકકાલીન સંઘદાસ ગણિવાચકની 'વસુદેવહિંદી', સોલંકીકાલમાં પ્રભાચંદ્રાચાર્યકૃત 'પ્રભાવકચરિત', સલ્તનતશાસન સમયની મેરુતુંગાચાર્યકૃત 'પ્રબંધચિંતામણિ', જિનપ્રભસૂરિરચિત 'વિવિધતીર્થકલ્પ' મુખ્ય ગણી શકાય. વિદેશી સાહિત્યમાંથી પણ ક્ષત્રપકાલીન ગુજરાત વિશે માહિતી સાંપડે છે. જેમાં અજ્ઞાત ગ્રીક પ્રવાસી લેખકનો ગ્રંથ 'ઈરિથ્રિયન પેરિપ્લસ' અને મિસરના ગ્રીક વિજ્ઞાની ક્લોડિયસ તોલમાયે(તોલેમી)નું 'ભૂગોળનું વર્ણન' મુખ્ય છે. આમ, ઉપરોક્ત વિવિધ સ્રોતમાંથી ક્ષત્રપ સમયના ગુજરાતનો ઇતિહાસ સૂપેરે જાણવા મળે છે.

### (ક) તમારી પ્રગતિ ચકાસો

1. સાચા વિધાનની સામે √ નિશાન અને ખોટા વિધાનની સામે X નિશાન કરો.
   (1) શક-ક્ષત્રપો મધ્ય એશિયાના વતની હતા. (   )
   (2) ક્ષત્રપ રાજાઓના બહોળી સંખ્યામાં પ્રાપ્ત સિક્કાઓ તેમના નબળા શાસનને દર્શાવે છે. (   )

(3) દેવની મોરીથી જૈન શૈલાશ્રય મળ્યા છે. જેમાં મહાવીર સ્વામીની પ્રતિમાઓ મુખ્ય છે. ( )

(4) ગિરનાર શિલાલેખમાં ક્ષત્રપ રાજા રુદ્રદામાનો લેખ છે, જે તેની પ્રશસ્તિ સ્વરૂપે છે. ( )

(5) પશ્ચિમી ક્ષત્રપ રાજાઓમાં સૌથી નોંધપાત્ર રાજા જીવદામા હતો. ( )

2. ક્ષત્રપકાલીન ઇતિહાસ જાણવાના વિવિધ સાધનો વિશે પાંચ વાક્ય લખો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 6.3 પશ્ચિમી ક્ષત્રપો


શકો સિથિયનો(Scythions) તરીકે પણ ઓળખાય છે. કેટલીક વાર શકો સાથે પહલવ(પાર્થિયનો)નો ઉલ્લેખ સાથે શક-પહલવ જોવા મળે છે ને બંને જાતિઓના રાજાઓના નામમાં સામ્ય હોવાથી તેમને ઓળખવામાં મુશ્કેલી અનુભવાય છે. ઉત્તર-પશ્ચિમ ભારતના ખાસ પ્રદેશો સાથે સંલગ્ન 'શકો' તરીકે ઓળખાય છે. આ શકો અનુ-મૌર્ય કાલ દરમ્યાન ઈરાનથી જુદા-જુદા સમયે વાયવ્ય ભારત, સિંધ અને સૌરાષ્ટ્રમાં આવી સત્તા સ્થાપી. સિંધમાં તેઓએ 'હિંદનું શકસ્થાન' વસવેલું તથા તેની રાજધાની મિનનગર હતું. તેમની જુદી-જુદી શાખાઓએ અફઘાનિસ્તાન, પંજાબ, મથુરા, મધ્ય અને પશ્ચિમ ભારતમાં વસી ઇ.સ. ચોથી સદી સુધી શાસન કર્યું. શકો મધ્ય એશિયાની બર્બર જાતિમાંના હતા પરંતુ ત્યાં રાજકીય ઉથલપાથલ તથા યુહ-ચીએ તેમને બેક્ટ્રિયાની સરહદથી હટાવતાં તેઓ પણ ગ્રીકો(યવનો) પાછળ ભારત પહોંચ્યા અને ધીરે-ધીરે ઉત્તર-પશ્ચિમ ભારતમાં ગ્રીકોને ખસેડી પોતાનું શાસન સ્થાપ્યું. તેમના ઉલ્લેખો ગ્રીક-રોમન, ચીનના પ્રારંભિક અહેવાલોમાં મળે છે. પુરાતત્વીય અને સિક્કાઓ તેમાં ઉપયોગી છે. આમ, ઉત્તર-પશ્ચિમ ભારતમાં શકોનો પ્રવેશ ઈ.સ. પૂર્વ બીજી સદીથી ઈ.સ.ની પ્રથમ સદી સુધી મનાય છે.

પશ્ચિમ ભારતમાં શક રાજાઓએ શાસન સ્થાપ્યું. તેઓ પોતાને 'ક્ષત્રપ' કે 'મહાક્ષત્રપ' તરીકે ઓળખાવતા. તે 'પશ્ચિમી ક્ષત્રપો' તરીકે જાણીતા છે. ક્ષત્રપ એ


સંસ્કૃત શબ્દ મૂળે ઈરાની ભાષાના શબ્દ 'સથ્રપાવન'નું અપભ્રંશ છે. જેનો અર્થ પૃથ્વીપાલ થાય છે. આ રાજાઓના બહોળી સંખ્યામાં પ્રાપ્ત સિક્કા તથા થોડાક અભિલેખ પરથી તેમના અનેક કુલ સત્તાએ આવ્યા તેવું માલુમ પડે છે. જેમાં મુખ્ય છ કુલનો અત્રે ઉલ્લેખ કરીશું. (i) ક્ષહરાત કુલઃ આ તેમનું પહેલું રાજકુલ હતું. તેમાં બે રાજા ભૂમક અને નહપાન થયા. શૈલલેખો અને સિક્કાલેખોમાં તેમને ક્ષહરાત ક્ષત્રપ અને રાજા ક્ષહરાત કહ્યા છે. ભૂમકના પ્રાપ્ત માત્ર તાંબાના ગોળ સિક્કા અને અલ્પ માત્રા પરથી તેણે દસેક વર્ષ રાજ્ય કર્યું લાગે છે. સંભાવતઃ ઈ.સ. 23-32 કે 32-38. નહપાનના ચાંદી તથા તાંબાના ગોળ સિક્કા તથા નાસિક અને પૂણેની બૌદ્ધ ગુફાઓમાં ઉત્કીર્ણ દાન લેખ, જૈન સાહિત્યમાં તે સાતવાહન સમકાલીન હતો અને તેની પ્રાપ્ત મિતિઓ સાથે શક સંવત સાથેના તુલનાત્મક અભ્યાસથી તેનો રાજ્યકાલ ઈ.સ. 78-79 હશે તથા તેણે 46 વર્ષ રાજ્ય કર્યું. નાસિકના જોગલથમ્બીથી પ્રાપ્ત 14-15 હજારના સિક્કા નિધિને આધારે પાછળના સમયે સાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણિએ નહપાનનું રાજ્ય પડાવી લીધું હતું. નહપાનની રાજધાની ભૃગુકચ્છ(ભરુચ) હતી. આમ, નહપાનનો રાજ્ય વિસ્તાર ઉત્તરે અજમેર, દક્ષિણ ગુજરાત, કોંકણ, નાસિક, પૂણે, પશ્ચિમમાં સુરાષ્ટ્ર, પૂર્વે માળવા હતો. (ii) કાર્દમક ચાષ્ટન કુલઃ ગુજરાતના શક શાસકોમાં ક્ષહરાત કુલ પછી કાર્દમક ચાષ્ટનકુલમાં 20 જેટલા રાજાઓ થયા. જેમણે 300 વર્ષ શાસન કર્યું હતું. આ કુલનો સ્થાપક ચાષ્ટન હતો. તેણે ઈ.સ. 78 થી 130 શાસન કર્યું. તેના આંધૌ(કચ્છ)ના યષ્ટીલેખો તથા તોલેમીની ભૂગોળના ઉલ્લેખ મુજબ તેની શરૂઆતની રાજધાની આંધૌ અને પછીથી ઉજ્જન હોવા સંભવ છે. ક્ષહરાત નહપાને ગુમાવેલા કેટલાક પ્રદેશો ચાષ્ટન-રુદ્રદામાના સંયુક્ત શાસને પાછા મેળવી લીધા હતા. આ વંશનો બીજો નોંધપાત્ર રાજા રુદ્રદામા હતો. તે ચાષ્ટન પુત્ર જયદામાનો પુત્ર હતો. પિતાના ક્ષત્રપાવસ્થામાં મૃત્યુ પછી તે ક્ષત્રપ પદે ઈ.સ.130માં આવ્યો. તે પશ્ચિમી ક્ષત્રપ રાજાઓમાં સૌથી વધુ પ્રતાપી હતો ને તેણે ઈ.સ. 178 સુધી શાસન કરી પચાસ વર્ષ સત્તા ભોગવી. તેના જૂનાગઢના શૈલલેખ મુજબ રાજ્યની સીમાઓ પૂર્વમાં આકર, પશ્ચિમે અવંતિ, અનૂપ, નિવૃત્ત(નિમાડ), આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરુ, કચ્છ, સિંધ, સૌવીર, કુકુર, અપરાંત અને નિષાદ સુધી હતી. શૈલલેખની તેના વિશેની પ્રશસ્તિ મુજબ તે મહાન પ્રતાપી અને પરાક્રમી હતો. માળવા, સિંધ અને કોંકણ તેણે જીતી લીધાં હતાં. આંધ્રના સાતવાહન રાજા શાતકર્ણિને બે વાર હરાવી છોડી મૂક્યો હતો. તેણે પંજાબ, રાજસ્થાન અને ઉજ્જનના પ્રદેશો જીત્યા તથા બળવાન યોદ્ધાઓને હરાવી ઉખેડી નાંખી મહાક્ષત્રપનું બિરુદ ધારણ કર્યું. તેનું વ્યક્તિત્વ ધર્માભિમુખ, લોકકલ્યાણકારી, શત્રુ પ્રત્યે ઉદાર, વિદ્વાન, આદર્શ અને વહીવટી કુશાગ્રતા ધરાવતો હતો. તેની

રાજધાની ઉજ્જનમાં હતી તથા ગુજરાત પ્રાંતનો સૂબો સુવિશાખ હતો. રુદ્રદામાને દામજદશ્રી અને રુદ્રસિંહ બે પુત્રો હતા. તેમાં રુદ્રસિંહ 1લાના સમયથી સિક્કાઓ ઉપર વર્ષનિર્દેશક સંખ્યા આપવાની શરૂઆત  થઈ. જે વિશિષ્ટતા ગણી શકાય. ઉપરાંત ચાર શિલાલેખો સમયનિર્દેશવાળા પણ મળ્યા છે. વર્ષ અંકનમાં જેમ તે સૌ-પ્રથમ છે તેમ પૂર્ણ ભારતીય નામ અપનાવવામાં તે પ્રથમ ક્ષત્રપ રાજવી છે. રુદ્રસિંહને રુદ્રસેન 1લો, સંઘદામા અને દામસેન ત્રણ પુત્રો હતા. તેમ છતાં ઉત્તરાધિકારના નિયમ પ્રમાણે રુદ્રસિંહનો ઉત્તરાધિકારી તેના અનુજ દામજદશ્રીના પુત્ર જીવદામાને પ્રાપ્ત થયો હતો. જે સીધો જ મહાક્ષત્રપ પદે આવ્યો. તેનું શાસન ટૂંકું રહ્યું. રુદ્રસેન 1લાએ(રુદ્રસિંહ 1લાનો મોટો પુત્ર) 22 વર્ષ ઈ.સ. 200 થી 222 સુધી શાસન કર્યું. ત્યાર પછીનાં વર્ષોમાં પૃથિવિશેણ, સંઘદામા દામસેન, યશોદામા 1લો, વિજયસેન, દામજદશ્રી 3જો, રુદ્રસેન 2જો, વિશ્વસિંહ, ભર્તુદામા, વિશ્વસેન આ કુળના ક્ષત્રપ-મહાક્ષત્રપ થયા. ભર્તુદામા પછી ચાષ્ટનકુળની રાજ્યસત્તા પતન તરફ ઢળી ને શક વર્ષ 226થી ક્ષત્રપ-મહાક્ષત્રપ એવા સંયુક્ત પ્રશાંસનિક વ્યવસ્થાનો પણ અંત આવ્યો.(iii)ત્રીજું ક્ષત્રપકુલ: ત્રીજા કુલના રાજા જીવદામાના ચાષ્ટનવંશના છેલ્લા રાજા વિશ્વસેન વચ્ચે પૈતૃક સંબંધ અંગે પ્રશ્ન સર્જાય છે. એટલે આ ત્રીજા કુળના નામકરણ વિશે જાણી શકાયું નથી. તેમ છતાં આ કુળમાં સ્વામી જીવાદામા જ્ઞાત પડે છે. બીજો રાજા રુદ્રસિંહ 2જો અને યશોદામા 2જો માલૂમ પડે છે. આ ત્રણેય રાજાઓના સિક્કાઓમાં ક્ષત્રપ કે મહાક્ષત્રપને સ્થાને સ્વામી અને ક્ષત્રપપદ શબ્દો મળે છે. યશોદામાના અઢારેક વર્ષ શાસન બાદ ત્રીજા ક્ષત્રપકુલનો અંત આવ્યો. (iv)ચોથું ક્ષત્રપકુલ: આ કુલથી પશ્ચિમી ક્ષત્રપ રાજાઓ નામની આગળ સ્વામી વિશેષણ વાપરે છે. સ્વામી રુદ્રદામા 2જો આ કુળનો સ્થાપક છે. જે તેના પુત્ર રુદ્રસેનના સિક્કા પરથી જાણી શકાયું છે. કેમ કે તેનો એકપણ સિક્કો પ્રાપ્ત થયો નથી. ચાષ્ટન મહાક્ષત્રપ ભર્તુદામા પછી લાંબા સમયે ભર્તુદામા પોતાને માટે મહાક્ષત્રપપદનો પ્રયોગ કર્યો છે. ત્યાર પછી સ્વામી રુદ્રસેન 3જો ગાદીએ આવ્યો. જેણે શક વર્ષ 270 થી 302 સુધીમાં 32 વર્ષ શાસન કર્યું. જે ક્ષત્રપ વંશનો છેલ્લો પ્રતાપી રાજા જણાય છે.(v)પાંચમું ક્ષત્રપકુલ: આ કુળમાં સ્વામી રુદ્રદામા 2જો અને સ્વામી રુદ્રસેન 4થો થયા. શાક વર્ષ 302 થી 306 અને 306 થી 310 અનુક્રમે શાસક બન્યા હતા.(vi) છઠ્ઠું ક્ષત્રપકુળ: ચાષ્ટન, રુદ્રસિંહ 2જો, રુદ્રસેન 3જાના પિતાશ્રીઓની માહિતી તેમના સિક્કાઓ પરથી મળી છે તેમ છઠ્ઠા ક્ષત્રપકુળના પ્રથમ રાજા સ્વામી સત્યસિંહની માહિતી તેના પુત્ર રુદ્રસિંહ 3જાના સિક્કા પરથી મળે છે. તેનો પુત્ર સ્વામી રુદ્રસિંહ 3જો પશ્ચિમી ક્ષત્રપોમાં છેલ્લો જ્ઞાત રાજા છે. આમ, શક વર્ષ 337 અર્થાત્ ઈ.સ. 415થી

ગુજરાતમાંથી ક્ષત્રપ શાસનનો અંત આવે છે ને કુમારગુપ્ત પહેલાની સત્તા સ્થપાઈ.




નકશો-1




નકશો-2

### 6.3.1 સાતવાહન રાજ્ય સાથેના સંબંધો

અનુ-મૌર્યકાળમાં પશ્ચિમ ભારતમાં બે મુખ્ય રાજવંશોમાં ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપો અને આંધ્રના સાતવાહન રાજાઓ. બંને સમકાલીન અને દીર્ઘકાલીન સત્તા ભોગવતાં હતાં. બંને વચ્ચે રાજકીય વિસ્તાર સંદર્ભે સ્નેહ-સંબંધ અને શત્રુતા નિભાવતાં રહ્યાં. પ્રાપ્ત સાધનો મુજબ સાતવાહન રાજાએ ક્ષહરાત રાજા નહપાનને હરાવ્યો હતો. નાસિકના જોગમથમ્બીના વિખ્યાત સિક્કા નિધિ પરથી નહપાનના સિક્કાઓ ઉપર સાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણિએ પોતાની છાપ ઉપસાવેલી

છે. તેની વિપરિત શાતકર્ણિના તાંબાના સિક્કાઓ પર ચાષ્ટને પોતાની છાપ ઉપસાવી હતી ને ગિરનાર શૈલલેખ પ્રમાણે રુદ્રદામાએ દખ્ખણના શાતકર્ણિને બે વાર હરાવી સંબંધી હોવાને કારણે છોડી મૂક્યો હતો. જે એક-બીજા પરની ચડાઈ, યુદ્ધ અને પ્રદેશ વિસ્તાર અધિકાર સૂચવે છે. વળી, કણ્હેરી ગુફાલેખ મુજબ ગૌતમીપુત્ર શાતકર્ણિની પત્ની રુદ્રદામાની પુત્રી હતી. આમ, બંને રાજવંશના અભિલેખ પરસ્પરના પ્રાપ્ત કરેલા પ્રદેશોનો નિર્દેશ કરે છે. ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપો અને સાતવાહનો સમકાલીન, પ્રતિસ્પર્ધી અને લગ્નસંબંધોથી જોડાયેલા હતા અને પરસ્પર રાજકીય સાથે સાંસ્કૃતિક અસરો પાડી હતી.

### 6.3.2 રાજકીય સંગઠન

ભારતના પશ્ચિમ ભાગે વિશાળ ભૂ-ભાગમાં ક્ષત્રપોનું રાજ્ય ફેલાયેલુ હતું. તેથી તેનો વહીવટ સંગીન પાયા પર રચાયો હતો. આ ક્ષત્રપ રાજ્ય સ્વતંત્ર રાજ્ય હતું. રાજ્યનો સર્વોચ્ચ વહીવટીવડા કે શાસક તરીકે રાજા મહાક્ષત્રપ કે રાજા ક્ષત્રપ હતો. પ્રારંભિક બે કુળોમાં મહાક્ષત્રપને યુવરાજ(ક્ષત્રપ) શાસનમાં મદદ કરતો. ક્ષત્રપ તરીકે નિમાયેલો યુવરાજ મહાક્ષત્રપના અવસાન પછી મહાક્ષત્રપનો હક્ક પ્રાપ્ત કરતો. બંને રાજાપદ ધારણ કરી બંને પોતાના નામે સિક્કા પાડવાની અને અભિલેખ કોતરાવવાની છૂટ રહેતી. આથી જ એક જ સમયના એક જ સિક્કાની આગળ-પાછળ ક્ષત્રપ-મહાક્ષત્રપ છપાતું. જે સંયુક્ત શાસનનું દ્યોતક છે. રાજપદ વંશાનુગત હતું. રાજા મહાક્ષત્રપ કહેવાતો હતો. સામાન્યતઃ રાજાના અનુજને ગાદી મળતી. પણ અનુજના અભાવે તે અધિકાર સીધો જ જ્યેષ્ઠ પુત્રને પ્રાપ્ત થતો. ક્યારેક રાજા ક્ષત્રપ પોતાની સ્વેચ્છાએ કે પ્રજા ઈચ્છાએ એ અધિકાર મેળવતો. રાજા બિરુદ યુવરાજ અને મહારાજ બંને માટે વપરાતું હતું. સ્વામી અને ભદ્રમુખ બિરુદો પણ જાણવા મળ્યાં છે. ઉપરાંત રુદ્રદામાના શૈલલેખ પ્રમાણે રાજામાં જરૂરી ગુણો આવશ્યક ગણાતા હતા. જેમાં આકર્ષક વ્યક્તિત્વ, સાહિત્ય અને વિદ્યાઓમાં નિપૂણ, સર્વ વર્ણ-વર્ગનો પ્રિય વગેરે ગુણો તે ધરાવતો હોવો જોઈએ. પ્રજાનું પાલન અને રક્ષણ તેનો મુખ્ય રાજધર્મ ગણાતો. વિશાળ રાજ્યની આંતરિક સુરક્ષા ને શાંતિ માટે તથા સુદ્રઢ વહીવટ માટે યોગ્ય અધિકારીઓની નિમણૂંક તે કરતો.

જૂનાગઢના શૈલલેખમાં સચિવો અને અમાત્યના ઉલ્લેખ પરથી સૌરાષ્ટ્ર જેવા મોટા પ્રાંતોમાં અમાત્ય અધિકારી તરીકે હતા. અયમ અને સુવિશાખ નામે બે અધિકારીઓનાં નામ અનુક્રમે જુન્નર ગુફાલેખ અને ગિરનાર શૈલલેખ પરથી જાણવા મળ્યાં છે.જે મહારાજાને વહીવટમાં મદદ કરતા. અમાત્યો દેશી-વિદેશી બંને જાતિમાંથી નિમાતા. અમાત્યોમાંથી કેટલાકને સચિવ તરીકે કામગીરી સોંપાતી જે બે પ્રકારના રહેતા. (i) મતિસચિવ(રાજાનો સલાહકાર) અને (ii) કર્મસચિવ(વહીવટદાર). સચિવો રાજાના કોઈ મહત્ત્વના કાર્યમાં તરફેણ કે

વિરુદ્ધમાં અભિપ્રાય આપી શકતા. આનર્ત-સૌરાષ્ટ્રના પ્રદેશ વહીવટની જેમ રાજ્યના વિશાળ અન્ય પ્રદેશોમાં કાર્યદક્ષ અને નિપૂણ અમાત્યો-સચિવો નિમાતા હશે. રાજ્ય અનેક વિષયો(પ્રદેશો)માં વહેંચાયેલું હતું. અભિલેખો મુજબ રાજયમાં રાષ્ટ્ર અને આહાર નામે મોટા વહીવટી વિભાગો હતા. રાષ્ટ્રને અત્યારના પ્રાંત સાથે સરખાવી શકાય. જેનો વહીવટી અધિકારી અમાત્ય હતો. સુવિશાખ તેનું દ્રષ્ટાંત છે. આકર-અવંતિનો પ્રદેશ રાજધાનીનો હોઈ કેન્દ્રના સીધા અંકુશ નીચે હતો. આહાર જિલ્લા જેવું હશે. આહાર નાના એકમોમાં ગ્રામ કે નગરમાં વિભક્ત હશે. જેનો સીધો ઉલ્લેખ મળતો નથી.

પશ્ચિમ ક્ષત્રપોના વિશાળ સંખ્યામાં પ્રાપ્ત સિક્કાઓ તાંબા, ચાંદી, પોટન, સીસા અને મિશ્રધાતુના ગોળ અને ચોરસ છે. ચાંદીના સિક્કાને ‘કાર્ષાપણ’ કહેતા. સોનાનો સિક્કો ‘સુવર્ણ’ કહેવાતો ને 35 કાર્ષાપણ=1 સુવર્ણ ગણાતો. પશ્ચિમી ક્ષત્રપવંશના પ્રત્યેક રાજાના ચાંદીના સિક્કા મળ્યા છે. જે ભારતીય-યવન રાજાઓના અર્ધદમ્મ જેટલુ જ વજન અને 0.5’’ થી 0.7’’ જેટલો વ્યાસ ધરાવે છે. આ રાજાઓએ સિક્કાઓમાં કેટલીક બાબતે પહેલ કરી હતી. જેમકે નહપાને સિક્કા પર મુખાકૃતિ, ચાષ્ટને પર્વતાદી પ્રતીકો અને હોદ્દા સાથે પિતાનું નામ, યશોદામાએ માત્ર બ્રાહ્મીમાં જ લખાણ અંકિત કરવાનો અને રુદ્રસિંહ 1લાએ સિક્કા પર વર્ષ આપવાનો સૌ-પ્રથમ પ્રારંભ કર્યો હતો. પશ્ચિમી ક્ષત્રપોના સિક્કા પર ગ્રીક-રોમ લિપિમાં લખાણ છે જે ગ્રીક અને ભારતીય અસર સ્પષ્ટ જોઈ શકાય છે. એ ગ્રીક લખાણ ઉકેલવામાં અંગ્રેજ વિદ્વાન એડવર્ડ જેમ્સ રેપ્સન અને એચ.આર.સ્કોટનને સફળતા મળી હતી. વિદ્વાનોના મત મુજબ ટંકશાળા જૂનાગઢમાં હતી. આમ, ક્ષત્રપ શાસકોના સિક્કા અભિનવ, વિશિષ્ટ, લાક્ષણિક અને સીમાચિહ્નરૂપ છે.

**(ખ)તમારીપ્રગતિચકાસો**

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

1. ખાલી જગ્યા પૂરો.
   1. પશ્ચિમી ક્ષત્રપનું પહેલું રાજકુલ _____________હતું.
   2. કાર્દમક કુલનો સ્થાપક_____________ હતો.
   3. ક્ષત્રપોના વિખ્યાત સિક્કાનિધિ માટે જાણીતું જોગલથમ્બી____________પાસે આવેલું છે.
   4. ક્ષત્રપ મહારાજા માટે ______બિરુદ અને યુવરાજ માટે __________ બિરુદ વપરાતું હતું.
   5. ____________ ક્ષત્રપકાલીન વહીવટી તંત્રનો સર્વોચ્ચ વડો હતો.
2. ગુજરાતના પશ્ચિમી ક્ષત્રપોના વહીવટીતંત્ર વિશે પાંચ વાક્યો લખો.

3. ક્ષત્રપ રાજકુલ વિશે સંક્ષિપ્તમાં જણાવો.

4. ક્ષત્રપ-સાતવાહન સંબંધો કેવા હતા?

**6.3.3 સાંસ્કૃતિક ઇતિહાસ**

**6.3.3.1 લલિત સાહિત્ય**

લલિત સાહિત્ય ગ્રંથો ઉપલબ્ધ નથી પરંતુ ગિરનાર શૈલલેખ અને દેવની મોરીના અભિલેખોમાંથી લલિત સાહિત્ય વિશે જાણવા મળે છે. રુદ્રદામાના ગિરનાર લેખનો કવિ અજ્ઞાત છે તેમ છતાં લખાણ પરથી તે ઊંચી કોટિનો કવિ હોવો જોઈએ. આ લેખની શુદ્ધ સંસ્કૃત ગદ્ય શૈલીને બ્યૂહલર પૂર્વકાલીન આલંકારિક નમૂનો માને છે. તે પરથી ગુજરાતની લોકભાષા સંસ્કૃતને પ્રજા સંસ્કૃતની જાણકાર હતી. તે પૂરવાર થાય છે. દેવની મોરીના અસ્થિપાત્ર લેખ સાદી સંસ્કૃત પદ્યરચનામાં છે. જૈન સાહિત્યને મથુરા અને વલભીમાં અકાળે ગ્રંથસ્થ કરવાના પ્રયત્નો થયા હતા. જેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે.જેનો નિર્માણ અવધિ વીરનિર્વાણના 827 ઈ.સ. 300 કે 313 નિશ્ચિત છે. બૌદ્ધ વિદ્વાનો સ્થિરમતી અને ગુણમતિ વલભી પાસેના વિહારમાં રહી વિવિધ ગ્રંથો ઉપર ટીકાગ્રંથ લખ્યા હતા. સ્થિરમતિએ ગુરુ અસંગ અને ગુણમતિએ ગુરુ આચાર્ય વસુબંધુના વૈજ્ઞાનિક વિચારોનો પ્રચાર ગુજરાતમાં કર્યો હશે તેમ મનાય છે. ઈ.સ. પ્રથમ-બીજી સદીમાં રચાયેલ અંગ-ફલાદેશ પરનો અજ્ઞાત લેખકનું મહારાષ્ટ્રીયન પ્રાકૃત ગદ્ય-પદ્યમાં રચિત અંગવિજ્જા પઈણ્ણય નોંધપાત્ર છે. નાગાર્જુનના ગુરુ પાદલિપ્તાચાર્યનો પ્રાકૃત તરંગવતી(ધર્મકથા, જે પ્રાપ્ત નથી), જ્યોતિષ્કરંડની આગમગ્રંથ પરની વૃત્તિ, નિર્વાણકલિકા ગ્રંથ(દીક્ષા-પ્રતિષ્ઠાવિધિ અંગે) વગેરે પ્રથમ સદીમાં મૂકી શકાય. નહપાનના સમકાલીન ને

ભરૂકચ્છના નિવાસી પ્રસિદ્ધ કવિ  આચાર્ય વજ્રભૂતિ(વ્યવહારસૂત્ર સંદર્ભે), જંબુસરના વતની આચાર્ય યાસ્કના નિરૂક્ત પર ટીકા આપનાર દુર્ગાચાર્ય વિશે થોડી માહિતી મળે છે.

### 6.3.3.2 શિક્ષણ

રુદ્રદામાનો શૈલલેખ એ કાળની શિક્ષણ વ્યવસ્થા ઉપર પ્રકાશ પાડે છે. જેમાં શબ્દ, અર્થ, ગાંધર્વ, ન્યાય, યુદ્ધ જેવી વિદ્યાઓ અને શિક્ષણપદ્ધતિના ચાર તબક્કાઓ પારણ, ધારણ, વિજ્ઞાન અને પ્રયોગ દ્વારા શિક્ષણકાર્ય થતું હતું. પાણિનીનું અષ્ટાધ્યાયી, પતંજલિનું મહાભાષ્ય, ભર્તુહરિના વાક્યપદીય, કૌટિલ્યના અર્થશાસ્ત્ર, ભારતના નાટ્યશાસ્ત્ર એ વિવિધ વિદ્યાઓ કાજે તથા દર્શનશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન માટે સિદ્ધસેનકૃત સન્મતિપ્રકરણ, ન્યાયાવતર તથા મલ્લવાદીના દ્વાદશારનયચક્રનો ઉપયોગ થતો હશે એવું અનુમાન છે. વલભી સમગ્ર દેશ માટે જૈન આગમવિદ્યાના શિક્ષણનું અને બૌધ્ધવિદ્યાનાં શિક્ષણ-સંશોધનનું  મુખ્ય કેન્દ્ર હતું. ભરુચમાં બૌદ્ધ-જૈન વિદ્વાનો વચ્ચે સંવિવાદ થતાં હતા. દેવની મોરી, જૂનાગઢ, ઈંટવા, તળાજા, ઢાંક વગેરે શિક્ષણનાં નાના કેન્દ્રો હતાં. શિક્ષણનું માધ્યમ આગળ જોઈ ગયા તેમ સંસ્કૃત હોવા સંભવ છે.

### 6.3.3.3 ભાષા અને લિપિ

ક્ષત્રપકાલીન લખાણોમાં અભિલેખો ખાસ મહત્ત્વના છે. જેની ભાષા સંસ્કૃત તે પણ સાદી ને સરળ લોકભોગ્ય. તેમ છતાં મહાક્ષત્રપ રુદ્રદામાનો જૂનાગઢ શૈલલેખ ઉચ્ચ કાવ્યમય ગદ્યશૈલીમાં તથા દેવની મોરીના અસ્થિપાત્ર લેખ સાદી સંસ્કૃત પદ્યરચના ધરાવે છે. તેનું ધાર્મિક લખાણ પાલિ ભાષામાં છે. સિક્કાઓ પર પ્રાકૃતભાષામાં મળે છે. ક્ષત્રપકાલમાં ગુજરાતમાં ખરોષ્ઠી અને ગ્રીક લિપિ લુપ્ત થઈ, બ્રાહ્મી લિપિનો વિકાસ થયો. મૌર્યકાલીન બ્રાહ્મી ચોરસ આકાર તથા શિરોરેખા વિનાની હતી. જે ક્ષત્રપકાલમાં બ્રાહ્મી અક્ષરોએ લાંબાને વળાંકવાળા મરોડ ધરાવતા નાની શિરોરેખા ધારણ કરી. સંખ્યા દર્શાવતા 1 થી 9, 10 થી 90 અને 100 થી 300નાં અલગ-અલગ ચિહ્ન પ્રયોજાતાં હતાં.


### 6.3.3.4 ધર્મ

પશ્ચિમી ક્ષત્રપોના આગમન સમયે આપણા દેશમાં હિન્દુ ધર્મમાં શૈવ, વૈષ્ણવ સંપ્રદાય, બૌદ્ધધર્મ ને જૈન ધર્મ પ્રચારમાં હતા. ક્ષત્રપોના રાજધર્મ વિશે જાણકારી નથી. તેમ છતાં આ શાસકોમાંના ઘણા શૈવપંથી હોવા સંભવ છે. આપણે સુપેરે એ વાતથી પરિચિત થયા છીએ કે ક્ષત્રપો શક જાતિના વિદેશીઓ હતા, પરંતુ સત્તારૂઢ થતાં અહીંના ધર્મ-સંસ્કૃતિ અપનાવી હતી. નહપાનના જમાઈ ઉષવદાત વગેરેએ બૌદ્ધ ભિક્ષુઓ માટે ગુફાઓ કરાવી તથા ભરુચ, પ્રભાસ વગેરે સ્થાને બ્રાહ્મણોને

દાન આપ્યાં હતાં. કાર્દમક વગેરે રાજકુલોના ક્ષત્રપોમાંથી કેટલાકે રુદ્રદામા, રુદ્રસિંહ ને રુદ્રસેન નામ ધારણ કર્યાં હતાં. પ્રભાસ સૂર્યપૂજાનું મોટું કેન્દ્ર હતું. તેમ છતાં ત્યાં સોમશર્મા અને લકુલીશે પાશુપત સંપ્રદાય પ્રસારી સોમનાથનું મંદિર બંધાવ્યું હતું. વડોદરાના કાયાવરોહણ અને સાબરકાંઠા(હાલ અરવલ્લી)ના શામળાજીના વિસ્તારોમાં મોટી સંખ્યામાં શૈવ પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાં જૈન ધર્મ સારો ફેલાયો હતો. નાગાર્જુને પાલિતાણા વસાવી શેત્રુંજ્ય પર મહાવીરસ્વામી તથા પાદલિપ્તાચાર્યની પ્રતિમા સ્થાપી હતી. વળી, આ કાલમાં ગુજરાતમાં અનેક જૈન આચાર્યો લેખકો થયા હતાં. વલભી જૈન-બૌદ્ધ ધર્મનું કેન્દ્ર હતું. સૌરાષ્ટ્ર અને તળ-ગુજરાતમાં બૌદ્ધ સ્તૂપો, વિહારો તથા ડુંગરોમાં ગુફાઓની પ્રાપ્તિ ત્યાં બૌદ્ધ ધર્મની હાજરી બતાવે છે. કચ્છમાં બૌદ્ધયષ્ટિઓ ઊભી કરાઈ હતી. આમ, ક્ષત્રપકાલમાં લોકોમાં દાન-ધર્મ, તીર્થયાત્રા, પૂર્તધર્મ વગેરેનું અનેરું મહત્ત્વ હતું.

#### 6.3.3.5 સ્થાપત્ય, શિલ્પ અને ચિત્ર

આ સમયના ગુજરાતમાંથી શૈલોત્કીર્ણ ગુફા સ્થાપત્યના અવશેષો પ્રાપ્ત થયા છે. આ સ્થાપત્યમાં ચૈત્યગૃહ અને વિહાર સ્વરૂપે કંડારાયેલી ગુફાઓનો સમાવેશ થાય છે, જૂનાગઢના બૌદ્ધ વિહાર ઈંટોથી નિર્મિત પ્રાપ્ત થયા છે. ઈંટવા વિસ્તારના આ વિહારમાંથી મળેલ એક મૃતિકા-મુદ્રાંકમાં વિહારને 'મહારાજ રુદ્રસેન વિહાર' કહ્યો છે. જૂનાગઢના ખાપરા-કોડિયાની ગુફાઓ સાદી છે. જેના સ્તંભ ચાર પ્રકારનું વૈવિધ્ય ધરાવે છે. આ ગુફાઓનો રાજમહેલના રંગભવન તરીકેનો હેતુ હોવો જોઈએ. ઉપરાંત ગોંડલ તાલુકાના વિરપુર નજીકના ખંભાલીડા પાસેની ત્રીજી-ચોથી સદીની પાંચ ગુફા સમૂહ (જુઓ ચિત્ર-10), ભાવનગર જિલ્લાના તળાજા નજીક 30 ગુફાઓ, ઊના તાલુકાના સાણાના ડુંગરમાં 62 ગુફાઓ તથા રાજકોટના ઢાંક નજીકની જૈન ગુફાઓ  વગેરે મુખ્ય ગણાવી શકાય. તારંગાનું બૌદ્ધદેવી તારાનું મંદિર તથા નાગાર્જુને શેઢી નદી કિનારે(થામણા)માં પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપી હતી. શામળાજી પાસેના દેવની મોરીથી ઈંટેરી સ્તૂપ અને બે ઈંટેરી વિહાર મળ્યા છે. વિહારની વચ્ચે ખુલ્લો ચોક તથા ચારે બાજુ હરોળમાં આઠ-આઠ કોટડીઓ આવેલી છે. મળેલ દાબડા લેખ અનુસાર રાજા રુદ્રસેનના રાજયકાલમાં સુદર્શન નામના બૌદ્ધ ભિક્ષુઓએ આ મહાસ્તૂપ બંધાવ્યો હતો. આમ, આ કાળમાં સ્થાપત્યમાં શૈલ ગુફાઓ, વિહારો, ચૈત્યગૃહો ઉપરાંત બોરિયા સ્તૂપ, ઈંટવાનો સ્તૂપ તથા દેવની મોરીનો મહાસ્તૂપ ઈંટેરી સ્થાપત્ય ધરાવે છે. પકવેલી ઈંટોનો ઉપયોગ સ્થાપત્યમાં વિશેષ થવા લાગ્યો હતો.



ચિત્ર-10 ખંભાલીડાની ગુફા

શામળાજી આસપાસથી મળેલી ક્ષત્રપકાલીન શિલ્પકૃતિઓમાં ઊભા ગણેશ, માતા અને શિશુ, ભીલડીના વેશમાં પાર્વતી, ઊભેલા શિવ, ચામુંડા દેવી અને કુમાર-સ્કંદ, ખેડબ્રહ્મામાંથી મળેલ એકમુખ શિવલિંગ મુખ્ય છે. વલભીમાંથી કેશિનિષૂદન કૃષ્ણની અને મહિષાસુરમર્દિનીનાં શિલ્પ, કાકાની સિંહણ(સૌરાષ્ટ્ર, જૂઓ ચિત્ર-12)થી મળેલ મસ્તક, સોજિત્રા(પેટલાદ)ના કુંડમાંથી મળેલું મસ્તક, દોલતપુર(કચ્છ)માંથી મળેલું નાનું મસ્તક, તેન(સુરત)માંથી મળેલી કિરીટધારી વિષ્ણુની નાની ખંડિત પ્રતિમા ક્ષત્રપકાલીન છે. આમ, આકૃતિ, ભાત, પદાર્થ અને પ્રતિક, પ્રાણી આકાર, માનવ આકૃતિ, દેવદેવીઓની પ્રતિમા ક્ષત્રપકાલીન શિલ્પ-સ્થાપત્યમાં વિશિષ્ટ સ્થાન ધરવે છે. શિલ્પો સુંદરતા ને કોતરણીમાં ઉત્કૃષ્ટ છે. પ્રતિમાઓમાં વિશાળ નયન, વસ્ત્રોમાંની કરચલીઓ, સુદ્રઢ શરીર વગેરે ક્ષત્રપકાલીન પ્રતિમાવિધાનના નોંધપાત્ર લક્ષણો છે.




ચિત્ર-11 બુદ્ધમૂર્તિ(દેવનીમોરી)



ચિત્ર- 12 ક્ષત્રપ મસ્તક(કાકાનીસિંહણ)

શૈલચિત્રો કે ગુફાચિત્રો બાબતે મધ્યપ્રદેશ, રાજસ્થાનની સરખામણીએ ગુજરાતમાં તેનો અભાવ વર્તાતો હતો. પરંતુ ગુજરાત રાજ્ય પુરાતત્વ ખાતાએ 1970માં ઈડર(સાબરકાંઠા)ની આજુ-બાજુથી પ્રાગૈતિહાસિકયુગથી લઈ ઈસ્લામી શાસન સુધીનાં ગુફાચિત્રો શોધી કાઢ્યાં છે. જેમાં ઈડરના ગંભીરપુરાના શૈલાશ્રયોમાંથી ચોથી-પાંચમી સદીના બૌદ્ધધર્મી સ્તૂપચિત્રોને બ્રાહ્મી લખાણ મળ્યાં છે.



(નં.14) (નં.15) (નં.15) (નં.16)

ચિત્ર-13 શૈલાશ્રય ચિત્રિત સ્તૂપ(ગંભીરપુરા-ઈડર, સાબરકાંઠા)

### 6.3.4 સામાજિક સ્થિતિ

ઉષવદત્તના શિલાલેખોમાંથી બ્રાહ્મણ, કોલિક, શક જાતિનો ખ્યાલ આવે છે. રુદ્રદામાના લેખથી પહલવ અને રુદ્રસિંહ 1લાના લેખ અને ઈશ્વરદત્તના સિક્કાથી આભીર જાતિ જાણવા મળે છે. અંગવિજ્જામાં ઉલ્લેખ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો સમાવેશ આર્ય લોકોમાં અને શુદ્રનો સમાવેશ મ્લેચ્છ લોકોમાં થતો હતો. એ કાળે ગુજરાતમાં ચાર વર્ણ અસ્તિત્વમાં હશે તથા ભાર્ગવ, ગૌતમ, કાશ્યપ, અંગિરસ, શાંડિલ્ય વગેરે ગોત્રોનો નિર્દેશ મળે છે. લોકો પર્વ કે ઉત્સવો ઉજવાતા. સુદ અને વદ પાંચમનું મહત્ત્વ વિશેષ હશે. કાર્તિક, માર્ગશીર્ષ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, ભાદ્રપદ એ છ મહિનાનો ઉલ્લેખ મળે છે. તેથી અત્યારે પ્રચલિત મહિનાનાં નામ ક્ષત્રપકાલમાં પણ પ્રચલિત હતાં. વેપાર-વણજ ને મુસાફરી માટે ઘોડા, હાથી, વૃષભ, ઊંટ, ગાડું, બળદગાડું, ઘોડાગાડી, પાલખી, રથ, ડોળી વગેરેનો ઉપયોગ થતો. જળવાહનોમાં હોડી, તરાપા તથા કોટિયા જેવાં વાહનો વાપરતાં. ઘર વપરાશની ચીજોમાં પલંગ, ખુરશી, માંચી, પાટલી જેવાં આસનો થાળી, તાસક, કુંડી, પ્યાલા જેવાં વાસણો ઉપરાંત માટીમાં વાસણોનો ઉપયોગ કરતા. લોકોમાં વહેમો, અંધશ્રદ્ધા, માન્યતાઓ વગેરે પણ હતાં.

ક્ષત્રપકાલીન સાધનો પરથી તે સમયના લોકજીવન વિશે કઈંક અંશે જાણી શકાય છે. શિલ્પકલાના નમૂના પરથી તે કાળના સૌંદર્ય પ્રસાધનો વિશે જાણવા મળે છે. સિક્કા પરથી ક્ષત્રપ રાજાઓ લાંબી મૂછો અને કાન પાસે થોભિયા રાખતા હતા. લાંબા વાળ, કાનમાં કુંડળ, માથા ઉપર ટોપ પહેરતા. ડોકની નીચેની દેહભૂષા

જાણી શકાઈ નથી. ક્ષત્રપ રાજાઓ ઈરાની ઢબનો કોટ પહેરતા હશે. સ્ત્રીઓ કટિની નીચેના ભાગમાં લાંબુ અધરવસ્ત્ર અને ઉપરના ભાગે ચોળી જેવું વસ્ત્ર ધારણ કરતી કાનમાં કુંડળ સ્ત્રી-પુરુષ બંનેમાં સામાન્ય હતાં. સ્ત્રીઓ હાથે બાજુબંધ, ગળામાં ચંદનહાર, વીંટી, મેખલા, શિરીષ મલ્લિકા, કડું, બંગડી, કંકણ, વલય, હાર, ઝાંઝર,વગેરે ઘરેણાં પહેરતી. કેશગૂંફન માટે દર્પણનો ઉપયોગ થતો. ચીની રેશમ, સામાન્ય રેશમ, વિવિધ શાલ, ઉત્તરીય, સફેદ ધોતી, સાડી, કિનારવાળી રેશમી સાડી, અનુત્તરીય, પાઘડી, વળયુક્ત પાઘડી, કોટ, જાકીટ જેવાં વસ્ત્રો પહેરતાં.


### 6.3.5 આર્થિક સ્થિતિ

ખેતી આ સમયનો મુખ્ય વ્યવસાય હતો અને ખેતીનો વિકાસ રાજ્યની જવાબદારી હતી જે ગિરનાર શૈલલેખ પરથી સ્પષ્ટ થાય છે. પેરિપ્લસના વર્ણન મુજબ સૌરાષ્ટ્રની જમીન ફળદ્રુપ હતી. જ્યાં ઘઉં, ચોખા, તલ, કપાસ, જુવાર, બાજરી, શેરડી, મગફળીની ખેતી થતી. પશુપાલનનો વ્યવસાય પૂરક વ્યવસાય હતો. આમ, પ્રજા ઘઉં, બાજરી, ડાંગર, જવ વગેરેનો ખોરાકમાં ઉપયોગ કરતાં તથા સમુદ્રકાંઠાના લોકો માછલીનો અને દૂધ-ઘીનો વપરાશ કરતાં. મહુડી અને આસવના દારૂ, સૂપ-શરબત જેવાં પીણાં તથા ફળફળાદિનો ઉપયોગ થતો હતો.

ક્ષત્રપકાલીન પ્રાપ્ત માટીનાં ઠીકરાં, વાસણોના ટુકડા, ઈંટો, પકવેલી પ્રતિમાઓથી જાણવા મળે છે કે તે સમયે માટીકામનો ઉદ્યોગ ગુજરાતમાં મુખ્ય હુન્નર હશે. કુંભારીકામ, સુથારીકામ, લુહારીકામ, સોની, કંસારા, વણકર, મૂર્તિ, સિક્કા નિર્માણના ધંધા, કડિયાકામ, ઈંટ નિર્માણનો ધંધો, સિલાઈકામ ઉપરાંત સરકારી નોકરી વગેરે હતા. શંખની બંગડીઓ ને મણકા બનાવવાનો હુન્નર વિકસ્યો હતો. વસ્તાન ડુંગરી(સુરત) અને ધાતવામાં લોખંડ ગાળવાનો વ્યવસ્થિત ઉદ્યોગ ચાલતો હતો. તાંબા અને લોખંડ ઉપરાંત સીસાની થોડીક ચીજો પણ મળી છે. ક્ષત્રપોના સિક્કા તેમાં મુખ્ય છે. સીસાનાં કાનનાં ઘરેણાં, દેવની મોરીના સ્તૂપમાંથી પ્રાપ્ત સોનાની ડબ્બી, ટીંબરવામાંથી સોનાના પતરા ઉપરનો ભાતનો નમૂનો જેવા વિવિધ સાધનો પરથી ક્ષત્રપકાલમાં ધાતુ ઉદ્યોગ વિકસ્યાના પ્રમાણો મળ્યાં છે. ક્ષત્રપકાલમાં ગુજરાતનો વેપાર ગ્રીસ-રોમ સાથે હતો તથા ભૃગુકચ્છ વેપાર-ઉદ્યોગનું મોટું કેન્દ્ર હતું. પેરિપ્લસના વર્ણનો મુજબ કઠ(coptus), જટામાંસી(spikenard), ગુગલ, હાથીદાંત, અકીક, પન્ના, હરતાલ(lyceum), સુતરાઉ, રેશમ, મુલાયમ કાપડ, સૂતર વગેરેની આ બંદરેથી નિકાસ થતી હતી. ઈટાલિન અને લાઓડિસિયાઈ દારૂ, તાંબુ, કલાઈ, સીસું, પરવાળા, પોખરાજ, બાટિક, વિવિધ કાપડ, કમરબંધ, મીઠાં લવિંગ, કાચ, હિંગળો, સોના-ચાંદીના સિક્કા, લેપ, રૂપાનાં વાસણો વગેરેની આયાત થતી હતી. ભરૂચ સિવાય સમુદ્રતટે

આવેલી દ્વારકા, માંગરોળ, પ્રભાસ, વલભી, ગોપનાથ, હાથબ, નગરા વગેરે પણ વાણિજ્યક કેન્દ્રો હોવા સંભવ છે.

નાણાં ધીરધારનો વ્યવસાય અસ્તિત્વમાં હતો. પ્રાપ્ત માહિતી પરથી વ્યાજના દર 9 થી 12 ટકા સુધીના હશે. તે સમયનાં શ્રેણીસંઘો આધુનિક બેંકની ગરજ સારતાં હશે. જે આર્થિક વિકાસનું દ્રષ્ટાંત ગણાય.



ચિત્ર-14 ચકચકિત રાતાં વાસણ ઊંચી ડોક અને સાંકડા મોઢાવાળાં

### 6.3.6 પ્રાકૃતિક સ્થળ નામ અને વસાહતો

ક્ષત્રપકાલીન ગુજરાતનાં પ્રાકૃતિક સ્થળનામો વિશે પેરિપ્લસ, તોલેમીની ભૂગોળ, ક્ષત્રપ રાજાઓના શિલાલેખો, ગુફાલેખો વગેરેમાં ઉલ્લેખો છે. જે પરથી ગુજરાતના વિવિધ ક્ષેત્રો વિભિન્ન સમયે જુદાં-જુદાં નામે ઓળખાતાં હતાં. પેરિપ્લસમાં 'બરાકાનો(દ્વારકા) અખાત' કચ્છના અખાત તરીકે ઓળખતો હતો. તોલેમી કચ્છના અખાતને 'કંથીનો અખાત' કહે છે ને 'બરાકા'ને તેના એક ટાપુ તરીકે દર્શાવે છે. આ બંને સાધનોમાં ખંભાતના અખાત માટે 'બારિગાઝા' શબ્દ પ્રયોજાયો છે. જે પ્રાયઃ ભરૂકચ્છના અખાત તરીકે ઓળખાતો હતો. ઘોઘા પાસે સ્થિત હાથબનું પ્રાચીન નામ હસ્તકવપ્ર જે પેરિપ્લસમાં અષ્ટકંપ્ર તરીકે ઉલ્લેખ છે. જ્યારે તોલેમીની ભૂગોળમાં તેને માટે અસ્તકપ્ર શબ્દ પ્રયોગ છે. જૂનાગઢના માંગરોળ માટે મોનોગ્લોસોન અને નવસારી માટે નવસરિપા તોલેમીની ભૂગોળમાં નિર્દેશિત સ્થળો હોવા સંભવ છે. શિલાલેખોમાં સુવર્ણસિકતા, પલાશિની, તાપી, દમણ, બાર્ણાશા, ઈબા, પારદા, કરવેણવા વગેરે મુખ્ય છે. પેરિપ્લસમાં મહી માટે મૈસને

તોલેમીએ તેને ‘મોફીસ’ કહી છે. નર્મદા માટે અનુક્રમે નમ્માદ્દુસ અને નમદ્દુસ કહી છે. તોલેમીએ તાપીને માટે નાનાગૌન અને બનાસને પનસ શબ્દ પ્રયોજ્યો છે. શિલાલેખોમાં ઉર્જયત,ઉજ્જયન્ત, રૈવતક પર્વતોના સુદર્શન તળાવના ઉલ્લેખ મળે છે.

ગુજરાતમાં આ કાળે નાની મોટી વસાહતો અસ્તિત્વમાં હતી. લેખોમાં કેટલાંક ગામનો, નગરોનો નિર્દેશ છે. ભરૂચ મોટી વસાહત હતી. ઉપરાંત ઉત્ખનનથી દ્વારકા, પ્રભાસ, અમરેલી, વડનગર, દેવની મોરી, નગરા, ટીંબરવા, અંકોટ્ક, કારવણ, કામરેજ વગેરે સ્થળોએ મોટી વસાહતો હોવા સંભવ છે. તેમાં ગિરિનગર છેક અશોકના સમયથી વહીવટી કેન્દ્ર હતું. ઉપરાંત માંગરોળ, સિદ્ધપુર, થાન, સોજિત્રા, વલભી મોટાં નગર હતાં. મૈત્રકકાલના પ્રારંભે જે નગરો અસ્તિત્વમાં હતાં તે ખેડ(ખેટક), વઢવાણ(વર્ધમાન), ગોધરા(ગોદ્રહક), જંબુસર, શિહોર(સિંહપુર) વગેરે પણ ક્ષત્રપકાલીન મોટી વસાહતોવાળાં નગરો હોવા સંભવ છે.

**(બ) તમારી પ્રગતિ ચકાસો**

1. ક્ષત્રપકાલીન ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ વિશે પાંચ વાક્યો લખો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_____________________________________________

2. ગુજરાતના ક્ષત્રપ શાસન સમયનું સમાજજીવન કેવું હતું?

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_____________________________________________

3. ક્ષત્રપકાલમાં મુખ્ય વ્યવસાયો, ઉદ્યોગ-ધંધાનો વિકાસ કેવો હતો?

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_____________________________________________

4. ક્ષત્રપકાલીન ગુજરાતની વસાહતો વિશે ટૂંકમાં લખો.

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

______________________________________________

## 6.4 સારાંશ

ઈ.સ.ની પહેલી સદીથી ચોથી સદીના 400 વર્ષ પર્યંત ગુજરાતમાં પશ્ચિમી ક્ષત્રપ શાસને રાષ્ટ્રના ઇતિહાસ અને સંસ્કૃતિના ઘડતરમાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો. પ્રારંભીક ગુજરાતનું તે દીર્ઘકાલીન અને સ્વતંત્ર રાજ્ય હતું. શક સંવત, પૂર્વકાલીન ઇતિહાસની નોંધ કરતો ગિરનાર શિલાલેખ, જૈન દર્શન સાહિત્ય, ફલાદેશ સાહિત્ય, શિલ્પ-સ્થાપત્ય વગેરે ક્ષેત્રે ક્ષત્રપકાલીન ગુજરાતે મહત્વનુ પ્રદાન કર્યું છે. બૌદ્ધ, જૈન અને હિંદુ ત્રણ ધર્મો પ્રચારમાં હોવા છતાં ધર્મ-સહિષ્ણુતા એ આ કાળની વિશેષતા છે. આંતરિક વેપાર ઉપરાંત ગ્રીસ, રોમ સાથેનો ગુજરાતનો વેપાર વ્યાપક પ્રમાણે ચાલતો હતો. જે આગળ જતાં ગુપ્તકાલીન ભારતની આર્થિક સમૃદ્ધિ માટે કારણ બન્યું હતું. તેવી રીતે ક્ષત્રપોના સિક્કા ગુપ્તો માટે અનુકરણીય બન્યા. આમ, સમગ્ર રીતે જોતાં ગુજરાત અને ભારતના રાજ્યતંત્ર, સિક્કાવિજ્ઞાન, કાલગણના, લલિતકળા, સાહિત્ય, ધર્મ અને વેપારના વિકાસમાં ગુજરાતના ક્ષત્રપ શાસકોનો કાલખંડ ખાસ મહત્વ ધરાવે છે.

## 6.5 શબ્દાવલી

- ક્ષત્રપ: યુવરાજ(હોદ્દો)
- મહાક્ષત્રપ: મહારાજા(હોદ્દો)
- નિધિ :એક જ પાત્રમાં સંગૃહિત સિક્કાનો જથ્થો, સંગ્રહ
- યષ્ટિલેખ : પાળિયા લેખ
- સ્તૂપ: ઋગ્વેદમાં સૌ-પ્રથમ ઉલ્લેખ, શાબ્દિક અર્થ ઢગલો કે ટેકરો, મરનારની ચિત્તા કે પસંદ કરેલી અસ્થિ પર ચબૂતરા જેવાં સ્થાપત્યનું નિર્માણ.

## 6.6 તમારીપ્રગતિ ચકાસોના જવાબો

**(ક) ના જવાબો**

1. (1) √ (2) X (3) X (4) √ (5) X

**(ખ) નાજવાબો.**

1. (1)- ક્ષહરાતકુલ (2)- ચાષ્ટન (3)- નાસિક(મહારાષ્ટ્ર) (4)- રાજામહાક્ષત્રપ,રાજાક્ષત્રપ (5)- રાજામહાક્ષત્રપ

## 6.7 સંદર્ભ


1. ર.છો. પરીખ અને હ.ગં. શાસ્ત્રી, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ-2, મૌર્યકાલથી ગુપ્તકાલ, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.
2. રસેશ સી. જમીનદાર, ક્ષત્રપકાલીન ગુજરાત; ઇતિહાસ અને સંસ્કૃતિ, લાલભાઇ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.
3. અબુઝફર નદવી, ગુજ. અનુ. છોટુભાઇ ર.નાયક, ગુજરાતનો ઇતિહાસ, ભાગ-2, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.
4. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
5. ભોગીલાલ જયચંદ સાંડેસરા, જૈન આગમ સાહિત્યમાં ગુજરાત.
6. A.S. Altekar, A History of Important Ancient Towns and Cities in Gujarat and Kathiawad, Bombay.
7. M.R. Majmudar(Ed.), Historical and Cultural Chronology of Gujarat, Baroda.
8. Jackson, Gazetteer of the Bombay Presidency, Vol.I, Part I, History of Gujarat: Early History, Prepared from notes by Bhagvanlal Indraji, Bombay.(Also useful Vol., 5,8 and 9)
9. R. S. Tripathi, History of Ancient india, 2nd Ed., Varanasi.
10. H. D. Sankalia, Archaeology of Gujarat(including Kathiawar), Bombay.

| એકમ-07 | મૈત્રકકાલીન ગુજરાતનો રાજકીય ઇતિહાસ -ભટ્ટાક, ધ્રુવસેન પહેલો ધ્રુવસેન બીજો, શિલાદીત્ય પહેલાના વિશેષ સંદર્ભમાં |
|---|---|

:: રૂપરેખા ::


**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.2** મૈત્રક રાજ્યની સ્થાપના

**7.3** મૈત્રક જાતિ અને ઉદય

**7.4** મૈત્રકોની રાજધાની વલભી

**7.4.1** વલભી

**7.5** મૈત્રક રાજ્યનો પારંભ

**7.5.1** સેનાપતિ ભટ્ટાક

**7.5.2** ધરસેન પહેલો

**7.5.3** દ્રોણસિંહ

**7.5.4** ધૃવસેન પહેલો

**7.5.5** ધરપટ્ટ

**7.5.6** ગુહસેન

**7.5.7** ધરસેન બીજો

**7.5.8** શિલાદિત્ય પહેલો (ધર્માદિત્ય)

**7.5.8.1** માલવ- વિજય

**7.5.9** ખરગ્રહ પહેલો

**7.5.10** ધરસેન ત્રીજો

**7.5.11** ધૃવસેન બીજો (બાલદિત્ય)

**7.5.11.1** હર્ષ સાથેનો સંબંધ

**7.5.11.2** હ્યુ. એન. ત્સાંગ

**7.5.12** ધરસેન ચોથો

**7.5.12.1** ચક્રવર્તી

**7.5.12.2** વિન્દય શાખાનું વિલીનીકરણ

**7.5.13 ધ્રુવસેન ત્રીજો**
**7.5.14 ખરગ્રહ બીજો (ધર્માદિત્ય)**
**7.5.15 શિલાદિત્ય ત્રીજો**
**7.5.16 શિલાદિત્ય ચોથો**
**7.5.17 શિલાદિત્ય પાંચમો**
**7.5.18 શિલાદિત્ય છઠ્ઠો**
**7.5.19 શિલાદિત્ય સાતમો**
**7.6 મૈત્રક રાજ્યનો અંત (વલભીના વિનાશ)**
**7.7 સારાંશ**
**7.8 ચાવીરૂપ શબ્દો**
**7.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**7.10 સંદર્ભસૂચિ**

## 7.0 ઉદ્દેશો

આ પ્રકરણનું અધ્યયન કર્યા બાદ તમે ...

1. મૈત્રક વંશની સ્થાપના વિશે માહિતી જાણી શકશો.
2. મૈત્રકોની રાજધાની વિશે માહિતી જાણી શકશો.
3. મૈત્રકોની ઉત્પત્તિ વિશે માહિતી જાણી શકશો.
4. સેનાપતિ ભટ્ટાક વિશે માહિતી જાણી શકશો.
5. બીજા મૈત્રક શાસકો વિશે માહિતી મેળવી શકશો.
6. મૈત્રકો શાસકોની રાજ્ય વ્યવસ્થા વિશે માહિતી મેળવી શકશો.
7. મૈત્રકો શાસકોએ મેળવેલ બિરૂદો વિશે માહિતી મેળવી શકશો.
8. મૈત્રક શાસકોના વિજયો વિશે માહિતી મેળવી શકશો.

## 7.1 પ્રસ્તાવના

ગુજરાતમાં પ્રાચીન સમયમાં મૌર્ય અને ગુપ્તોનું વર્ચસ્વ તથા સામ્રાજ્ય રહ્યું છે. આ સમય દરમિયાન ગુજરાતનો આર્થિક, સામાજિક વિકાસ થતો રહ્યો છે. ગુજરાતમાં ગુપ્તોનાં નિર્બળ પડતા શાસનોના કારણે સુદર્શ પ્રદેશમાં એ કનવાજ વંશનો ઉદયો થયો. આ નવો વંશ ભાવનગરનાં વલભી પ્રદેશમાં વિકસ્યો. જે મૈત્રક તરીકે ઓળખાયો. ગુપ્ત યુગનાં છેલ્લા રાજાનાં સમયમાં મૈત્રક સત્તાનો સ્થાપક સેનાપતિ ભટ્ટાક હતો. આથી તેણે પોતાના તામ્રપત્રમાં સેનાપતિ ભટ્ટાક

એવો ઉલ્લેખ કરેલો છે. તેના પછીના વારસદારોએ પોતાને સેના તરીકે ઓળખાવતા અલગ રાજા તેમજ મેળવેલા બિરૂદો મહારાજાધિરાજ તેવા નામથી ઉલ્લેખ આપે છે. આ મૈત્રકોનો ઈતિહાસ તે સમયમાં કેટલાંક સ્થાનિક સાહિત્ય તથા મૈત્રકોના એકસો જેટલા પ્રાપ્ત થયેલા તામ્રપત્ર દ્વારા જાણવા મળે છે. તેમનાં સમયમાં કોઈ ચોક્કસ એવો લેખક સાહિત્યકાર થયેલો નથી. જેને મૈત્રકો વિશેની માહિતી આપી હોય. મૈત્રક શાસકોએ ખાસ કરીને દાન આપ્યાનો ઉલ્લેખ કરે છે. તેથી તામ્રપત્રોમાં જમીન કે નામ દાનમાં આપ્યાના તામ્રપત્રો પ્રાપ્ત થાય છે. આ સિવાય આરબ વ્યાપારીઓ મૈત્રકોના શાસનમાં વ્યાપાર કરવા આવતા. તેમના વ્યાપાર નામમાં પણ કેટલો ઉલ્લેખ મળે છે. આ ઉપરાંત ચીની મુસાફર હ્યુ.એન.ત્સાંગ મૈત્રક રાજા ધ્રુવસેન બીજાના સમયમાં ગુજરાતમાં આવ્યો હતો. જે દમનો જમાઈ હતો. તેથી ચીની મુસાફરના લખાણમાંથી ગુજરાતની અને મૈત્રકો વિશેની માહિતી મળે છે. મૈત્રકોની પડતીનું કારણ પણ આરબ વ્યાપાર હતો તેવી માહિતી પણ આરબ સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. મૈત્રક સમયમાં અલગ સ્વતંત્ર રાજ્ય સ્થપાયું, તેમાં ગુજરાતના વ્યાપારને ઉત્તેજન મળ્યું. સામાજીક, આર્થિક વિકાસ થયો અને અલગ વંશની સ્થાપના થતા અલગ શાસક તરીકે દ્રુત્તોની સત્તા બનાવી સ્વતંત્ર રાજ્ય બનાવ્યું.

## 7.2 મૈત્રક રાજ્યની સ્થાપના

ગુજરાતમાં મૈત્રકવંશની સ્થાપના ઈ.સ. 470માં સેનાપતિ ભટ્ટાકે કરી હતી. આ ભટ્ટાક ગુપ્ત સામ્રાજ્યમાં સ્કંદગુપ્તના સમયે તે સેનાપતિનાં પદ પર હતા. પરિણામે પોતાને સેનાપતિ ભટ્ટાક તરીકે ઓળખાવે છે. તેને લગભગ સ્વતંત્રરાજ્ય બનાવ્યું હતું પરંતુ પોતાના સ્વામી તરીકે ગુપ્તવંશના સ્કંદગુપ્તને સ્વીકાર્યો છે. પરિણામે તેઓ સેનાપતિ અને રાજ્યને ગુપ્તરાજ સાથે જોડે છે. તેના અવસાન પછી આવેલા શાસકો મહારાજ અને મહારાજાધિરાજ તરીકે ઓળખાવ્યા. આમ એક સામાન્ય સેનાપતિમાંથી રાજા અને રાજ્ય તથા તેના વારસદારોએ સામ્રાજ્ય બનાવ્યું, જે મૈત્રક સામ્રાજ્ય તરીકે ઓળખાયુ. તેમણે ઇ.સ. 788 સુધી 19 જેટલા રજાઓએ શાસન કર્યું.

## 7.3 મૈત્રક જાતિ અને ઉદય

મૈત્રકો કોણ હતા ? તેના વિશે ચોક્કસ માહિતી નથી. વિદ્વાનો તેમના વિશે એક મંતવ્યો છે. એક મંતવ્ય પ્રમાણે તે હુણ જાતિનો હતો એમ કહેવાય છે. હુણ લોકો સૂર્યની પૂજા કરતા હતા માટે સૂર્ય પૂજક મૈત્રકો કહેવાય. કેટલાક વિદ્વાનો

એવું માને છે કે સૌરાષ્ટ્રની મિહિર જાતિના લોકોને મૈત્રક સાથે સંબંધ ધરાવે છે અને તેણે લોધે તેઓ મૈત્રકો કહેવાય. મિહીરનો અર્થ સૂર્ય થાય છે. સેનાપતિ ભટ્ટાક, સૂર્યના પૂજક હતા. તેથી સૂર્ય પૂજક મૈત્રકો કહેવાયા. આ ઉપરાંત ભટ્ટાકનો અર્થ સૂર્ય થાય છે. સૂર્યનું બીજું નામ મિહિર અને મિહિરમાંથી મૈત્રકો કહેવાય. સૂર્યના નામનો બોજો અર્થ મિત્ર થાય છે મિત્ર ઉપરથી મૈત્રકો થયા.

મનુસ્મુતિ અને વૈજંતીકોષ, જૈનગ્રંથો તથા હ્યુ.એન.ત્સાંગની નોંધ મૈત્રકો માટે વાત્સવૈશ્ય શબ્દ વાપરે છે. આ વાત્યવૈશ્ય લોકો ક્ષત્રિય હતા. 7મી સદીમાં યાદવો સાથે તેમણે જોડીને તેમનો મહિમા વધારવામાં આવ્યો છે. ડૉ. કૃષ્ણાકુમારી વીરજી પોતાના ગ્રંથ પ્રાચીન સૌરાષ્ટ્રનો ઈતિહાસમાં નોંધે છે કે મથુરાની આસપાસના પ્રદેશમાં યાદવોની મિત્રાવંશની એક શાખા હતી અને આ શાખામાંથી મૈત્રકો ઊતરી આવ્યા. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે કે, 'ભગવાન લકલીશના પટ શિષ્ય મિત્ર હતા, તેથી તેમના વારસદારો મૈત્રકો કહેવાયા.'

## 7.4 મૈત્રકોની રાજધાની વલભી

મૈત્રક વંશનો રાજધાની વલભી હતી. વલ્ભીપુરીનો અને તેના રાજવંશનો નાશ કેવી રીતે થયો તેણે લગતી માહિતી જૈન પ્રબંધોમાં જળવાઈ હતી પરંતુ એ અગાઉ એ વંશમાં કેટલા રાજા થયાં ને એમાં રાજ્યની કેવી જાહોજલાલી હતી એની માહિતી તો છે; છેલ્લા સવાસો વર્ષ દરમિયાન વંચાયેલા અને પ્રસિદ્ધ થયેલા એમના તામ્રપત્રો પર કોતરેલા અભિલેખો પરથી ઉપલબ્ધ થઇ છે. આ અભિલેખોમાં જુદા જુદા ભૂમિદાનોનાં રાજશાસન લખેલાં હોય છે ને એમાં દાન દેનાર રાજાની તેમજ એના પુરોગામીઓની પ્રશસ્તિ આપવામાં આવી હોય છે. વળી જેને દાન આપવામાં આવ્યું હોય તે બ્રાહ્મણ, દેવાલય કે વિહાર, દાનમાં અપાતી ભૂમિના સ્થાન માપ તથા ખૂંટ, દાનની મીતિ, દાનશાસનનું સ્થાન વગેરે માહિતી મેળવી શકાય છે.

### 7.4.1 વલભી

ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્ત ઈ.સ. 467ના અરસામાં મૃત્યુ પામ્યો. એ પછી થોડા જ સમયમાં આ પ્રદેશમાં ગુપ્ત શાસનનો અંત આવ્યો લાગે છે. ગુપ્ત સામ્રાજ્યના સૂબાનું વડુ મથક ગિરિનગર હતું, પરંતુ મૈત્રક કુલના સેનાપતિ ભટ્ટાકે જે નવી સત્તા સ્થાપી, તેને રાજધાની તરીકે વલભીપુરની પસંદગી કરી. વલભી એ સુરાષ્ટ્રના પૂર્વતટ પર આવેલી પ્રાચીન નગરી હતી. હાલ ભાવનગરની ખાડી

તરીકે ઓળખાતી ખાડી ત્યારે ચેક વલભી સુધી વિસ્તરેળ હતી ને વલભી એ સુરાષ્ટ્રનું પ્રસિદ્ધ બંદર હતું. નદીના કાંપને લીધે ધીમે ધીમે ખાડી પૂરાતી ગઈ ને પરિણામે દરિયો હાલ ત્યાંથી 10-12 માઈલ દૂર ખસી ગયો છે. મૈત્રક રાજ્યના અંત પછી ત્યાં ચારેક સૈકા વાળાઓની અને એ પછી ગોહિલોની સત્તા પ્રવર્તી. ગોહિલોના સમયમાં વલભીને કહેતા. હવે પાછું એનું 'વલભીપુર' નામ રાખવામાં આવ્યું છે. વલભીપુર હાલ ભાવનગરથી ઉત્તર પશ્ચિમે અઢારેક માઈલને અંતરે આવેલું ને ભાવનગર જિલ્લાના વલભીપુર તાલુકાનું વડુ મથક છે.

## 7.5 મૈત્રક રાજ્યનો પ્રારંભ

### 7.5.1 સેનાપતિ ભટ્ટાક (ઈ.સ. 470 થી 480 સુધી)

વલભીમાં મૈત્રક વંશની રાજસત્તા સ્થાપનાર સેનાપતિ ભટ્ટાક હતો. એ ઘણો પરાક્રમી અને પ્રતાપી હતો. એણે સૈન્યોની મદદથી રાજ્યશ્રી પ્રાપ્ત કરી હતી. આ સિદ્ધિ એણે ગુપ્ત સામ્રાજ્યની પડતીનો લાભ લઇ પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત કરી લાગે છે છતાં એણે રાજબિરુદ ધારણ ન કરતાં પોતાનું મૂળ 'સેનાપતિ' બિરુદ જ ચાલુ રાખ્યું. એ રીતે એણે ગુપ્ત સમ્રાટનું સ્વામિત્વ ઔપચારિક રીતે માન્ય રાખ્યું જણાય છે. ભટ્ટાકપરમ માહેશ્વર હતો. આથી એની મુદ્રા પર વૃષભનું પ્રતીક દેખાય છે જે શિવના નાન્દીનું સૂચક છે. સેનાપતિ ભટ્ટાકસંગ્રામમાં અતુલ પ્રતાપ પ્રાપ્ત કર્યો હતો ને દાન, મન અને આર્જવથી પોતાના સૈનિકોનાં મન જીતી લીધા હતા. તે દાન, માન અને ઋજુ વર્તાવ દ્વારા સૈન્યનો અનુરાગ ધરાવતો હતો. તેણે ઇ.સ. 470 માં મૈત્રક વંશની સત્તા સ્થાપિત કરી હતી.

### 7.5.2 ધરસેન પહેલો (ઇ.સ. 480 થી 500)

સેનાપતિ ભટ્ટાક પછી એનો જ્યેષ્ઠ પુત્ર ધરસેન પહેલો ગાદીએ આવ્યો.
વલભી એ વલ્લભનું નારી જાતિનું રૂપ નથી. નગરીના નામનું ખરું રૂપ વલભી છે, વલ્લભી નહિ, સંસ્કૃતમાં વલભી શબ્દ મકાનના ઉપલા ભાગ માટે વપરાતો.
ભાટર્ક અને ભટ્ટારક એ બે ભિન્ન શબ છે. ભટાર્ક એ મૈત્રક વંશ – સ્થાપકનું વિશેષ નામ છે. જયારે ભટ્ટાક એ સ્વામિત્વ સૂચવનું બિરુદ છે.

પિતાની જેમ એમણે પણ સેનાપતિનું મૂળ બિરુદ ચાલુ રાખ્યું. ધરસેને પોતાના પિતાએ સ્થાપેલી સત્તા જાળવી રાખી. એ દીન અને અનાથ લોકોનું ભરણપોષણ કરવામાં ઘણો ઉદાર હતો. સેનાપતિ ભટાર્ક અને સેનાપતિ ધરસેને લગભગ ઈ.સ. 470 થી 500 સુધી રાજ્ય કર્યું.

### 7.5.3 દ્રોણસિંહ (ઇ.સ. 500 થી 520)

સેનાપતિ ધરસેન પછી એનો નાનો ભાઈ દ્રોણસિંહ ગાદીએ આવ્યો. એનો વિધિસર રાજ્યાભિષેક થયો ને એણે 'મહારાજ'ની રાજ્ય પદવી ધારણ કરી. એનો રાજ્યાભિષેક એના પરમસ્વામીએ કરાવ્યો હતો. દ્રોણસિંહનો આ પરમસ્વામી એ સમયનો ગુપ્ત સમ્રાટ જ હોવા જોઈએ. ગુપ્ત વંશની ગાદી પર ત્યારે કાં તો બંધગુપ્ત અથવા વૈન્યગુપ્ત હોવો જોઈએ, કેમ કે દ્રોણસિંહનો રાજ્યાભિષેક લગભગ ઈ.સ. 500માં થયો હતો. મૈત્રકોએ આ પહેલાં તેમ જ પછી પણ ગુપ્ત સમ્રાટોનું ઉપલક ઉપરીપણું માન્ય રાખવાની નીતિ રાખી અને ગુપ્ત સમ્રાટોએ મૈત્રકોની રાજસત્તાને અનુમોદન આપી એમની મૈત્રીને વફાદારી ચાલુ રહે તેવી નીતિ અંગીકાર કરી. દ્રોણસિંહ પોતાના નામના રાજશાસન ફરમાવતો અને એમાં પોતના એ પરભટ્ટારકમાં પૂર્વક ઉલ્લેખ કરતો.

દ્રોણસિંહે સ્મૃતિઓમાં વિહિત કરેલા રાજધર્મને અનુસરીને રાજ્યમાં વિનય અને વ્યવસ્થાની પદ્ધતિ પ્રયોજી. મૈત્રકોની રાજસત્તા હવે સ્થિર થતા આ રાજાએ રાજ્યતંત્રની વ્યવસ્થા કરી. દ્રોણસિંહની રાજશ્રી મહાદાનોથી પાવન થઈ હતી. દેવીનાં મંદિરોને એણે આપેલાં ભૂમિદાનનો ઉલ્લેખ મળે છે. દ્રોણસિંહે આશરે ઈ.સ. 500 થી 520 સુધી રાજ્ય કર્યું.

**7.5.4 ધ્રુવસેન પહેલો (ઈ.સ. 520 થી 550)**

દ્રોણસિંહનો ઉત્તરાધિકાર તેના નાના ભાઈ ધ્રુવસેન પહેલાને મળ્યો. આ રાજાએ લગભગ ઈ.સ. 520 થી 550 સુધી રાજ્ય કર્યું. એ મહાસામન્ત, મહિપતિહાર, મહાદંડનાયક, મહાકાર્તાકૃતિક અને મહારાજ એ પાંચ મહાબિરુદ ધારણ કર્યા હતા. શાસ્ત્રાર્થનાં તત્વોનો જાણકાર હતો. એ અનેક ધર્મદાન દેતો. ઘણાં દાન બ્રાહ્મણોને દીધેલાં છે, જેમાં આનંદપુર (વડનગર) ના બ્રાહ્મણોનો સમાવેશ થાય છે. મૈત્રકોનો કુલધર્મ માહેશ્વર હતો, પરંતુ એ પરમ ભાગવત (વૈષ્ણવ) હતો. થોડાક ભૂમિદાન બૌદ્ધ વિહારો (મઠો)ને પણ અપાયાં છે. એમાંનો એક વિહાર એની ભાગિનેયી(ભાણેજી) દુદ્દાએ બંધાવેલો હતો. ધ્રુવસેને એક ગામ ગારુલક વંશના સામન્ત વરાહદાન બીજાને દાનમાં દીધું હતું, તે પણ પરમ ભાગવત હતો. મહારાજા ધ્રુવસેનની સત્તા ખેટક એના પુત્રનું મૃત્યુ થતાં રાજાના એ આનંદપુરમાં સભામાં કલ્પસૂત્રનો પાઠ કરવામાં આવ્યો હતો.

**7.5.5 ધરપટ્ટ (ઇ.સ. 550 થી 555 )**

ધ્રુવસેન પછી એનો નાનો ભાઈ ધરપટ્ટ ગાદીએ આવ્યો. એ આદિત્ય ભક્ત હતો. ભટ્ટાકનો આ ચોથો પુત્ર વયોવૃદ્ધ હતો. એણે ઈ.સ. 550 થી 555 એમ 5 વર્ષ

રાજ્ય કર્યું. આમ ભટ્ટાક પછી ગાડીનો વારસો વારાફરતી એના ચાર પુત્રોને મળ્યો. મૈત્રક વંશમાં રાજા પોતાના ઉત્તરાધિકારીને પોતાની પસંદગી પ્રમાણે નીમતો.

### 7.5.6 ગુહસેન (ઇ.સ. 555 થી 570)

ધરપટ્ટનો ઉત્તરાધિકારી એનો પુત્ર ગૃહસેન થયો. મૈત્રક વંશમાં સેનાપતિ ભટ્ટાકપછી બીજો મહાન રાજવી ગૃહસેન હતો. તેણે લગભગ ઇ.સ. 555 થી 570 સુધી રાજ્ય કર્યું. એનાં ત્રણ તામ્રશાસન મળી આવ્યા છે, જે મુજબ બધાં ભૂમિદાન બૌદ્ધ વિહરોને દીધાલા છે. ગૃહસેન પરમ માહેશ્વર હતો. છેલ્લા દાનશાસનમાં એ પોતાને પરમ ઉપાસક (બૌદ્ધ) તરીકે રજૂ કરે છે. ગૃહસેન બાળપણથી યુદ્ધવિદ્યામાં નિપૂણતા સાધી હતી. એણે પ્રજાના હૃદયનું રંજન કરીને રાજા શબ્દને યથાર્થ બનાવ્યો હતો. એના ઉદાર અને ઉમદા સ્વભાવની ભારે પ્રશંસા કરવામાં આવી છે. એના સમયમાં મગધ સમ્રાટોની સત્તા અસ્ત પામી હતી ને કનોજના મૌખરી વંશના રાજાઓની પ્રબલ સત્તા જામવા લાગી હતી.

### 7.5.7 ધરસેન બીજો (ઇ.સ. 570 થી 595)

ગૃહસેન પછી એનો પુત્ર ધરસેન બીજો ગાદીએ આવ્યો. આ રાજાના એક તામ્રપત્ર મળ્યાં છે, જેમાં ભૂમિદાનને લગતાં રાજશાસન કોતરેલાં છે. તેણે ઇ.સ. 570 થી 595 સુધી રાજ્ય કર્યું. તેણે ભૂમિદાન સુરાષ્ટ્ર, ખેર્ક અને આનંદપુરના બ્રાહ્મણોને તથા વલભીનાં વિહારોને આપેલો છે. આ રાજા કેટલીક વાર 'મહારાજા' ઉપરાંત 'સામંત' કે 'મહાસામંત'નું બિરુદ ધારણ કરતો. આ રાજાએ સહજ શક્તિ અને ખાસ શિક્ષણ વડે ધનુર્ધરોમાં નામના મેળવી હતી. એના સમયમાં સ્થાણવીશ્વર (થાનેશ્વર) ના પ્રતાપશીલ પ્રભાકરવર્ધને મહારાજધિરાજનો દરજ્જો પ્રાપ્ત કર્યો હતો. ધરસેન ઘણો ઉદાર અને ગુણસંપન્ન હતો. રાજાઓ એ આપેલા ધર્મદાનોનું અનુપાલન કરતો. આગળ જતાં આ રાજાને નામે બે બનાવટી તામ્રશાસન ઘડાયેલા મળ્યાં છે. મહારાજા ધરસેન પછી એનો મોટો પુત્ર શિલાદિત્ય પહેલો રાજા થયો.

### 7.5.8 શિલાદિત્ય પહેલો (ધર્માદિત્ય) (ઈ.સ. 595 થી 615)

શિલાદિત્ય ઘણો વિદ્વાન છતાં વિનયી હતો. એ પોતાના ઉદાત્ત ધમાચરણને લઈને 'ધર્માદિત્ય' તરીકે ઓળખાતો. ગુપ્ત સમ્રાટો, વિક્રમાદિત્ય અને મહેન્દ્રાદિત્ય જેવાં ઉપનામ ધારણ કર્યા. જયારે શીલાદીત્યે 'ધર્મદિત્ય' એવું ઉપનામ પસંદ કર્યું, એ એનું ધર્મનું મૂલ્યાંકન સૂચવે છે. એ બ્રાહ્મણોને, દેવાલયોને અને વિહરોને ભૂમિદાન દેતો. એ પરમ માહેશ્વર હતો. એણે પોતાના મહેલની બાજુમાં એક શાક્ય વિહાર બંધાવ્યો હતો. એમાં સાત બુદ્ધોની પ્રતિમાઓ પધરાવી. એણે એમાં શિલ્પકલાની

વિપુલ સમૃદ્ધિ ઠલવાવી હતી. દર વર્ષે એ 'મોક્ષ પરિષદ' બોલાવતો ને ભિક્ષુઓને સર્વસ્વનું દાન દેતો.

### 7.5.8.1 માલવ – વિજય

પરાક્રમમાં એ ભારે મહત્વાકાંક્ષી હતો. એ ઈ.સ. 595ના આજુબાજુ ગાદીએ આવ્યો, ત્યારે થાનેશ્વરના મહારાજાધિરાજ પ્રભાકરવર્ધનનું આધિપત્ય ચોમેર જામ્યુ હતું. એણે માલવરાજનો પરાભવ કર્યો હતો. માલવના રાજપુત્ર કુમારગુપ્ત અને માધવગુપ્ત થાણેશ્વરનાં રાજપુત્ર રાજ્યવર્ધન અને હર્ષવર્ધનના સાથી તરીકે રહ્યાં હતા. ઈ.સ. 605ના અરસામાં પ્રભાકરવર્ધન મૃત્યુ પામતાં, માલવરાજે કનોજ પર ચડાઈ કરી પ્રભાકરવર્ધનનના જમાઈનો સંહાર કર્યો અને વિધવા રાજ્યશ્રીને કેદ કરી. આથી રાજ્યવર્ધને માલવરાજ પર વેર લેવા ગયો, એણે માલવસેના પર જીત મેળવી, પરંતુ ગૌડરાજે એને દગો દઈ મારી નાખ્યો. ગૌડરાજ સામે હર્ષવર્ધને કુચ કરી. માલવના રાજપુત્ર માધવગુપ્તો મગધમાં રાજ્યાભિષેક થયો. માલવરાજ દેવગુપ્ત તો ક્યારનોય નામશેષ થયો હતો. આ પલટાતા સંજોગોમાં મૈત્રક નરેશ શિલાદિત્ય માલવ દેશ પર પોતાની સત્તા પ્રસારી. ત્રીસેક વર્ષ પછી ચીની પ્રવાસી હ્યુ.એન.ત્સાંગે માલવની મુલાકાત લીધી, ત્યારે તેણે ત્યાં આ ધર્મપરાયણ રાજવીની નામના સાંભળી હતી. શિલાદિત્યની સત્તા કચ્છથી ઉજ્જૈયની સુધી પ્રવર્તતી. શિલાદિત્યએ લગભગ ઈ.સ. 615 સુધી શાસન કર્યું.

### 7.5.9 ખરગ્રહ પહેલો (ઈ.સ. 615 થી 620)

શિલાદિત્યને દેરભટ નામે પુત્ર હતો, છતાં પોતાના ઉત્તરાધિકારી તરીકે શિલાદિત્યે પોતાના નાનાં ભાઈ ખરગ્રહની પસંદગી કરી હતી. ખરગ્રહ ભારે પરાક્રમી હતો. એના પ્રખ્યાત પૌરુષ અને અસ્ત્રકૌશલને લઈને એ વીર પુરૂષોમાં અગ્રિમસ્થાન ધરાવતો. એણે ઈ.સ. 616માં ઉજ્જૈયનીમાં વિજય- છાવણી નાખી હતી. એ સમયે ભારતવર્ષમાં બે ચક્રવર્તી હતા- ઉત્તરાયણમાં હર્ષદેવ અને દક્ષિણાપથમાં પુલકેશીના પક્ષમાં ભળ્યાં, પરંતુ આગળ જોતાં એમણે હર્ષદેવની સત્તા સ્વીકારી. દાનશાસનોમાં ખરગ્રહની યશસ્વી વિજયસિદ્ધિ, ઉદ્દાત મનોવૃત્તિ અને વિમલગુણ સંપન્નતાની પ્રશસ્તિ કરવામાં આવી છે. ખરગ્રહે લગભગ ઈ.સ. 615 થી 620 સુધી રાજ્ય કર્યું જણાય છે.

### 7.5.10 ધરસેન ત્રીજો

ખરગ્રહ પહેલા પછી એનો મોટો પુત્ર ધરસેન ત્રીજો ગાદીએ આવ્યો. એના રાજ્યનો સમય લગભગ ઈ.સ. 620 થી 628 સુધીનો ગણાય છે. એણે ઈ.સ.623-24માં ખેટક (ખેડા) મુકામે વિજયછાવણી નાખી હતી. પ્રશસ્તિમાં ધરસેનને ઘણો પરાક્રમી પુરુષ આલેખવામાં આવ્યો છે. એ ધનુર્વિદ્યામાં ભારે અસ્ત્રકૌશલ ધરાવતો. એનાં

દાનશાસનોના દૂતક તરીકે શિલાદિત્ય નામે સામન્ત ફરજ બજાવતો. એ શિલાદિત્ય ધર્માદિત્યના પુત્ર દેરભેટનો જ્યેષ્ઠ પુત્ર શિલાદિત્ય હોવાનું જણાય છે. 'આર્યમંજુશ્રીમૂલકકલ્પ'માં જણાવેલો ચપળ એ આ ધરસેન હોય તો એ સ્ત્રી લંપટ હોઈને સૈનિકો વડે હણાયો હતો. દાનશાસનોમાં તો એને પરમ ભદ્ર પ્રકૃતિનો કહ્યો છે અને એ વિદ્વાન અને ઉદાર તથા વિવેકી અને વિનમ્ર હતો એવું એનું ચરિત્રચિત્રણ કરેલું છે.

### 7.5.11 ધ્રુવસેન બીજો (બાલાદિત્ય) (ઈ.સ. 629 થી 642)

ધરસેન ત્રીજા પછી એનો નાનો ભાઈ ધ્રુવસેન બીજો રાજા થયો. એનાં સાત દાનશાસન ઉપલબ્ધ છે. એમાં ચાર શાસન સુરાષ્ટ્ર, ખેટક અને માલવકમાં રહેતા બ્રાહ્મણોને અને બે દાન વલભીના બૌદ્ધ વિહારોને આપેલાં છે. દ્રોણસિંહે એક દેવીનાં મંદિરને આપેલું ભૂમિદાન પછીના ગાળામાં લુપ્ત થઇ ગયું હોઈ ધ્રુવસેને એને નવેસરથી દાનમાં દીધું.

#### 7.5.11.1 હર્ષ સાથેનો સંબંધ

આ સમયે ઉત્તર ભારતમાં ચક્રવર્તી હર્ષનું આધિપત્ય પ્રવર્તતું હતું, જ્યારે દક્ષિણ ભારતમાં ચાલુક્ય નરેશ પુલકેશી બીજાનું આધિપત્ય જામ્યુ હતું. પુલકેશીએ હર્ષનો સફળ સામનો કરી એની વિજયકુચને ઉત્તર ભારત પૂરતી માર્યાદિત રાખી હતી. આ અરસામાં હર્ષે વલભીપતિ ધ્રુવસેનનો પરાભવ કર્યો ત્યારે નાંદીપૂરી (નાંદોદ)ના ગુર્જર રાજા બીજાએ એને રક્ષણ આપ્યું. થોડા જ વખતમાં ચક્રવર્તી હર્ષ અને વલભીપતિ ધ્રુવસેન વચ્ચે સુખદ સમાધાન થયું અને હર્ષ વલભીપતિને પોતાનો જમાઈ બનાવી એની સાથે મીઠો સંબંધ બાંધ્યો. આ સંબંધને લઈને વલભીપતિને હર્ષના દરબારમાં મોખરે સ્થાન મળતું. હર્ષે ચીની મુસાફર હ્યુ.એન. ત્સાંગને કનોજ તેડાવી ધર્મપરિષદ ભરી.

#### 7.5.11.2 હ્યુ.એન.ત્સાંગ

હ્યુ.એન.ત્સાંગે પશ્ચિમ ભારતની મુલાકાત લીધી ત્યારે એણે ભરુકચ્છ (ભરૂચ), માલવક (માળવા), ખેડક (ખેડા), આનંદપુર (વડનગર), વડાલી, વલભી અને ગિરિનગરની મુલાકાત લીધી હતી. વલભીની મુલાકાતની નોંધમાં ચીની પ્રવાસી રાજાના બૌદ્ધ ધર્મ વિશેના અનુરાગની પ્રશંસા કરી છે. દર વર્ષે એ મોટી પરિષદ બોલાવતો ને સાત દિવસ સુધી મુલ્યવાન દ્રવ્યોનું દાન દેતો. બૌદ્ધ ધર્મ તરફના એના આ અનુરાગમાં એના સસરા હર્ષના ધાર્મિક વલણની પણ અસર થઇ જણાય છે.

એ ઘણો પુરુષાર્થી અને પ્રતાપી હતો. એ રાજ્યતંત્રમાં તેમજ પાણિનીય તંત્રમાં નિષ્ણાત હતો. વલભીમાં શબ્દશાસ્ત્ર (વ્યાકરણ)ના શિક્ષણને ભારે મહત્વ અપાતું. ભટ્ટીએ રચેલા મહાકાવ્ય પરથી પણ સ્પષ્ટ થાય છે. આ પ્રતાપશાળી રાજા તદ્દન યુવાન વયે ગાદીએ આવ્યો જણાય છે. ધ્રુવસેન 'બાલાદિત્ય' તરીકે જાણીતો હતો. બાલાદિત્ય ધ્રુવસેનના સમયથી વલભીપતિની કીર્તિ સમસ્ત ઉત્તર ભારતમાં પ્રસરી.

### 7.5.12 ધરસેન ચોથો (ઈ.સ. 64 થી 648)

ધ્રુવસેન બાલાદિત્યનો ઉત્તરાધિકારી ધરસેન ચોથો ચક્રવર્તી હર્ષનો દૌહિત્ર હતો. એ લગભગ ઈ.સ. 643માં ગાદીએ આવ્યો. એનું એક ભૂમિદાન સુરાષ્ટ્રના એક મહાયાન વિહારને આપવામાં આવ્યું છે. જ્યારે બીજા ત્રણ ભૂમિદાન સુરાષ્ટ્ર અને ખેડકના બ્રાહ્મણોને આપ્યાં છે. પહેલાં બે દાનશાસનોની મિતિ વિ.સં. 326 (ઈ.સ. 644-45)ની અને પછીના બેની વિ.સં. 332 (ઈ.સ. 648)ની છે.

#### 7.5.12.1 ચક્રવર્તી

દ્રોણસિંહથી ધરસેન બીજા સુધીના રજાઓ 'મહારાજ' કહેવાતા શિલાદિત્ય પહેલાથી ધ્રુવસેન બીજા સુધીના રાજાઓનાં નામોની સાથે કઈ રાજ બિરુદ આપવામાં આવ્યા નથી. એ રાજાઓ પૂરા સ્વતંત્ર નહિ હોય, પરંતુ ધરસેન ચોથા એ મોટા રાજ બિરુદ ધારણ કરવાની પહેલ કરી. એણે પરમભટ્ટારક, મહારાજાધિરજ અને પરમેશ્વર એ ત્રણેય મહાબિરુદ ધારણ કર્યાં. એટલું જ નહિ, એણે ચક્રવર્તીનું બિરુદ પણ ધારણ કર્યું. આમાના પહેલાં ત્રણ બિરુદ એના અનુગામીઓએ પણ જારી રાખ્યા. વિ. સં. 326ના દાનશાસનોમાં ધરસેન પોતાના અજ્જક (માતામહ)નો અર્થાત્ હર્ષનો માનપૂર્વક ઉલ્લેખ કરે છે. એ સમયે હર્ષ હયાત હતો તે છતાં ત્યારે ધરસેને ચક્રવર્તી સુધીનાં મહાબિરુદ ધારણ કરેલા હતાં. એ નોંધપાત્ર છે. આ પછી બે એક વર્ષ પછી હર્ષ મૃત્યુ પામ્યો. આથી એ પછીનાં ધરસેનનાં દાનશાસનોમાં અજ્જકનો ઉલ્લેખ આવતો નથી. એ અપુત્ર ચક્રવર્તીના મૃત્યુ બાદ એના દોહિત્ર તરીકે ધરસેન એના સામ્રાજ્યનો વારસો લઈ શક્યો હોત, પરંતુ હર્ષના જેવાં મહાબિરુદ ધારણ કરવા છતાં એ ઉત્તર ભારતનો ચક્રવર્તી થવાની તક સાધી શક્યો નહિ. પશ્ચિમ ભારતમાં એ ચક્રવર્તીનું સ્થાન ધરાવતો હતો. એના પૂર્વજોની સત્તા સુરાષ્ટ્ર ઉપરાંત કચ્છ, ખેડક, આનંદપુર, વડાલી અને માલવ પર અર્થાત્ કચ્છથી ઉજ્જૈન સુધી પ્રસરી હતી. દક્ષિણ ગુજરાતનો ઉત્તર ભાગ નાંદીપુરીના ગુર્જરોની અને દક્ષિણ ભાગ સેન્દ્રકોની સત્તા નીચે હતો. ભૃગુકચ્છ (ભરૂચ) પ્રદેશ જમીનમાર્ગે ખેડક (ખેડા) વિષયની પાસે આવેલો હતો. ઇ.સ. 648માં વલભીપતિ ધરસેને ભૃગુકચ્છમાં વિજય છાવણી નાખી.

ધરસેન ચક્રવર્તીએ નાનપણથી જ વિધ્યોપાર્જન કર્યું હતું. એ પ્રજા પાસેથી હળવો કર લેતો હતો ને હંમેશા દાન દેવામાં પરાયણ રહેતો. એ ધનુર્વેદમાં તેમજ શરસંધાનમાં નિષ્ણાત હતો. ધરસેન ચક્રવર્તી મૈત્રક વંશનો સહુથી વધુ પ્રતાપશાળી રાજા હતો. એને ભુપા નામે એક કુંવરી હતી, પરંતુ પુત્ર ન હતો. આથી એણે પોતાના ઉત્તરાધિકારી તરીકે પોતાનો પિતામહ ખરગ્રહના મોટા ભાઈ શિલાદિત્યના કનિષ્ઠ પૌત્ર રાજપુત્ર ધૃવસેનની પસંદગી કરી.

**(ક) તમારી પ્રગતિ ચકાસો**

1. મૈત્રક વંશની સ્થાપના ક્યારે થઈ ?
2. મૈત્રક રાજા ધૃવસેન બીજાના સમયમાં કયો ચીની મુસાફર આવ્યો હતો ?
3. મૈત્રક રાજ્યની સ્થાપના કોણે કરી ?
4. મૈત્રકો કોના પૂજક ગણાય છે ?
5. ડૉ. હરિપ્રસાદના મતે મૈત્રકો કોણ હતા ?
6. મૈત્રકોની રાજધાની કઈ હતી ?

### 7.5.12.2 વિન્ધ્ય શાખાનું વિલીનીકરણ

શિલાદિત્ય – ધર્માદિત્યનો પુત્ર દેરભટ અને એનો પુત્ર શિલાદિત્ય બીજો વિન્ધ્ય અને સહ્ય પર્વત વચ્ચે આવેલા પ્રદેશ પર રાજ્ય કરતા હતા. વલભીના મૈત્રક વંશની એ એક શાખા હતી. એ શાખાના શિલાદિત્ય બીજાની કનિષ્ઠ પુત્ર ધૃવસેનને વલભીપતિ ધરસેણ ચક્રવર્તીનો રાજવારસો મળતાં, એ શાખા વલભીની મુખ્ય શાખામાં વિલીન થઇ લાગે છે.

### 7.5.13

**ધૃવસેન ત્રીજો** ઈ.સ. 650ના અરસામાં વલભીની ગાદીએ બેઠો. એનાં ત્રણ દાનશાસન મળ્યાં છે, જેની તિથિ વિ.સં 332 થી 334 (ઈ.સ. 651 થી 653)ની છે. એક ભૂમિદાન ખેટકના બ્રાહ્મણને અને બીજું એક ભૂમિદાન વલભીના બૌદ્ધ વિહારને આપેલું છે. આ રાજાનાં દાનશાસનોમાં સુરાષ્ટ્ર અને ખેટક આહાર ઉપરાંત વિશભાગપુર (શિવભાગપુર) વિષયનો ઉલ્લેખ આવે છતાં એણે ચક્રવર્તીના સામ્રાજ્ય પર મૈત્રકવંશની સત્તા ટકાવી રાખી હતી. એની પ્રશસ્તિમાં એના પરાક્રમ ઉપરાંત એની શ્રુતિ (જ્ઞાન), સંપત્તિ અને ઉદારતાની પ્રશંસા કરવામાં આવી છે. ધૃવસેન લગભગ ઈ.સ. 650 થી 655 સુધી જ રાજ્ય કર્યું જણાય છે.

### 7.5.14 ખરગ્રહ બીજો (ધર્માદિત્ય) (ઈ.સ. 655 થી 660)

ધ્રુવસેન ત્રીજાનો ઉત્તરાધિકાર એના મોટાભાઈ ખરાગ્રહ બીજાને મળ્યો. આ રાજાએ વિ.સ. 375 (ઈ.સ. 656)માં ખેટકમાં રહેતા એક બ્રાહ્મણને ભૂમિદાન દીધું હતું. દાનમાં દીધેલું ગામ શિવભાગપુર (શિવરાજપુર) વિષયમાં આવેલું હતું. દાનશાસનમાં રાજાના નામ સાથે કાંઇ રાજ બિરુદ આપવામાં આવ્યાં નથી. પ્રશસ્તિમાં ખરગ્રહને ભારે પરાક્રમી તેમજ પરમ ધાર્મિક જણાવ્યો છે. ઉચ્છિત ધર્મધ્વજ વડે એણે પોતાના વંશને દીપાવ્યો હતો અને શિલાદિત્ય પહેલાની જેમ 'ધર્માદિત્ય'નું બીજું નામ ધારણ કર્યું હતું. એને પ્રતાપશાળી રાજાધિરાજ તરીકે પણ આલેખવામાં આવ્યો છે. ધ્રુવસેન ત્રીજાની જેમ ખરગ્રહ બીજાએ પણ માત્ર પાંચેક વર્ષ (લગભગ ઈ.સ. 655 થી 660) રાજ્ય કર્યું લાગે છે.

### 7.5.15 શિલાદિત્ય ત્રીજો (ઈ.સ. 660 થી 685)

એનો રાજવારસો એના મોટાભાઈ શિલાદિત્ય બીજાના જયેષ્ઠ પુત્રને મળ્યો, જેણે 'શિલાદિત્ય' નામ ધારણ કર્યું. એના પિતા વિન્ધ્ય શાખાના રાજા હતા. આથી વિન્ધ્ય શાખાનું વલભીની મુખ્ય શાખામાં વિલીનીકરણ મોડામાં મોડું આ રાજાના સમયમાં તો થયું એમ લાગે છે, આ રાજાના સમયથી મૈત્રકવંશનો દરેક રાજા 'શિલાદિત્ય' નામ જ ધારણ કરે છે. આપણે એમને સગવડ માટે શિલાદિત્ય ત્રીજો, ચોથો, પાંચમો., એમ ઓળખીએ છીએ. શિલાદિત્ય ત્રિજાનાં અનેક દાનશાસન મળ્યાં છે. એની મિતિ વિ.સં 343 (ઈ.સ. 664) થી વિ.સં. 357 (ઈ.સ. 676)ની છે. આમાંના ઘણાં દાન વલભી, ખેટક, સિંહપુર ઇત્યાદિ સ્થાનોના બ્રાહ્મણોને આપેલાં છે, જયારે કેટલાક દાન વલભીના બૌદ્ધ વિહરોને આપવામાં આવ્યાં છે. દાનની ભૂમિ સુરાષ્ટ્ર, ખેટક આહાર અને ભરુકચ્છ વિષયમાંથી આપવામાં આવી છે. ઇ.સ. 666 થી 676 દરમિયાન શિલાદિત્યને દંડયાત્રાની જાણ કરી પરંતુ છેવટમાં એ ધરસેન ચક્રવર્તીને જેમ પરમભટ્ટારક, મહારાજાધિરાજ અને પરમેશ્વર એ ત્રણ મહાબિરુદો ધારણ કરે છે. એ સમયે એણે પણ ભરુકચ્છ વિષયમાં વિજયકૂચ કરી હતી. આથી એનાં મહાબિરુદ સાર્થક જણાય છે.

આ રાજા ઈ.સ. 660ના અરસામાં ગાદીએ આવ્યો ત્યારે તે નવયૌવનમાં હતો છતાં પોતાના વિશિષ્ટ પરાક્રમો દ્વારા એ પોતાનું આધિપત્ય જમાવીને મૈત્રક વંશના પ્રતાપશાળી શિલાદિત્ય તરીકે વિખ્યાત થયો. એના સમયમાં મૈત્રક રાજાઓ પોતાના 'બપ્પ' ને પોતાનાં મહાબિરુદોથી નવાજતા અને દાનશાનોમાં એમનો માનભેર ઉલ્લેખ કરતા. આ 'બપ્પ' શબ્દ અહીં વડા ધર્મગુરુ માટે વપરાયો હતો

અર્થાત્ 'બપ્પ' શબ્દ 'બાપજી' જેવો અર્થ ધરાવે છે. રાજામહારાજાઓ માટે વપરાતા રાજ બિરુદ ધર્મના વડાઓ માટે ઉપયોગમાં લેતા.

આ રાજાએ લગભગ ઈ.સ. 685 સુધી રાજ્ય કર્યું. એના સમયમાં લાટના ગુર્જર રાજા દદ બાહુસહાયે ભરુકચ્છ વિષય જીતી લીધો (ઈ.સ. 676) મૈત્રક રાજ્યની પ્રતિષ્ઠાનો ભાનુ હવે બીજી બાજુ નમવા લાગ્યો.

### 7.5.16 શિલાદિત્ય ચોથો (ઈ.સ. 685 થી 710)

શિલાદિત્ય ત્રીજા પછી એનો પુત્ર શિલાદિત્ય ચોથો ગાદીએ આવ્યો. એણે લગભગ ઈ.સ. 685 થી 760 સુધી રાજ્ય કર્યું જણાય છે. એના ભૂમિદાન સુરાષ્ટ્રના બ્રાહ્મણોને આપેલો છે. હવેથી વલભીનો દરેક મૈત્રક રાજા પરમભટ્ટાક મહારાજધિરાજ પરમેશ્વર કહેવાતો. પ્રશસ્તિમાં આ રાજાને ઉદાર, પરાક્રમી અને પ્રતિભાશાળી આલેખવામાં આવ્યો છે.

### 7.5.17 શિલાદિત્ય પાંચમો

શિલાદિત્ય ચોથાના પુત્ર શિલાદિત્યપાંચમાંએ લગભગ ઈ.સ. 710 થી 735 સુધી રાજ્ય કર્યું. એનાં ભૂમિદાન સુરાષ્ટ્રમાંથી આપેલાં છે. એના સમયમાં આરબોએ સિંધ જીતી લીધું. ઇ.સ. 725 ના અરસામાં નીમાયેલા સિંધના સૂબા જુનૈદે ગુજરાત પર ફીજ મોકલી દક્ષિણાપથ તરફ વિજયકૂચ કરતી એ ફોજને લાટના ચાલુક્ય નરેશ અવનિજનાશ્રય પુલકેશીએ નવસારીથી પાછી હઠાવી અને ગુર્જર નરેશ જયભટ્ટાચોથાએ વલભીપુરમાં આરબ ફોજનો પરાભવ કર્યો. આરબ સેનાના આ પરાભવમાં વલભીપતિ શિલાદિત્યે પણ સક્રિય ભાગ લીધો લાગે છે. શિલાદિત્ય પાંચમાની પ્રશસ્તિ મૈત્રક રાજાઓની પ્રશસ્તિઓમાં સહુથી ટૂંકી છે. એમાં એના સામંતો પરના આધિપત્યનું નિરૂપણ કરેલું છે.

### 7.5.18 શિલાદિત્ય છઠ્ઠો (ઈ.સ. 735 થી 760)

શિલાદિત્ય પાંચમા પછી એનો પુત્ર શિલાદિત્ય છઠ્ઠો ગાદીએ આવ્યો. એણે લગભગ ઈ.સ. 735 થી 760 સુધી રાજ્ય કર્યું. એનું ભૂમિદાન ગોદ્રહક (ગોધરા)ની વિજયછાવણીમાં વિ.સં 441 (ઈ.સ. 759)માં આપેલું છે. એની આસપાસ સંદેશ સૂર્યાપુર વિષય કહેવતો. મૈત્રક રાજાની આ દંડયાત્રા મૈત્રક રાજ્યની ઉત્તર કે ઈશાની આવેલા કોઈ રાજ્ય સામે કરાઈ હશે. આ સમયે લાટના ગુર્જરોની તેમજ ચાલુક્યોની સત્તા અસ્ત પામી હતી ને દક્ષિણમાંથી રાષ્ટ્રકૂટોની સત્તા આ તરફ આગળ ધપી રહી હતી, જયારે ઉત્તરમાંથી ગુર્જર પ્રતિહારો પણ અહી પોતાનું આધિપત્ય જમાવી રહ્યાં હતા. ઈ.સ. 758ના અરસામાં સિંધની આરબ ફોજે વલભી પર હુમલો કર્યો. આરબોના ઉપદ્રવને કારણે સિંધના જયદ્રથકુળના મહારાજ

પુષ્યેણ પશ્ચિમ સુરાષ્ટ્રની ભૂતાબિલિકા- ભૂમિલિકા (ધુમલી)માં સત્તા સ્થાયી. એના વંશજો 'સૈનધવ' તરીકે ઓળખાયા. શિલાદિત્યની પ્રશસ્તિમાં એ મૈત્રક રાજાને નરસિંહ જેવો શક્તિશાળી, સૈન્યનો દર્પ ઉતારનાર અને પરમ વિજયી જણાવ્યો છે.

**7.5.19 શિલાદિત્ય સાતમો (ઈ.સ. 760 થી 766)**

શિલાદિત્ય છઠ્ઠાનો પુત્ર શિલાદિત્ય સાતમાએ વલભીના મૈત્રક વંશનો છેલ્લો રાજા છે. એનું દાનશાસન વિ.સં. 447 (ઈ.સ. 766)નું છે. એમાં આનંદપુરમાંથી ત્યાંના એક બ્રાહ્મણને ખેટક આહારમાં આવેલું એક ગામ દાન દીધાની હકીકત નોધવામાં આવી છે. પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી બપ્પનું પાદાનુંધ્યન ધરનાર પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી શિલાદિત્યદેવ સાતમાં ધૃભટ (ધૃવભટ) તરીકે પણ ઓળખાતા. દાનશાસનોમાં મૈત્રક રાજાઓની પ્રશસ્તિ અત્યાર સુધી ઉચ્ચ ગદ્યમાં આપવામાં આવતી. એને પરાક્રમી, વામક, શ્રીતસન, જ્ઞાના અને ગુણસપન્ન કહ્યો છે. એ લોકપાલોને વિદ્યાધરોને આશ્રય આપતો અને ભૂતહિત કરવામાં સતત પ્રવૃત્ત રહેતો.

આ વલભીપતિ શિલાદિત્યને ઉત્તરા પથના સ્વામી ધર્મપાલ સાથે વિગ્રહ થયો. આ ધર્મપાલ તે બંગાળના પાલ વંશનો પ્રસિદ્ધ રાજા ધર્મપાલ હતો. શિલાદિત્યે લાંબા વિગ્રહને અંતે ધર્મપાલનો પરાજય કરી એ પોતાનો પ્રદેશ પાછો સોંપ્યો. શિલાદિત્યે આનંદપુરમાં નાખેલી વિજય છાવણીને બનતા સુધી ધર્મપાલ સાથેના આ વિગ્રહ સાથે સંબંધ હશે.

## 7.6 મૈત્રક રાજ્યનો અંત (વલભીનો વિનાશ)

ઈ.સ. 776માં આરબ ખલીફે વલભી પર દરિયાઈ ફોજ મોકલી. શરૂઆતમાં આરબો વલભીપુર કબજે કરવામાં ફાવ્યા, પરંતુ પાછળથી એમાંના ઘણા રોગચાળાને લીધે મરણને શરણ થયા ને બાકી રહેલા જલ્દી પાછા ચાલ્યા ગયા. આને પરિણામે ખલીફે હિંદ પર ફરી હુમલો મોકલવાનો વિચાર માંડી વાળ્યો. આ આરબ હુમલાને વલભીના વિનાશનું કારણ માનવામાં આવે છે, પરંતુ વલભીનો વિનાશ તો વિ. સં. 845 (ઈ.સ. 788)માં થયો.

વલભીના વિનાશને લગતી અનુશ્રુતિમાં જણાવવામાં આવ્યું છે કે રંક કાકૂ નામે નગરશ્રેષ્ઠીની પુત્રી પાસે સોનાણ રત્નજડિત કાંસકી હતી, તે રાજપુત્રીએ એની પાસે માંગી, પણ એમણે પોતાની કાંસકી આપી નહિ. એથી રાજા શિલાદિત્ય બળાત્કારે ઝૂંટવી લીધી. રાજાના આ અત્યાચારનો બદલો લેવા કાકૂ મ્લેચ્છામંડળ ગયો ને મ્લેચ્છપતિને મોં માગ્યા પૈસા આપીને વલભી પર હુમલો કરવા તૈયાર

કર્યો. મ્લેચ્છપતિએ સેના લઈ પ્રયાણ કર્યું. આસોની પૂનમને દિવસે વલભીમાંથી ચંદ્રપ્રભની મૂર્તિદેવ પતન (સોમનાથ પાટણ), મહાવીર વર્ધમાન સ્વામીની શ્રીમાલપુર, આદિદેવ ઋષભદેવની કાશહદ (કાસન્દ્રા) અને વલભીનાથની મૂર્તિ શત્રુંજ્ય ચાલી ગઈ. નગરના નાશની આગાહી થતાં શ્રાવકો અઢાર હજાર શકટોમાં નીકળી પદી મોઢેરપુર (મોઢેરા) જઈ વસ્યા. મ્લેચ્છ સેનાએ વલભી પર ચડાઈ કરીને શિલાદિત્ય યુદ્ધમાં માર્યા ગયો. પછી મ્લેચ્છાએ નિરાંતે વલભીનો નાશ કર્યો. પછી મ્લેચ્છાપતિ પોતાને દેશ પાછો ફર્યો. વલભીપુરનો અને એના રાજકુલનો નાશ કરનાર આ મ્લેચ્છપતિ કોણ હશે ? આરબ ઈતિહાસકાર અલ બેરુની (11મી સદી) જણાવે છે કે એ અલ- મનસુરાનો અધિપતિ હતો, ને એમણે રાતે દરિયાઈ હુમલો કરીને રંકની ઈચ્છા અનુસાર વલભીનો નાશ કર્યો હતો. મનસુરા એ આરબોના સિંધ પ્રાંતનું પાટનગર હતું. આરબો ત્યારે હિંદમાં એ પ્રદેશમાં જ સત્તા ધરાવતા અને ત્યાંથી તેમણે અગાઉ ગુજરાત પર હુમલો કર્યા હતા. ઈ.સ. 788ના આ હુમલાની નોંધ આરબ તવારીખમાં મળતી નથી. અલ બેરુનીને એ હકીકત હિંદના હિંદુઓ પાસેથી જાણવા મળી હતી.

મેવાડની અનુશ્રુતિમાં ગુહિલોત વંશનો મૂળ પુરુષ ગુહદત્ત વલભીના છેલ્લા રાજા શિલાદિત્યની વિધવા રાણી પુષ્પાવતીનો પુત્ર હોવાનું જણાવવામાં આવ્યું છે. પરંતુ ગુહદત્ત તો ઈ.સ. 568ના અરસામાં થયો જે શિલાદિત્ય (ઈ.સ. 766)નો પુત્ર હતો. મૈત્રકવંશના અંત પછી વલભીની  જહોજલાલી અસ્ત પામી અને સુરાષ્ટ્ર પર બહારના રાજવંશોનું આધિપત્ય જામ્યું. વલભીની આસપાસના પ્રદેશ પર વાળાઓની સત્તા રહી, પરંતુ આગળ જતાં ત્યાં ગોહિલોની સત્તા જામી. વાળાઓની એક શાખા તળાજા અને મહુવા વચ્ચેના પ્રદેશમાં સત્તા ધરાવતી. તે પરથી એ પ્રદેશ 'વાળાક' તરીકે ઓળખાયો. 'વલભી' કે વલહી'નું રૂપાંતર હવે 'વળા' થયું હતું ને 'વાળા' નામ એ 'વળા' પરથી પડ્યું. કાયસ્થોની 'વાલભ' શાખાની ઉત્પત્તિ પણ 'વલભી' પરથી થયેલી છે. વળાના ગોહિલો શિહોર- ભાવનગરના ગોહિલોના ભાઈઓ હતા. હાલ 'વળા' પાછું 'વલભીપુર' કહેવાય છે ને એ ભાવનગર જીલ્લાના વલભીપુર મહાલનું વડું મથક છે.

મૈત્રક શાસકોમાં અનેક રાજાઓ થઇ ગયા. શિલાદિત્ય પછી સત્તા નબળી પડતા મૈત્રકોનાં શાસકોનો અંત આવ્યો. તેમના અંત માટે કેટલાંક પરિબળો જવાબદાર હતા. પ્રાચીન નોંધ અને સાહિત્યમાં તથા વિવિધ તિર્થંકર પ્રબંધદોષ અને પુરાતન પ્રબંધ વગેરેમાં મૈત્રકોના શાસક માટે આરબોનું આક્રમણ જવાબદાર છે.

- **મૈત્રકોની વંશાવલી**

મૈત્રક રાજાઓની વંશાવલી

1. ભટાર્ક 2. ધરસેન 1લો 3. દ્રોણસિંહ 4. ધ્રુવસેન 1લો
5. ધરપટ્ટ 6. ગૃહસેન 7. ધરસેન 2જો 8. શિલાદિત્ય 1લો
9. ખરગ્રહ 1લો -ધર્માદિત્ય દેરભટ 10. ધરસેન 3જો 11. ધ્રુવસેન 2જો
12. ધરસેન 4થો – ચક્રવર્તી શીલાદિત્ય 14. ખરગ્રહ 2જો 13. ધ્રુવસેન 3જો 2જો ધર્માદિત્ય 15. શિલાદિત્ય 3જો 16. શિલાદિત્ય 4થો
17. શિલાદિત્ય 5મો 18. શિલાદિત્ય 6ઠ્ઠો 19. શિલાદિત્ય 7મો

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

1. ધરસેન પહેલો કોનો પુત્ર હતો ?
2. શિલાદિત્ય પહેલો દરવર્ષ કઈ પરિષદ ભરતો હતો ?
3. શિલાદિત્ય બીજા કયા નામે ઓળખાતો ?
4. વલભીનો વિનાશ ક્યારે થયો ?

## 7.7 સારાંશ

ગુજરાતમાં મૌર્ય અને ગુપ્તોની વિદેશી સત્તાઓ હટાવીને મૈત્રક યુગના સેનાપતિ તે અલગ સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. 468 થી શરૂ કરેલ 776 સુધી વલભીએ પોતાના સામ્રાજ્યનો વિકાસ કર્યો. 300 વર્ષના આ શાસન અલગ રાજ્ય અને અલગ વંશની સત્તા મેળવી. ચીની મુસાફર હ્યુ.એન.ત્સાંગ નોંધે છે કે હર્ષ ગુજરાત પર આક્રમણ કર્યું હતું અને તેની સત્તા જોઈ તેણે પોતાની પુત્રી પરણાવી હતી. મૈત્રકોના સમયમાં ધાર્મિક વિકાસ થવા પામ્યો છે. બૌદ્ધ વિહારો, મંદિરો, બૌદ્ધ સુપો, દેવાલયો બંધાવ્યા. ગુજરાતનો ખ્યાત નામક મહાકવિ ભટ્ટી અને તેનું સાહિત્ય પ્રાપ્ત થયું. આમ ગુજરાત અલગ સ્વતંત્ર, રાજ્યની સ્થાપના કરવાનો શ્રેય મૈત્રકોના ફાળે જાય છે.

## 7.8 ચાવીરૂપ શબ્દો

1. વર્ચસ્વ – સત્તા ધરાવતો હોય તે
2. તામ્રપત્ર – તાંબાના પતરા પર લખાયેલ લખાણો
3. રાજધાની - પાટનગર, વહીવટનું નગર
4. ઉત્તરાધિકાર – વારસદાર
5. ધર્માદિત્ય - ધર્મ પ્રત્યે વધુ સાદર રાખનાર

## 7.9 તમારી પ્રગતિ ચકસોના જવાબો

**(ક) તમારી પ્રગતિ ચકાસો**

1. ઈ.સ. 470
2. હ્યુ.એન.ત્સાંગ
3. સેનાપતિ ભટ્ટાર્ક
4. સૂર્ય પૂજક
5. ભગવાન બકુલીશ પત શિષ્ય મિત્ર હતા.
6. વલભી

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

1. સેનાપતિ ભટ્ટાર્કનો
2. મોક્ષ પરિષદ
3. ધર્માદિત્ય
4. ઈ.સ. 788માં

## 7.10 સંદર્ભસૂચિ


1. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ', પ્રકાશક – શ્રી કંચનલાલ ચંદુલાલ પરીખ, રજીસ્ટ્રાર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 1946
2. આચાર્ય ગિ. વ. (સંપા.) ગુજરાતના ઐતિહાસિક લેખો, મુંબઈ ભાગ – 1 (1933), ભાગ (1935), ભાગ-3 (1942)
3. ડૉ. હરિપ્રસાદ ગં, શાસ્ત્રી, 'ગુજરાતનો ઇતિહાસ પ્રાચીનકાલ', પ્રકાશક – યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત ત્રીજી આવૃત્તિ- ઈ.સ. 2014
4. પરીખ ર. છો. અને શાસ્ત્રી હરિપ્રસાદ (સંપાદક) 'ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ-1 ઇતિહાસની પૂર્વભુમિકા, 1972 પ્રકાશક – ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ
5. પરીખ 2. છો. અને શાસ્ત્રી હરિપ્રસાદ (સંપાદક) 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ-3, 'મૈત્રકકાલ અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ-3, 'મૈત્રકકાલ અને અનુમૈત્રક કાલ', ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ, ઈ.સ. 2004

| એકમ: 08 | **મૈત્રક સમયની સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને વહીવટી સ્થિતિ** |
|---|---|

**:: રૂપરેખા::**

**8.1 પ્રસ્તાવના**

**8.2 મૈત્રકોની સામાજિક સ્થિતિ**

**8.2.1 વર્ણવ્યવસ્થા**

**8.2.2 લગ્ન અને રીતરીવાજો**

**8.2.3 ખોરાક**

**8.2.4 પોષાક**

**8.2.5 આભૂષણો, અલંકાર**

**8.2.6 ઉત્સવો**

**8.3 મૈત્રકોની આર્થિક સ્થિતિ**

**8.3.1 ખેતી અને પશુપાલન**

**8.3.2 વેપાર અને ઉદ્યોગ**

**8.4 મૈત્રકોની ધાર્મિક સ્થિતિ**

**8.4.1બૌદ્ધધર્મ**

**8.4.2 જૈનધર્મ**

**8.4.3 વૈષ્ણવ સંપ્રદાય**

**8.4.4 શિવ સંપ્રદાય**

**8.5 મૈત્રકોનું વહીવટીતંત્ર**

**8.5.1 રાજ્યવિસ્તાર**

**8.5.2 રાજાનું સર્વોચ્ચ સ્થાન, વહીવટી ન્યાય અને લશ્કરીવડો**

**8.6 રાજ્યના વહીવટીતંત્રના મુખ્ય અધિકારીઓ**

**8.7 વહીવટીવિભાગો**

**8.8 રાજ્યની આવકનાં સાધનો મહેસુલઅનેકરવેરા**

**8.9 સમાપન**

**8.10 તમારી પ્રગતિ ચકસોના જવાબો**

**8.11 સંદર્ભગ્રંથો**

## 8.1 પ્રસ્તાવના

મૈત્રક સમયના ગુજરાતમાં ગુજરાતની પ્રગતિ સોળેકલાએ થવા પામી હતી. મૌર્યયુગથી ગુપ્તયુગ સુધી ગુજરાતમાં પ્રજા જીવનમાં વિવિધ ભાષાઓનો વિકાસ થયો વલ્લભીના મળેલા દાનપાત્રોના આધારે તથા હ્યુ-એન-ત્સાંગની નોંધમાંથી સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાંથી મૈત્રકોની સામાજિક, આર્થિક અને ધાર્મિક બાબતોના ઉલ્લેખ જોવા મળે છે.

## 8.2 સામાજિક સ્થિતિ

### 8.2.1 વર્ણવ્યવસ્થા

મૈત્રક સમયની સામાજિક સ્થિતિ લગભગ ગુપ્તસમયથી ચાલી આવતા સમાજ જેવી છે. આ સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જેવાં ચાર મુખ્ય વર્ગોમાં હતી. બ્રાહ્મણોનો મુખ્ય વ્યવસાય કર્મકાંડ, યજ્ઞયાગાદિ અને વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસનો હતો. પરંતુ કેટલાંક વિદ્વાન બ્રાહ્મણો વૈદક અને જ્યોતિષનો વ્યવસાય પણ કરતાં. ઉપરાંત શાસનતંત્રમાં ઉચ્ચ અધિકારપદો પણ સંભાળતા ક્ષત્રિયો લોક રક્ષણ કરવાનું કામ કરતા અને સૈનિક તરીકે જોડાતા. તેઓ આ માટે શાસ્ત્રાસ્ત્ર વિદ્યાની ખાસ તાલિમ લેતા અને તીર, તલવાર, ભલા, પરશુ, ગદા, સાંગ વગેરેના  ઉપયોગમાં નિષ્ણાત હતા. વૈશ્યો વેપાર વાણિજ્ય સંભાળતા અને અઢળક દ્રવ્ય કમાઈ લાવતા તેનો ઉપયોગ તેઓ વિહારો, મઠો, મંદિરો તથા ધર્મશાળાઓ બંધાવતા બ્રાહ્મણો, અનાથો, વિધવાઓને દાન આપતા, જનકલ્યાણ માટે વાવ, કુવા, તળાવ અને નહેરો વગેરે બંધાવતા ખુદ વલભીમાં જ હડક અને અજિત નામના વૈશ્યો એ વિહારો બંધાવ્યા હતા. ચોથો વર્ગ શુદ્રોનો હતો. તેઓ દાસ તરીકે, ખેત, મજુરો, ગોપ કે ભરવાડ તથા વિવિધ પ્રકારની કારીગરી કરનાર લુહારીકામ, કુંભારીકામ વગેરે અંગેની તે સમયના સાહિત્યમાંથી માહિતી મળે છે. સમાજમાં તેમનું સ્થાન નીચું હતું. ચાંડાળ લોકો ગામથી દૂર રહેતા હતાં.

### 8.2.2 લગ્ન અને રીતરિવાજ

મૈત્રક સમયમાં લોકો સામાન્ય રીતે પોતપોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરતા હતા. રાજકુટુંબના લોકો ક્ષત્રિય ઉપરાંત વૈશ્ય કન્યાને પરણતા. માતા-પિતાનો નિર્ણય લગ્ન માટે આખરી ગણાતો. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે લગ્નતિથિ નક્કી થતી. વિધવા પુનઃલગ્નની છૂટ ન હતી. બાળલગ્નનું પ્રમાણ ઓછું હતું. આ ઉપરાંત તેમના જુદા જુદા રિવાજો હતા. સતી થવાનો કુરિવાજ હતો જો કે બાણભટ્ટે 'કાદંમબરી'માં આ કુરિવાજની ટીકા કરી છે. હ્યુ-એન-ત્સાંગની નોંધ પ્રમાણે કેટલાંક લોકો એક કરતાં વધુ પત્નીઓ રાખતા હતા. આ સમયના લેખકો અને સમાજ સુધારકો સતી પ્રથાને તિરસ્કારથી જોતા તે જાણી ને આજે આનંદ થાય છે.

### 8.2.3 ખોરાક

આ સમયમાં લોકો ખોરાકમાં લોકો ઘઉં, જવ, ચોખા, બાજરી, અને દૂધ, દુધની બનાવટો ઘી, દહીં, તેમજ ખજૂર, બોર, કેરી વગેરે ફળોનો ભોજનમાં ઉપયોગ કરતા હશે. તેમ કહી શકાય, વળી બૌદ્ધ અને જૈન ધર્મના વ્યાપક પ્રભાવને કારણે માંસ, મદિરા, અભક્ષ વગેરેનો ઉપયોગ ઉચ્ચવર્ગના લોકોમાં ઓછો થતો હોય તેમ કલ્પી શકાય.

### 8.2.4 પોષાક

મૈત્રક સમયમાં લોકો સીવેલાં કપડાંનો ઉપયોગ કરતા ન હતા. પુરુષો અને સ્ત્રીઓ સામાન્ય રીતે કેડની નીચે લાંબુ કપડું, ધોતીયું, પાટલીવાળી પહેરતા તથા શરીરના ઉપરના ભાગમાં બીજું ઉપવસ્ત્ર પહેરતા કે ઓઢતા. સ્ત્રીઓ છાતી પર લાંબી કે ટૂંકી બાયના ખુલ્લા કે બંધગળાના આગળ કે પાછળ દોરીવાળા કંચૂકો પહેરતી, ઉચ્ચ કુટુંબની સ્ત્રીઓ કંચૂક ઉપર રેશમી ઓઢણું ધારણ કરતી, પુરૂષો પાઘડી અથવા ટોપી પહેરતા. ઉચ્ચ કુટુંબો રેશમી, ઉન અને ઝીણા સુતરાઉ કાપડનો ઉપયોગ કરતાં અને સામાન્ય લોકો સુતરાઉ કાપડનો ઉપયોગ કરતાં. સામાન્ય લોકો જોડા પહેરતા નહી. ઉપલા વર્ગના લોકો ચામડા કે કંતાનમાંથી બનાવેલ મોજડી પહેરતા.

### 8.2.5 અલંકારો અને આભૂષણો

મૈત્રકકાલીન સમયમાં અહીના લોકો કાનમાં કુંડળ, ગળામાં હાર, પગમાં ઝાંઝર આ ઉપરાંત કડલા, હાથે કંકણ, કંદોરો અને કંઠહાર પહેરતા હતા, સ્ત્રીઓ અને પુરૂષો કેટલાંક દાગીના કે અલંકારો જેમ કે હાથે કંગણ, કેડે કંદોરો, કાનમાં કુંડળ કે ઝુમખા પહેરતા હતા. સૌંદર્ય પ્રસાધનના સાધનોમાં સ્ત્રીઓ આંખમાં કાજળ અને અંજણ આંજતી પુરૂષો પણ અંજણનો ઉપયોગ કરતા. સ્ત્રીઓ વાળને છૂટા રાખતી.

કેટલીક સ્ત્રીઓ વાળને રેશમી કાપડાથી બાંધતી. બાણભટ્ટે 'કાદંમબરી' અને 'હર્ષચરિત'માં કરેલા ઉલ્લેખ પ્રમાણે અહીંની સ્ત્રીઓ પોતાના વાળની લટો કાઢીને ગાલ ઉપર લાવતી. પુરૂષો લાંબા વાળ અને મૂંછો રાખતા. અત્તર, સુગંધીતેલ, કપૂરનો ઉપયોગ થતો હતો. આ સિવાય કેસર, ચંદન લગાવવામાં આવતું. દાંતને લાલ કરવામાં પુરૂષો પણ તાંબૂલ ખાઈને મુખ લાલ રાખતા. આ સિવાય આ લોકો રત્નમણિ, મોતી, કિમતી પથ્થરો, ધાતુઓ વગેરનો પણ ઉપયોગ કરતા હતાં.

### 8.2.6 ઉત્સવો

સમાજમાં ઉત્સવો બહુ આનંદ અને ભપકાથી ઉજવતા હતા તેમાં પણ રાજવીના રાજ્યાભિષેક ઉત્સવ કે પાટલી કુંવરના જન્મોત્સવ વખતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવતી. આ ઉપરાંત રથયાત્રા, ધાર્મિક ઉત્સવો તથા પુત્ર જન્મ અને લગ્ન પ્રસંગો ઉજવવામાં આવતા. મૃતદેહ ને બાળવાનો રિવાજ હતો. મૃતાત્મા પાછળ પિંડદાનની વિધિ (શ્રાધ્ધક્રિયા)ને એક પવિત્ર ફરજ માનવામાં આવતી.

## 8.3 મૈત્રકોની આર્થિક સ્થિતિ

### 8.3.1 ખેતી, પશુપાલન

પ્રાચીન ભારતના અન્ય પ્રદેશોની જેની વલ્લભીપ્રદેશમાં પણ ખેતીનો વ્યવસાય મુખ્ય વ્યવસાય તરીકે ગણાતો હતો. અહીં ખેટક અને ભૃગુકચ્છ પ્રદેશમાં ડાંગરનો પાક મુખ્ય થતો હશે તેમ મનાય છે. તેજ રીતે માલવ પ્રદેશમાં ઘઉંનો પાક મુખ્ય થતો હતો તેવો ઉલ્લેખ છે. છતાં ઘઉં ઉપરાંત, ડાંગર, બાજરી, કઠોળ તથા શાકભાજી પકવવામાં આવતા. ઉપરાંત ફળોમાં કેરી, ખજૂર, જાંબુ વગેરેના ઝાડ ઉગાડી પકવવામાં ઉત્પાદન લેતા. આ ઉપરાંત પશુપાલન પણ કરવામાં આવતું જેના માધ્યમથી દૂધ, ઘી, માખણનો પણ વિપુલ જથ્થો મળી આવતો હતો.

### 8.3.2 વેપાર અને ઉદ્યોગ

મૈત્રક સમયમાં વલભી દરિયા કિનારે આવેલું હતું, તેથી ગુજરાત અને ગુજરાત અને ગુજરાત બહારના દેશો સાથે વેપારની આપ લે થતી હતી. સમુદ્ર અને જમીનમાર્ગે વેપાર થતો હતો. 'કથાસરિત્સાગર' નામના પુસ્તકમાં મૈત્રક સમયના ઉદ્યોગ અને વ્યાપાર સમૃદ્ધિના ઉલ્લેખો જોવા મળે છે. ગુજરાતના વેપારીઓ પરદેશમાં વેપાર કરવા જતા વલભીના શાકવાહું મહિધનનો પુત્ર વસુધન પરદેશ ગયો હતો. મગધનો દેવખેન નામનો વેપારી વલભીમાં વેપાર કરવા આવ્યો હતો. આ સમયે દ્વારકા દેવપહન (સોમનાથ પાટણ), નવસારી, ભરૂચ જેવાં દરિયાઈ બંદરો હતા. શિહોરનો રાજકુમાર વિજય ઉર્ફે સિંહલદેવે 500 વેપારીઓને શ્રીલંકાના

ટાપુ પર જઈ વેપાર શરૂ કર્યો હતો અને પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. જે સિંહલદિપ નામનો આજનો શ્રીલંકા દેશ બન્યો. આ સમયે નાનામોટા ગૃહ ઉદ્યોગો પણ પ્રચલિત હતા. સામાન્ય રીતે માટીનાં વાસણો બનાવવા, ચિત્રકામ, લુહારીકામ, સુથારીકામ, હાથીદાંતમાંથી કેટલીક વસ્તુઓ બનાવવી, સોનીકામ તેમજ સુતરાઉ કાપડ વણવું, ચામડાના ઉદ્યોગ, ગાડા, રથ, વહાણો બનાવવા વગેરે ઉદ્યોગોનો વિકાસ થયો હતો.

## 8.4 ધાર્મિક સ્થિતિ

મૈત્રક સમયમાં મોર્યયુગથી ગુપ્તયુગ સુધીની ધાર્મિક પ્રવૃત્તિ પ્રચલિત હતી. આ સમયે જૈનધર્મ, બૌદ્ધધર્મ, શાક્તધર્મ, વૈષ્ણવ સંપ્રદાય જેવાં વિવિધ ધાર્મિક સંપ્રદાયો પ્રચલિત હતા.

### 8.4.1 બૌદ્ધ ધર્મ

બૌદ્ધ ધર્મ ગુજરાતમાં પ્રચલિત હતો. મૈત્રક રજાઓએ તેને વિકસાવ્યો હતો. અશોકે ગિરનારમાં લેખો કોતરાવ્યા હતા. કેટલાંક મૈત્રક રાજાઓ બૌદ્ધ ધર્મી હતા. વલ્લભીપુર, આણંદપુર, બૌદ્ધ ધર્મના મુખ્ય કેન્દ્રો હતાં. બૌદ્ધ વિહારો, મંદિરો, સ્તૂપોને બાંધવા માટે મૈત્રક રાજાઓએ દાન આપ્યું હતું. આબુના એક દાનપત્ર અને વડનગર શિલાલેખમાં દાનનો ઉલ્લેખ છે. આ સિવાય પૂજા તરીકેની સાધનસામગ્રી પણ રાજ્ય તરફથી અપાતી. વલભીમાં બૌદ્ધ પ્રણાલિથી શિક્ષણ અપાતું. આમ વલભી વિદ્યાપીઠનો વિકાસ થયેલ જોવા મળે છે.

### 8.4.2 જૈનધર્મ

મૈત્રકોના સમયમાં જૈન ધર્મનો પણ એટલો જ વિકાસ થયો હતો અહીંયા અનેક આચાર્યો જૈન સંપ્રદાયના થઈ ગયા. જૈન રાજાઓએ આનંદપુર (વડનગર)માં કલ્પઅંગનો પાઠ કરાવ્યો હતો. આરબોના આક્રમણ સમયે કેટલીક જૈન પ્રતિમાઓ શત્રુંજય, પાટણ, મોઢેરા, હારીજ, વડનગર વગેરેમાં લાવવામાં આવી હતી. આમ મૈત્રક સમયમાં જૈન ધર્મનો પણ પ્રચાર અને પ્રસાર થયેલો જોવા મળે છે.

### 8.4.3 વૈષ્ણવ સંપ્રદાય

મૈત્રક સમયમાં વૈષ્ણવ સંપ્રદાય પણ એટલો વિકસ્યો હતો. ભગવાન વિષ્ણુના અવતારો માનવી ગણીને પૂજવામાં આવતા. અહી વરાહ, વામન, કૃષ્ણ, સુદર્શન, લક્ષ્મી, ગદાધર, નારાયણ વગેરેના મંદિરો બાંધવામાં આવ્યા હતાં.

### 8.4.4 વૈષ્ણવ સંપ્રદાય

મૈત્રક સમયમાં વૈષ્ણવ સંપ્રદાય પણ એટલો વિકસ્યો હતો. ભગવાન વિષ્ણુના અવતારોને માનવી ગણીને પૂજવામાં આવતા અહી વરાહ, વામન, કૃષ્ણ, સુદર્શન, લક્ષ્મી, ગદાધર, નારાયણ વગેરેના મંદિર બાંધવામાં આવ્યા હતાં.

### 8.4.5 શિવ સંપ્રદાય

આ સમયે ભગવાન શિવની પૂજા થતી હતી. મૈત્રક રાજા ધરપટ અને ધ્રુવસેન શિવભક્ત હતા. ભગવાન સોમનાથનું લાકડાનું શિવમંદિર આ સમયે બાંધવામાં આવ્યું હતું. આ ઉપરાંત કેટલીક માન્યતાઓ પ્રચલિત હતી. કાર્તિકેય, ગણપતિ, સૂર્ય, ચંદ્ર, પીપળો, લીમડો, ગરૂડ અને નાગની પૂજા પણ કરવામાં આવતી.

## 8.5 મૈત્રકોનું વહીવટીતંત્ર

ઈ.સ. 470 માં સેનાપતિ ભટાર્કે સ્થાપેલા મૈત્રક રાજ્યે 300 વર્ષ સુધી ગુજરાત પર શાસન કર્યું હતું. આ દરમિયાન કુલ 19 જેટલા મૈત્રક રાજવીઓ થયા.તેમના આશરે 117 જેટલા દાનપત્રો મળ્યા છે. જેમાં 101 તામ્રપત્રો છે. આ દાનપત્રોને આધારે રાજા, રાજ્યવિસ્તાર, રાજ્યના અધિકારી, રાજવંશ, રાજ્યના વિભાગો અને પેટા વિભાગો, તેની ભાષા, લિપિ, દાન ને લગતી ધાર્મિક માન્યતા, કાલગણના, યુદ્ધ વગેરે અંગેની નાનામાં નાની બાબત જાણી શકાય છે. તેથી ઇતિહાસના આલેખનમાં આ દાનપત્રો માટે ખુબ જ મહત્વના સાબિત થયા છે. કારણ કે તેને આધારે મૈત્રકોના વહીવટીતંત્ર વિશે વિગતવાર આધારભૂત જાણકારી મળે છે. તત્કાલીન સંજોગોમાં ઉત્તર અને મધ્ય ભારતના સર્વોચ્ચ શક્તિઓ શાસન કરતી હોય ત્યારે ગુજરાતને તેનાથી મુક્ત રાખી રાજ્યશાસને સ્થિરતા આપવી તે મજબુત અને સક્ષમ વહીવટીતંત્ર વિના શક્ય ન બની શકે.એટલે મૈત્રકોનું વહીવટીતંત્ર કેવું હતું તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

### 8.5.1 રાજ્યવિસ્તાર

મૈત્રકકાલના જુદા જુદા દાનશાસનોને આધારે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના મત મુજબ, મૈત્રક રાજ્યનો વિસ્તાર પશ્ચિમે સૌરાષ્ટ્ર અને કચ્છ, ઉત્તરે આબુ નજીક આવેલ વડાલી સુધી, પૂર્વે ઉજ્જૈયનીની પૂર્વ સીમા સુધી અને દક્ષિણમાં ભરૂચ સુધીની સીમા હોવાનું જાણવા મળે છે. આ રીતે જોઇએ તો મૈત્રકોનો રાજ્યવિસ્તાર, પૂર્વપશ્ચિમ લગભગ 300 માઈલ અને ઉત્તરદક્ષિણ લગભગ 500 માઈલનો ગણી શકાય.

### 8.5.2 રાજા વહીવટી વડો-સર્વોચ્ચ સ્થાન

કોઈ પણ રાજાશાહીની માફક મૈત્રક શાસનતંત્રમાં પણ રાજાને સર્વોપરી ગણવામાં આવ્યો છે. રાજાનું પદ વારસાગત હતું. પ્રાચીનકાળની પરંપરા અનુસાર જયેષ્ઠ પુત્ર ગાદીનો વારસ બનતો હતો, મૈત્રકવંશમાં જયેષ્ઠ નહિ પરંતુ શ્રેષ્ઠ પુત્રને અને તે પણ વારાફરતી એના દરેક પુત્રને મળતો હોય એવું જણાય છે અને રાજા તે પસંદગી પોતાની ઇચ્છાનુસાર કરતો હતો. એટલે કેટલીકવાર મોટાભાઈ ને નાનાભાઈ પછી વારસો મળ્યાના ઉદાહરણો જોવા મળે છે. મૈત્રકોના દનશાસકોમાં દુતક તરીકે ઘણીવાર રાજપુત્ર અને ક્યારેક રાજપુત્રીઓનો પણ ઉલ્લેખ મળે છે. પરંતુ ક્યાંય 'યુવરાજ'નો ઉલ્લેખ મળતો નથી. રાજા રાજ્યતંત્રની સારી જાણકારી ધરાવે એ અપેક્ષિત ગણાતું. તેમાં પ્રજાનો વિશ્વાસ તેને અનુરૂપ આદેશો તેમજ સંધિવિગ્રહ વગેરેનો સમાવેશ થતો.

- **લક્ષણો-ગુણો**:મૈત્રક રાજવીઓની પ્રશસ્તિ પરથી જાણી શકાય છે કે રાજ્યમાં ઉચ્ચકુળ, દર્શનીય દેહ, જ્ઞાન, પરાક્રમ, સુચારિત્ર અને ઉદારતાના ગુણ અપેક્ષિત હતા. પરાક્રમની બાબત માં યુદ્ધ કૌશલ્યનો નિર્દેશ મળે છે. રાજધર્મ-શાસન વ્યવસ્થા માટે મનુસમૃતિને આધારરૂપ ગણવામાં આવતી.
- **રાજબિરુદો**:રાજાના રાજ્યાભિષેકનો વિધિસરનો ઉત્સવ ઉજવાતો. તે સમયે કેટલાંક રાજાઓ રાજબિરુદો ધારણ કરતા, તો કેટલાંક પોતાના જૂના બિરુદો કે મૂળહોદ્દાઓ જ ચાલુ રાખતા; જ્યારે કેટલાંક મૈત્રક રાજાઓએ કોઈજ રાજબિરુદ ધારણ કર્યું ન હતું.
- **ફરજો** : પ્રજાનું પરિપાલન એ રાજાનો મુખ્ય ધર્મ ગણવામાં આવતો. રાજયમાં શાંતિ, સલામતી અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજા યોગ્ય વ્યવસ્થા કરતો. રાજ્યના રક્ષણ અને વિસ્તાર માટે યુદ્ધ કરતો.

## 8.6 રાજ્યના વહીવટીતંત્રના મુખ્ય અધિકારીઓ

- **રાજપુત્ર**: રાજાના પુત્રો કે જેઓને યોગ્ય તાલીમ મળી રહે તે માટે ઘણીવાર અમાત્ય તરીકે નિમણૂંક કરવામાં આવતી.
- **અમાત્ય** : અમાત્ય રાજાના શાસનતંત્રનો મુખ્ય વડો અધિકારી હતો. વહીવટીતંત્ર પર તેનો અંકુશ હતો.
- **મહાકર્તાકૃતિક** : તે રાજ્યના કૃત અને અકૃત કાર્યોની સમીક્ષા કરનાર મુખ્ય અધિકારી હતો.
- **મહાપ્રતિહાર** : રાજ્યના રક્ષણની જવાબદારી તેના શિરે હતી.

- **દૂતક** : રાજાની આજ્ઞાઓને સંબંધકર્તા સુધી યોગ્ય રીતે પહોંચાડવાનું કામ દૂતકનું હતું.
- **રાજસ્થાનીય** : રાજાવતી રાજ્યના પ્રદેશોનો વહીવટ કરનાર અધિકારી.
- **દેવીરપતિ** : રાજ્યના તમામ લહિયાઓનો વડો.
- **મહાક્ષપટલિક** : અક્ષપટલ એટલે દફતર ખાતાનો વડો.
- **કુમારામાત્ય** : રાજકુમારને સલાહ આપનાર અમાત્ય.

## 8.7 વહીવટી વિભાગો

- **ગ્રામ** : વહીવટ માટેનો નાનામાં નાનો એકમ ગ્રામ હતું અને તેનો વહીવટ કર્તા ગ્રામકૂટ કે ગ્રામપતિ તરીકેઓળખાતો.
- **પથક** : પથક ગ્રામથી મોટો વહીવટી વિભાગ હતો. તે હાલના તાલુકા સમાન ગણાવી શકાય.
- **આહાર**: મૈત્રક રાજવીઓના શરૂઆતના દાનશાસનોમાં આહરણી નામનો શબ્દ આવે છે અને તેના પરથી જ આ આહાર શબ્દ આવ્યો જણાય છે, જે વિભાગ પથકથી મોટું વહીવટી એકમ હતું.
- **વિષય** : વિષય એ  હાલના જિલ્લા સમાન વહીવટી એકમ હતું અને તેનો વહીવટ કરનાર મુખ્ય અધિકારી વિષયપતિ તરીકે ઓળખાતો.

## 8.8 રાજ્યની આવકનાં સાધનો મહેસુલ અને કરવેરા

મૈત્રકોની મુખ્ય આવક મહેસૂલની હતી. રાજ્યની તમામ જમીન કરપાત્ર હતી. મૈત્રકોના દાનશાસનોને આધારે નીચે મુજબના વિવિધ પ્રકારના મહેસૂલી કર લેવાના હોવાનું જાણવા મળે છે. 1. ઉદ્રગ 2. પુરીકર 3. ધન્યાદેય 4. હિરણ્યાદેયડ 5. ભાગ 6. ભોગ 7. વાતપ્રત્યાય 8. ભૂતપ્રત્યાય 9. (વેઠ) વિષ્ટિ 10. દશાપરાધ

**તમારી પ્રગતિ ચકાસો**

**(ક) ખરા ખોટા વિધાનો દર્શાવો**

1. મૈત્રક સમયમાં પિતાના મૃત્યુ પછી પિંડદાનની વિધિ (શ્રાદ્ધક્રિયા) એક પવિત્ર ફરજ માનવામાં આવતી.
2. મૈત્રક સમયમાં સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વેશ્ય અને શુદ્ર જેવાં ચાર વર્ગો હતા.
3. મૈત્રક સમયમાં દ્વારકા દેવપટ્ટન (સોમાનથ પાટણ) નવસારી, ભરૂચ જેવા દરિયાઈ બંદરો હતાં.
4. મૈત્રકોના સમયમાં જૈન રાજાએ આનંદપૂરમાં કલ્પસૂત્ર પાઠ કરાવ્યો હતો.

5. મૈત્રકોએ આશરે 100 વર્ષ ગુજરાત પર શાસન કર્યું હતું ?

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

1. ખેટક અને ભૃગુકચ્છ પ્રદેશમાં _______________નો પાક મુખ્ય હતો.

1. ડાંગર 2. જુવાર 3. બાજરી

2. મૈત્રક સમયમાં ____________બૌદ્ધ ધર્મનું મુખ્ય કેન્દ્ર હતું

1. વલભીપુર 2. પાટણ 3. ખંભાત

3. મૈત્રક સમય દરમિયાન__________________વિદ્યાપીઠ પ્રખ્યાત હતી.

1. વલભી 2. નાલંદા 3. તક્ષશીલા

4. ભગવાન સોમનાથનું લાકડાનું શિવમંદિર ________સમયમાં બાંધવામાં આવ્યું હતું ?

1. મૈત્રક 2. સોલંકી 3. ચાવડા

5. મૈત્રક સમયની સ્થાપના ____________એ કરી હતી.

1. સેનાપતિ ભટ્ટાર્ક 2. ધરસેન પહેલો 3. મહારાજા દ્રોણસિંહ

## 8.9 સમાપન

મૈત્રક સમયમાં રાજકીય શાંતિ હોવાથી સુંદર અને સરળ વહીવટીતંત્રમાં સમાજ અને માનવીનો વિકાસ થયો હતો. લોકો આર્થિક રીતે સુખી અને સંપન્ન હતા. અનેક ધર્મો અને સંપ્રદાયો પાળતા હતાં.

ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય દ્વારા ક્ષત્રપ રાજવંશને ગુજરાતની જીત સાથે ગુપ્ત શાસન દ્વારા બદલવામાં આવ્યું હતું. વિક્રમાદિત્યના અનુગામી સ્કંદગુપ્તનો જુનાગઢ ખાતે એક ખડક પરશિલાલેખ ઉપર વિગત છે. જે મુજબ મહાક્ષત્રપ રુદ્રદામનના સુબા પૂર્ણ દત્તે તેના પુત્ર ચક્રપાલિત દ્વારા બંધાયેલ સુદર્શન તળાવના અતિવૃષ્ટિથી નુકસાનગ્રસ્ત કિનારીઓના સમારકામની વિગતો આપે છે. આનર્ત અને સૌરાષ્ટ્રના પ્રદેશો ગુપ્ત સામ્રાજ્યના બન્ને ભાગ હતા. 5મી સદીના મધ્ય ભાગમાં ગુપ્ત સામ્રાજ્યમાં ઘટાડો થવાની શરૂઆત થઈ. સેનાપતિ ભટારક, ગુપ્તોની, પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી અને ઈ.સ. 470માં તેમણે મૈત્રક રાજ્ય તરીકે જાણીતી થઈ.તેમણે સૌરાષ્ટ્રના પૂર્વીય દરિયા કિનારે, ભાવનગર નજીક રાજધાની (ગીરીનગર થી) વલભીપુરમાં રાજધાની ખસેડી. વલભીના મૈત્રકો ખૂબ શક્તિશાળી બન્યા અને તેમનું શાસન ગુજરાતના મોટાભાગના વિસ્તારો અને માલવા સરહદ

પર પણ પ્રચલિત થયું. મૈત્રકોએ એક યુનિવર્સિટીની સ્થાપના કરી હતી, જે તેના સ્કોલિશિયસ વ્યવસાયો માટે જાણીતી હતી અને તેને પ્રસિદ્ધ નાલંદા યુનિવર્સિટી સાથે સરખામણી કરવામાં આવી હતી. તે ધ્રુવસેન મૈત્રકના શાસન દરમિયાન હતો કે ચીન ફિલસૂફ-પ્રવાસી જુઆનઝેંગે ઈ.સ. 640 માં મુલાકાત લીધી હતી.



. મૈત્રક રાજવંશનો નકશો

મૈત્રક રાજવંશ )ઈ.સ. 475 થી 767) મૈત્રક રાજવંશે પશ્ચિમ ભારતમાં ગુજરાત પર શાસન કર્યું. ઈ.સ. 475 થી 767. મૈત્રક રાજવંશ ગુપ્તા જનરલમાંથી ઉતરી આવ્યો છે. સેનાપતિ)જનરલ (ભટારકા ગુપ્તા સામ્રાજ્ય હેઠળ સૌરાષ્ટ્ર દ્વીપકલ્પના લશ્કરી ગવર્નર હતા, જેમણે પોતાની જાતને 5 મી સદીના છેલ્લા ત્રિમાસિકગાળા દરમિયાન ગુજરાતનું સ્વતંત્ર શાસક તરીકે સ્થાપિત કર્યું હતું. તેઓ મૈત્રકા રાજવંશના સ્થાપક હતા, જેમણે પશ્ચિમ ભારતમાં ગુજરાત પર શાસન કર્યું હતું.

મૈત્રાકોએ તેમની રાજધાની વલભી ખાતેથી શાસન કર્યું. તેઓ મધ્યયુગ-સાતમી સદીમાં હર્ષના શાસન હેઠળ આવ્યા હતા, પરંતુ સ્થાનિક સ્વાયત્તતા જાળવી રાખી હતી અને હર્ષના મૃત્યુ પછી તેમની સ્વતંત્રતા પાછી મેળવી હતી. એવા પુરાવા છે કે મૈત્રક શાસકોએ શેવવાદને ફેરવ્યો હતો, પરંતુ 7 મી શતાબ્દીના બીજા ત્રિમાસિકગાળા દરમિયાન ચાઇનીઝ પ્રવાસી હ્યુ-એન-ત્સાંગ વલ્લભીની મુલાકાત લીધી ત્યારે, તેમણે તેના શાસકને એક બૌદ્ધ અનુયાયી ગણાવ્યો. સાતમી સદીના છેલ્લા ત્રિમાસિકગાળા દરમિયાન, ચીની પ્રવાસી વલભીની મુલાકાત લીધી ત્યારે તેમણે વલભીને બૌદ્ધ સંપ્રદાય સહિતના એક ઉત્તમ કેન્દ્ર તરીકે જોઈ હતી.

## 8.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ક) ખરાં ખોટાં વિધાનો જવાબો.**

1. ખરું
2. ખોટું
3. ખરું
4. ખરું
5. ખોટું

**(ખ) ખાલી જગ્યા પૂરો જવાબો**

1. ડાંગર
2. વલ્લભીપુર
3. મૈત્રક
4. સેનાપતિ ભટ્ટાર્ક

## 8.11 સંદર્ભ


1. જયસ્વાલ કે.આર. , હિંદુ રાજ્ય વ્યવસ્થા, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ,.1933
2. સોમપુરા કે.એફ. , હિંદુ રાજ્ય પદ્ધતિઓનો ઇતિહાસ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,.1962
3. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઇતિહાસ ભોજે વિદ્યાભવન અમદાવાદ,.1997
4. જહા, ડી.એન. મોર્યોતર ઓંર ગુપ્તકાલીન રાજ્ય વ્યવસ્થા, રાધાકૃષ્ણ પ્રકાશન નવી દિલ્હી.
5. ડૉ. ઓઝા ઈશ્વરલાલ, પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતની લેખન સામગ્રી
6. કૃષ્ણકુમાર વીરજી, મૈત્રકકાલીન ગુજરાત
7. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, મૈત્રક કાલીન ગુજરાત

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીસ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. ડૉ. અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જગદિશ ચૌધરી | પ્રિન્સીપાલ, એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ. |
| ડૉ. અનસુયા ચોથાણી | પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સરકારી આર્ટ્સ કૉલેજ, સમી |
| ડૉ. જશરાજ ચૌધરી | એસોસિયેટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વડાલી |
| ડૉ. ભાવિન પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, ગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજ (સાંજની), અમદાવાદ |
| **ડૉ. હરેશ પંચાલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, દાહોદ. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ. જીતલ રાઠોડ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. જાગૃતિ મહેતા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. દિનેશ ભદ્રેસરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |



**પ્રકાશક**: કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંવર્ધિત આવૃત્તિ-2025**

**ISBN " 93-89909-06-7 "**



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## વિભાગ : 3 ચાવડાવંશથી સોલંકીયુગ સુધી

ગુજરાતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિકયુગથી ઈ.સ.૧૩૦૪ સુધી)ના વિભાગ-3 ચાવડાવંશથી સોલંકીયુગ સુધીમાં કુલ છ એકમો સમાવેશ કરવામાં આવેલો છે. આ વિભાગમાં પ્રાચીન ગુજરાતના પાટનગર એવા અણહિલવાડ પાટણની સ્થાપના કરનાર વનરાજ ચાવડાથી લઇ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણયુગ તરીકે ઓળખ આપનાર સોલંકી રાજાઓ અને મહાનાચાર્ય હેમચંદ્રાચાર્યની ચર્ચા કરવામાં આવેલી છે.

એકમ-9 મૈત્રકકાળ અને સોલંકીકાળને જોડતી મહત્વની કડી એટલે ચાવડાવંશ. આ ચાવડા કુળની ઉત્પત્તિ અને ગુજરાતના વિવિધ પ્રદેશોમાં ચાવડા રાજ્યોની માહિતી આ એકમમાં આપવામાં આવેલી છે. વનરાજ ચાવડાનું પ્રારંભિક જીવન, સત્તા પ્રાપ્તિ અને પાટણની સ્થાપનાની વિસ્તૃત માહિતી અહીં આપવામાં આવેલી છે.

એકમ-10 ગુજરાતમાં વલભીના મૈત્રકો પછી શૂન્યવકાશની સ્થિતિ અને જુદા જુદા પ્રાંતોમાં નાના નાના રાજ્યો પછી ગુજરાતને એક સામ્રાજ્યમાં ફેરવનાર એવા સોલંકી સત્તાનો ઉદય, સોલંકીવંશના સફળ શાસનકર્તા મૂળરાજ સોલંકી અને ભીમદેવ પહેલાની કારકીર્દી તથા સિદ્ધિઓની આ એકમમાં વિગતે વાત કરવામાં આવી છે. સાથે સાથે આ સમયનાં શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય, અન્ય લલિતકલાઓની માહિતી આપવામાં આવી છે.

એકમ-11 ગુજરાતને રાજકીય એકતા આપનાર તથા ગુજરાતનો સર્વાંગી વિકાસ સાધનાર સોલંકીઓ અને તેમના વંશના મહાન પ્રતાપી રાજા સિદ્ધરાજ જયસિંહ તથા તેની સંખ્યાબંધ લશ્કરી સિદ્ધિઓની વિસ્તૃત માહિતી અહી આપવામાં આવેલી છે.

એકમ-12,13 ગુજરાતના ઇતિહાસમાં મહાન સમ્રાટ અશોક તરીકે ઓળખાતા કુમારપાળની ગાદી પ્રાપ્તિ અને કુમારપાળની રાજકીય સિદ્ધિઓનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે.

મહાન વિજેતા અને કુશળ રાજનીતિજ્ઞ હોવા છતાં તેની ધાર્મિકતા અને પ્રજા કલ્યાણકારી કાર્યો ગુજરાતના ઈતિહાસમાં નોંધપાત્ર છે. કુમારપાળના સમયમાં સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ અને

ચિત્રકલા પણ સોળે કળાએ ખીલી હતી. મૂળરાજના સમયથી શરૂ થયેલી સાંસ્કૃતિક વિકાસ અને ગુજરાતની અસ્મિતામાં કુમારપાળ સુધીની ભૂમિકાથી સોલંકીવંશ ખરેખર સુવર્ણયુગ તરીકે સ્થાપિત થયેલો. તે આ એકમમાંથી જાણી શકાય છે.

એકમ-14 સાહિત્ય, દર્શન, યોગ, વ્યાકરણ, છંદશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, અભિધાનકોષ વગેરે વિષયો ઉપર નવીન ગ્રંથોની રચના કરનાર કાલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિના જીવન, સાહિત્ય સર્જન, દિક્ષા પ્રસંગ, સિદ્ધરાજ જયસિંહ સાથેના સંબંધો તથા હેમચંદ્રાચાર્યના શિષ્યમંડળ વિશે વિસ્તૃત માહિતી આ એકમમાં પુરી પાડવામાં આવી છે. આ એકમના અભ્યાસ બાદ વિદ્ધાવાનો હેમચંદ્રાચાર્યને કેમ જ્ઞાનના મહાસાગર કહેતા એ વાત પણ સ્પષ્ટ થશે.

| એકમ : 9 | વનરાજ ચાવડા અને અણહિલવાડ પાટણની સ્થાપના |
|---|---|

:: રૂપરેખા ::

9.0 ઉદ્દેશો

9.1પ્રસ્તાવના

9.2 ગુજરાતનો ચાવડા યુગ – પૂર્વભૂમિકા

9.2.1 'ચાવડા' નામકરણ અને ઉત્પત્તિ

9.2.2 ગુજરાતના વિવિધ ચાવડા રાજ્યો

9.2.3 પંચાસરનો ચાવડાવંશ

12. તમારી જાતે ચકાસો

9.3 વનરાજ ચાવડા

9.3.1 વનરાજનો જન્મ અને ઉછેર

9.3.2 પ્રારંભિક કારકિર્દી

9.3.3 અણહિલવાડ પાટણની સ્થાપના

9.3.4 શાસન સંબંધિત માહિતી

13. તમારી જાતે ચકાસો

9.4 વનરાજ ચાવડાના અનુગામી શાસકો

9.4.1 યોગરાજથી સામંતસિંહ (ભુયડ) સુધી

9.4.2 ચાવડા રાજ્યનું પતન

9.4.3 ચાવડા વંશની વિવિધ વંશાવળીઓ

14. તમારી જાતે ચકાસો

9.5 સારાંશ

9.6 શબ્દાવલિ

9.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

9.8 સંદર્ભસૂચિ

## 9.1 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- અનુમૈત્રકકાલીન ગુર્જરના ચાવડા રાજ્યની સ્થિતિ વિશે જાણકારી મેળવશો.
- ચાવડાકુળની ઉત્પત્તિ અને નામકરણ વિશે માહિતગાર બનશો.
- ગુજરાતના વિવિધ પ્રદેશોમાં સ્થિત ચાવડા રાજ્યો વિશે જાણકારી મેળવશો.
- વનરાજ ચાવડાના પ્રારંભિક જીવન, અણહિલવાડ પાટણની સ્થાપના વિશે જાણકારી મેળવશો.
- વનરાજ ચાવડાના અનુગામી શાસકો તથા ચાવડાવંશના પતન બાબતે માહિતગાર બનશો.
- ગુજરાતના ઇતિહાસમાં ચાવડા શાસકોના પ્રદાન બાબતે પરિચિત બનશો.

## 9.1 પ્રસ્તાવના

મૈત્રકકાળ તથા અનુમૈત્રકકાળ દરમિયાન ગુજરાતમાં ચાવડા નામે ઓળખાતા કેટલાંક રાજ્યો પ્રવર્તતા. આ ચાવડાકાળ મૈત્રકકાળ અને સોલંકીકાળને જોડતી મહત્વની કડી છે; તેથી મૈત્રકોનાં પતન અને સોલંકીઓના અભ્યુદયને સમજવા માટે ચાવડા શાસકોનો અભ્યાસ કરવો જરૂરી બંને છે. આ એકમોમાં આપણે ગુજરાતનાં વિવિધ ચાવડા રાજ્યો, ચાવડાઓની ઉત્પત્તિ અને નામકરણ વગેરેની રૂપરેખા સમજીશું તથા વનરાજ ચાવડાના જન્મ, કારકિર્દી, અણહિલવાડ પાટણની સ્થાપના વગેરેને લગતી દંતકથાઓનો પણ અભ્યાસ કરીશું. આ ઉપરાંત વનરાજના અનુગામીઓની કામગીરીનો અભ્યાસ કરી ચાવડાઓના પતન તથા ગુજરાતના ઇતિહાસમાં તેમના પ્રદાન અંગે માહિતગાર બનીશું.

## 9.2 ગુજરાતનો ચાવડાયુગ – પૂર્વભુમિકા

ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં સોલંકીકાળ ‘સુવર્ણયુગ’ ગણાય છે. ગુજરાતમાં સોલંકી સત્તાના સ્થાપક મૂળરાજ સોલંકીએ ચાવડાવંશના છેલ્લા રાજવી પાસેથી સત્તા છીનવી લઈને સોલંકીઓની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી હતી. વળી સોલંકીઓની રાજધાની અણહિલવાડ પાટણની સ્થાપના પણ ચાવડા

શાસકે જ કરી હતી. આ ઉપરાંત ગુજરાતના મૈત્રકકાળ અને સોલંકીકાળને જોડતી કડી સમાન ચાવડાકાળ હતો. તેથી ચાવડાકાળની વિગતવાર જાણકારી મેળવવી જરૂરી છે. આપણે આ યુગની રાજકીય પરિસ્થિતિની રૂપરેખા એક પછી એક તપાસીએ.

### 9.2.1 'ચાવડા' નામકરણ અને ઉત્પત્તિ

મૈત્રકકાળ તથા અનુમૈત્રકકાળ દરમ્યાન ગુજરાતમાં ચાપ – ચાપોત્કર-ચાવોટક-ચાહકા ચાવડા નામે ઓળખાતા કેટલાંક રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં અને તેમનો મૂળપુરૂષ કોણ હતો ? તે અંગે કોઈ જ માહિતી પ્રાપ્ત થતી નથી પરંતુ કેટલીક દંતકથાઓ અનુસાર, આ પૃથ્વીને અસુરોના ત્રાસમાંથી મુક્ત કરવા માટે ભગવાન શિવે પોતાના 'ચાપ' (ધનુષ્ય)માંથી એક શકિતશાળી પુરૂષ પેદા કર્યો. જે 'ચાપ' તરીકે ઓળખાયો. આ ઉપરાંત પ્રબોધચિંતામણીમાં વનરાજ ચાવડાના ઉત્તરાધિકારી રાજા યોગરાજને લગતી અનુશ્રુતિમાં તેના પૂર્વજોનાં કલંકને લઇ એનું રાજ્ય ચરટો (ચોરો)નું રાજ્ય ગણાતું હોવાનો ઉલ્લેખ આવે છે તેના પરથી 'ચાઉડા-ચાવડા' શબ્દ ગુજરાતી શબ્દ 'ચોટ્ટા' – 'ચોરટા'ને મળતો આવે છે નવસારીના ચાલુક્ય રાજા અવની જનાશ્રયના દાનપત્રમાં 'ચાવોટક' શબ્દનો નિર્દેશ છે. જ્યારે પ્રબોધચિંતામણી અને કુમારપાળની વડનગર પ્રશસ્તિમાં 'ચાપોત્કટ' શબ્દ પ્રયોજાયો છે. ભાટ -ચરણોએ જાળવેલી અનુશ્રુતિઓનાં 'ચાવડા' શબ્દ આવે છે. આમ આ કુલનામનાં વિવિધ રૂપો પ્રયોજાતાં જે 'ચપોત્કર' 'ચાવોટક' અને 'ચાઉડા' કે 'ચાવડા' એક જ શબ્દના જુદાજુદા રૂપ છે અને તેમાંથી 'ચાઉડા' મૂળ રૂપ હશે; જેમાંથી 'ચાવડા' શબ્દ ઉતરી આવ્યો હશે.

### 9.2.2 ગુજરાતના વિવિધ ચાવડા રાજ્ય

ચાવડા રાજ્યકુલોનો સૌથી પ્રાચીન ઉલ્લેખ શક વર્ષ 550 (ઈ.સ. 628) નો છે. જ્યોતિષાચાર્ય બ્રહ્મગુપ્તે 'બ્રહ્મસ્ફુટસિદ્ધાંત'ની રચના એ વર્ષે કરી, ત્યારે ત્યાં ચાપવંશનો રાજા વ્યધ્રમુખ રાજ કરતો હતો. બ્રહ્મગુપ્ત 'ભિન્નમાલકાચાર્ય' તરીકે પણ ઓળખાતા હતા. તે પરથી વ્યાધ્રમુખની રાજધાની ભિન્નમાલમાં હોવાની સંભવે છે. પરંતુ ત્યારબાદ ટૂંક સમયમાં જ હ્યુ-એન-ત્સાંગે ભિન્નમાલની મુલાકાત લીધી હતી. ત્યારે ભિન્નમાલ ગુર્જરદેશનું પાટનગર ગણાતું હતું.

### ❖ વઢવાણનો ચાપવંશ

નવમી સદીના પૂર્વાર્ધમાં વઢવાણમાં ચાપ કુલનો એક રાજવંશ સત્તારૂઢ થયો. આ વંશની ઉત્પત્તિ શિવના ચાપ (ધનુષ્ય)માંથી ઉત્પન્ન થયેલાં ચાપ નામે નૃપમાંથી મનાય છે. આ વંશનો પહેલો જ્ઞાત રાજા વિક્રમાંક છે. આ વંશના રાજા ધરણીવરાહના ઈ.સ. 914ના તામ્રપત્રમાં ચાપવંશના રાજાઓની વંશાવળીઓ જોતાં જણાય છે કે, વઢવાણમાં તેઓ ઈ.સ. 700 થી રાજ્ય કરતા હોવાનું જણાય છે.

### ❖ સૌરાષ્ટ્રના અન્ય ચાવડા રાજ્ય

ભાટ-ચારણોના અનુશ્રુતિક વૃત્તાંતો અનુસાર આ કાળ દરમ્યાન ચાવડાકુળના બીજા પણ કેટલાંક રાજ્યો પ્રવર્તતા હતા. આમાંનું એક રાજ્ય દીવમાં હતું. જે આઠમી સદીમાં સ્થપાયું હતું; જે ૧૨મીથી-૧૩મી સદી સુધી ચાલું રહેલું. સોમનાથ પાટણમાં પણ ચાવડાઓનું શાસન પ્રવર્તતું હતું, પરંતુ તેની કોઈ વિગતો ઉપલબ્ધ નથી આ ઉપરાંત ઓખા મંડળમાં ચાવડાકુળના અખેરાજજીએ વાઘેરોને વશ કરી પોતાની સત્તા સ્થાપી હતી.

### ❖ કચ્છના ચાવડા રાજ્ય

આનુશ્રુતિક વૃત્તાંતો અનુસાર કચ્છમાં પણ ચાવડાકુળના કેટલાંક રાજ્યો સ્થપાયાં હતા. પાટગઢ (તા. લખપત) પર વિરમ ચાવડા રાજ્ય કરતો હતો તે ઈ.સ.ની નવમી સદીના પૂર્વાર્ધમાં થયો હોવાનું જણાય છે. વિરમ ચાવડો ગૂંતરી (તા. નખત્રાણા) સાંઘ રાજ્યનો ખંડિયો હતો, એવો ઉલ્લેખ મળે છે. તેણે પોતાની પુત્રી સિંધમાં સમાંવંશનાં રાજા લખિયાર ભડના પુત્ર લાખા સાથે પરણાવી હતી. આ ઉપરાંત ધોલાય- સરસાગર (તા. લખપત) તથા રાયપુર બંદર (તા. માંડવી)માં પણ ચાવડાઓનું રાજ્ય હતું. તેવી અનુશ્રુતિ છે; પરંતુ તેને લગતી વિગતો ઉપલબ્ધ નથી.

### 9.2.3 પંચાસરનો ચાવડા વંશ

'પ્રબોધચિંતામણી', રાસમાળા વગેરે પુસ્તકોની દંતકથાને આધારે સાતમાં સૈકાના અંતમાં પંચાસરમાં જયશિખરી ચાવડાનું રાજ્ય હતું. જયશિખરીના પૂર્વજો વિશે કોઈ માહિતી મળતી નથી. પરંતુ તે પંચાસરથી પાટણ સુધીના પ્રદેશનો ઠાકોર હોવાનો સંભવ છે. વિદ્વાનોના મંતવ્ય પ્રમાણે ચપોત્કર, ચાવોટક વગેરેના અપભ્રંશ ચોર, ચોટટા, ચોરટા વગેરે સંભવી શકે. આ અભિપ્રાય પ્રમાણે ચાવડાના કોઈ પૂર્વજો ચોરી કે લૂંટફાટનો ધંધો કરતા હશે, તેમાંથી અસ્થિર રાજકીય પરિસ્થિતિનો લાભ લઈને તેઓએ પંચાસરની આસપાસનાં પ્રદેશમાં રાજ્ય સ્થાપ્યું હશે.

જયશિખરી આવા કોઈ રાજાનો અનુગામી હોવો જોઈએ. તેનો આરબ લશ્કરનાં હાથે ઈ.સ. 695માં પરાજય થયો હશે અને તેમની સામેના યુદ્ધમાં તેનું આ સાલના અરસામાં અવસાન થયું હશે.

બીજી એક અનુશ્રુતિ મુજબ જયશિખરી વિશે જે વૃત્તાંત આપવામાં આવ્યો છે, તેનો સાર નીચે પ્રમાણે છે.

કાન્યકુબ્જ દેશમાં ચૌલુક્ય (સોલંકી)વંશનો ભુવડ નામનો રાજા રાજ્ય કરતો હતો. એક દિવસ ભુવડની રાજ્યસભામાં ગુર્જરદેશના શંકર કવિએ પંચાસરના ચાવડા રાજા જયશિખરીનો મહિમા ગાયો ત્યારે ભુવડે જયશિખરીને આધીન કરવા સેના મોકલી, પરંતુ જયશિખરીની સેનાએ ભુવડની સેનાને પરાજય આપ્યો. આથી ભુવડે પોતે આગેવાની લઇ પંચાસર પર આક્રમણ કર્યું. બંને સૈન્ય વચ્ચે ઘણા દિવસો સુધી સંગ્રામ ખેલાયો. અંતે જયશિખરોનો પરાજય નિશ્ચિત જણાતાં તેઓ પોતાની ગર્ભવતી રાણી રૂપસુંદરીને કોઈ સુરક્ષિત સ્થાને લઇ જવા શૂરપાલને આજ્ઞા કરી. શૂરપાલ બહેનને જંગલમાં લઇ ગયો, તે દરમ્યાન જયશિખરી યુદ્ધમાં વીરગતિ પામ્યો અને ભુવડની સેનાએ પંચાસર કબજે કર્યું.

કાન્યકુબ્જ (કલ્યાણકટક) એટલે હાલનું કનોજ, એમ ઘણા વિદ્વાનોનો અભિપ્રાય છે. પરંતુ ઈ.સ.696માં ક્નોજમાં ચાલુક્ય વંશનો ભુવડ નામે કોઈ રાજા થયો હોવાનો ઐતિહાસિક પુરાવો મળતો નથી. ત્યારપછી પ્રતિહાર વંશના રાજા નાગભટ્ટ બીજાએ (ઈ.સ. 792–834) કનોજમાં સત્તા પ્રસરી અને પોતાની રાજધાની બનાવી તેણે આનર્ત પર સત્તા પ્રસરેલી અને સૌરાષ્ટ્રની તીર્થ યાત્રા કરેલી. જયશિખરીનો યુદ્ધમાં વધ કરી પંચાસરનો પ્રદેશ કબજે કરનાર કનોજ દેશનો રાજા ભુવડએ કનોજના પ્રતિહાર વંશનો રાજા નાગભટ્ટ બીજો હોવાનો સંભવ છે. તો જયશિખરીનું મૃત્યુ ઈ.સ. 696 માં નહિ પરંતુ તે પછી લગભગ સો વર્ષે થયું હોવું જોઈએ.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**(ક) ખાલી જગ્યા પૂરો**

1. ભગવાન શિવે પોતાના _________માંથી એક શકિતશાળી પુરૂષ ઉત્પન્ન કર્યો હતો.
2. નવસારીનાં ચાલુક્ય રાજા ______________નું દાનપત્ર મળી આવ્યું છે.
3. ચાવડા રાજ્યકુળનો સૌથી પ્રાચીન ઉલ્લેખ શક વર્ષ ________નો મળે છે.
4. પંચાસરમાં __________નું રાજ્ય હતું.
5. શૂરપાલની બહેનનું નામ ____________હતું.

**(ખ) નીચેનાં વિધાનો પૈકી ક્યાં સાચાં છે ? ક્યાં ખોટાં છે ?**

1. જ્યોતિષાચાર્ય બ્રહ્મગુપ્તે 'બ્રાહ્મસ્ફૂટસિદ્ધાંત' ગ્રંથની રચના કરી હતી.
2. પંચાસરના રાજા જયશિખરીને મૂળરાજ સોલંકીએ પરાજિત કર્યો હતો.
3. જયશિખરીના પુત્રનું નામ શૂરપાલ હતું.
4. એક અભિપ્રાય પ્રમાણે ચાવડાઓના પૂર્વજો ચોરી કે લૂંટફાટ કરતા હતા.
5. નાગભટ્ટ બીજાએ કનોજને પોતાની રાજધાની બનાવી હતી.

## 9.3 વનરાજ ચાવડા

જયશિખરોના મૃત્યુ પછી પંચાસરના ચાવડા રાજ્યનો અંત આવ્યો અને ત્યાં પચાસેક વર્ષ સુધી કનોજના પ્રતિહાર રાજાઓનું શાસન પ્રવર્ત્યું ત્યાર બાદ વનરાજ ચાવડાએ 50 વર્ષની વયે અણહિલવાડ વસાવી ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. અણહિલવાડનો ચાવડાવંશ વનરાજથી શરૂ થયો. પરંતુ અગાઉ જણાવ્યા મુજબ વનરાજના પિતાની બાબતમાં ભિન્ન ભિન્ન પ્રકારની અનેક અનુશ્રુતિઓ પ્રચલિત છે. તેવી જ રીતે વનરાજના જન્મ સંબંધે પણ અનેક અનુશ્રુતિઓ છે. જેનો હવે આપણે અભ્યાસ કરીશું.

### 9.3.1 વનરાજનો જન્મ અને ઉછેર

પંચાસરનાં પતનની માફક વનરાજના જન્મ અને ઉછેર સંબંધ પણ વિવિધ દંતકથાઓ પ્રચલિત છે. પ્રબંધ લેખકોએ પોતાની રીતે આ દંતકથાઓનું વિવરણ કરેલું છે.

'પ્રબબોધચિંતામણી'નાં વર્ણન પ્રમાણે પોતાના સ્વર્ગવાસ પહેલાં જયશિખરીએ પોતાની સર્ગભા રાની રૂપસુંદરીને પોતાના સાળા શુરપાલ સાથે સુરક્ષિત સ્થળે રવાના કરી દીધી. રૂપસુંદરીએ વનમાં એક પુત્રને જન્મ આપ્યો તે વનમાં જન્મ્યો હોવાથી તેનું નામ 'વનરાજ' રાખવામાં આવ્યું. વનમાંથી પસાર થતાં જૈનાચાર્ય શ્રીશીલગુણસુરિએ બાળકના ચિહ્નો જોઇને તે રાજા થશે અથવા જૈનધર્મનો પ્રભાવક થશે તેવી ભવિષ્યવાણી ઉચ્ચારી તેમણે માતા પાસે બાળક માગી લઈને તેમના ઉછેર તથા ભરણ પોષણ માટે યોગ્ય વ્યવસ્થા કરી.

જૈન ગ્રંથ 'પુરાતનપ્રબંધસંગ્રહ'ના કથન અનુસાર ગામમાં ચડ અને ચામુંક નામના બે ચાવડા ભાઈઓ રહેતા હતા. કોઈ જ્યોતિષીએ ભવિષ્ય ભાખ્યું કે ચામુંડની સગર્ભા સ્ત્રીથી થનાર પુત્ર ચંડની હત્યા કરશે. આ સાંભળીને તે સ્ત્રીનો ત્યાગ કરવામાં આવ્યો તેણે વનમાં જે પુત્રને જન્મ આપ્યો તેનું નામ વનરાજ રાખવામાં આવ્યું બાકીની કથા લગભગ પ્રબંધચિંતામણિની કથાને મળતી આવે છે.

'ધર્મારણ્ય' નામના ગ્રંથમાં કંઈક જુદી જ હકીકત છે. તેમાં વનરાજની માતાનું નામ 'અક્ષતા કે 'છતાં' નોંધ્યું છે. ધર્મારણ્ય ક્ષેત્રમાં તપ કરતા બ્રાહ્મણોએ વનરાજ તથા તેની માતાને રક્ષણ આપ્યું અને વનરાજનો ઉછેર કર્યા.

આવી પરસ્પર વિરોધી દંતકથાઓમાંથી ઐતિહાસિક હકીકત તારવવી મુશ્કેલ છે. છતાં એક વાત નિશ્ચિત છે કે વનરાજ પંચાસરના રાજા જયશિખરીનો પુત્ર હતો. પંચાસરનાં પતન બાદ તેની સગર્ભા માતા વનમાં ગઈ અને ત્યાં વનરાજનો જન્મ થયો તેનો ઉછેર મોટે ભાગે એક રાજકુમારને અનુરૂપ થયો.

### 9.3.2 પ્રારંભિક કારકિર્દી

વનરાજને તેના મામા શૂરપાલ તથા જૈન મુનિ શિલગુણસુરિએ રાજ્યકર્તા તરીકેની યોગ્ય તાલીમ આપવા માટેનો પ્રબંધ કર્યો શૂરપાલે તેને ઘોડેસવારી તથા યુદ્ધકળામાં પ્રવીણ બનાવ્યો. શિલગુણસુરિએ તેને રાજધર્મનો બોધ આપ્યો શિવાજીને જે રીતે દાદા કોંડદેવે ધર્મનિષ્ઠા સાથે ખડતલ બનાવ્યો હતો તે રીતે જૈન મુનિ થતાં શૂરપાલે વનરાજને પણ ધર્મનિષ્ઠા સાથે યોગ્ય નેતાગીરીની તાલીમ આપી યુવાનવયે પહોંચતાં વનરાજે પોતાના પિતાનું રાજ્ય જે સત્તાએ પડાવી લીધું હતું તેની સામે બહારવટુ ખેડ્યું, લૂંટફાટ દરમિયાન વનરાજને થમ્બ (ચાંપો) નામે શૂરવીર વાણિયાનો તથા બહાદુર અણહિલ્લ ભરવાડનો ભેટો થયો. પોતાનું રાજ્ય પાછું મેળવી આપવામાં તથા પાટણ વસાવવામાં આ બંનેએ તેને સારી એવી મદદ કર્યાનું પ્રબંધકથાઓમાં નોંધ્યું છે.

### 9.3.3 અણહિલવાડ પાટણની સ્થાપના

પ્રબોધચિંતામણીના જણાવ્યા પ્રમાણે કાન્યકુબ્જના રાજાએ પોતાની પુત્રી મહણિકાને ગુર્જરદેશ પહેરામણીમાં આપ્યો હતો તેના કરવેરા વસુલ કરવા કનોજના રાજાએ પંચોળી કે પંચકૂલ (મહેસુલ ઉઘરાવનાર અધિકારી)ને ગુર્જરદેશ મોકલ્યો. પંચોળીએ વનરાજને પોતાના રખેવાળ તરીકે નિયુક્ત કર્યો તેને વનરાજની મદદથી છ મહિના સુધી ગુર્જર દેશમાંથી ખંડણી ઉઘરાવીને 24 લાખ રૂપાના અને 4 હજાર અશ્વ હસ્તગત કર્યા. આ બધી માલમત્તા સાથે પાછા ફરતા પંચોળીને વનરાજે માર્ગમાં લૂંટી લીધો તથા તેને હણી નાખ્યો આ આખીયે વાર્તા કાલ્પનિક લાગે છે પરંતુ વનરાજે ચોરી તથા લૂંટફાટમાંથી સારૂ એવું ધન ભેગું કર્યું. તેના વડે ઉભા કરેલા લશ્કરની મદદથી તેણે તે પરદેશી સત્તાને હટાવી હશે થતાં પંચાસર કરતા રક્ષણ અને સલામતીની દ્રષ્ટિએ પાટણ વધારે અનુકૂળ હોવાથી તેણે પાટણની રાજધાની તરીકે સ્થાપના કરી હશે.

પ્રબોધચિંતામણીના જણાવ્યાં પ્રમાણે પોતાના રાજ્યાભિષેક માટે યોગ્ય શહેર સ્થાપવાની ઈચ્છા રાખતો હતો. આ માટે તે યોગ્ય જમીનની શોધમાં હતો . અણહિલ્લ ભરવાડે પોતાના નામની સાથે શહેરનું નામ જોડવાની શરતે શૂરભુમિ બતાવી કે જ્યાં સસલું શિકારી કુતરા ઉપર હુમલો કરવા ધસી આવતું હતું જો કે આવી કથા અનેક નગરોની સ્થાપના અંગે પ્રચલિત છે વનરાજે ત્યાં નવું નગર વસાવ્યું અને અણહિલનાં નામ પરથી 'અણહિલ્લપાટક' નામ આપ્યું. વનરાજે કાકરગામની કન્યા શ્રીદેવીને બોલાવીને તેના હાથે પોતાનું રાજતિલક કરાવ્યું હતું.

વનરાજે પાટણ વસાવ્યાની તથા પોતાનો રાજ્યાભિષેક કરાવ્યાની સાલ/તિથિ નેલઈને પ્રબંધોમાં પણ અનેક ગરબડો ઠરેલી છે જુદા જુદા ગ્રંથોમાં પાટણની સ્થાપના અંગેની જાતિઓ જુદી જુદી નોંધાઇ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| પ્રબોધચિંતામણી | - | વિ.સ. 802 ને વૈશાખ સુદ 2 ને સોમવાર |
| ધર્મારણ્ય | - | વિ.સ. 802 ને વૈશાખ સુદ 3 ને શનિવાર |
| રાજવંશાવળી | - | વિ.સ. 802 ને વૈશાખ સુદ 4 ને સોમવાર |
| રાસમાળા | - | વિ.સ. 802 ને વૈશાખ સુદ 7 ને સોમવાર |
| ગણપતિ મંદિર (પાટણ)- | | વિ.સ. 802 ને વૈશાખ સુદ 3 ને શુક્રવાર |

### 9.3.4 શાસન સંબંધીત માહિતી

વનરાજ ચાવડાના રાજ્યાભિષેક વિ.સ. 802માં 50 વર્ષની ઉંમરે થયો. તેણે લગભગ 60 વર્ષ જેટલા સમયગાળા સુધી શાસન કરી વિ.સ. 852 માં 110 વર્ષની વયે અવસાન પામ્યો. આ 60 વર્ષના સમયગાળામાં તેના શાસનની કેટલીક માહિતી આપણે મેળવીશું. વનરાજના કોઈ અભિલેખ કે સિક્કા મળ્યા નથી તેમજ તેને લગતા બીજા કોઈ સમકાલીન ઉલ્લેખ પણ ઉપલબ્ધ નથી. અનુકાલીન સાહિત્યમાં વનરાજના રાજ્ય તથા ચારિત્ર વિશે કેટલાંક ઉલ્લેખ નોંધાયા છે.

વનરાજે કાકરગામની કન્યા શ્રીદેવીને પોતાની ધર્મની બહેન ગણી હતી. અને તેને વચન આપ્યું હતું કે તેનો રાજ્યાભિષેક તે શ્રીદેવીના હાથે કરાવશે તે મુજબ તેણે પોતાનો રાજ્યાભિષેક શ્રીદેવીના હસ્તે કરાવ્યો હતો. આ ઉપરાંત ચાંપો નામે વણિકે કેટલાંક પ્રસંગોમાં વનરાજને મદદ કરી હતી એટલે વનરાજે તેને પોતાનો મહામાત્ય બનાવ્યો અને તેના નામ પરથી ચાંપાનેર વસાવ્યું હતું. અણહિલ ભરવાડે બહારવટા તથા અનેક મુશ્કેલ પ્રસંગોમાં વનરાજને ખાસ સહાય કરી હતી પરિણામે વનરાજે તને પોતાનો સેનાપતિ બનાવ્યો અને તેના નામ પરથી અણહિલવાડ પાટણ વસાવ્યું હતું.

પ્રબંધોના વિવરણ પ્રમાણે પાટણને સમૃદ્ધ બનાવવા વનરાજે ખાસ પ્રયત્નો કર્યા હતા. શ્રીમાલથી પાટણની બાજુમાં ગાંભુ ગામે વસેલા પાત્રવાટ કુળના ધનિક વેપારી નિન્નયને વનરાજે પાટણમાં વસાવ્યો. નિન્નયના પુત્ર લહરને પોતાનો સેનાપતિ બનાવ્યો. તેણે વનરાજની સેનાને વધારે સુદ્રઢ બનાવી તથા વિંધ્યના જંગલોમાંથી, હાથીઓ પકડીને ગજસેનામાં વધારો કર્યો.

પ્રબોધચિંતામણીમાં જણાવ્યાં પ્રમાણે વનરાજે પોતાનું રાજ્ય શિલગુણસૂરિને અર્પણ કરવાનું કહ્યું, પરંતુ તેમણે તે લેવાની ના પાડી આથી તેમની પ્રેરણાથી વનરાજે પાટણમાં પાશ્વનાથની પ્રતિમાવાળું પંચાસરા પાશ્વનાથ નામનું જૈન મંદિર બંધાવ્યું તથા તેની સમીપ એક ભક્તજન તરીકે પોતાની મૂર્તિ સ્થાપી તથા રાજમહેલ આગળ કંઠેશ્વરીનું મંદિર બંધાવ્યું. ઉપરાંત પાટણમાંથી ઉમા મહેશ્વરની તથા ગણપતિની પ્રતિષ્ઠા વનરાજે કરેલી મનાય છે. આ ઉલ્લેખ પરથી વનરાજ શૈવ તથા જૈન બંને સંપ્રદાયોને પ્રોત્સાહન આપતો હોવાનું ફલિત થાય છે.

❖ **તમારી જાતે ચકાસો**

**(ગ) ખાલી જગ્યા પૂરો.**

1. વનરાજને રાજધર્મનો બોધ __________એ આપ્યો હતો.
2. ધર્મારણ્ય નામના ગ્રંથમાં વનરાજની માતાનું નામ ______આપવામાં આવ્યું છે.
3. વનરાજને __________અને ___________નામે મિત્રો હતા.
4. કાન્યકુબ્જના રાજાની પુત્રીનું નામ ___________હતું.
5. વનરાજે રાજધાની તરીકે ____________શહેરની સ્થપના કરી હતી.

**(ઘ) નીચેનાં વિધાનો પૈકી ક્યાં સાચાં છે ? ક્યાં ખોટાં છે ?**

1. વનરાજ ચાવડાના ગુરૂનું નામ બ્રહ્મગુપ્તાચાર્ય હતું.
2. અણહિલવાડનો ચાવડાવંશ વનરાજથી શરૂ થયો હતો.
3. 'પુરાતનપ્રબંધસંગ્રહ'માં વનરાજના પિતાનું નામ ચામુંક આપેલ છે.
4. અણહિલવાડ પાટણની સ્થાપના ઈ.સ. ૮૦૨માં કરવામાં આવી હતી.
5. વનરાજે કાકર ગામની કન્યા શ્રીદેવીના હસ્તે પોતાનું રાજતિલક કરાવ્યું હતું.

## 9.4 વનરાજ ચાવડાના અનુગામી શાસકો

વનરાજના અનુગામીઓના નામ, તેમનો ગાદીએ આવવાનો ક્રમ, તેમના શાસનકાળનાં વર્ષો વગેરે પરત્વે જુદા-જુદા પ્રબંધોમાં જુદી જુદી હકીકતો મળે છે.

એટલે તેમના નામ અને ક્રમ નક્કી કરવા મુશ્કેલ છે. ચાવડાવંશના આશરે 196 વર્ષ સુધીના શાસનકાળ દરમ્યાન કોઈ લેખ મળ્યો નથી. એટલે ચાવડાઓની વંશાવળી માટે પ્રબંધો પર આધાર રાખવો પડે છે વનરાજે આણહિલવાડ પાટણમાં સ્થાપેલા ચાવડાવંશના રાજાઓની વંશાવલી વિશે બે ભિન્ન અનુશ્રુતિઓ પ્રચલિત છે. એક અનુશ્રુતિ અનુસાર આ વંશમા આઠ રાજાઓ થયા. જેમણે કુલ 196 વર્ષ શાસન કર્યું જ્યારે બીજી અનુશ્રુતિ અનુસાર આ વંશમા સાત રાજા થયા આમાં આ રાજાઓએ કુલ 196 વર્ષ શાસન કર્યું હોવાનું જણાવ્યું છે. લગભગ સર્વ અનુશ્રુતિક વૃતાંતોમાં અણહિલવાડના ચાવડાવંશનો (ઈ.સ. 942) જણાવેલો છે એની ઉત્તર મર્યાદા સોલંકીવંશના રાજ્યારંભના સમય સાથે બરાબર બંધ બેસે છે જ્યારે એની પૂર્વ મર્યાદાનું પ્રતિપાલ પંચાસરના રાજ્યનો નાશ કરનાર ભુવડ રાજાના અભિજ્ઞાન પર આધાર રાખે છે.

પંચાસરના રાજા જયશિખરીની સત્તાનો નાશ કરનાર કનોજના રાજા નામભટ્ટ બીજાને માન્ય રાખીએ તથા વનરાજ ચાવડાએ 60 વર્ષ શાસન કર્યું હતું તેના બદલે કદાચ તેને 60 વર્ષનું આયુષ્ય ભોગવ્યું હોય તો તે અનુસાર વનરાજનો રાજ્યકાલ 9 કે 10 વર્ષનો ગણાય તથા ચાવડાઓની સંભવિત વંશાવળીમાં ભૂયડ અને સામંતસિંહ તથા ચાહડ કે સામુકરાજ બંને એક જ વ્યક્તિ હોય તો આ વંશાવળીમાં રાજાઓની સંખ્યા આઠને બદલે છ ની રહે છે અને તેમનો કુલ રાજ્યકાળ 196 ને બદલે 102 વર્ષનો આવે. આ ગણતરીએ ચાવડાવંશનો પ્રારંભ વિ.સ. 998 – 102 – વિ.સ. 896(ઈ.સ. 840) ના અરસામાં થયેલો ગણાય. જે કનોજના પ્રતિહાર રાજા ભોજના રાજ્યકાળ (ઈ.સ. 836-885)સાથે બરાબર બંધ બેસે એવી જ રીતે વનરાજનો જન્મ વિ.સ. 896 પહેલા 50 વર્ષ અર્થાત વિ. સ. 846 (ઈ.સ. 790 )ના અરસામાં થયેલો ગણીએ તો પંચાસરના રાજ્યનો નાશ પણ કનોજના પ્રતિહાર રાજા નાગભટ્ટ બીજાના રાજ્યકાલ (ઈ.સ.796 – 834) સાથે બરાબર બંધ બેસે છે. આમ વનરાજનો રાજ્યકાલ વિ. સ. 896 થી 905 (ઈ.સ. 840 થી 849 – 50 ) સુધીનો સંભવે છે.

### 9.4.1 યોગરાજથી સામંતસિંહ (ભુવડ) સુધી

- **યોગરાજ**

  વનરાજ પછી તેનો પુત્ર યોગરાજ ગાદીએ આવ્યો તેને ઈ.સ. 850 – 885 સુધી 35 વર્ષ રાજ્ય કર્યું. પ્રબોધચિંતામણીમાં આપેલી અનુશ્રુતિ પ્રમાણે રાજા યોગરાજની મનાઈ છતાં એના પુત્રોએ સોમનાથ પાટણમાં આવી ચડેલો બીજા રાજ્યનો માલ છાનોમાનો લૂંટી લીધો ત્યારે રાજાએ આવી

ચોરવૃત્તિથી પૂર્વજોનું કલંક વધ્યું હોવાનું જણાવી અન્ન- જળનો ત્યાગ કરી ચિતા પ્રવેશ કર્યો. યોગરાજે ભટ્ટારિકા યોગીશ્વરીનું મંદિર બંધાવ્યું હતું.

- **ક્ષેમરાજ**

  યોગરાજનો ઉત્તરાધિકર એના જ્યેષ્ઠ પુત્ર ક્ષેમરાજને પ્રાપ્ત થયો એના ચરિત્રચિત્રણમાં તેની વીરતા તથા કીર્તિની પ્રશંસા કરવામાં આવી છે. ક્ષેમરાજે ઈ.સ. 885 થી ઈ.સ. 910 સુધી લગભગ 25 વર્ષ શાસન કર્યું.

- **વૈરસિંહ**

  ક્ષેમરાજ પછી તેનો પુત્ર વૈરસિંહ ગાદીએ આવ્યો. તેની શૂરવીરતા અને કીર્તિની પણ ભારે પ્રશંસા કરવામાં આવી છે. તેણે ધર્મારણ્યના ત્રૈવિધ બ્રાહ્મણોની સેવા કરી કહેવાય છે. એ મ્લેચ્છાઓથી અપરાજિત રહ્યો તેને બુદ્ધિશાળી અને પરાક્રમી પ્રધાન હતો. વૈરસિંહ ઈ.સ. 910 થી 920 સુધી 10 વર્ષ શાસન કર્યું હતું.

- **રત્નાદિત્ય**

  વૈરસિંહના પુત્ર રત્નાદિત્યએ માત્ર 3 વર્ષ ઈ.સ. 920 થી ઈ.સ. 923 સુધી રાજ્ય કર્યું. એ તલવારથી અનેક રાજાઓને હણતો અને યુદ્ધમાં અગ્નિ વરસાવતો તે તેજસ્વી, પ્રતાપી, શક્તિશાળી અને ધૈર્યવાન હતો તેણે રાજ્યમાં શાંતિ થતા નીતિ સ્થાપી હતી.

- **સામંતસિંહ**

  સામંતસિંહ આ વંશનો છેલ્લો રાજા હતો. તે ભુવડ, ભુવડના નામે પણ ઓળખાતો હતો તેનો રાજ્યકાળ ઈ.સ. 923 થી 942 એટલે કે 19 વર્ષનો હતો. એક બાજુ તેની વીરતા અને યશસ્વીતાની સુંદર પ્રશસ્તિ કરવામાં આવી છે તો બીજી બાજુ તેના દુર્ગુણો નિરૂપવામાં આવ્યા છે તેની પાસેથી પાટણની ગાદી મૂળરાજ સોલંકીએ મેળવી ઈ.સ. 942માં પાટણમાં સોલંકી સત્તાની સ્થાપના કરી હતી.

### 9.4.2 ચાવડા રાજ્યનું પતન

અનુશ્રુતિઓમાં જણાવ્યાં પ્રમાણે અણહિલવાડના અંતિમ ચાવડા શાસક સામંતસિંહે કનોજના રાજા મુંજાલદેવના પુત્ર રાજા સાથે પોતાની બહેન લીલાદેવીના લગ્ન કરાવ્યા હતા. મૂળરાજના જન્મ સમયે લીલાદેવીનું મુત્યુ થતાં મૂળરાજનો ઉછેર મામાને ત્યાં થયો હતો. સામંતસિંહ વ્યસની હોવાથી તે જ્યારે દારૂના નશામાં હોય ત્યારે મૂળરાજને ગાદી પર બેસાડતો અને ભાનમાં આવે ત્યારે ઉઠાડી મુકતો

પોતાની વારંવારની આવી હાંસીથી મૂળરાજે પોતાના મામાને મારી નાખ્યો અને ગાદી પડાવી લીધી અને ચાવડા વંશનું પતન થયું. પરંતુ સંભવિત હકીકત એ હોઈ શકે કે, મૂળરાજ કનોજના રાજાનો હોઈ સામંત હશે અને તે પોતાની મહત્વાકાંક્ષા સંતોષવા માટે ગુજરાતના ચાવડા રાજ્ય પર આક્રમણ કર્યું હશે ચાવડા વંશનો આ રાજા સામંતસિંહ મદિરાસક્ત હોવાથી પોતાના રાજ્યને બચાવી શક્યો નહી અને મૂળરાજે ચાવડાઓ પાસેથી પાટણનું રાજ્ય આચકી લીધું તે સાથે જ અણહિલવાડના ચાવડાવંશનું પતન થયું હશે  તેમ માનવામાં કોઈ અતિશયોક્તિ નથી.

### 9.4.3 ચાવડાવંશની વિવિધ વંશાવળીઓ

વનરાજના વંશજો વિશે મુખ્યત્વે બે ભિન્ન પરંપરાઓ મળે છે. આ અનુશ્રુતિઓના આ વંશમાં આઠ (8) રાજા જણાવે છે જ્યારે બીજીમાં એને બદલે સાત (7) રાજા જણાવ્યા છે. તેને આધારે બંને અનુશ્રુતિઓની તુલના કરતાં આ વંશમા છ (6) રાજાઓની જ ખાતરી પડે છે. આ બંને વંશાવળીઓને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

(I) **પ્રબંધોને આધારે નામાવલી ........**

| **અનુ.** | **રાજાનું નામ** | **સમયગાળો (ઈ.સ.)** | **(વર્ષ) શાસનકાળ** |
|---|---|---|---|
| 1 | વનરાજ | 746 – 805 | 59 |
| 2 | યોગરાજ | 805 – 814 | 09 |
| 3 | રત્નાદિત્ય | 814 – 817 | 03 |
| 4 | વૈદસિંહ | 817 -828 | 11 |
| 5 | ક્ષેમરાજ | 828 – 857 | 29 |
| 6 | ચામુંડરાજ | 857 – 888 | 31 |
| 7 | ચાહક કે ધાધડ | 886 -915 | 27 |
| 8 | સામંતસિંહ (ભૂયડ) | 915– 942 | 27 |

કુલ -  942 – 746 = 196

(II) **ગણતરીને આધારે નામાવલી ......**

| અનુ. | રાજાનું નામ | સમયગાળો (ઈ.સ.) | શાસનકાળ (વર્ષ) |
|---|---|---|---|
| 1. | વનરાજ | 840 – 850 | 10 |
| 2. | યોગરાજ | 850 – 885 | 35 |
| 3. | રત્નાદિત્ય | 885 – 888 | 03 |
| 4. | વૈરસિંહ | 888 – 898 | 10 |
| 5. | ક્ષેમરાજ | 898 – 923 | 25 |
| 6. | સામંતસિંહ (ભૂયડ) | 923 – 942 | 19 |

કુલ- 840 – 942 = 102

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**(ચ) ખાલી જગ્યા પૂરો**

1. વનરાજ પછી __________ ગાદીએ આવ્યો હતો.
2. ___________ રાજાએ ધર્મારણ ક્ષેત્રમાં બ્રાહ્મણોની સેવા કરી હતી.
3. ચાવડાવંશનો અંતિમ રાજા સામંતસિંહ બીજા _______નામે ઓળખાતો હતો.
4. અનુશ્રુતિઓ અનુસાર વનરાજે __________ વર્ષ આયુષ્ય ભોગવ્યું હતું.
5. નાગભટ્ટ બીજો ______ નો રાજા હતો.

**(છ) નીચેનાં વિધાનો પૈકી ક્યાં સાચાં છે ? ક્યાં ખોટાં છે તે જણાવો.**

1. ચાવડાવંશનો અંતિમ શાસક સામંતસિંહ હતો.
2. સોલંકીવંશની સત્તાનો સ્થાપક મૂળરાજ સોલંકી હતો.
3. પંચાસરના ચાપડા રાજ્યનો નાશ કરનાર મૂળરાજ હતો.
4. અનુશ્રુતિઓ અનુસાર સામંતસિંહ વ્યસની હતો.
5. યોગરાજ વનરાજ ચાવડાનો ભાઈ હતો.

**(જ) બહુવિકલ્પીય પ્રશ્નો**

(1) 'ચાપ' શબ્દનો અર્થ શો થાય છે ?

(a) ચક્ર (b) ત્રિશુળ (c) ધનુષ (d) ગદા

(2) ઈ.સ. 628માં ભિન્નમાલમાં શાસન કરનાર ચાપવંશના શાસકનું નામ શું હતું ?

(a) અવનીજનાશ્રય (b)વ્યાઘ્રમુખ

(c) ધરણીવરાહ (d) રતનાદિવ્ય

(3) અનુશ્રુતિઓ પ્રમાણે ચાવડાઓના પૂર્વજોનો વ્યવસાય શો હતો ?

(a) ચોરી- લૂંટફાટ (b) વેપાર – વાણિજ્ય

(c) કૃષિ – ગોપાલન (d) હોમ – હવન

(4) પંચાસરના શાસકનું નામ શું હતું ?

(a) ભૂયડ (b) નાગભટ્ટ (c) ક્ષેમરાજ (d) જયશિખરી

(5) કનોજના રાજાએ ગુર્જરદેશ કોને પહેરામણીમાં આપ્યો હતો ?

(a) રૂપસુંદરીને (b) મહણીકા (c) શ્રીદેવીને (d) રત્નાદિવ્ય

(6) પાટણની સ્થાપના અંગે વિ.સ. 802 વૈશાખ સુદ -2 ને સોમવાર તિથિ ક્યાં ગ્રંથમાં આપેલી છે ?

(a) રાજવંશાવળી (b) ધર્મારણ્ય

(c) પ્રબોધચિંતામણી (d) રાસમાળા

(7) વનરાજે ગાંભુ ગામેથી કોને અણહિલવાડ પાટણમાં વસાવ્યો હતો ?

(a) ચાંપા વાણિયાને (b) અણહિલ્લ ભરવાડને

(c) શિલગુણસુરિને (d) નિન્ન્યને

(8) વનરાજનો રાજ્યભિષેક ક્યારે કરવામાં આવ્યો હતો ?

(a) વિ.સ. 802 (b) વિ.સ. 756 (c) વિ.સ. 862 (d) વિ.સ. 946

(9) અનુશ્રુતિઓ પ્રમાણે વનરાજે કેટલા વર્ષ શાસન કર્યું હતું ?

(a) 50 (b) 60 (c) 110 (d) 20

(10) ચાવડાવંશનો અંતિમ શાસક કોણ હતો ?

(a) જયશિખરી (b) વનરાજ (c) સામંતસિંહ (d) વૈરસિંહ

## 9.5 સારાંશ

ચાવડાવંશના કોઈ અભિલેખા કે સિક્કા મળ્યા નથી. પરંતુ અન્ય સમકાલીન રાજ્યોના અભિલેખો પરથી મળતી માહિતી મુજબ ચાવડાઓની સત્તા હાલના મહેસાણા અને બનાસકાંઠા જિલ્લા જેટલા વિસ્તારમાં સિમિત હોવાનું માલુમ પડે છે અણહિલવાડ પાટણની સ્થાપનાથી વનરાજનું પ્રદાન ચિરંજીવી બન્યું છે એવી જ

રીતે આ વંશના રાજાઓએ બંધાવેલ અનેક મંદિર પણ ગુજરાતના સાંપ્રદાયિક સ્થાપત્યમાં નોધપાત્ર ગણાય છે.

## 9.6 શબ્દાવલી

અનુમૈત્રક કાલ : મૈત્રકયુગ પછીનો અને સોલંકીયુગ પહેલાનો સમય ગુજરાતના ઈતિહાસમાં અનુમૈત્રકકાલ તરીકે ઓળખાય છે.

પંચોળ (પાંચફૂલ) : મહેસૂલ ઉઘરાવનાર અધિકારી

અનુશ્રુતિ : લોકકથા પ્રબંધોનાં વર્ણવેલ કથાઓ

પ્રશસ્તિ : યશોગાન કોઈ વ્યકિત વિશેષની કીર્તિગાન કરતું કાવ્ય.

વઢિયાર : ઉત્તર ગુજરાતનો પાટણ જીલ્લાના સમી – શંખેશ્વર તાલુકાની આસપાસનો પ્રદેશ.

## 9.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ક)**

(1) ચાપ (ધનુષ્ય), (2) અવનીજનાશ્રય (3)550

(4) જયશિખરી ચાવડા (6) રૂપસુંદરી

**(ખ)**

(1) સાચું (2) ખોટું (3) ખોટું (4) સાચું (5) સાચું

**(ગ)**

(1) ગુરૂ શિલગુણસુરિએ (2) અક્ષતા (છતાં) (3) જામ્બ વ્યાપો અણહિલ ભરવાડ

(4) મહાણિકા (5) અણહિલવાડ પાટણ

**(ચ)**

(1) યોગરાજ (2) વનરાજ (3) ભૂયડ (4) 110 વર્ષ (5) કનોજ

**(છ)**

(1) ખરું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખોટું

**(જ)**

(1) C – ધનુષ (2) b – વ્યાઘ્રમુખ (3) a – ચોરી- લૂંટફાટ (4) d- જયશિખરી (5) b – મહણિંકાને (6) c – પ્રબંધચિંતામણિ (7) d નીન્નયને (8) a – વિ.સ. 802 (9) b – 60 (10) c – સામંતસિંહ

## 9.8 સંદર્ભસૂચિ


1) ડૉ. નવીનચંદ્ર આ. આચાર્ય : ગુજરાતના ચાવડા રાજ્યનો ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
2) છો. પરીખ, હરીપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. ભારતી શેલત (સંપા) : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રાન્ટ- 3 ભો. જે. વિદ્યાભવન
3) પ્રા. ડૉ. આર. કે. ધારૈયા અને અન્ય લેખકો : ગુજરાતનો ઇતિહાસ સી. જમનાદાસ કંપની અમદાવાદ, 2009-10
4) સ્વ. કનૈયાલાલ ભાઈશંકર દવે : પાટણ, પાટણ નગરપાલિકા પાટણ, 1976

# એકમ : 10 મૂળરાજ તથા ભીમદેવ પહેલાની સિદ્ધિ

:: રૂપરેખા ::

10.0 ઉદ્દેશો

10.1 પ્રસ્તાવના

10.2 ગુજરાતનો સોલંકીવંશ – પૂર્વભૂમિકા

10.2,1 'સોલંકી' અર્થ અને ઉત્પત્તિ

10.2.2 ગુજરાતમાં સોલંકી વંશની સ્થાપના

10.2.3 ‘ગુજરાત' નામકરણ

- તમારી જાતે ચકાસો

10.3 મૂળરાજ સોલંકી કારકિર્દી અને સિદ્ધિઓ :

10.3.1 મૂળરાજનો જન્મ અને ઉછેર

10.3.2 મૂળરાજની ગાદી પ્રાપ્તિ

10.3.3 લશ્કરી સિદ્ધિઓ

10.3.4 : રાજ્યવિસ્તાર

10.3.5 મૂળરાજનું મંત્રીમંડળ

10.3.6 સાંસ્કૃતિક સિદ્ધિઓ

10.3.7 મૂળરાજના ધાર્મિક કાર્યો

10.3.8 મૂળરાજનું મંત્રીમંડળ

10.4 ભીમદેવ પહેલો :

10.4.1 લશ્કરી સિદ્ધિઓ

10.4.2 રાજ્યવિસ્તાર

10.4.3 ભીમદેવનું મંત્રીમંડળ

10.4.4 ભીમદેવનું કુટુંબ

10.4.5 સાંસ્કૃતિક સિદ્ધિઓ

10.4.6 ભીમદેવ પહેલાની કૌટુંબિક માહિતી

10.4.7 ગુજરાત પર મહમૂદ ગઝનવીનું આક્રમણ

10.4.8 ભીમદેવ પહેલાના સમયમાં વિવિધ બાંધકામો

- તમારી જાતે ચકાસો :

10.5 સારાંશ

10.6 શબ્દાવલિ

10.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

10.8 સંદર્ભસૂચિ

## 10.0 ઉદ્દેશો

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,
- ગુજરાતમાં સોલંકી સત્તાના ઉદય વિશેની જાણકારી મેળવી શકશો.
- સોલંકીઓની ઉત્પત્તિ, 'સોલંકી' શબ્દનો અર્થ અને નામકરણ અંગેથી માહિતગાર બનશો.
- સોલંકી રાજ્યના વ્યવસ્થિત સંચાલન માટે સોલંકી શાસકોએ સર્જેલા વહીવટીતંત્રની જાણકારી મેળવશો.
- સોલંકી શાસકોની સાંસ્કૃતિક કામગીરી અંગેનો પરિચય મેળવશો.
- આ સમયના શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય અન્ય લલિતકલાઓ વગેરનો પરિચય થશે.
- મૂળરાજ અને ભીમદેવ પહેલાએ ગુજરાતની અસ્મિતા સર્જવામાં આપેલ પ્રદાનનું મૂલ્યાંકન કરી શકશો.

## 10.1 પ્રસ્તાવના

ઈ.સ.ની આઠમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં વલભીના મૈત્રકોની સત્તાનો અંત આવતાં ગુજરાતના ઈતિહાસમાં રાજકીય શૂન્યાવકાશની સ્થિતિ સર્જાઈ હતી. આવા સમયે ગુજરાતના જુદા જુદા પ્રાંતોમાં નાના અને નિર્બળ રાજ્યો સ્થપાયાં હતાં. ગુજરાતની આવી પરિસ્થિતિ હતી ત્યારે ઈ.સ.ની દશમી સદીના પૂર્વાર્ધના અંતિમ દાયકામાં ગુજરાતની પૃષ્ઠભૂમિ પર સોલંકીઓએ

સામ્રાજ્ય રચવા માંડ્યું હતું. સોલંકી રાજ્યનો ઈતિહાસ તપાસતાં પહેલાં સોલંકીઓની પરીસ્થિતિની રૂપરેખા તપાસીએ.

## 10.2 ગુજરાતનો સોલંકીવંશ – પૂર્વભુમિકા

આગળના વિભાગમાં આપણે જોયું કે મૈત્રક સત્તાના અંત પછી ગુજરાતના વિવિધ ભાગોના નાના અને નિર્બળ રાજ્યોની સત્તા પ્રવર્તી હતી. તેમાં ગુજરાતના ઉત્તર ભાગમાં (આનર્ત પ્રદેશ) સારસ્વત મંડળ પર ચાવડાઓનું શાસન હતું. આ ચાવડા સત્તાની પડતી થતાં જ ગુજરાતમાં સોલંકી શાસકોની સત્તા સ્થપાઈ. આ સોલંકી શાસકોએ ધીમે ધીમે પોતાની સત્તાનો વિસ્તાર કરી અણહિલવાડના નાનકડા રાજ્યને સામ્રાજ્યમાં ફેરવી દીધું અને ગુજરાતની અસ્મિતા સર્જી 'સુવર્ણયુગ'નું સર્જન કર્યું.

### 10.2.1 'સોલંકી' અર્થ અને ઉત્પત્તિ

ગુજરાતને રાજકીય એકતા આપનાર તથા તેના વિકાસમાં સૌથી મહત્વનો હિસ્સો આપનાર સોલંકીઓ કોણ હતા ? તે સંબંધમાં વિદ્વાનોમાં ભિન્ન- ભિન્ન મત પ્રવર્તે છે. હેમચંદ્રાચાર્ય કૃત 'દ્વયાશ્રય' કાવ્ય અને આચાર્ય મેરૂતુંગ રચિત 'પ્રબોધચિંતામણી' વગેરે ગ્રંથોમાં સોલંકીઓને લગતી વિવિધ કથાઓ આપવામાં આવી છે. સોલંકી કુળને લગતા લેખોમાં સોલંકીવંશને 'ચાલુક્ય' કે 'ચૌલુક્ય' નામ આપવામાં આવ્યું છે. ક્યારેક 'ચૌલીક્ક' કે "ચૌલુકિક' જેવાં શબ્દો પણ વપરાય છે. પરંતુ ઘણે અંશે ચૌલુક્યના અર્થમાં ગુજરાતમાં 'સોલંકી' શબ્દ પ્રયોજાયો છે. સોલંકીવંશનો પ્રથમ રાજા મૂળરાજ પણ પોતાના લેખોમાં પોતાને ચૌલુક્ય વંશનો ગણે છે આ સંબંધમાં મુખ્યત્વે બે પ્રકારની દંતકથાઓ પ્રચલિત છે. જેનો સાર આ પ્રમાણે આપી શકાય. ઇન્દ્રએ બ્રહ્માને અધર્મનો નાશ કરવા માટે વિનંતી કરી; આથી બ્રહ્માએ પોતાના ચુબુકમાં પાણીની અંજલિ લઇ એક વીર પુરૂષ ઉત્પન્ન કર્યો. ચુલુકમાંથી ઉત્પન્ન થયેલા તે પુરૂષથી ચાલેલો વંશ ચૌલુક્ય નામ આપેલું છે. ચુલીક – ચલીક – શુલીક પરથી અપભ્રશ થતાં 'સોલંકી' શબ્દ ઉતરી આવ્યો હશે. ચૌલુક્યોનું મૂળ કુળ `કર્ણાટકી કુળ હશે તેમ વિદ્વનો માને છે.

### 10.2.2 ગુજરાતમાં સોલંકી વંશની સ્થાપના

અણહિલવાડ પાટણમાં ચાવડાવંશની સત્તાનો અંત આવતાં ત્યાં સોલંકીવંશની સત્તા સ્થપાઈ. આ રાજવંશનો સ્થાપક મૂળરાજ હતો. મૂળરાજના પૂર્વજો વિશે વિદ્વાનોમાં મતમતાંતર છે. તેના પિતાનું નામ રાજ કે રાજી હતું તે ચોક્કસ પરંતુ રાજા કોણ હતો તે સંબંધમાં મતભેદો છે. શ્રી દુ. કે. શાસ્ત્રી યથાર્થ રીતે કહે છે કે,

મૂળરાજે રાજ્ય વિસ્તારના આશયથી બાહુબળ વડે ચાવડાઓનું રાજ્ય મેળવ્યું હશે. મૂળરાજ પોતાના દાનપત્રોમાં સારસ્વત મંડળ પરાક્રમથી જીત્યું હોવાનું નોંધે છે. એક બાજુથી ચાવડા અને બીજી બાજુથી ગુર્જરો નિર્બળ બનતા મૂળરાજે પોતાના નાનકડા રાજ્યના વિસ્તાર માટેની તક ઝડપી લીધી હશે. પ્રબોધચિંતામણીના જણાવ્યા પ્રમાણે, ઈ.સ. 942માં મૂળરાજે ગઝેટિયરના જણાવ્યા પ્રમાણે ચાવડાઓના તાબે વઢિયાર નામે ઓળખાતો કચ્છ અને ગુજરાત વચ્ચેના કચ્છના રણ કાંઠાનો પ્રદેશ થતાં સરસ્વતીના કાંઠાનો પ્રદેશ એટલે કે પંચાસરથી પાટણ અને સિદ્ધપુર સુધીનો પ્રદેશ હતો અને મૂળરાજે પરાક્રમ દ્વારા તે પ્રદેશ પ્રાપ્ત કર્યો હતો અને ઈ.સ. 942માં ગુજરાતમાં સોલંકી સત્તાની સ્થાપના કરી હતી.

### 10.2.3 : ગુજરાત નામકથા

હાલ આપણે જે પ્રદેશને 'ગુજરાત' તરીકે ઓળખીએ છીએ તે પ્રદેશનું એ નામ તો આશરે હજાર વર્ષ જેટલું જ જૂનું છે. ઈ.સ.ના સાતમાં શતક સુધી આ પ્રદેશ આનર્ત, લાટ વગેરે નામે ઓળખાતો હોય તેમ જણાય છે. મૈત્રકકાળ દરમિયાન 'ગુર્જરદેશ' કે 'ગુર્જરભૂમિ' આબુની ઉત્તરે આવેલા પ્રદેશનું નામ હતું. ગુર્જરદેશના પ્રતિહાર રાજ્યનો વિસ્તાર વધતો ગયો અને ગુર્જરદેશના રાજાઓ ઉજ્જૈન અને કનોજમાં રાજ્ય કરતા થયા તોય તેઓ ગુર્જરેશ્વર કહેવાતા નવમી સદીમાં ગુર્જરભુમિ 'ગુર્જરત્રા' કે 'ગુર્જર' 'ગુજ્જરત્તા' કહેવાઈ. આ સંસ્કૃતરૂપ વસ્તુતઃ ગુજ્ અરબીમાં નારી જાતિનો બહુવચનનાં 'આળ' પ્રત્યય લાગતા 'ગુર્જાત' થયું.

મૂળરાજ સોલંકી પણ કનોજના પ્રતિહારોના માફક 'ગુર્જરેશ' કહેવાતો તથા તેના અને તેના વંશજોના રાજ્ય માટે 'ગુર્જર', 'ગુર્જરદેશ' કે 'ગુર્જરભૂમિ' વગેરે શબ્દો વપરાતાં જોવા મળે છે. સમય જતાં આબુની ઉત્તરે આવેલા પ્રદેશમાંથી ગુર્જરોની સત્તા લુપ્ત થતાં 'ગુર્જરામાં' નામ એ પ્રદેશમાંથી ખસીને આબુની દક્ષિણ બાજુના પ્રદેશ માટે માર્યાદિત બન્યું. જો કે કોઈ સંસ્કૃત શિલાલેખ તામ્રપત્ર કે સમકાલીન સંસ્કૃત સાહિત્યમાં 'ગુજરાત' નામ મળતું નથી. પરંતુ મહમૂદ ગઝનવી સાથે ભારત આવેલા મુસ્લિમ વિદ્વાનોનો અલ્બેરૂની પોતાના આરબી ગ્રંથ 'તહકીક – એ- હિંદ' માં 'ગુજરાત' એવું નામ આપ્યું છે. તે જ રીતે 13મી સદીમાં ભારતમાં આવેલા વેનિસના વેપારી માર્કોપોલોએ પણ 'ગુજરાત' નામનો પ્રયોગ કર્યો છે; ત્યારબાદ વાઘેલાકાળમાં સ્પષ્ટપણે આ નામ પ્રયોજાવા માંડ્યું હતું.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**(ક) ખાલી જગ્યા પૂરો**

(1) હેમચંદ્રાચાર્યે _________ મહાકાવ્યની રચના કરી હતી.

(2) મૂળરાજે અણહિલવાડ પાટણમાં સોલંકીવંશની સત્તાની સ્થાપના ઈ.સ. ___________માં કરી હતી.

(3) બલબિરૂની _______ગ્રંથની રચના કરી હતી.

(4) બ્રહ્માએ____________માંથી પુરૂષ પેદા કર્યો હતો.

(5) 'ગુજરાત' શબ્દનો સૌ પ્રથમ ઉલ્લેખ ___________એ કર્યો હતો.

**(ખ) નીચેનાં વિધાનો પૈકી ક્યાં સાચાં છે ? ક્યાં ખોટાં છે ? તે જણાવો**

(1) 'પ્રબોધચિંતામણી' ગ્રંથ હેમચંદ્રાચાર્યએ લખ્યો હતો.

(2) મૂળરાજે ચાવડોઓ પાસેથી અણહિલવાડનું રાજ્ય મેળવ્યું હતું.

(3) ચૌલુક્યોનું મૂળ ફૂલ કર્ણાટક ફૂળ હોવાનું મનાય છે.

(4) અલબિરૂની મુહમ્મદ ઘોરી સાથે ભારત આવ્યો હતો.

(5) ગુજરાતમાં સોલંકી સત્તાનો સ્થાપક સિદ્ધરાજ જયસિંહ હતો.

## 10.3 મૂળરાજ સોલંકી : કારકીર્દિ અને સિદ્ધિઓ

સિદ્ધરાજ જયસિંહ તેમજ કુમારપાળના સમકાલીન હેમચંદ્રાચાર્યે મૂળરાજના કેટલાંક પરાક્રમો વિગતે નિરૂપ્યા છે. મૂળરાજના જન્મ, ઉછેર, ગાદીપ્રાપ્તિ તથા તેના વિજયો અને ધાર્મિક કાર્યોને લગતી બાબતો આપણે નીચે પ્રમાણે જાણીશું.

### 10.3.1 મૂળરાજનો જન્મ અને ઉછેર

મૂળરાજના પૂર્વજો વિશે પણ વિદ્વાનોમાં અનેક મતો પ્રર્વતે છે. પ્રબોધચિંતામણીના વિવરણ પ્રમાણે મૂળરાજના પિતાનું નામ રાજ હતું. કાન્યાકુબ્જના રાજા ભુવડના વંશમાં થયેલ મુંજાલદેવને રાજ, બીજ અને દંડ એમ ત્રણ પુત્રો હતા. તેઓ સોમનાથની યાત્રાએથી પાછા ફરતાં અણહિલપુર પાટણમાં રોકાયા. પાટણના છેલ્લા ચાવડા રાજા સામંતસિંહ રાજની અશ્વવિદ્યાની કુશળતા જોઈને પોતાની બહેન લીલાદેવીના લગ્ન તેની સાથે કર્યા સગર્ભાવસ્થામાં લીલાદેવીનું ઓચિંતું અવસાન થતાં તેનું પેટ ચીરીને બાળકનો પ્રસવ કરાવવામાં આવ્યો. તેનો જન્મ મૂળ નક્ષત્રમાં થયેલો હોવાથી તેનું નામ 'મૂળરાજ' પાડવામાં આવ્યું. તે મોસાળમાં મોટો થયો અને પોતાની આકર્ષક રીતભાતથી બધાને પ્રિય થઈ પડ્યો.

### 10.3.2 મૂળરાજની ગાદી પ્રાપ્તિ

મૂળરાજ પુખ્તવયનો થતાં પરાક્રમી નીવડ્યો અને મામાનું રાજ્ય વધારવા લાગ્યો. પરંતુ મામો સામંતસિંહ દારૂડિયો હતો, તે દારૂના નશામાં મૂળરાજને ગાદીએ બેસાડતો અને ભાનમાં આવતાં તેને ઉઠાડી મૂકતો. પોતાની વારંવાર આવી હાંસીથી મૂળરાજને રોષ ચડ્યો તેણે એક વખત પોતાના સાથીદારોને તૈયાર

રાખ્યા. સામંતસિંહે નશાની સ્થિતિમાં મૂળરાજને ગાદીએ બેસાડતાં જ મૂળરાજે તેને મારી નાખ્યો અને પોતે રાજા બની બેઠો. સાડા ત્રણસો વર્ષ પછી નોંધાયેલી આ અનુશ્રુતિમાં ઐતિહાસિક તથ્ય કરતાં લોકકથાની ચમત્કૃતિ હોવાની શંકા સૂચવાઈ છે. પરંતુ હકીકત તો એ હોઈ શકે કે મૂળરાજ ગુર્જર પ્રતિહાર સત્તાનો સામંત હતો અને ગુર્જર પ્રતિહાર સત્તા નબળી પડતાં તે સ્વતંત્ર બન્યો હશે એવી જ રીતે મૂળરાજને ચાવડા સાથે કોઈ સંબંધ નહિ હોય. પરંતુ ચાવડા મોજશોખ અને દારૂના વ્યસનથી નિર્માલ્ય બનતાં એક વિજેતા તરીકે મૂળરાજે તેમનું રાજ્ય પડાવી લીધું હશે.

### 10.3.3 લશ્કરી સિદ્ધિઓ

મૂળરાજે પોતાના બહુબળ વડે ચાવડાઓનું રાજ્ય મેળવ્યું હતું. ત્યારબાદ તે સારસ્વત મંડળનો માલિક બન્યો હતો; પરંતુ તે એક મહત્વાકાંક્ષી રાજા હોવાથી યુદ્ધો દ્વારા પોતાના રાજ્યનો વિસ્તાર કરવા માટે પ્રવૃત્ત થયો હતો.

#### ❖ ગ્રહરિપુ તથા લાખાનો પરાજય

દ્વયાશ્રયેના વિવરણ પ્રમાણે તેને સોરઠના રાજા ગ્રહટીપુ થતાં કચ્છના રાજા લાખા કુલાણી સાથે વિગ્રહો થયા. સોરઠનો રાજા ગ્રહરિપુ સોમનાથના યાત્રાળુઓને પજવતો હોવાથી મૂળરાજે તેના પર ચડાઈ કરી. કચ્છનો રાજા લાખો કુલાણી ગ્રહરિપુનો મિત્ર હોવાથી તે તેની મદદે આવ્યો. વામનસ્થલી પાસેના ભયંકર યુદ્ધમાં ગ્રહરિપુ હાર્યો અને કેદ પકડાયો. જયારે લાખો કુલાણી યુદ્ધમાં માર્યો ગયો. પછીથી ગ્રહરિયુને અમુક શરતોથી મૂળરાજે મુક્ત કરીને સોમનાથની યાત્રા કરી.

#### ❖ મૂળરાજ અને મુંજ

મૂળરાજના રાજ્યારોહણ સમયે મોડાસા પ્રદેશ, ખેડક મંડળ (ખેડા જિલ્લો) તથા થોડો માલવ પ્રદેશ માળવાના રાજા સીયકને તાબે હતા. સીયકે ઈ.સ. ૭60 થી ૭73ની વચ્ચે ગુર્જર પ્રતિહાર રાજા પાસેથી સમસ્ત માળવા જીતી લઈને ત્યાં રાજધાની સ્થાપી. તે રાષ્ટ્રકૂટ સત્તાથી પણ મુક્ત બન્યો અને ખેડકથી માલવ પ્રદેશ સુધીનો સ્વતંત્ર રાજા બન્યો ઈ.સ. ૭73માં તેના અવસાન બાદ તેનો પરાક્રમી પુત્ર મુંજ માળવાનો શાસક બન્યો તે ઘણો મહત્વાંકાક્ષી રાજા હતો. પોતાનો રાજ્યવિસ્તાર કરતા તે મૂળરાજ સાથે સંઘર્ષમાં આવ્યો હશે. રાષ્ટ્રકૂટ રાજા ધવલના એક લેખ પ્રમાણે મુંજે મેવાડ નરેશ, ગુર્જરેશ વગેરેને પરાજય આપીને તેમના પ્રદેશો પડાવી લીધા હતા. આ મત સ્વીકારીએ તો મૂળરાજ થોડાંક સમય મુંજનો ખંડિયો રાજા રહ્યો હોય તે સંભવિત છે. ત્યારબાદ ટૂંક સમયમાં જ

ચૌલુક્યરાજ તૈલપ બીજાને હાથે મુંજનો પરાજય થયો અને તૈલપે તેનો ઘાટ કાર્યો પરિણામે મૂળરાજ ફરીથી સ્વતંત્ર રાજા બન્યો.

### ❖ લાટના બારપ્પનો પરાજય

દ્વયાશ્રય તથા અન્ય પ્રબંધોમાં મૂળરાજે લાટ પ્રદેશના બારરિપુને હરવ્યોનો ઉલ્લેખ મળે છે. બારરપ ચૌલુકરાજ તૈલપનો બારમંડળનો સામંત હતો મૂળરાજે મુંજના પતન બાદ ખેટક પ્રદેશ જીત્યો હશે અને દક્ષિણમાં રાજ્ય વિસ્તાર કરવા જતાં બારપ્પ સાથે તેને સંઘર્ષમાં ઉતરવું પડ્યું હશે. તેમાં બારપ્પ હાર્યો તે નિશ્ચિત છે. પરંતુ લાટ પ્રદેશ લાંબા સમય મૂળરાજના તાંબામાં રહ્યો લાગતો નથી. બારપ્પના પુત્ર ગોત્રિગરાજે તે પાછો જીતી લીધો હોવાનું તેના આ પ્રદેશના દાનપત્રો પરથી સૂચિત થાય છે.

### ❖ મૂળરાજ અને વિગ્રહરાજ

પ્રબોધચિંતામણી કથન મુજબ લાટનો બારપ્પ જયારે મૂળરાજ પર ચઢી આવ્યો ત્યારે પાછળથી શાકંભરીના ચૌહાણ રાજા વિગ્રહરાજે પણ મૂળરાજ પર હુમલો કર્યો બંને પ્રબળ દુશ્મનો સામે એકી સાથે લડવું મૂળરાજ માટે શક્ય ન હોવાથી મૂળરાજ થોડો સમય કંથકોટના કિલ્લામાં ભરાઈ ગયો. પરંતુ પછી તરત તેણે વિગ્રહરાજ પાસે ઓચિંતા જઈને તેને સામ અને દામથી ખુશ કર્યો; વિગ્રહરાજ ખસી જતાં મૂળરાજે બારપ્પને પરાજય આપ્યો.

### ❖ ધરણીવરાહને આપેલ પરાજય

રાષ્ટ્રકૂટ રાજા ધવલના એક લેખના નિર્દેશ પ્રમાણે મૂળરાજે આબુના પરમાર રાજા ધરણીવરાહને પરાજય આપ્યો હતો. ધરણીવરાહ ધવલને શરણે ગયો. પરિણામે તેને આબુનું રાજ્ય પાછું મળ્યું; પરંતુ ધરણીવરાહને મૂળરાજનું સામંતપદ સ્વીકારવું પડ્યું.

### 10.3.4 રાજ્ય વિસ્તાર

મૂળરાજના રાજ્યારોહણ વખતે તે માત્ર સારસ્વત પ્રદેશનો રાજા હતો પરંતુ ઉપયુક્ત વિગ્રહો બાદ તે કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તથા ખેડા સુધીના મધ્ય ગુજરાતનો પણ સાર્વભૌમ શાસક બન્યો તેના લેખોમાં તેને 'પરમભટ્ટારક', 'પરમેશ્વર', 'મહારાજાધિરાજ' વગેર બિરૂદો અપાયેલાં છે.

### 10.3.5 મૂળરાજનું મંત્રીમંડળ

મૂળરાજના અભિલેખોમાંથી તેના મંત્રીમંડળના કેટલાંક મંત્રીઓના નામો તથા તેમના વિભાગો વિશે જાણવા મળે છે. જે મુજબ મૂળરાજના પ્રધાનોમાં વનરાજના

અમાત્ય નિન્નયના વંશજ વીરનું નામ સૌથી પહેલાં આવે છે. માધવ નામના બ્રાહ્મણ જાતિના મંત્રીને ધર્મ ખાતાનો વડો અધિકારી બનાવ્યો હતો. અન્ય અધિકારીઓમાં દૂતક (સંદેશવાહક) અને સંધિ વિગ્રાહક તરીકે શિવરાજ, પુરોહિત તરીકે નાગર બ્રાહ્મણ સોમ શર્મા, મહામંત્રી તરીકે, જમ્બક, કાયસ્થ લહિયો તરીકે, કાંચન વગેરેના નામો મૂળરાજના દાનપત્રોમાંથી જાણવા મળે છે.

### 10.3.6 સંસ્કૃતિક સિદ્ધિઓ

મૂળરાજ એક સારો સેનાપતિ હોવાની સાથે સાથે ધર્મ પ્રિય શાસક અને મહાન દાનેશ્વરી પણ હતો. વળી તે સ્થાપત્યનો નિર્માતા પણ હતો તેની સંસ્કૃતિક સિદ્ધિઓને નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

#### ❖ ધાર્મિક કાર્યો

મૂળરાજ ભગવાન શિવનો ઉપાસક હતો. અત્યાર સુધીમાં તેના ત્રણ દાનપત્રો મળી આવ્યાં છે. આ દાનપાત્રોમાં તેના ધર્મ કાર્યને લગતી હકીકતો મળે છે તેવો કનોજ, કાશી વગેરે સ્થાનોએથી વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી તેમને અનેક ગામો દાન આપ્યાં હતાં. તે ધર્મમાં સહિષ્ણુ રાજવી હતો. તે શૈવ ધર્મની સાથે સાથે વૈષ્ણવ અને જૈન ધર્મને પણ એટલું જ માન આપતો હતો.

#### ❖ મૂળરાજના બાંધકામો

મૂળરાજે બંધાવેલા સ્થાપત્યોમાં આજે મોટાભાગનાં નાશ પામ્યાં છે; આમ છતાં તેને બંધાવેલા કેટલાંક સ્થાપત્યોનો ઉલ્લેખ કરેલો છે; જેમાં પાટણમાં પોતાના દાદા મુંજાલદેવના નામે મુંજાલેશ્વર મહાદેવનો પ્રાસાદ અને બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશનો સયુંકત 'ત્રિ – પુરૂષપ્રાસાદ' બંધાવ્યો હતો. આ ઉપરાંત 'મુળરાજ વસહિકા' નામે જૈન ધર્મસ્થાન પણ બંધાવ્યું હતું. પાટણ સિવાય મંડળીમાં મુળેશ્વરનો રૂદ્રપ્રાસાદ, સિદ્ધપુરમાં અગિયાર માળનો 'રૂદ્રમહાલય' અને મૂળ નારાયણનું વિષ્ણુ મંદિર તેણે જ બંધાવ્યું હતું.

### 10.3.7 મૂળરાજનાં ધાર્મિક કાર્યો વિશેની માહિતી

- મૂળરાજ શૈવધર્મનો પરમ ઉપાસક હતો આમ છતાં તે જૈન અને વૈષ્ણવ સંપ્રદાયને પણ સરખું જ મહત્વ આપતો હતો. તેના ધાર્મિક કાર્યોની વિગત નીચે પ્રમાણે આપી શકાય.
- તેણે બ્રાહ્મણોને વિવિધ દાન આપ્યાનો ઉલ્લેખ કરતાં ત્રણ દાનપત્રો મળ્યાં છે.

- તેણે પાટણમાં મુંજાલેશ્વર મહાદેવનો પ્રાસાદ તથા બ્રહ્મા – વિષ્ણુ- મહેશના તાં-પુરૂષપ્રાસાદ બંધાવ્યો હતો. વળી મૂળરાજ વસહિકા નામે જૈન ધર્મસ્થાન પણ બંધાવ્યું હતું.
- સિદ્ધપુરમાં અગિયાર માળનો ‘રૂદ્રમહાલય’ અને ‘મૂલનારાયણનું વિષ્ણુ મંદિર' તેણે બંધાવ્યાં હતાં.
- આમ તેના સમયમાં ધાર્મિક સહિષ્ણુતાના દર્શન થાય છે.

### 10.3.8 મૂળરાજના મંત્રીમંડળ વિશેની માહિતી

- મૂળરાજના અભિલેખોમાંથી તેના મંત્રીમંડળના કેટલાંક મંત્રીઓના નામ તથા વિભાગો જાણવા મળે છે. જેને નીચે પ્રમાણે સમજાવી શકાય.

| અનુ. | વિભાગનું નામ | મંત્રીશ્રીનું નામ |
|---|---|---|
| 1. | અમાત્ય (મુખ્ય પ્રધાન) | વનરાજના અમાત્ય નિન્નયનો વંશજ વીર |
| 2. | ધર્મદેવ (ધાર્મિક ખાતું) | માધવ વીર |
| 3. | દૂતક (સંદેશવાહક)અને સંધિવિગ્રાહક | શિવરાજ |
| 4. | પુરોહિત | નાગર બ્રાહ્મણ સોમશર્મા |
| 5. | મહામંત્રી | જમ્બક |
| 6. | કાયસ્થ (લહિયો) | કાંચન |

**❖ તમારી પ્રગતિ ચકાસો**

**(ગ) ખાલી જગ્યા પૂરો**

(1) મૂળરાજનો જન્મ ___________નક્ષત્રમાં થયો હતો.

(2) મૂળરાજનો સમકાલીન કચ્છનો રાજા _______ હતો.

(3) મૂળરાજે સિદ્ધપુરમાં _____________વિષ્ણુ મંદિર બંધાવ્યું હતું.

(4) શાકંભરીના રાજા _________એ મૂળરાજ પર આક્રમણ કર્યું હતું.

(5) મૂળરાજના મામાનું નામ ______હતું.

**(ઘ) નીચેનાં વિધાનો પૈકી ક્યાં સાચાંછે ? ક્યાં ખોટાં છે ?**

(1) મૂળરાજે પાટણમાં મુંજાલેશ્વર મહાદેવનો પ્રસાદ બંધાવ્યો હતો.

(2) મૂળરાજના સમયમાં માળવાનો શાસક `ભોજદેવ હતો.

(3) આબુના રાજા ધરણીવરાહને મૂળરાજે પરાજિત કર્યો હતો.

(4) મૂળરાજે 'પરમભટ્ટારક' બિરૂદ ધારણ કર્યું હતું.

(5) મૂળરાજ ભગવાન વિષ્ણુનો પરમ ઉપાસક હતો.

## 10.4 ભીમદેવ પહેલો

દુર્લભરાજ અપુત્ર મૃત્યુ પામતાં પાટણની ગાદીએ દુર્લભરાજના નાના ભાઈ નાગરાજનો પુત્ર ભીમદેવ આવ્યો. ઇતિહાસમાં તે ભીમદેવ પહેલા નામે પ્રસિદ્ધ છે. દુર્લભરાજની હયાત્તિમાં જ ભીમદેવનો રાજ્યાભિષેક થયો હતો. તેણે 42 વર્ષ (ઈ.સ. 1022થી ઈ.સ. 1064) સુધી શાસન કર્યું હતું.

### 10.4.1 લશ્કરી સિદ્ધિઓ

ભીમદેવ પરાક્રમી રાજા હતો જે તેના વિગ્રહો પરથી ફલિત થાય છે તેણે પોતાના જીવન દરમ્યાન ઘણા યુદ્ધો કરી વિજય મેળવી પોતાના રાજ્યની સીમાઓનો વિસ્તાર કર્યો હતો.

❖ **મહમૂદ ગઝનવીની સોમનાથ પર ચઢાઈ**

ભીમદેવ ગાદીએ બેઠા પછી થોડા સમય બાદ મહમૂદ ગઝનવીએ સોમનાથ પર ચડાઈ કરી. તેણે ઈ.સ. 997થી 1024 વચ્ચે ભારત પર સત્તર ચઢાઈઓ કરી હતી. આ દરમિયાન તેણે સોમનાથના મંદિરની ભવ્યતા અને સમૃદ્ધિની પ્રશંસા સાંભળી પરિણામે તેણે સોમનાથ પર ચઢાઈ કરવાનો નિર્ણય લીધો. મહમૂદે 1025ના ઓક્ટોબરમાં ભવ્ય તૈયારીઓ સહિત 30 હાજરના અશ્વદળ સાથે ગઝનીથી સોમનાથ પર ચડાઈ કરવા નીકળ્યો. રસ્તામાં તેણે તેનો સામનો કરનાર લોકોને મારી નાખ્યા, મંદિરો લૂંટયા તથા મૂર્તિઓ તોડી તે પાટણ આવ્યો. અણહિલવાડનો રાજા ભીમ પાટણથી નાસી જઈ કંથકોરમાં ભરાયો. લોકોએ પાટણ ખાલી કરી નાખતાં મહમૂદ સીધો મોઢેરા પહોંચ્યો ત્યાં લગભગ 20 હજાર હિંદુઓએ તેના કરેલા સામનાને શિકસ્ત આપીને માંડલ થતાં વઢવાણના રસ્તે સોમનાથથી બે માઈલ દૂર ઉના દેલવાડ પહોંચ્યો દેલવાડા લૂંટીને મહમૂદ 1026ના જાન્યુઆરીની છઠ્ઠી તારીખે સોમનાથ પહોંચી ગયો હજારો હિંદુઓ તથા ભીમદેવ સહિત કેટલાંક રાજાઓ અને સામંતો સોમનાથનું રક્ષણ કરવા એકત્રિત થયેલા હતા. શહેરને ફરતો તથા મંદિર ફરતો મજબૂત ગઢ હતો. બીજે દિવસે શુક્રવારને દિને મુસ્લિમોએ ભારે આક્રમણ કર્યું અને મુસ્લિમો શહેરનો કોટ કબજે કરવામાં સફળ રહ્યા. મહમૂદે લીંગના ટુકડા કરીને લાકડાના મંદિરને બાળી નાખ્યું અને પુષ્કળ દોલત મેળવી પાછા ફરતાં મહમૂદને સખત સામનાનો ભય લાગતાં, તેણે મૂળ રસ્તાને બદલે કચ્છના રણ તથા સિંધનો માર્ગ લીધો. કચ્છના રણમાં તેના લશ્કરને પારાવાર મુસીબતો પડી તથા અનેક સૈનિકો, પશુઓ તથા માણસો માર્યા ગયા. મહામહેનતે એપ્રિલમાં તે ગઝતવી પહોંચ્યો.

### ❖ સિંધના હમ્મુકનો પરાજય

હેમચંદ્રાચાર્યે દ્વયાશ્રય કાવ્યમાં ભીમદેવ દ્વારા સિંધુ દેશના રાજા હમ્મુક પર ચઢાઈ કરી તેને હરાવ્યો હોવાનું નોંધ્યું છે. પરંતુ કેટલાંક વિદ્વાનોએ ભીમદેવ હમ્મુકને નહીં પરંતુ સિંધમાંથી પાછા ફરતા મહમૂદ ગઝનીવીના લશ્કરને હરાવ્યું હોવાનું માને છે ત્યારબાદ થોડા જ સમય માટે પંજાબ અને દિલ્લી વચ્ચે સ્થપાયેલાં મુસ્લિમ થાણાઓને નષ્ટ કરવામાં ભીમદેવ ઉત્તર હિંદના રાજાઓને સહાય કરી હતી.

### ❖ આબુ પર આધિપત્ય

આબુનો પરમાર રાજા ધંધુક દુર્લભરાજનો સામંત હતો. પરંતુ ભીમદેવના સમયમાં તેણે સ્વતંત્ર થવાનો પ્રયત્ન કર્યો. આથી ભીમદેવે ધંધુકાને વરા કર્યો. આથી ધંધુક માળવાના રાજા ભોજને શરપો ગયો. ભીમદેવ વિમલ મંત્રીને આબુના દંડનાયક તરીકે નિમ્યો. તેણે ધંધુકને સમજાવીને આબુના રાજ્યમાં પુનઃ પ્રતિષ્ઠિત કર્યો. ધંધુકે ફરી પાછા સ્વતંત્ર થવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ચૌલુક્ય રાજ્યનું આધિપત્ય પુનઃ દ્રઢ થયું. જે છેક 13મી સદીના અંત સુધી ટકી રહ્યું.

### ❖ ભીમદેવ અને ભોજ

ગુજરાત અને માળવા વચ્ચે રાજ્ય વિસ્તાર સંબંધમાં અનેક વખત સંઘર્ષ થતાં ભીમના સમકાલીન માળવાના ભોજ રાજા સાથે ભીમને એક કરતાં વધારે વિગ્રહો થયા હોય તેમ પ્રબંધોની કથા પરથી ફલિત થયા છે. પ્રબોધચિંતામણીના વર્ણન પ્રમાણે સિંધ સાથેના વિગ્રહમાં ભીમ રોકાયેલો હતો ત્યારે માલવ સૈન્યના સેનાપતિ કૂલચંદ્રે પાટણ માગ્યું તેના રાજમહેલ આગળ કોડીઓ દાટીને પોતાનો જય પાટણ પાસે કબૂલ કરાવ્યો. ત્યારબાદ ભીમે પોતાના મંત્રી ડામર (દામોદર) ને માળવાના સંધિ વિગ્રાહક તરીકે મોકલ્યો તેના મુત્સદ્દીગીરીથી થોડો સમય માળવા અને ગુજરાત વચ્ચે સારા સંબંધો જળવાઈ રહ્યા તથા ભોજન ગુજરાતને બદલે દક્ષિણના ચાલુક્ય રાજા પર ચડાઈ કરવાની ડામરે નાટક દ્વારા પ્રેરણા આપી. દરમિયાન ભીમને તૈયારીનો પુરતો સમય મળી ગયો. ડામરની કાર્યદક્ષતા અને બુદ્ધિમત્તાને લગતા અનેક પ્રસંગો પ્રબોધચિંતામણી તથા ભીજપ્રબંધમાં આપેલા છે. ખેટક મંડળ તથા લાટ પ્રદેશના આધિપત્ય સંબંધમાં માળવા તથા ભીમદેવ વચ્ચે યુદ્ધનો પ્રસંગ ઉભો થયો. ભોજન રાજ્યવિસ્તારની લાલસાને લીધે તેને ગુર્જર, છેડી, કોંકણ અને કર્ણાટકના રાજાઓ સાથે સંઘર્ષમાં ઉતરવું પડ્યું. તેમાં શરૂઆતમાં ભોજે બધાને હરાવ્યા. છેવટે તેમાંના સંયુક્ત સંઘ સામે તેને પરાજિત થવું પડ્યું. ભોજ સામેના યુદ્ધમાં ભીમે ચેદીવંશના કલસૂરિ રાજા કર્ણદેવ તથા કર્ણાટકના રાજા સોમેશ્વરને સાથ આપ્યો હતો. ત્રણેયના સંયુક્ત લશ્કરે ભોજન રાજધાની ધારાનગરીને ઘેરી લીધી. વયોવૃદ્ધ ભોજ હતાશ થયો; અને અવસાન

પામ્યો. ભોજના અંત સાથે માલવ સત્તા થોડો સમય નિર્બળ બની અને ભીમની સત્તામાં વધારો થયો. તેનો ખેડા અને લાટપ્રદેશ પરનો પ્રભાવ પણ વધ્યો.

### ❖ નકુલના ચૌહાણ રાજા સાથે સંઘર્ષ

નફૂલના ચૌહાણો અને ગુજરાતના ચૌલુક્ય રાજાઓ વચ્ચે સારો સંબંધ હતો. પરંતુ ભીમદેવના સમયમાં તે બંને વચ્ચે સંઘર્ષ થયો. નકુલના ચૌહાણો સાથે વૈવાહિક સંબંધો હોવા છતાં દુલભરાજના સાળા મહેન્દ્ર સાથે ભીમદેવને લડાઈ થઈ હતી, ભીમદેવ મહેન્દ્રને હરાવ્યો અને પોતાને આધીન કર્યો હતો પરંતુ મહેન્દ્રના પુત્ર અણહિલ્લે ભીમની સેનાને હરાવી હતી. ત્યારબાદ અણહિલ્લનો પુત્ર બાલાપ્રસાદ ભીમદેવનો સામંત બન્યો હોવાનું જાણવા મળે છે. જેના પરથી કહી શકાય કે ભીમદેવ નફૂલના ચૌહાણ રાજાઓને હરાવ્યા હતા.

### ❖ કૃષ્ણદેવ અને ભીમદેવ

ભિન્નમાલના પરમાર વંશના રાજા કૃષ્ણદેવ પર ભીમદેવની સેનાએ આક્રમણ કરી તેને કેદ કર્યો હતો પરંતુ તેને ચૌહાણરાજ અણહિલ્લના પુત્ર બાલાપ્રસાદ છોડાવ્યો હોવાનું એક લેખમાં જણાવ્યું છે. જો કે કેટલાંક વિદ્વાનો આ કૃષ્ણદેવને આબુના પરમાર રાજા ધંધુકના ઉત્તરાધિકારી પૂર્ણપાલનો ભાઈ કૃષ્ણદેવ હોવાનું માને છે.

### 10.4.2 રાજ્ય વિસ્તાર

ભીમદેવના ઉપરોક્ત વિજયોને લીધે તેના રાજ્યની સીમાઓમાં વધારો થયો હતો. કચ્છ અને સોરઠમાં તેનું આધિપત્ય યથાવત રહ્યું હતું તેના સમયમાં રાજ્યની સીમાઓ ઉત્તરમાં આબુથી પણ આગળ અને દક્ષિણમાં લાટ પ્રદેશ પરનો તેનો પ્રભાવ વધ્યો હતો. પૂર્વમાં માળવા કેટલાંક ભાગ સુધી તેની સીમાઓ પહોંચી હતી. આ રીતે ભીમદેવ મૂળરાજે સ્થાપેલા રાજયને યથાવત્ રાખીને તેમાં આબુ, લાટ અને માળવાના કેટલાંક પ્રદેશોનો ઉમેરો કર્યો હતો.

### 10.4.3 ભીમદેવનું મંત્રીમંડળ

ભીમદેવના મંત્રીમંડળ વિશે તેના દાનપત્રો તથા પ્રબંધોમાંથી સારી એવી માહિતી મળે છે ભીમદેવના મંત્રીઓમાં વિમલ અને દામોદર વિશેષ ઉલ્લેખનીય છે. વિમલ પહેલાં આબુનો દંડનાયક હતો અને પછીથી તે મંત્રી બન્યો હતો દામોદર ભીમદેવનો સંધિ વિગ્રાહક હતો. તેણે માળવામાં ગુજરાતના એલચી તરીકે પ્રશસ્ય કામગીરી બજાવી હતી. અન્ય મુખ્ય અધિકારીઓમાં દાનપત્રો લખનાર કાયસ્થ તરીકે કાંચનનો પુત્ર વટેશ્વર અને ત્યારબાદ વટેશ્વરનો પુત્ર કેક્કક હતો. દૂતક તરીકે ચંડશમાં અને ત્યારબાદ તેનો પુત્ર ભાગોદિત્ય હતો. પુરોહિત તરીકે સોમ

હતો. તથા મૂળરાજના નાગર અમાત્ય માધવનો પૌત્ર લાભ પણ ભીમદેવના મંત્રીમંડળમાં હતો.

### 10.4.4 ભીમદેવનું કુટુંબ

ભીમદેવના લગ્ન સૌરાષ્ટ્રના ચુડાસમા રાજા ખેંગારની પુત્રી ઉદયમતી સાથે થયા હતા. તેને કર્ણદેવ નામનો પુત્ર હતો. 'પ્રબોધચિંતામણી'માં જણાવ્યા પ્રમાણે ભીમદેવ ચૌલાદેવી કે બકુલાદેવી નામની ગણિકા સાથે લગ્ન કર્યો હતા. એનાથી તેને ક્ષેમરાજ નામે પુત્ર થયો હતો. ભીમદેવના ત્રીજા પુત્રનું નામ મૂળરાજ હતું. તે ભીમદેવની હયાતિમાં જ ભરયુવાનીમાં મૃત્યુ પામ્યો હતો. દ્વયાશ્રયમાં જણાવ્યું છે કે ક્ષેમરાજને રાજવીપદ સ્વીકારવાનું કહેવામાં આવતાં એણે વિનય પૂર્વક ના પાડી અને કર્ણદેવનો રાજ્યાભિષેક કરાવ્યો. આમ ભીમદેવ પછી ઉદયમતીનો પુત્ર કર્ણદેવ ગાદીએ આવ્યો.

### 10.4.5 સાંસ્કૃતિક સિદ્ધિઓ

ભીમદેવના સમયમાં વિદ્યા અને કલાને પ્રોત્સાહન મળવાથી અનેક વિદ્વાનો અને બ્રાહ્મણો પાટણ આવવા લાગ્યા હતા. શિલ્પ અને સ્થાપત્યનો પણ તે ઉત્કર્ષકાળ હતો. ભીમદેવના સમયથી ગુજરાતમાં પથ્થરનાં ભવ્ય બાંધકામોની શરૂઆત થઈ. તેથી તેના રાજ્યકાળનું ખાસ મહત્વ છે.

❖ **વિદ્યા અને સાહિત્યને પ્રોત્સાહન**

ભીમદેવના સમયમાં ગુજરાત વિદ્યા અને સંસ્કારના ક્ષેત્રે કેન્દ્ર તરીકે ભારતભરમાં ખ્યાતિ પામ્યું હતું. ભીમદેવની સભામાં ન્યાય, વ્યાકરણ, તર્ક, મીમાંસા અને સાહિત્યના કેટલાંક આરૂઢ વિદ્વાનો બિરાજતા હતા. માળવાના પંડિતો પાટણના વિદ્વાનો બિરાજતા હતા. માળવાના પંડિતો પાટણના વિદ્વાનો સાથે સ્પર્ધા કરવા માટે સામસામી પ્રશ્નોતરીની આપ – લે કરતા. ભીમદેવના સમયમાં સૂરાચાર્ય માળવા સાથેની વિદ્યાકીય સ્પર્ધામાં ભોજની વિદ્યાસભાનો પરાજય કરી ગુજરાતની પ્રતિષ્ઠા જાળવી હતી. આ ઉપરાંત લાટના કવિ સોઢલે 'ઉદયસુંદરી' નામે વિખ્યાત ચંપુકાવ્યની રચના કરી હતી. તથા કવિ શાંતિસૂરિએ 'સુરસુંદર' , 'શિષ્યહિતા', 'ચૈત્યવંદન મહાભાસ્ય' વગેરે ગ્રંથો રચ્યા હતા. આમ કહી શકાય કે ભીમદેવના સમયમાં સાહિત્યના ક્ષેત્રે ગુજરાતે ભારતભરમાં ખ્યાતિ હાંસલ કરી લીધી હતી.

❖ **શિલ્પ અને સ્થાપત્યનો વિકાસ**

ભીમદેવના સમયથી ગુજરાતમાં પથ્થરનાં ભવ્ય બાંધકામની શરૂઆત થઈ હતી. ભીમદેવ સૌ પ્રથમ ઈ.સ. 1027માં સોમનાથનું પથ્થરનું નવું મંદિર બંધાવ્યું હતું. મોઢેરાનું વિખ્યાત સૂર્યમંદિર પણ ભીમદેવના શાસનકાળમાં ઈ.સ. 1027માં બંધાયું

હતું. તેનું સમગ્ર બાંધકામ તથા કુંડની રચના ખાસ નોંધપાત્ર છે. ભીમદેવના મંત્રી વિમલે આબુ પર વિમલવસહી નામે જૈન મંદિર ઈ.સ. ૧૦૩૨માં બંધાવ્યું હતું. તેની કોતરણી, કારીગરી તથા શિલ્પ અદ્દભુત છે. ભીમદેવની રાણી ઉદયમતીએ પાટણમાં સુંદર કોતરણીવાળી વાવ બંધાવી હતી. સોલંકીકાળમાં શિલ્પ એ સ્થાપત્યના એક ભાગરૂપે વિકાસ પામ્યું હતું. જે મોઢેરાના સૂર્યમંદિરની દીવાલો તથા પાટણની રાણીની વાવની કોતરણીમાં દ્રષ્ટિગોચર થાય છે. આવા શિલ્પોમાં મોઢેરાના સૂર્યમંદિરની દીવાલો તથા રાણીની વાવમાં કંડારેલા વિવિધ સંપ્રદાયના દેવી-દેવતાઓના શિલ્પો નોંધપાત્ર છે.

❖ **ભીમદેવનાં ધાર્મિક કાર્યો**

મહારાજાધિરાજ ભીમદેવ અનેક ભૂમિદાન દીધેલા તેને લગતાં છ દાનપત્રો મળ્યા છે. તેમાંના ત્રણ કચ્છમંડલની ભૂમિનાં છે. જેમાંનું એક દાન એક શૈવ આચાર્યને આપેલું છે. જ્યારે બાકીના બે દાન પ્રસન્નપૂરથી આવેલા બ્રાહ્મણોને આપેલા છે ત્રણ દાનપત્રો સારસ્વતમંડલને લગતા છે તેમાંનું વદિધ વિષયમાં એક ઉદિરય બ્રાહ્મણના બીજું ધન પ્રસન્નપુરથી આવેલ બ્રાહ્મણને અને ત્રીજું દાન ધાણદા આહારમાં એક મોઢ બ્રાહ્મણને આપેલું છે. આ ઉપરાંત તેણે સોમનાથનું શિવમંદિર અને મોઢેરાનું સૂર્યમંદિર બંધાવ્યું હતું. તેના મંત્રી વિમલે આબુમાં વિમળવસહી નામે જૈન મંદિર બંધાવ્યું હતું. આમ, તેના સમયમાં શૈવ, જૈન તથા વૈષ્ણવ સંપ્રદાયનો સમાન રીતે વિકાસ થયો હતો. જે તેની ધાર્મિક સહિષ્ણુતા સૂચન કરે છે.

### 10.4.6 ભીમદેવ પહેલાના કુટુંબ વિશેની માહિતી

- ભીમદેવ પહેલ દુલભરાજના નાનાભાઈ નાગરાજનો પુત્ર હતો.
- તેને બે રાણીઓ હતી (i) ઉદયમતી (મહારાણી) કે જે સૌરષ્ઠના ચુડાસમા રાજવી ખેંગારની પુત્રી હતી (ii) ચૌલાદેવી કે જે બકુલાદેવી તરીકે પણ ઓળખાતી હતી. તે ગણિકા (નૃત્યાંગના) હતી.
- તેને ત્રણ પુત્રો હતા. ઉદયમતીથી કર્ણદેવ નામે, ચૌલાદેવિશ્રી ક્ષેમરાજ નામે તથા અન્ય ત્રીજો પુત્ર મૂળરાજ હતો. જે તેના જીવતા જ ભરયુવાનીમાં મૃત્યુ પામ્યો હતો.
- ભીમદેવ પછી તેનો વારસદાર કર્ણદેવ પહેલાને શાસન પ્રાપ્ત થયું હતું.

### 10.4.7 ગુજરાત પર મહમૂદ ગઝનવીના આક્રમણનું વર્ણન

- મહમંદ ગઝનવીએ ઈ.સ. 997 થી 1024 વચ્ચે ભારત પર સત્તર વખત ચઢાઈઓ કરી હતી. આ દરમ્યાન તે સોમનાથની સમૃદ્ધિથી આકર્ષાયો હતો.

- આથી તેણે ઈ.સ. 1026માં ભવ્ય તૈયારીઓ સાથે સોમનાથ પર આક્રમણ કર્યું. આ સમયે ગુજરાતનો શાસક ભીમદેવ પહેલો હતો.
- મહંમદ ગઝનવીએ પાટણ પર આક્રમણ કર્યું ત્યારે પાટણનો રાજા ભીમદેવ પાટણ છોડી કંથકોટના કિલ્લામાં ભરાયો અને પ્રજાએ પણ પાટણ ખાલી કરી નાખ્યું.
- તે પાટણ - મોઢેરા - માંડલ – વઢવાણના રસ્તેથી સોમનાથ પહોંચ્યો અને રસ્તામાં તેનો સામનો કરનાર લોકોને મારી નાખ્યા અને નગરો લૂંટ્યા હતા.
- સોમનાથનું રક્ષણ કરવા એકઠા થયેલા હિંદુઓ પર ભારે આક્રમણ કરી સોમનાથનો કબજો મેળવ્યો.
- ત્યાં તેણે હિંદુઓની ભારે કતલ કરી, શિવલીંગના ટુકડા કરાવ્યા અને પુષ્કળ સંપતિ લુંટી લીધા બાદ લાકડાના મંદિરને બાલી નંખાવ્યું.
- આ રીતે ગઝનવીએ સોમનાથમાં ભારે વિનાશ વેરીને પરત ફર્યો.

### 10.4.8 ભીમદેવ પહેલાના સમયના વિવિધ બાંધકામોની માહિતી

- ગુજરાતમાં ભીમદેવ પહેલાના શાસનકાળથી પથ્થરનાં પદ્ધતિસરનાં બાંધકામોની શરૂઆત થઈ હતી. તેના શાસનકાળ દરમ્યાન બંધાયેલાં વિવિધ સ્થાપત્યોની વિગતો નીચે પ્રમાણે આપી શકાય.

| અનુ. | સ્થાપત્ય | સ્થાપના વર્ષ | બંધાવનાર | સ્થળ |
|---|---|---|---|---|
| 1. | શિવમંદિર | ઈ.સ. 1027 | ભીમદેવ પહેલો | પ્રભાસ પાટણ |
| 2. | સૂર્યમંદિર | ઈ.સ. 1027 | ભીમદેવ પહેલો | મોઢેરા (જિ. મહેસાણા) |
| 3. | વિમલવસહી (દેલવાડાના દેરા) | ઈ.સ. 1032 | વિમળમંત્રી | (દેલવાડા રાજસ્થાન) |
| 4. | રાણીની વાવ | ઈ.સ. 1063 – 64 | રાણી ઉદયમતી | પાટણ |

❖ **તમારી જાતે ચકાસો**

**(ચ) ખાલી જગ્યા પૂરો**

(1) ભીમદેવનો રાજ્યાભિષેક ઈ.સ. ____________ માં થયો હતા.

(2) ભીમદેવ પહેલામાં સમયમાં _____________એ સોમનાથ પર ચઢાઈ કરી હતી.

(3) ભીમદેવ આબુના દંડનાયક તરીકે ____________ની નિમણૂક કરી હતી

(4) ભીમદેવ સિંધના રાજા____________ને કરાવ્યો હતો.

(5) ભીમદેવ પહેલાના રાજ્યનો પુરોહિત_________હતો.

**(છ) નીચેનાં વિધાનો પૈકી ક્યાં સાચાં છે ? ક્યાં ખોટાં છે ?**

(1) ભીમદેવના પિતાનું નામ દુર્લભરાજ હતું.

(2) ભીમદેવને બકુલાદેવીથી કર્ણ નામે પુત્ર થયો હતો.

(3) ભીમદેવ પહેલાનાં અત્યાર સુધીમાં છ દાનપાત્રો મળ્યાં છે.

(4) રાણી ઉદયમતીએ પાટણમાં 'રણ કી વાવ' બંધાવી હતી.

(5) દામોદર મંત્રીએ આબુમાં દેલવાડાનાં દેરા બંધાવ્યાં હતા.

**(જ) બહુવિકલ્પીય પ્રશ્નો**

(1) ગુજરાતના ઇતિહાસનો 'સુવર્ણયુગ' ક્યો કાળ કહેવાય છે ?

(a) ક્ષત્રપ (b) મૈત્રક (c) ચાવડા (d) સોલંકી

(2) ગુજરાતમાં સોલંકીસત્તાના સ્થાપક કોણ હતો ?

(a) વનરાજ (b) મુળરાજ (c) ભીમદેવ (d) સિદ્ધરાજ

(3) મૂળરાજે કોની પાસેથી સત્તા છિનવી લીધી હતી ?

(a) સામંતસિંહ (b) નાગભટ્ટ (c) મિહિરભોજ (d) સિયક

(4) અત્યાર સુધીમાં મૂળરાજનાં કેટલાં દાનપત્રો મળ્યા છે ?

(a) 12 (b) 09 (c) 06 (d) 03

(5) મૂળરાજે ક્યાં સ્થળે અગ્નિસ્નાન કરી દેહત્યાગ કર્યો હતો ?

(a) પંચાસર (b) શ્રીસ્થલ (c) વામનસ્થલી (d) સ્તંભતીર્થ

(6) ભીમદેવના સમયમાં કોણે સોમનાથ પર આક્રમણ કર્યું હતું ?

(a) મુહમ્મદ ઘોરી (b) મહમૂદ કાસીમ

(c) મહમૂદ ગઝનવી (d) અહમદશાહ અબ્દાલી

(7) ભીમદેવના પિતાનું નામ શું હતું ?

(a) મૂળરાજ (b) ચામુંડરાજ (3) દુર્લભરાજ (d) નાગરાજ

(8) ભીમદેવે માળવાના સંધિ વિગ્રાહક તરીકે કોની નિમણૂક કરી હતી ?

(a) દામોદર (b) વિમલ (c) વટેશ્વર (d) ચંડશરર્મા

(9) ભીમદેવનો સમકાલીન માળવાનો શાસક કોણ હતો ?

(a) સીયક (b) મુંજ (c) ભોજ (d) નવવર્મા

(10) ભીમદેવ કેટલાં વર્ષ સુધી શાસન કર્યું હતું ?

(a) 60 (b) 55 (c) 49 (d) 42

## 10.5 સારાંશ

ગુજરાતના ઇતિહાસમાં સોલંકીકાળ અનેક દ્રષ્ટિએ સુવર્ણકાળ ગણાય છે. સોલંકી રાજ્ય અને કાળનું મુખ્ય અને સહુથી પ્રબળ રાજ્ય હતું. એના પ્રતાપી રાજાઓએ રાજ્યનો અમલ હાલના ગુજરાત રાજ્યના વિસ્તાર કરતાં વધુ વિશાળ પ્રદેશ પર વિસ્તાર્યો હતો. ભાષા, સાહિત્ય, સંપ્રદાયો, કલા ઈત્યાદિ વિવિધ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પણ ગુજરાતે આ કાળ દરમિયાન ગણનાપાત્ર પ્રગતિ સાધી હતી. તેમાં સોલંકી રાજાઓના પ્રોત્સાહનનો ફાળો રહેલો છે. ઉદ્યોગ – ધંધા અને વેપાર ખીલતાં ગુજરાતમાં આર્થિક સંપત્તિ વધી હતી. આ પ્રદેશના આ કાળમાં જ 'ગુર્જરદેશ' કે 'ગુજરાત' નામ મળ્યું.

## 10.6 શબ્દાવલિ

| | |
|---|---|
| આનર્ત | વર્તમાન સમયનું ઉત્તર ગુજરાત |
| લાટ | વર્તમાન સમયનું દક્ષિણ ગુજરાત |
| સારસ્વત મંડળ | વર્તમાન સમયના મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના પ્રદેશો. |
| ચંપુકાવ્ય | ગદ્ય અને પદ્યના મિશ્રણરૂપ સાહિત્ય (કાવ્ય) |
| ચુલુક | ખોબો |

## 10.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ક)**

(1) દ્વયાશ્રયકત્વ્ય (2) 942 (3) તહકીક – એ – હિંદ (4) ચુલુક
(5) અલબિરૂની

**(ખ)**

(1) ખોટું (2) ખરું (3) ખરું (4) ખોટું (5) ખોટું

**(ગ)**

(1) મૂળ (2) લાખો ફુલાણી (3) મૂલ નારાયણ (4) વિગ્રહરાજ (5) સામંતસિંહ

**(ઘ)**

(1) ખરું (2) ખોટું (3) ખરું (4) ખરું (5) ખોટું

**(ચ)**

(1) 1022 (2) મહમૂદ ગઝનવી (3) વિમળ (4) હમ્મુક (5) સોમ

**(છ)**

(1) ખોટું (2) ખોટું (3) ખરું (4) ખરું (5) ખોટું

**(જ)**

(1) d- સોલંકી (2) b- મૂળરાજ (3) a – સામંતસિંહ (4) d – 3 (ત્રણ) (5) b – શ્રીસ્થલ (6) c – મહમૂદ ગઝનવી (7) d – નાગરાજ (8) a – દામોદર (9) c – ભોજ (10) d-42

## 10.8 સંદર્ભસૂચિ


1) ડૉ. નવીનચંદ્ર આ. આચાર્ય : ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ, 1973
2) ર. છો. પરીખ, હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. ભારતી શેલત (સંપા.): ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ- ગ્રંથ -4, ભો. જે વિદ્યાભવન, અમદાવાદ, 2005
3) પ્રા. (ડૉ.) આર. કે. ધારૈયા અને અન્ય લેખકો : ગુજરાતનો ઇતિહાસ, સી. જમનાદાસની કંપની, અમદાવાદ, 2009-10
4) સ્વ- કનૈયાલાલ ભાઈશંકર દવે : પાટણ, પાટણ નગરપાલિકા, પાટણ, 1976

| એકમ : 11 | સિદ્ધરાજ જયસિંહની રાજકીય સિદ્ધિઓ |
|---|---|

:: રૂપરેખા ::

**11.0** ઉદ્દેશો

**11.1** પ્રસ્તાવના

**11.2** સિદ્ધરાજ જયસિંહની રાજકીય સિદ્ધિઓ

**11.2.1** સોરઠ વિજય

**11.2.2** માળવા પર વિજય

**11.2.3** બર્બરક સાથે યુદ્ધ (બર્બરકજિષ્ણું)

**11.2.4** સિન્ધુરાજ સાથે વિગ્રહ

**11.2.5** અજમેરના ચૌહાણ રાજા અને સિદ્ધરાજ

**11.2.6** સિદ્ધરાજ અને ભિન્નમાલના પરમારો

**11.2.7** સિદ્ધરાજ અને ચંદેલાઓ

**11.2.8** સિદ્ધરાજ અને ગહડવાલ

**11.2.9** સિદ્ધરાજનું પરમર્દીમર્દન

તમારી પ્રગતિ ચકાસો

**11.3** સારાંશ

**11.4** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**11.4** બહુવિકલ્પીય પ્રશ્નો

**11.5** સ્વાધ્યાય

**11.6** સંદર્ભસૂચિ

## 11.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.


- ગુજરાતના ઇતિહાસમાં સોલંકીઓ કોણ હતા તે સમજી શકાશે.

- સોલંકી વંશના પ્રતાપી રાજવી સિદ્ધરાજ જયસિંહની રાજકીય સિદ્ધિઓનો ખ્યાલ આવશે.

## 11.1 પ્રસ્તાવના

ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં મૈત્રકો, ચાવડા, સોલંકી, વાઘેલા એમ વિવિધ વંશોએ પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું અને વિસ્તાર્યું. ઉપરોક્ત વંશોમાં સોલંકીવંશ એ ગુજરાતના ઇતિહાસમાં 'સુવર્ણયુગ' માનવામાં આવે છે. જે યુગમાં રાજકીય, સામાજીક, આર્થિક, ધાર્મિક એ તમામ ક્ષેત્રોમાં અદ્વિતીય પ્રગતિ નોંધાય હોય તે યુગને 'સુવર્ણયુગ' કહેવામાં આવે છે.

ગુજરાતને રાજકીય એકતા આપનાર તથા તેના વિવિધ વિકાસમાં સૌથી મહત્વનો હીસ્સો આપનાર સોલંકી કોણ  હતા? તે સંબંધમાં વિદ્વાનોમાં ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે. હેમચંદ્રાચાર્ય કૃત 'દ્વયાશ્રય', મેરુતુંગ રચિત 'પ્રબોધ ચિંતામણી' વગેરે ગ્રંથોમાં સોલંકીઓની ઉત્પત્તિને લગતી જુદી જુદી કથાઓ આપવામાં આવી છે. સોલકી કુળને લગતા ગ્રંથો તથા લેખોમાં સોલંકી વંશનું *'ચુલુક્ય'* કે *'ચૌલુક્ય'* નામ આપેલું છે. આ સોલંકી વંશના સર્વ રાજવીઓમાં સૌથી વધુ પરાક્રમી, હિંમતવાન અને મુત્સદ્દી સિદ્ધરાજે ગુજરાતના ઇતિહાસમાં સૌથી અગ્રગણ્ય રાજવી છે. ગુજરાતના એક નાનકડા રાજ્યને સામ્રાજ્યમાં પલટાવાનો યશ તેને ફાળે જાય છે. કર્ણદેવ પછી પાટણની ગાદી પર આવનાર મીનળદેવીનો પુત્ર જયસિંહ ઘણો પરાક્રમી રાજવી હતો. આ જયસિંહ ગુજરાતના ઇતિહાસમાં પોતાની સંખ્યાબંધ સિદ્ધિઓને કારણે સિદ્ધરાજ તરીકે પ્રસિદ્ધ છે. આજે પણ સિદ્ધરાજ જયસિંહ *'સધરા જેસંગ'* ના નામે જીવંત છે.



## 11.2 સિદ્ધરાજ જયસિંહની રાજકીય સિદ્ધિઓ


એક વિજેતા તરીકે સિદ્ધરાજ જયસિંહનું મૂલ્યાંકન તેની નીચે પ્રમાણેની સિદ્ધિઓથી આલેખી શકાય

### 11.2.1 સોરઠ વિજય

સોરઠ વિજય સિદ્ધરાજનું પહેલું યશસ્વી પરાક્રમ હતું. સોરઠના ચુડાસમા વંશની રાજધાની જૂનાગઢ હતી. જયસિંહ માળવા ગયો ત્યારે જૂનાગઢમાં રા' ખેંગારે પાટણ જઈ ત્યાંનો પૂર્વ દરવાજો તોડી પડયો. વળી રાણકદેવી નામે એક સુંદર કન્યા, જેનું વેવિશાળ સિદ્ધરાજ સાથે થયું હતું, તેને ઉપાડી જઈ રા' ખેંગાર એને પરણી ગયો. આથી સિદ્ધરાજે માળવાથી પાછા ફરી સોરઠ પર આક્રમણ કર્યું. સોલંકી સૈન્યે જુનાગઢ જઈ ત્યાના ઉપરકોટને ઘેરો ઘાલ્યો. લાંબા વખત સુધી કોટ કબજે થયો નહિ, ત્યારે રા'ખેંગારના ભાણેજ દેશળ અને વિશળને ફોડીને સોલંકી સેન્યએ ઉપરકોટમાં પ્રવેશ કર્યો. રા'ખેંગાર યુદ્ધમાં મરાયો. રાણકદેવીને સિદ્ધરાજે કેદ કરી પોતાની સાથે લીધી, પરંતુ એ માર્ગમાં વઢવાણ પાસે સતી થઈ. સિદ્ધરાજે સોરઠ જીતીને ત્યાં દંડનાયક તરીકે સજ્જન મંત્રીની નિમણૂક કરી. વિ.સં. ૧૧૬૬ (ઈ.સ.૧૧૧૦)માં આ વિજય મેળવી સિદ્ધરાજે *'ત્રૈલોક્યગંડ'*નું બિરૂદ ધારણ કર્યું. આ મહાન અને નોંધપાત્ર વિજયની યાદમાં જયસિંહદેવે સિંહ સંવત શરૂ કર્યો. સૌરાષ્ટ્રના કેટલાંક શિલાલેખોમાં આ સિંહ સંવત વિ.સં. 1170થી શરૂ થતો હોઈ સિદ્ધરાજનો સોરઠ વિજય આ વર્ષે ઈ.સ. 1114માં બન્યો ગણાય. સિદ્ધચક્રવર્તી જયસિંહ દેવએ 'સિદ્ધરાજ જયસિંહ'ના નામથી જાણીતો થયો.

### 11.2.2 માળવા પર વિજય

સિદ્ધરાજ સોમનાથની યાત્રાએ ગયો ત્યારે માળવાના રાજા નરવર્માએ ગુજરાત પર ચડાઈ કરી, પણ સાંતુ મંત્રીએ એને રીજવીને પાછો વાળ્યો. સિદ્ધરાજે પાટણ આવી સિદ્ધરાજનો માળવા પર ચડાઈ કરીને ધારાનગરીનો દુર્ગ લાંબા સમયે કબજે કર્યો. નરવર્માના ઉત્તરાધિકારી યશોવર્માને કેદ કરી વિજય મેળવી એ પાટણ પાછો ફર્યો. સિદ્ધરાજનો માળવા વિજય વિ.સં. ૧૧૯૨ (ઈ.સ. ૧૧૩૫-૩૬)માં બન્યો લાગે છે. સિદ્ધરાજ જયસિંહ 'અવંતીનાથ' તરીકે ખ્યાતિ પામ્યો. સિદ્ધરાજે માળવાને સોલંકી રાજ્યમાં ભેળવી દઈ ત્યાં પોતાનો દંડનાયક નીમ્યો. સિદ્ધરાજ પોતાની વિજય યાત્રામાં ભોજ રાજાનો પ્રસિદ્ધ ગ્રંથભંડાર પાટણ લાવ્યો. એમાંના 'ભોજ વ્યાકરણ' પરથી અને સિદ્ધરાજના સક્રિય પ્રોત્સાહનથી હેમચંદ્રાચાર્યને 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નામે નવું વ્યાકરણ લખવાની પ્રેરણા મળી.




### 11.2.3 બર્બરક સાથે યુદ્ધ (બર્બરકજિષ્ણું)

ઉજ્જૈનના વિ.સં. ૧૧૯૪ (ઈ.સ.૧૧૩૮)ના લેખમાં સિદ્ધરાજ જયસિંહને ‘બર્બરકજિષ્ણું’નું બિરુદ લગાડવામાં આવ્યું છે. આ વિશે ‘દ્વયાશ્રય’માં જણાવાયું છે કે સિદ્ધરાજ જયસિંહ પાસે આવીને કેટલાંક ઋષિઓએ ફરિયાદ કરી કે રાક્ષસોએ સિદ્ધપુર ભાંગ્યું છે, દેવાલય તોડ્યું છે તથા અમને ઘણો ત્રાસ આપ્યો છે, માટે અમારું રક્ષણ કરો. આ સાંભળતા જ સિદ્ધરાજ જાતે જ લડવા ગયો. પોતાની તલવાર ભાંગી જતા તેણે બર્બરક સાથે દ્વન્દ્વ કરીને હરાવીને એને બાંધી લીધો. આખરે બર્બરકની પત્ની પિંગલીકાની વિનંતીથી એને સદાય જયસિંહની સેવામાં હાજર રહેવાની શરતે છોડ્યો. બર્બરકે સિદ્ધરાજને અઢળક દ્રવ્ય આપ્યું. આ બર્બરક *‘બાબરા ભૂત’* નામે પ્રસિદ્ધ થયો.

### 11.2.4 સિંધુરાજ સાથે વિગ્રહ

દાહોદમાંથી વિ.સં. ૧૧૯૬ (ઈ.સ.૧૧૪૦)ના લેખમાં સિદ્ધરાજે કોઈક સીન્ધુરાજને હરાવ્યાનો ઉલ્લેખ છે, પણ આ સિંધુરાજ કયા પ્રદેશનો રાજવી હતો એ સ્પષ્ટ જાણવા મળતું નથી. કુમારપાળના સમયના કીરાડુંના લેખમાં સિદ્ધરાજની કૃપાથી એને સીન્ધુ રાજપુર પાછું મેળવ્યું એમ જણાવ્યું છે. એથી સંભવ છે કે આ સિંધુરાજ એ સીન્ધુરાજપુરનો રાજવી હશે. આમ, સીન્ધુરાજને હરાવ્યો એ સિંધદેશનો કોઈ સુમરા રાજા હશે અથવા દુર્ગાશંકર શાસ્ત્રીના મત પ્રમાણે કીરાડુંનો પરમાર સોમેશ્વર હશે, જેને સિદ્ધરાજની કૃપાથી સિંધુરાજપૂરનું રાજ્ય પાછું મળ્યું હતું.

### 11.2.5 અજમેરના ચૌહાણ રાજા અને સિદ્ધરાજ

દાહોદ લેખમાં ઉત્તરના રાજાઓ જયસિંહની આજ્ઞાને શિરોધાર્ય ગણતા હતા તેમ લખ્યું છે. નડુલના ચૌહણોએ તો ગુજરાતના સોલંકીઓનું સામંતપદ સ્વીકાર્યું જ હતું, તેથી અહીં અજમેરનો ચૌહાણ રાજા વિવક્ષિત હોત તે સંભવિત છે. મેરુતુંગ

તથા સોમેશ્વર દાહોદના લેખમાં સ્પષ્ટતા કરતા ઉમેરે છે કે સાંભરનો રાજા અર્ણોરાજ  સિદ્ધરાજને નમી ગયો અને તેથી સિદ્ધરાજે પોતાની પુત્રી પરણાવી. સિદ્ધરાજે શાકંભરીના વિજયનું સુચક કોઈ બિરૂદ પણ ધારણ કર્યું નથી, જ્યારે બીજી બાજુ અર્ણોરાજ અથવા આના કે પણ સ્વતંત્રતા સૂચક બિરૂદો ધારણ કરેલા જણાય છે.

### 11.2.6 સિદ્ધરાજ અને ભીન્નમાલના પરમારો

સિદ્ધરાજે માળવાના પરમારવંશને હરાવી એની સત્તા છિન્ન ભિન્ન કરી નાખી હતી, પણ કિરાડુંના પરમારો ચૌલુક્ય રાજ્યના અંત સુધી પાટણના સામંત તરીકે રહ્યા હતા. સિદ્ધરાજે વિ.સ.૧૧૯૮ (ઈ.સ.૧૧૪૨)માં એને ગાદી પાછી અપાવી.

### 11.2.7 સિદ્ધરાજ અને ચંદેલો

મહોબક (બુંદેલખંડ)ના ચંદેલ રાજા મદનવર્માના વિપુલ વૈભવની વાતથી અંજાઈને સિદ્ધરાજે મહોબક પર ચડાઈ  કરી, પણ મદન વર્માએ એને ૯૬ કરોડ આપી  પાછો કાઢ્યો.

### 11.2.8 સિદ્ધરાજ અને ગહડવાલ

સિદ્ધરાજના સમયમાં  ગહડવાલના રાજવી જયચંદ્રનો દાદો ગોવિંદચંદ્ર હતો. આ ગહડવાલ રાજવીઓ ચંદેલ રાજવીઓ સાથે અવારનવાર યુદ્ધમાં ઉતરતા. સિદ્ધરાજને એમની સાથે મિત્રતા હતી. આ સમયે ચંદેલોની માળવા પર આક્રમણ કરવાની શક્યતા જોતાં સિદ્ધરાજે ગહડવાલ સાથે બુદ્ધિપૂર્વક મિત્રતા કેળવી હતી.

### 11.2.9 સિદ્ધરાજનું પરમર્દીમર્દન

તલવાડાના ઉત્કીર્ણ લેખોમાં સિદ્ધરાજ જયસિંહને પરમર્દીનું મર્દન કરનાર તરીકે વર્ણવ્યો છે. આ પરમર્દી તે કલ્યાણના ચાલુક્ય વંશનો વિક્રમાદીત્ય છઠ્ઠો હોવાનો સંભવ મનાય છે. સિદ્ધરાજે જે પરમર્દીનું મર્દન કરેલું છે. તે આ જ પરમર્દી કે બીજો એ જાણવા મળતું નથી. આ સમયે વિક્રમાદિત્યનો સામંત મહામાત્ય ઉદયાદિત્ય ગંગ, જીમુતવાહન, જગદેકમલ્લ, કદંબ રાજ્યના પરમર્દી શિવચિત્ત વગેરે 'પરમર્દી' તરીકે ઓળખાતા હતા. આ સર્વમાંથી ક્યાં પરમર્દીને હરાવ્યો એ સ્પષ્ટ જાણવા મળતું નથી.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

❖ **બહુવિકલ્પીય પ્રશ્નો**

1. ‘ત્રૈલોક્યગંડ’નું બિરૂદ ક્યાં સોલંકી રાજવીને મળ્યું ?
   (અ) સિદ્ધરાજ (બ) મુળરાજ ૧લો (ક) કુમાળપાળ (ડ) ભીમદેવ પહેલો
2. ‘દ્વયાશ્રય’ કૃતિના રચિયતા કોણ હતા ?
   (અ) મેરુતુંગ (બ) હેમચંદ્રાચાર્યે (ક) માઘ (ડ) ભાસ
3. ક્યાં સોલંકી રાજવીએ બાબરાભૂત સાથે યુદ્ધ કર્યું હતું ?
   (અ) મુળરાજ ૧લો (બ) ભીમદેવ પહેલો (ક) સિદ્ધરાજ જયસિંહ
   (ડ) ત્રીભુવનપાલ
4. સિદ્ધરાજની માતાનું નામ શું હતું?
   (અ) પ્રેમળદેવી (બ) દેવળદેવી (ક) મીનળદેવી (ડ) ભુપાલદેવી
5. સિદ્ધરાજ જયસિંહ નીચેનામાંથી ક્યાં બિરૂદ સાથે સંકળાયેલ નથી ?
   (અ) સધરા જેસંગ (બ) ત્રેલોક્ય ગંડ (ક) અવંતીનાથ
   (ડ) બાબરાભૂત

## 11.3 સારાંશ

આમ, ઉપરોક્ત ચર્ચા પરથી નિષ્કર્ષ તારવી શકાય છે કે સોલંકી વંશના શાસકોમાં સિદ્ધરાજ જયસિંહ ખૂબ પ્રતાપી રાજવી હતો. તેને અણહિલવાડ પાટણની સત્તા અને સમૃદ્ધિમાં નોંધપાત્ર સ્થિરતા અપાવી હતી.

## 11.4 ચાવીરૂપ શબ્દો

1. અણહિલપુર પત્તન – પાટણનું જુનું નામ
2. સુવર્ણયુગ – રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક વગેરે જેવાં ક્ષેત્રોમાં સમૃદ્ધ પ્રગતિ કરી હોય

## 11.5તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. સિદ્ધરાજ 2. હેમચંદ્રાચાર્ય 3. સિદ્ધરાજ જયસિંહ

4. મીનળદેવી 5. અવંતીનાથ

## 11.6 સંદર્ભો

(૧) પરીખ, રસિકલાલ છો. અને હરિપ્રસાદ ગં.શાસ્ત્રી(સં), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૪ (સોલંકી કાળ), શેઠ ભો. જે. અધ્યન-સંશોધન વિધાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩

(૨) આચાર્ય, નવીનચંદ્ર આ., ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩

(૩) દેસાઈ, હર્ષદરાય ઝ., અણહીલવાડનું રાજ્ય, સ્વ-પ્રકાશિત, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,૧૯૮૦

(૪) શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., ગુજરાતનો ઇતિહાસ: પ્રાચીનકાળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧

(૫) ધારૈયા, આર. કે. અને અન્ય, ગુજરાતનો ઇતિહાસ, સી. જમનાદાસની કંપની, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, ૧૯૯૭-૯૮

| એકમ-12 | કુમારપાળની રાજકીય સિદ્ધિઓ |
|---|---|

**:: રૂપરેખા ::**

**12.0 ઉદ્દેશો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 કુમારપાળની રાજકીય સિદ્ધિઓ**

**12.2.1 શાકંભરીનો વિજય**

**12.2.2 બલ્લાલનો વધ**

**12.2.3 કુમારપાલ અને ચાહમાન વિગ્રહરાજ**

**12.2.4 કુમારપાલ અને આબુના પરમારો**

**12.2.5 કુમારપાલ અને નડુલના ચૌહાણો**

**12.2.6 મલ્લિકાર્જુનનો વધ**

**12.2.7 કુમારપાળ અને કાન્હડદેવ**

તમારી પ્રગતિ ચકાસો

**12.3 સારાંશ**

**12.4 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**12.5 ચાવીરૂપ શબ્દો**

**12.6 સંદર્ભગ્રંથ સૂચિ**

## 12.1 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

- ગુજરાતના ઇતિહાસમાં સોલંકીઓ કોણ હતા તે સમજી શકાશે.
- સોલંકી રાજવી કુમારપાળની રાજકીય સિદ્ધિઓનો પરિચય થશે.

## 12.2 પ્રસ્તાવના

પ્રતાપી રાજવી સિદ્ધરાજ જયસિંહ અપુત્ર મૃત્યુ પામ્યો હતો. તેના પછી ગાદીએ ત્રિભુવનપાલનો પુત્ર કુમારપાળ આવ્યો હતો. કુમારપાળની માતાનું નામ કાશ્મીરાદેવી હતું. તેના ભાઈઓના નામ કીર્તિપાલ અને મહિપાલ હતા. પ્રેમળદેવી અને દેવળદેવી તેની બહેનો હતી, જયારે ભૂપાલદેવી તેની પત્નીનું નામ હતું. પુત્ર પ્રાપ્તિ માટે સિદ્ધરાજે સોમનાથની પગપાળા યાત્રા કરી હતી ત્યારે ભગવાન શંકરે કહ્યું હતું કે, ***"તારા પછી તારો ભત્રીજો કુમારપાળ ગાદીએ બેસશે."*** આવું સ્પષ્ટ કથન 'દ્વયાશ્રય', ચિતોડના કિલ્લાના કુમારપાળના લેખમાં તથા અન્ય પ્રબંધોમાં જોવા મળે છે. આમ સિદ્ધરાજ જયસિંહ પછી પાટણની ગાદીએ કુમારપાળ બેસ્યો હતો એ બાબત સ્પષ્ટ છે. ગાદી મેળવતા પહેલા કુમારપાળની અનેક મુસીબતોનો સામનો કરવો પડ્યો હતો.

જ્યારે સિદ્ધરાજનું અવસાન થયાના સમાચાર કુમારપાળને મળ્યા ત્યારે તે પાટણમાં ન હતો. કુમારપાળે તત્કાલ પાટણ આવી પોતાના બનેવી કાન્હડદેવની મદદથી ગાદી મેળવી અને ઈ.સ.1142ના વર્ષે 50વર્ષની તેનો રાજ્યાભિષેક થયો. અણહિલપુર પાટણના સામ્રાજ્યમાં અને ગુજરાતની અસ્મિતા વધારવાના કુમારપાળે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. કુમારપાળની સિદ્ધિઓને કારણે તેને ***'ગુજરાતના ઈતિહાસનો અશોક'*** કહેવામાં આવે છે. તેને મેળવેલ રાજકીય સિદ્ધિઓ આ મુજબ છે.

## 12.2 કુમારપાળની રાજકીય સિદ્ધિઓ

કુમારપાળની મુખ્ય રાજકીય સિદ્ધિઓ નીચે મુજબ આલેખી શકાય.

### 12.2.1 શાકંભરીનો વિજય

શાંકભરીના ચાહમાન રાજા પર કુમારપાળે વિજય મેળવ્યો હતો. કુમારપાળ ગાદીએ બેઠો પછી જ્યારે શાંકભરીના ચાહમાન રાજા અર્ણોરાજે ચડાઈ કરી ત્યારે કુમારપાળે આબુના સામંત વિક્રમસિંહને સાથે લઈ અજમેર પર ચડાઈ કરી અને અર્ણોરાજને હરાવ્યો. અર્ણોરાજે પોતાની પુત્રી જલ્હણા કુમારપાલને પરણાવી અને એની સાથે મૈત્રી સંબંધો બાંધ્યા. આ અગાઉ પણ ઈ.સ. 1145 માં કુમારપાલે અર્ણોરાજને હરાવેલો તથા પોતાની બહેન દેવલદેવી અર્ણોરાજની સાથે પરણાવી હતી.

### 12.2.2 બલ્લાલનો વધ

અર્ણોરાજ સાથેના વિગ્રહ દરમ્યાન માળવાના કોઈ પાડોશી રાજા બલ્લાલે ગુજરાત પર આક્રમણ કરવાની તૈયારી શરૂ કરી. કુમારપાલે આ વખતે નાંદીપુરના સૈન્યને બલ્લાલ સામે મોકલ્યું. બંને પક્ષે યુદ્ધ થયું. તેમાં કુમારપાળના પાંચ સામંતોએ મળીને બલ્લાલનો વધ કર્યો અને તેથી માળવાનો ભીલસા પ્રદેશ કુમારપાળની હકૂમત હેઠળ આવ્યો.

### 12.2.3 કુમારપાલ અને ચાહમાન વિગ્રહરાજ

કુમારપાળે અર્ણોરાજને હરાવ્યા પછી એનો પુત્ર જગદેવ અર્ણોરાજનું ખૂન કરી અજમેરની ગાદીએ બેસ્યો. આ જગદેવને ગાદી પરથી ઉઠાડી મુકી એના ભાઈ વિગ્રહરાજે વિ.સં. ૧૨૦૯ની આસપાસ અજમેરની ગાદી સંભાળી. શાકંભરી-અજમેરના ચાહમાન રાજા વિગ્રહરાજે (કે વિસલદેવ) સોલંકી રાજ્યનું આધિપત્ય ફગાવી દઈ પોતાનું સામ્રાજ્ય વિસ્તાર્યું. તેનો પુત્ર સોમેશ્વર (સિદ્ધરાજનો દૌહિત્ર અને કુમારપાલનો વફાદાર સામંત) જ્યારે શાકંભરીનો રાજા થયો ત્યારે ચાહમાનો અને ચાલુક્યો (સોલંકીઓ)ના સંબંધો સુધાર્યા હતા.

### 12.2.4 કુમારપાલ અને આબુના પરમારો

કુમારપાલ જ્યારે શાકંભરી તરફ કૂચ કરતો હતો તે વખતે એણે આબુ આગળ મુકામ કર્યો. આ વખતે ત્યાં પરમાર રાજવી વિક્રમસિંહ શાસન સંભાળતો હતો. વિક્રમસિંહ સોલંકીઓનો સામંત હતો તથા રાજવી પણ બનવા માગતો હતો. તેથી તેણે કુમારપાળને મારી નાખવાનું કાવતરું રચ્યું. એણે કુમારપાળને પોતાને ત્યા જમવાનું આમંત્રણ આપ્યું, પરંતુ કુમારપાળે પોતાની જગ્યાએ બીજી વ્યક્તિને ત્યાં મોકલ્યો. આ સમગ્ર ઘટનાની બાબત કુમારપાળે અર્ણોરાજને હરાવીને પાછો ફર્યો ત્યારે હાથ પર લીધી. એણે વિક્રમસિંહને પદભ્રષ્ટ કરી એના ભાઈ રામદેવના પુત્ર યશોધવલને આબુની ગાદીએ બેસાડ્યો. યશોધવલ સોલંકીઓને સંપૂર્ણ વફાદાર રહ્યો.

### 12.2.5 કુમારપાલ અને નડુલના ચૌહાણો

નડુલનો અશ્વરાજ એ સિદ્ધરાજ જયસિંહનો સામંત હતો. તેના મૃત્યુ બાદ રત્નપાલ અને રત્નપાલ પછી રાયપાલ નડુલની ગાદીએ આવ્યો હતો.આ રાયપાલે અર્ણોરાજને કુમારપાલની વિરુદ્ધ યુદ્ધમાં મદદ કરી હોવાથી કુમારપાળે એને પદભ્રષ્ટ કર્યો. આમ નડુલમાં ચાહમાનોની સત્તા નબળી પડતા વિ.સં. 1209-1218 (ઈ.સ. 1153-1162) દરમ્યાન કુમારપાળે નડુલમાં વયજલદેવ નામનો દંડનાયક

નિમ્યો. થોડાક સમય બાદ અશ્વરાજના નાના પુત્ર આલ્હણદેવને એની ગાદી પાછી સોંપવામાં આવી.

### 12.2.6 મલ્લિકાર્જુનનો વધ

આ મલ્લિકાર્જુન તે ઉત્તર કોંકણનો શિલાહાર વંશનો રાજા હતો. સોલંકી રાજ્યની દક્ષિણ સીમા હવે કોંકણ સુધી પ્રસરેલી હોઈ એને ઉત્તર કોંકણના શિલાહાર વંશ સાથે સંઘર્ષ થયો. શરૂઆતમાં સોલંકી સૈન્યનો પરાજય થયો, પરંતુ પાછળથી શિલાહાર રાજવી મલ્લિકાર્જુન હાથી પરથી પડી જતાં સોલંકી સૈનિકોએ એનું શિર છેદી નાખ્યું. આ આક્રમણની આગેવાની મંત્રી આંબડે લીધી હતી.

### 12.2.7 કુમારપાળ અને કાન્હડદેવ

કાન્હડદેવની સહાયથી જ કુમારપાળ પાટણની ગાદીએ બેસવા સફળ રહ્યો હતો. આથી કાન્હડદેવ ખૂબ અભિમાન રાખતો હતો તથા વારંવાર કુમારપાળની મશ્કરી કરતો હતો. રાજાએ એને સમજાવવા પ્રયત્ન કર્યો, પરંતુ તે ન માન્યો ત્યારે પોતાના મલ્લ પાસે તેના હાથ-પગ ભાંગી નખાવ્યા અને એની આંખો ફોડી નખાવી. આ સખત પગલાની અન્ય સામંતો, મંડળેશ્વરો અને દરબારીઓ પર ઘણી જ અસર પડી. બીજી તરફ પોતાની વિપત્તિમાં મદદ કરનાર સર્વને કુમારપાળે યોગ્ય બદલો હંમેશા આપ્યો હતો.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**બહુવિકલ્પીય પ્રશ્નો**

1. કુમારપાળને ‘વિચાર ચતુર્મુખ’ નું બિરૂદ કોણે આપ્યું હતું ?
   (અ) કલ્હણ (બ) હેમચંદ્રાચાર્ય (ક) મેરૂતુંગ (ડ) દંડીન
2. કુમારપાળ કોની મદદથી પાટણની ગાદી મેળવવા સફળ રહ્યો હતો ?
   (અ) મેરુતુંગ (બ) હેમચંદ્રાચાર્ય (ક) બલ્લાલદેવ (ડ) કાન્હડદેવ
3. ક્યાં સોલંકી રાજવી ‘ગુજરાતના ઇતિહાસમાં અશોક’ તરીકે ઓળખાય છે ?
   (અ) મુળરાજ ૧લો (બ) ભીમદેવ પહેલો (ક) સિદ્ધરાજ જયસિંહ (ડ) કુમારપાળ
4. કુમારપાળની પત્નીનું નામ શું હતું?
   (અ) પ્રેમળદેવી (બ) દેવળદેવી (ક) મીનળદેવી (ડ) ભુપાલદેવી
5. કુમારપાળનો રાજ્યાભિષેક ક્યાં વર્ષે થયો હતો?

(અ) ઈ.સ. 1042 (બ) ઈ.સ. 1142

(ક) ઈ.સ. 1159 (ડ) ઈ.સ. 1171

## 12.3 સારાંશ

આમ ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય કે કુમારપાળે નોંધપાત્ર રાજકીય સિદ્ધિઓ હાંસલ કરી હતી. કુમારપાળને સિદ્ધરાજ પાસેથી વારસામાં જે વિશાળ સામ્રાજ્ય મળ્યું હતું તેને સ્થિર પણ કર્યું તેમજ તેમાં વૃદ્ધિ પણ કરી હતી. કુમારપાળ એક લોકપ્રિય અને ધાર્મિક રાજવી હતો. તેણે જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. મેરુતુંગ તેને એક ડાહ્યા રાજા તરીકે વર્ણવી *'વિચાર ચતુર્મુખ*'નું બિરૂદ આપે છે. કુમારપાળનું ઈ.સ. ૧૧૭૨-૭૩માં અવસાન થયું હતું.

## 12.4 ચાવીરૂપ શબ્દો

1. અપુત્રિકાધન – અપુત્ર વિધવાનું ધન જપ્ત કરી લેવાનો ક્રૂર રીવાજ, જેને કુમારપાળે ત્યાગ કર્યો હતો.
2. રુદતી વિત્ત – અપુત્રિકાધનના રીવાજને કારણે વિધવાની દુર્દશા થતી હોવાને કારણે અપુત્રિકાધન રુદતી વિત્ત (રડતીનું ધન) કહેવાતું.

## 12.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**1. મેરુતુંગ 2. કાન્હડદેવ 3. કુમારપાળ 4. ભૂપાલદેવી**

**5. ઈ.સ.**1142

## 12.6 સંદર્ભો

(૧) પરીખ, રસિકલાલ છો. અને હરિપ્રસાદ ગં.શાસ્ત્રી(સં), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૪ (સોલંકીકાળ), શેઠ ભો.જે. અધ્યન-સંશોધન વિધાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩

(૨) આચાર્ય, નવીનચંદ્ર આ., ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩

(૩) દેસાઈ, હર્ષદરાય ઝ., અણહીલવાડનું રાજ્ય, સ્વ-પ્રકાશિત, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૦

(૪) શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., ગુજરાતનો ઇતિહાસ : પ્રાચીનકાળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧

(૫) ધારૈયા, આર. કે. અને અન્ય, ગુજરાતનો ઇતિહાસ, સી. જમનાદાસની કંપની, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, ૧૯૯૭-૯૮

# એકમ : 13 કુમારપાળની સાંસ્કૃતિક સિદ્ધિઓ

:: રૂપરેખા ::

**13.0 ઉદ્દેશો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 ભાષા અને લિપિ**

**13.3 સાહિત્ય**

**13.3.1 જૈન ગ્રંથો**

**13.3.2 ઐતિહાસિક કાવ્યો**

**13.3.3 ઐતિહાસિક નાટકો**

**13.3.4 ઐતિહાસિક ગ્રંથો**

**13.4 સ્થાપત્ય**

**13.4.1 જૈન મંદિરો (ચૈત્યો, દેરાસરો / ઉપાશ્રયો)**

**13.4.2 જૈન વિહારો**

**13.4.3 મંદિરો**

**13.4.4 કિલ્લાઓ**

**13.4.5 શિલ્પકલા**

**13.5 ચિત્રકલા**

**13.6 સારાંશ**

**13.7 ચાવીરૂપ શબ્દો**

**13.8 તમારી જાતે ચકાસોના જવાબ**

**13.9 બહુવિકલ્પીય પ્રશ્નો**

**13.10 સ્વાધ્યાય**

**13.11 સંદર્ભગ્રંથો**

## 13.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે-

- ❖ કુમારપાળની સાહિત્યિક સિદ્ધિઓ વિશે જાણી શકશો.
- ❖ કુમારપાળકાલીન સ્થાપત્યો વિશે પરિચય મેળવશો.
- ❖ કુમારપાળના સમયની શિલ્પકલા અને ચિત્રકલા વિશે માહિતી પ્રાપ્ત કરશો.

## 13.1 પ્રસ્તાવના

પ્રાચીન ગુજરાતના ઇતિહાસમાં પાટણના સોલંકીવંશના રાજાઓમાં કુમારપાળનું સ્થાન મહત્વનું છે. સિદ્ધરાજ જયસિંહ પછી ગાદીએ આવનાર કુમારપાળને 'સમોવડિયો સિદ્ધરાજ' કહેવાય છે. તે મહાન વિજેતા અને કુશળ રાજનીતિજ્ઞ હતો. સિદ્ધરાજ પાસેથી મળેલા વિશાળ સામ્રાજ્યને તેણે સાચવી રાખ્યું એટલું જ નહીં તેનો વિસ્તાર પણ કર્યો. ગુજરાતમાં જૈન ધર્મનો ફેલાવો કરવામાં તેણે મહત્વનું યોગદાન આપ્યું. ધર્મશાસ્ત્રને અનુસરીને તેણે પોતાના રાજ્યમાં પશુહિંસા બંધ કરાવી, દેવોને આપવામાં આવતી પશુબલિ પણ બંધ કરાવી. કુમારપાળે અપુત્રિકા ધનનો ત્યાગ કરી મહાન કીર્તિ સંપાદિત કરી. તેના પ્રજા કલ્યાણકારી કાર્યોને કારણે તેને 'ગુજરાતનો અશોક' કહી શકાય. કુમારપાળના સમયમાં સાંસ્કૃતિક ક્ષેત્રે સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલાનો ઉત્તમ વિકાસ થયેલો જોવા મળે છે. આપણે તેની વિસ્તૃત માહિતી મેળવીએ.

## 13.2 ભાષા અને લિપિ

ગુજરાતમાંથી મળી આવતા સોલંકીકાલીન દસ્તાવેજોના આધારે કહી શકાય કે કુમારપાળના શાસન સમયે સંસ્કૃત રાજભાષા હતી. કુમારપાળના દાનપત્રો અને તામ્રપત્રો તદ્દન સાદી અને અનલંકૃત ભાષામાં છે. તેના સમયના અભિલેખો અને પ્રશસ્તિલેખોની રચના ઉચ્ચ કોટિનું કવિત્વ ધરાવે છે. જયસિંહસૂરિ, ભાસર્વજ્ઞ, અને લક્ષ્મણગણિ જેવાં વિદ્વાનોના આલેખનમાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ થયેલો છે.

કુમારપાળના સમયમાં જૈન વિદ્વાનોએ પોતાનું સાહિત્ય પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં લખેલું છે. જૈન વિદ્વાનોએ સમાજની લોકભાષા, લોકજીવન અને રીતિ

રિવાજોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી તે હકીકતોને કથાઓમાં ગૂંથી દીધી છે. પ્રાકૃતમાં આલેખન કરનારા વિદ્વાનોમાં રામચંદ્રસૂરિ, હરિભદ્રસૂરિ અને શ્રીચંદ્રસૂરિ  છે.
કુમારપાળના સમયમાં અપભ્રંશ સાહિત્યની રચનાઓમાં મોખરાનું નામ હેમચંદ્રાચાર્યનું છે. હેમચંદ્રાચાર્ય પછી અપભ્રંશ ભાષામાં કૃતિઓની રચના ઓછી થતી જાય છે.

સોલંકીકાળના મળી આવતા અભિલેખો, હસ્તપ્રતો ઉપરથી આ સમયની લિપિ વિશે માહિતી મળે છે. સોલંકીકાલીન લિપિમાં 45 વર્ણ પ્રયોજાયેલા જોવા મળે છે. જેમાં 11 સ્વરો(अ,आ,इ.ई.ऊ,ॠ,ए,ऐ,ओ,औ), 2 આયોગવાહો, 24 સ્પર્શવર્ણો (क,ख,ग,ध,च,छ,ज,झ,ट,ठ,ड,ढ,ण,त,थ,द,ध,न,प,ब,भ,म), 4 અંતઃસ્થ (य,र,ल,व) અને 4 ઉષ્મા (श,ष,स,ह)નો સમાવેશ થાય છે. કુમારપાળના સમયમાં આ જ લિપિનો પ્રયોગ થયેલો જોવા મળે છે. કુમારપાળકાલીન જૈન હસ્તપ્રતો મુખ્યત્વે જૈન લહિયાઓએ લખી છે. આ હસ્તપ્રતો તાડપત્રો અને કાગળ પર લખાયેલી છે. જૈન હસ્તપ્રતોની લિપિ જૈન નાગરી લિપિનું સ્વરૂપ ધારણ કરે છે. જૈન નાગરી લિપિ આમ તો ઘણે અંશે દેવનાગરી લિપિને મળતી આવે છે. પરંતુ કેટલાંક વર્ણ, ખાસ કરીને સંયુક્ત વર્ણો, લખવાની પદ્ધતિ, પડિમાત્રાનો પ્રયોગ વગેરેના કારણે જૈન હસ્તપ્રતોની લિપિ દેવનાગરી લિપિથી થોડી જુદી પડે છે એટલે આ લિપિને ‘જૈન લિપિ’ કે ‘જૈન નાગરી’ લિપિના નામે ઓળખવામાં આવે છે.

## 13.3 સાહિત્ય

કુમારપાળ સાહિત્યનો પોષક રાજા હતો. તેની રાજસભાના વિદ્વાનમંડલમાં વયોવૃદ્ધ હેમચંદ્રાચાર્યનું સ્થાન અગ્રિમ હતું. હેમચંદ્રાચાર્યના શિષ્યમંડળમાં પણ અનેક નોંધપાત્ર લેખકો કુમારપાળની સભામાં હતા. જેમાં રામચંદ્રસૂરિ અને ગુણચંદ્રસૂરિ સુપ્રસિદ્ધ છે. એ ઉપરાંત વર્ધમાનગણિ, ઉદયચંદ્ર, યશચંદ્ર, હરિભદ્રસૂરિ, દેવચંદ્રસૂરિ, પ્રસર્વજ્ઞ, ભાસર્વજ્ઞ, વિશ્વેરરાશિ, શ્રી દુર્વાસુ, વિમલ, શિવમૂનિ, ત્રિપુરાંતક, વેદગર્ભરાશિ, વિશ્વામિત્ર વગેરે જેવાં વિદ્વાનો હતા. કુમારપાળના સમયમાં સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશમાં અનેક ગ્રંથોની રચના થઇ હતી. કુમારપાળ પોતે વિદ્વાન હતો તેણે સંસ્કૃત ભાષામાં ‘ગણદર્પણ’ અને ‘સાધારણજિનસ્તોત્ર’ નામના ગ્રંથની રચના કરી હતી.

### 13.3.1 જૈન ગ્રંથો

આ સમયે અનેક જૈન ગ્રંથોની રચના થઇ હતી જેમાં હેમચંદ્રાચાર્યે સંસ્કૃત 'દ્વયાશ્રય'ની સમાપ્તિ  તેમજ પ્રાકૃત દ્વયાશ્રયની શરૂઆત ‘કુમારપાળચારિત’થી

કરી. કુમારપાળની વિનંતીથી તેમણે ‘ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત’, ‘વીતરાગસ્તોત્ર’ અને ‘યોગશાસ્ત્ર’ની રચના કરી. ‘ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત’ માં 63 મહાપુરૂષોનું (24 તીર્થંકરો 12 ચક્રવર્તીઓ, 9 વાસુદેવો, 9 બલદેવો, અને 9 પ્રતિવાસુદેવો)ચરિત દસ પર્વમાં નિરૂપેલું છે. એના પરિશિષ્ટ રૂપે ઉમેરાયેલો પર્વ 'પરિશિષ્ટ-પર્વ' તરીકે જાણીતો છે. ‘વીતરાગસ્તોત્ર’ એ 20 સ્તોત્રોનો સંકલિત સંગ્રહ છે. હેમચંદ્રાચાર્યે પ્રાકૃત ભાષામાં ‘દ્રયાશ્રય’માં કુમારપાળનો દિગ્વિજય વર્ણવ્યો છે. એમાં સિંધુ, વારાણસી, મગધ, ગૌડ, કનોજ, ચેદિ અને દિલ્હી વગેરે રાજ્યોના વિજયનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત હેમચંદ્રાચાર્ય સિદ્ધહેમશબ્દાનુશાસન નામનો સંસ્કૃત ભાષામાં વ્યાકરણ ગ્રંથ પણ લખ્યો છે. આગમ સાહિત્યના સૌથી મોટા ટીકાકારોમાંના એક મલયગિરિસૂરિ પણ આજ સમયમાં થઇ ગયા. તેમણે ‘મુષ્ટિવ્યાકરણ’ નામના વ્યાકરણ ગ્રંથની રચના કરી ઉપરાંત ‘આવશ્યકસૂત્ર-વૃત્તિ’, ‘નંદિસૂત્ર-વૃત્તિ’, ‘વ્યવહાર-વૃત્તિ’, ‘પ્રજ્ઞાપના-વૃત્તિ’ વગેરે જેવી 13 જૈન વૃત્તિઓની રચના કરી હતી. સોમપ્રભસૂરિએ પાંચમાં તીર્થંકર સુમતિનાથનું ચરિત્ર રચી, તેમાં પૌરાણિક ધર્મકથાઓ સમાવી. હરિભદ્રસૂરિ નામના જૈન આચાર્યએ ચોવિસ તીર્થંકરોના ચરિત્રોની રચના કરી હતી જેમાંથી આજે માત્ર ‘નેમિનાથચરિત્ર’, ‘મલ્લિનાહચરિય’, ‘ચંદ્રપ્રભૂચરિત્ર’ મળી આવે છે. શ્રીચંદ્રસૂરિએ પ્રાકૃતમાં ‘સણંકુમારચરિઉ’ નામક 8000 શ્લોક સાથેના પ્રમાણ ગ્રંથની રચના કરી.

### 13.3.2. ઐતિહાસિક કાવ્યો

કુમારપાળના સમયમાં કેટલાંક કાવ્યો અને નાટકો પણ રચાયા હતા જેમાં રામચંદ્રસૂરિ નામના જૈન આચાર્યએ ‘કુમારવિહારશતક’ નામના ખંડકાવ્યની રચના કરી હતી; જેમાં તેમણે કુમારપાળે અણહિલવાડમાં બંધાવેલા પાર્શ્વનાથ જિનાલયનું કાવ્યમય શોભા ભર્યુ ચિત્રાત્મક વર્ણન કર્યું છે. ઉપરાંત રામચંદ્રસૂરિએ ‘યુગાધિદેવદ્વાત્રિંશિકા’ નામનું કાવ્ય પણ લખ્યું. સોમપ્રભસૂરિએ ‘સોમશતક’ કાવ્યની રચના કરી. લક્ષ્મણગણિ નામના વિદ્વાને પ્રાકૃત ભાષામાં ‘સુપશ્વના’ નામે મનોહર કાવ્યની રચના કરી હતી. રામકીર્તિ નામના દિગંબર જૈનાચાર્યએ ચિતોડગઢના સમિદ્ધેશ્વર નામના શિવ મંદિરને કુમારપાળે આપેલા દાન વિશે સંસ્કૃતમાં કાવ્યની રચના કરી હતી.

આ સમયે કેટલીક પ્રશસ્તિઓ લખાયેલી છે. જેમાં કવિ શ્રીપાલએ કુમારપાલની પ્રશસ્તિ લખી જેમાં તેણે કુમારપાલના પરાક્રમોનું વર્ણન કરેલ છે. ભાવબૃહસ્પતિએ લખેલી પ્રશસ્તિ સંસ્કૃતમાં છે, જેમાં કુમારપાળે સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ મળે છે.

### 13.3.3 ઐતિહાસિક નાટકો

જ્યારે નાટકોની વાત કરીએ તો આ સમયે આચાર્ય રામચંદ્રસૂરિએ 'નલવિલાસ', 'રઘુવિલાસ', 'વનમાલા', 'સત્યહરિશ્ચંદ્ર', 'રાઘવાભ્યુદય', 'યાદવાભ્યુદય', 'નિર્ભયભીમ' જેવાં નાટકોની રચના કરી હતી. રામચંદ્રસૂરિ અને ગણચંદ્રસૂરિએ લખેલું 'નાટ્યદર્પણ' એ ભારતીય નાટ્યશાસ્ત્રના વિરલ ગ્રંથોમાં સ્થાન ધરાવે છે. એમાં રસશાસ્ત્ર તથા અભિનયકલા વિશે કેટલાંક અપૂર્વ મંતવ્યો રજૂ કર્યા છે. દેવચંદ્રસૂરિ નામના વિદ્વાને 'ચંદ્રલેખાવિજયપ્રકરણ' નામના નાટકની રચના કરી હતી. જેમાં અર્ણોરાજનો પરાજય કરવામાં કુમારપાળે જે વીરતા દર્શાવી તેનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. આ નાટક અજિતનાથ જિનાલયમાં વસંતોત્સવ પ્રસંગે કુમારપાળની સભામાં ભજવાયુ હતું. ઉપરાંત દેવચંદ્રસૂરિએ 'માનમુદ્રાભંજન' નામના નાટકની રચના કરી હતી. જેમાં સનતકુમાર ચક્રવર્તી અને વિલાસવતીના સંબંધનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. યશઃપાલે રચેલા 'મોહરાજપરાજય' નાટકમાં કુમારપાળે મોહરાજનો પરાજય કરી કૃપાસુંદરીને કેવી રીતે પ્રાપ્ત કરી તે રૂપકો દ્વારા નિરૂપ્યું છે. આ નાટકમાંથી જણાય છે કે કુમારપાળ જૈન થયા પહેલા માંસાહારી હતો; એના પ્રાયશ્ચિત્ત રૂપે એણે પિતા ત્રિભુવનપાલના સ્મરણાર્થે 72 જિનાલયવાળું ત્રિભુવનવિહાર નામનું જૈનમંદિર પાટણમાં બંધાવ્યું હતું.

### 13.3.4 ઐતિહાસિક ગ્રંથો

આ સમયે કેટલાંક ઐતિહાસિક ગ્રંથોની રચના થઇ હતી. જેમાં જયસિંહસૂરિએ 'કુમારપાલચરિત', રાજશેખરે 'પ્રબંધકોશ' તથા જિનમંડને 'કુમારપ્રબંધ'ની રચના કરી. આ ત્રણેય ગ્રંથોમાંથી હેમચંદ્રાચાર્યે પશુબલિની પ્રથા યુક્તિપૂર્વક બંધ કરાવી તે અને કુમારપાળની અમારિ(અહિંસા)ઘોષણા વિશેની સમાન માહિતી મળે છે. રામચંદ્રસૂરિએ 'પ્રબન્ધશત' નામનો ગ્રંથની રચના કરી. સોમપ્રભસૂરિએ 'કુમારપાળ-પ્રતિબોધ' નામનો ગ્રંથ પ્રાકૃતમાં લખ્યો જેમાંથી કુમારપાળના રાજ્યાભિષેકની માહિતી મળે છે. કુમારપાળના મંત્રી દુર્લભરાજે 'સામુદ્રિકતિલક' 'ગજપરીક્ષા', 'ગજપ્રબંધ', 'તુરંગપ્રબંધ' નામના ગ્રંથોની રચના કરી હતી. ભાસર્વજ્ઞે પાશુપત સંપ્રદાયને અનુલક્ષીને 'ગણકારિકા' નામનો ગ્રંથ રચ્યો હતો. લક્ષ્મીધર નામના વિદ્વાને 'ભગવન્ના કૌમુદી' નામના ગ્રંથની રચના કરી હતી. ધરણીધર નામના વિદ્વાને 'ત્રિપુરાંતકપ્રશસ્તિ'ની રચના કરી હતી. દુર્લભરાજના પુત્ર કવિ જગદેવ મંત્રીએ 'સ્વપ્નશાસ્ત્ર' નામક ગ્રંથની રચના સં.1216(ઇ.સ.1160)માં કરી જેના પહેલા અધ્યાયમાં 152 શ્લોકમાં શુભ સ્વપ્નના ફળોનું વર્ણન જ્યારે બીજા અધ્યાયમાં 159 શ્લોકમાં અશુભ સ્વપ્નના ફળોનું વર્ણન કરવામાં આવ્યું છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**(ક) નીચેની ખાલી જગ્યાઓ પૂરો**

1. કુમારપાળના સમયમાં_________ભાષા રાજભાષા હતી.
2. હેમચંદ્રાચાર્યે પ્રાકૃત ભાષામાં_________ગ્રંથ લખ્યો.
3. 'કુમારવિહારશતક' ગ્રંથની રચના_________વિદ્વાને કરી.
4. _________નાટક વસંતોત્સવ પ્રસંગે કુમારપાળની સભામાં ભજવાયું હતું.
5. ભાસર્વજ્ઞે પાશુપત સંપ્રદાયને અનુલક્ષીને_________નામનો ગ્રંથ લખ્યો.

**(ખ) કુમારપાળકાલીન સાહિત્યકૃતિઓનો પરિચય આપો.**

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 13.4 સ્થાપત્ય

કુમારપાલના સમયમાં સ્થાપત્ય ક્ષેત્રે નાગરિક સ્થાપત્ય અને ધાર્મિક સ્થાપત્યોનું નિર્માણ થયેલું જોવા મળે છે. નાગરિક સ્થાપત્યમાં મુખ્યત્વે કિલ્લાઓ, વાવ અને જળાશયોનો સમાવેશ થાય છે. જ્યારે ધાર્મિક સ્થાપત્યમાં જિનાલયો, મંદિરો, વિહારોનો સમાવેશ થયેલો જોવા મળે છે. આપણે સૌ પ્રથમ ધાર્મિક સ્થાપત્યોનો પરિચય મેળવીએ.

### 13.4.1 જૈન મંદિરો (ચૈત્યો, દેરાસરો)



અજિતનાથ મંદિર- તારંગા

વિદ્યમાન દેરાસરોમાં તારંગા પરનું અજિતનાથ મંદિર કુમારપાળના સમયમાં બંધાયું હોવાની માહિતી મળે છે. આ મંદિરનું ગર્ભગૃહ અંદરની બાજુથી સાદું છે. મંદિરની બાહ્ય દિવાલો, પ્રદક્ષિણાપથ, ગભારા વગેરે નિર્ગમથી વિભૂષિત છે. ગર્ભગૃહની ઉપરની બાજું વેદિકાની નીચે મકરમુખ અને ઉર્મિવેલ આવેલા છે. પાણીના નિકાલ માટે પરનાળ આવેલી છે. મંદિરનો ગભારો 8 સ્તંભો પર અને તેનો ગૂઢમંડપ 22 સ્તંભો પર ટેકવેલો છે. ગૂઢમંડપનો બીજો મજલો 14 સ્તંભો પર ટેકવેલો છે. મંદિરની પીઠ પરના મંડોવરમાં સૌથી નીચેથી અનુક્રમે ખુરક, રત્નપટ્ટિકા અને ગ્વાક્ષ મંડિત દેવીઓના શિલ્પોથી સુશોભિત કુંભ, મુક્તાદામની લહર પંક્તિઓથી વિભૂષિત કલશ,

અંતરપત્ર, કપોતલી, કામરૂપ મંચિકા તથા રત્નપટ્ટના થર આવેલા છે. મંદિરની શૃંગાર ચોકીઓમાં સ્તંભોની કુંભીઓમાં સ્કંધ, કર્ણ તથા મુખબંધની સમતલ રચનાઓ આવેલી છે. મંદિરના વિવિધ ભાગો જેવાં કે ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, સ્તંભો, શૃંગાર ચોકી, મંડપ વગેરે સુંદર શિલ્પોથી કોતરાયેલા છે. આ મંદિરના વિવિધ ભાગો દેવ-દેવીઓ, અપ્સરાઓ, નર્તિકાઓ, વ્યાલ અને મિથુન શિલ્પોથી વિભુષિત કરેલા છે. આ મંદિરની બહાર 740 શિલ્પો આવેલાં છે. મંદિરમાં 2.6.મી. ઊંચી ભગવાન અજિતનાથની પ્રતિમા સ્થાપિત કરવામાં આવેલી છે. તેમાં શિખર તરફ જતાં સાત માળ 'અંધારિયા- અજવાળિયા' તરીકે ઓળખાય છે. કુમારપાળના સમયનો સ્થાપત્યનો ઉત્તમ નમૂનો તારંગાનું અજિતનાથ મંદિર છે.



પાટણમાંઆવેલુંએકજૈનદેરાસર ( પંચાસરા પાર્શ્વનાથ જૈન દહેરાસર)

કુમારપાળે દેવપત્તન (પ્રભાસ)માં પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું. જાબાલિપુર (જાલોર)ના કાંચનગિરિગઢ પર કુમારવિહાર નામે જૈન ચૈત્ય બંધાવ્યો. પશપાલે રચેલા મોહરાજ પરાજય નાટકમાંથી જાણવા મળે છે કે કુમારપાળ જૈન થયા પહેલા માંસાહારી હતો એના પ્રાયશ્ચિત્તરૂપે એણે પિતા ત્રિભુવનપાલના સ્મરમાર્થે અણહિલવાડમાં ઈ.સ. 1160માં 72 જિનાલયવાળું ત્રિભુવનવિહાર નામનું જૈનમંદિર બંધાવ્યું હતું. આ મંદિર ભગવાન નેમિનાથને સમર્પિત છે. ખંભાતમાં જ્યાં હેમચંદ્રાચાર્યે દીક્ષા લીધી હતી તે સાલિગવસહિકા પ્રાસાદનો કુમારપાળે રતન્મય બિંબથી અલંકૃત એવો અનુપમ જીર્ણોદ્ધાર કરાવ્યો.

### 13.4.2 જૈન વિહારો

જૈન પ્રબંધો અનુસાર કુમારપાળે અણહિલવાડમાં ભગવાન પાર્શ્વનાથને સમર્પિત **કુમારપાલવિહાર**નું નિર્માણ કરાવ્યું. આ વિહાર 24 દેવકુલિકાઓથી સુશોભિત છે. રામચંદ્રસૂરિએ કુમારવિહારશતક ગ્રંથમાં કુમારપાળવિહારના ભવ્ય સ્થાપત્ય તથા સુંદર શિલ્પનું વર્ણન કરેલ છે. તેમણે કુમારવિહારને 'આશ્ચર્યોનું મંદિર' તરીકે જણાવેલ છે. જેના ઉપરથી અણહિલપુરની સમૃદ્ધિ, ધર્મપ્રેમ અને શિલ્પ

વિદગ્ધતાનો ખ્યાલ આવે છે. ઉપરાંત કુમારપાળે અણહિલવાડમાં **ત્રિભુવનવિહાર** તથા થરાદ અને માંગરોળમાં **કુમારવિહાર**નું નિર્માણ કરાવ્યું. કુમારપાળે પોતાના શાસનકાળ દરમિયાન જુદા જુદા વિસ્તારોમાં 1440 વિહારો બંધાવ્યા જેમાં એકલા અણહિલવાડમાં જ 32 વિહારો બંધાવ્યા હતા. ઇ.સ.1163માં ધંધુકામાં સત્તર હાથનો **ઝોલીકવિહાર** બંધાવ્યો. જૈન અનુશ્રુતિ પરથી જાણવા મળે છે કે કુમારપાળે શત્રુંજ્ય અને ગિરનારના તીર્થોમાં કુમારપાળ વિહાર બંધાવ્યો હતો. કેટલાંક લેખો પરથી એમ પણ જાણવા મળે છે કે કુમારપાળે ગિરનારની યાત્રા કરી ગિરનાર પર ચઢવા માટે પગથિયાઓનું પણ નિર્માણ કરાવ્યું હતું. કુમારપાળના રખડપટ્ટીના દિવસો દરમ્યાન એક વાણિયણે ત્રણ દિવસથી ભૂખ્યા કુમારપાળને જ્ઞાતિ, નામ, ગામ કોઇપણ પ્રકારના સંબંધ વિના શાલિ કરમ્બ (કરમો) જમાડેલો તેથી પાટણમાં તેણે **કરમ્બ-વિહાર** બંધાવ્યો. સપાદલક્ષના એક અવિવેકી શ્રીમંતે વાળ ઓળતા પત્નીએ આપેલી જૂ મસળીને મારી નાખી તેથી અમારિ કરાવનાર પંચકુલે એને પાટણ લાવી રાજા આગળ ખડો કર્યો. હેમચંદ્રાચાર્યના આદેશથી કુમારપાળે તેના ધન વડે પાટણમાં **યૂકા-વિહાર** બંધાવ્યો.



**આદિનાથ જૈન દેરાસર**

કુમારપાળના સમયમાં તેના મંત્રીઓએ કેટલાંક જૈન મંદિરો અને વિહારોનું નિર્માણ કરાવ્યું હતું. તે મુજબ કુમારપાળના મંત્રી પૃથ્વીપાલે ઈ.સ.1150માં અણહિલવાડમાં વનરાજ વિહારની આગળ મંડપોનું નિર્માણ કરાવ્યું. કુમારપાળના દંડનાયક આમ્રભટ્ટે ઈ.સ.1166માં ભરૂચ ખાતે **શકુનિકા વિહાર**નું નિર્માણ કરાવી તેમાં સુવિતિનાથની સ્થાપના કરાવી. આ વિહાર આચાર્ય હેમચંદ્રાચાર્યએ પવિત્ર કર્યો હતો. કુમારપાળના મંત્રી ઉદયનના પુત્ર વાગ્ભટ્ટે ઈ.સ.1155માં શત્રુંજય પર **આદિનાથનું મંદિર**, તેની તળેટીમાં બાહડપુરમાં '**ત્રિભુવનપાલ વિહાર**' કરાવી એમાં પાર્શ્વનાથની સ્થાપના કરાવી તથા શત્રુંજય પર ચઢવાના પગથિયાઓનું નિર્માણ કરાવ્યું. ધોળકામાંથી મળી આવેલી પ્રશસ્તિ પરથી જાણવા મળે છે કે વાગ્ભટ્ટે

ઈ.સ. 1167માં ધોળકા ખાતે 24 દેવકુલિકાઓથી સુશોભિત **ઉદયન વિહાર** અને ખંભાત ખાતે **પાર્શ્વનાથનું મંદિર** બંધાવ્યું હતું.

### 13.4.3 મંદિરો



હાલનું સોમનાથ મંદિર

ઈ.સ.1026ની .... માસની છઠ્ઠી તારીખે મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર તોડી નાખ્યું. તેની મરામત ભીમદેવ પહેલાએ કરાવી હતી; પરંતુ વલભી સંવત 850 (ઈ.સ.1169)માં કુમારપાળે ભાવબૃહસ્પતિની પ્રેરણાથી **સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર** કરાવ્યો હોવાની માહિતી કુમારપાળના એક લેખ તથા ભાવબૃહસ્પતિની સંસ્કૃત પ્રશસ્તિ પરથી મળી આવે છે. ઈ.સ.1950માં થાપરે મંદિરના ગર્ભગૃહ અને મંડપનું ઉત્ખનન પ્રાયોગિક ખાડાઓ ખોદીને કર્યું હતું. જે પરથી જાણવા મળે છે કે કુમારપાળે સોમનાથનો પ્રાસાદ મેરૂ પ્રકારનો કરાવ્યો હતો. કુમારપાળના સમયના મંદિરનું તલદર્શન ઘણું જ કલાત્મક અને વિસ્તૃત હતું. વળી, કુમારપાળના સમયના  અભિલેખો પરથી જાણવા મળે છે કે મુખ્ય મંદિર, નૃત્યશાળા, રંગમંડપ, રસોઇઘર અને કીર્તિ તોરણ વગેરે મહત્વના અંગો સાથે જોડાયેલું હતું. મંદિરની ચોતરફ વિસ્તૃત પ્રાંગણને ફરતા કોટની રચના હતી. વળી આ જ મંદિરના પ્રાંગણમાં દૈત્યસૂદન વિષ્ણુનું મંદિર હતું. કુમારપાળના સમયના સોમનાથ મંદિર કેટલીક વિશિષ્ટતાઓ હતી જેવી કે

- મંદિરની મહાપીઠ અનેકવિધ સ્તરો, કીર્તિમુખ, ગજથર, અશ્વથર, નરથરથી સુશોભિત હતી.
- ગર્ભગૃહ અને મંડપો વચ્ચે અંતરાલને સ્થાન મળ્યું હતું.
- પ્રદક્ષિણા પથમાં અને ગૂઢમંડપમાં ચદ્વાવલોકનો (ઝરૂખા)ઓને સ્થાન મળ્યું હતું.
- મંડોવર ઉત્કૃષ્ટ કોટિના શિલ્પોથી મંડિત બન્યું હતું.
- ગર્ભગૃહ અને મંડપના ભોય તળિયાને કાળા પાષાણ વડે જડી દેવામાં આવ્યું હતું.

મંદિરના ગૂઢમંડપની છત 34 ફૂટ લાંબી છે જે સોમનાથ મંદિરની આગવી વિશેષતા છે. સોમનાથ મંદિરના ગૂઢમંડપના સ્તંભો પર અષ્ટાસ્ત્ર કુંભીઓ પર કળશ અને અંતરપત્રિકાના બેવડા થર પર આસનસ્થ દેવોના શિલ્પ છે. આની ઉપરના સ્તંભ ષોડશકોણીય છે અને તેના પર પલ્લવોની આકૃતિઓ કોતરેલી છે. આ ભાગની ઉપર નરથરની યોજના છે અને તેના પર ત્રિકોણાત્મક પલ્લવો, હીરા અને કીર્તિમુખના સુશોભન છે. બીજા સમૂહના સ્તંભોમાં દેવથર કદમાં નાનો છે, પરંતુ મથાળાના કીર્તિ મુખના થરની નીચેના સ્તંભદંડ પર આસનસ્થ મૂર્તિઓ કોતરાયેલી છે. ત્રીજા સમૂહના સ્તંભ વામન કદના છે. તેની ઉપરનો મધ્ય ભાગ ચોરસ છે. આમ કુમારપાળે સ્થાપત્યના ઉત્તમ નમૂના તરીકે સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો જો કે કુમારપાળ દ્વારા બંધાવેલા આ મંદિરને ઈ.સ.1299માં અલ્લાઉદ્દીન ખીલજીના સરદરા ઉલૂઘખાને તોડ્યું હતું.

સોમનાથ મંદિર ઉપરાંત કુમારપાળે પાટણમાં **કુમારલેશ્વરનું શિવમંદિર** બંધાવ્યું. ઉપરાંત પાટણના **કેદારેશ્વર મંદિર**નો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ સિવાય કુમારપાળે **વડનગર કિલ્લા**ની અંદર એક શિવાલય પણ બંધાવ્યું તથા રાજસ્થાનના **પલ્લીકા**(પાલિ)માં સોમનાથ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. રામકીર્તિ નામના દિગંબર જૈનાચાર્યએ ચિતોડગઢના **સમિદ્ધેશ્વર** નામના શિવ મંદિરને કુમારપાળે આપેલા દાન વિશે સંસ્કૃતમાં કાવ્યની રચના કરી હતી. તેથી આ મંદિર પણ કુમારપાળે બંધાવ્યું હોઇ શકે તેવી માહિતી પ્રાપ્ત થાય છે. કુમારપાળના એક મંત્રીએ પ્રભાસપાટણ પાસે **ધર્માદિત્યનું સૂર્યમંદિર** બંધાવ્યું હોવાની પણ માહિતી મળે છે.



**ગળતેશ્વર મંદિર, સરનાલ,**
**તા.ઠાસરા, જિ. ખેડા**

સરનાલ(તા-ઠાસરા, જિ-ખેડા)પ્રાચીન ગળતેશ્વર નામે ઓળખાતું શિવમંદિર કુમારપાળના સમયમાં બંધાયું હોવાની માહિતી પ્રાપ્ત થાય છે. એના તલમાનની

રચના ભૂમિજ પ્રાસાદના અષ્ટભદ્ર પ્રકારની હોઇ માળવાના પ્રાસાદોની અસર સૂચવે છે, જ્યારે એના મંડોવર તથા શિખરના ભાગ ગુજરાતની ચૌલુક્ય શૈલીના છે. ગર્ભગૃહનો બહારનો ભાગ લગભગ વૃત્તાકાર છે. બારસાખ અને મંડોવરનો આગલો ભાગ વિવધ સુશોભનોથી અલંકૃત છે. ગોખલાઓમાં શિવના જુદા જુદા સ્વરૂપ નજરે પડે છે. મંડપની છત આઠ સ્તંભો પર ટેકવેલી છે. ગર્ભગૃહનું શિખર તથા મંડપની સંવરણા તૂટી પડેલ છે. ગર્ભગૃહની અભિનવ દ્વારશાખા શિલ્પપ્રચુર છે. મંદિરનાં પીઠભાગમાં નીચેથી ઉપર જતાં જાડ્યકુંભ, ગ્રાસપટ્ટી, ગજથર, નરથર, હંસથરની રચના છે. મંદિરની ઉપરનો શિખર ભાગ ખંડિત થયેલ છે. ગર્ભગૃહ, મંડપ, ઓતરંગ, મંડોવર, દ્વારશાખ, દીવાલો શિલ્પપ્રચુર છે.

ખંડોસણ (જિ-મહેસાણા)માં આવેલા હિંગળોજી માતાના મંદિરના અંતરાલમાં વિ.સં.1207(ઈ.સ.1150)નો એક શિલાલેખ કોતરેલો છે. લેખમાં જણાવ્યા પ્રમાણે આ મંદિર સર્વમંગલા દેવીનું છે જે કુમારપાળે બંધાવ્યું હતું. મંદિરનો પ્રવેશમંડપના સ્તંભ ઘટ્ટપલ્લવ ઘાટના છે તેની પરના સંવર્ણા નાશ પામી છે. મંડોવરના ત્રણ બાજુના ગ્વાક્ષોમાં દેવીઓની મૂર્તિઓ  છે.

મહેસાણા જિલ્લાના કનોડા ગામમાં આવેલું સુણક શૈલીનું બહુસ્મરણાદેવીનું પ્રાચીન સુંદર મંદિર આવેલું હતું. આ મંદિર કુમારપાળ બંધાવ્યું હતું; પરંતુ હાલમાં તે ખંડિત અવસ્થામાં છે. મંડપની વેદિકા, સ્તંભો અને કરોટકનો ભાગ જળવાઇ રહ્યો છે. મંડપની ત્રણે બાજુએ અવશેષરૂપે શૃંગારચોકીઓ આવેલી છે. મંડપના સ્તંભઘાટમાં સૂણકના નીલકંઠ મંદિરના મંડપના સ્તંભો જેવાં છે. વેદિકાની પીઠમાં ગ્રાસમુખ અને ચંદ્રશાલાના અલંકરણ છે. મંડપના કરોટકની પદ્મદલાંકિત છતમાં ગીત વાદ્ય નૃત્યમાં રત સોળ મૂર્તિ હોવાની નિશાનીઓ જણાય છે.

કુમારપાળના સમયમાં કિલ્લાઓ, વાવ, જળાશયો, અને કુંડ જેવાં નાગરિક સ્થાપત્યોનું નિર્માણ થયેલું જોવા મળે છે. કુમારપાળે ઈ.સ.1169માં વઢવાણમાં ‘ગંગા વાવ’નું નિર્માણ કરાવ્યું હોવાની માહિતી મળે છે. આ વાવ પથ્થરથી બંધાયેલી છે. વાવમાં ઉતરવા માટેના પગથિયાઓ ખંડિત અવસ્થામાં જોવા મળે છે.

## 13.5 કિલ્લાઓ

કુમારપાળના સમયમાં કેટલાંક કિલ્લાઓ પણ બાધવામાં આવ્યા હતા. તે મુજબ જોઇએ તો શ્રીપાલ પ્રશસ્તિ પરથી જાણવા મળે છે કે વડનગર શહેરનો ઐતિહાસિક કિલ્લો વિ.સં.1208(ઈ.સ.1152)માં કુમારપાળએ બંધાવ્યો હતો. આ કિલ્લાનો પૂર્વ ભાગ અર્ધવર્તુળાકાર ઘાટમાં અને આ સિવાયનો બાકી ભાગ લંબચોરસ ઘાટનો છે. આ કિલ્લો ઇંટો અને પથ્થરોમાંથી બંધાયેલો છે. કોટના ઘણાં ખરા બૂરજો અને ભાગ તૂટી પડ્યા છે ખૂણા પર આવતા બૂરજોના અને કોટના પાયા સચવાઇ રહ્યા છે. આ કિલ્લાને છ દરવાજા છે જેમાંના ચાર દરવાજા મુખ્ય દિશાએ આવેલા છે. પૂર્વના દરવાજાને 'અમરથોળ દરવાજો', પશ્ચિમના દરવાજાને 'ગાંસકુળ દરવાજો', ઉત્તર દિશાને દરવાજાને 'અર્જુનબારી દરવાજો' અગ્નિ દિશાના દરવાજાને 'પિઠોરી દરવાજો' અને વાયવ્ય દિશાના દરવાજાને 'નદીઓળ દરવાજો' કહેવાય છે. દરેક દરવાજાની બહાર નગર રક્ષક દેવોની સ્થાપના પ્રાચીન પરિપાટી પ્રમાણે મોટા ગ્વાક્ષોમાં કરેલી છે. પિઠોરી દરવાજાએ પિઠોરી માતાનું સ્થાનક, અમરથોળ દરવાજે અમરથોળ માતાનો પ્રાચીન મંદિરસમૂહ આવેલો છે.



ઝીંઝુવાડા કિલ્લાનો મંડાપોળ દરવાજો

નદીઓળ દરવાજાને અડીને રૂપેણ નદી આવેલી છે તેથી આ દરવાજાને નદીઓળ દરવાજો કહેવાય છે; સોલંકી કાલનો ઝીંઝુવાડાનો કિલ્લો કુમારપાળના મંત્રી ઉદયને બંધાવ્યો હતો. આ કિલ્લો વિસ્તારમાં મોટો નથી લંબાઇ – પહોળાઇમાં તે અર્ધામાઇલના વિસ્તારનો છે. કિલ્લાની ચારે બાજુએ મધ્યમાં પુરદ્વારોની રચના કરેલી છે. કિલ્લાના ચારે છેડે ભદ્રિક ઘાટના ચાર બુરજો આવેલા હતા. કિલ્લાની ફરતા 20 બૂરજોની રચના થયેલી જોવા મળે છે. હાલમાં આ કિલ્લાની નૈઋત્ય કોણે આવેલ કોટની દીવાલનો ભાગ ખંડિત અવસ્થામાં જળવાઇ રહ્યો છે જ્યારે બાકીનો કિલ્લો નષ્ટ થઇ ગયો છે.ચારે દિશાએ આવેલ પુરદ્વારો પૈકી પશ્ચિમ પુરદ્વાર 'મંડાપોળ દરવાજો' તરીકે, પૂર્વનું પુરદ્વાર 'નગવાડા દરવાજા' અને ઉત્તર તથા દક્ષિણના પુરદ્વાર અનુક્રમે 'ધામા' અને 'રાક્ષસપોળ'ના દરવાજા તરીકે ઓળખાય છે. દરેક પુરદ્વારો છેક ઉપરથી નીચે સુધી અંદર અને બહારની બાજુએ સુંદર કોતરણી અને શિલ્પોથી વિભૂષિત કરેલા છે. પુરદ્વારની રચના વિશિષ્ટ

પ્રકારની હોવાને કારણે સ્થાપત્યની પરિભાષામાં તેને 'પ્રતોલી' કહેવામાં આવે છે. પુરદ્વારોની દીવાલ પર નગરરક્ષક દેવો, દેવદેવીઓ, અશ્વો, યુગલો નર્તકો અને વાદકોના શિલ્પો કોતરવામાં આવેલા છે. ઝીંઝુવાડાના ચાર દરવાજા પૈકી હાલમાં મડાપોળ દરવાજો અને રાક્ષસપોળ દરવાજો જ ઠીક અવસ્થામાં જળવાઇ રહેલો છે. આ કિલ્લાને જોતાં સોલંકી કાળમાં પુરદ્વારોની રચના કેવી રીતે કરવામાં આવતી હશે તેનો સંપૂર્ણ ખ્યાલ આવી જાય છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

**ગ) (1) નીચેના વિધાનો વાંચી તે સાચાં (√) છે કે ખોટાં (X) તેની નિશાની કરો**

1. કુમારપાળના સમયમાં તારંગા પર નેમિનાથનું મંદિર બંધાયું હતું.
2. કુમારપાળે ભગવાન પાર્શ્વનાથને સમર્પિત કુમારવિહારનું નિર્માણ   કરાવ્યું.
3. કુમારપાળે સોમનાથનો પ્રાસાદ મેરૂ પ્રકારનો કરાવ્યો હતો.
4. વડનગર કિલ્લામાં ભીમબારી દરવાજો આવેલ છે.
5. કુમારપાળે રાજસ્થાનના પાલિમાં સોમનાથ મંદિરનું નિર્માણ કરાવ્યું.

**2. કુમારપાળકાલીન સ્થાપત્યોની જાણકારી આપો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## 13.6 શિલ્પકલા

સાડા ત્રણસો વર્ષોના સોલંકીકાળમાં એકસરખી શિલ્પકલા જોવા મળતી નથી. એમાં ચડતી-પડતી નજરે પડે છે. કુમારપાળના સમયના શિલ્પોમાં નર-નારી વધુ સશક્ત અને ખાધેપીધે સુખી દેખાય છે તે ઉપરથી તત્કાલીન સમયની રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિ-સમૃદ્ધ હોવાનું જણાય છે. કુમારપાળનાં સમયના શિલ્પોમાં મુખ્યત્વે હિંદુ તથા જૈન સંપ્રદાયની મૂર્તિઓ મળે છે. હિંદુ શિલ્પોમાં શૈવ તથા વૈષ્ણવનાં શિલ્પો, સૂર્યપૂજા તથા શક્તિપૂજાને લગતાં શિલ્પો મળે છે. કુમારપાળના સમયના શિલ્પોમાં સુંદર ખૂબીઓ, ઊરુજાલક, અલંકરણ, વિશિષ્ટ પ્રકારનો બાજુબંધ, સુંદર મુખભાવ અને ઘડતર જળવાઇ રહેલા છે. અંગોનું લાલિત્ય,સપ્રમાણતા વગેરે જોવા મળે છે. આ સમયના શિલ્પોમાં ચેતન, સજીવતા અને ભાવાલેખન નજરે પડે છે.

કુમારપાળના સમયમાં બનેલ તારંગાહિલના મંદિરમાં ભગવાન અજિતનાથની 2.6 મી. ઊંચી ભવ્ય પ્રતિમા આવેલી છે. મંદિરની શિલ્પસમૃદ્ધિ ઉત્તમ કોટિની છે. પીઠ, મંડોવર, વેદિકા, શુકનાસ, સંવર્ણા વગેરે અંગો વિવિધ દેવી-દેવીઓ, દિક્પાલો, દિક્પાલિકાઓ, વ્યાલ, નર્તિકાઓ, તાપસો અને મિથુન શિલ્પોથી વિભૂષિત છે. એક ગણતરી પ્રમાણે મંદિરની બહારની બાજુએ લગભગ 740 શિલ્પો આવેલા છે. મંડોવરની જંઘાના બેવડા થરમાં દ્વિભંગ અગર, ત્રિભંગમાં આલિખિત ચતુર્ભુજ દિક્પાલો, દિક્પાલિકાઓ, વિદ્યાદેવી અને નૃત્યાંગનાઓનાં શિલ્પ આવેલા છે. મંદિરના ઉત્તુંગ પ્રવેશદ્વારના એક ગવાક્ષ પર આસનસ્થ દેવી તથા અશ્વારોહી દાનેશ્વરીનું શિલ્પ છે. ગર્ભગૃહના અંતરાલ પર અપ્સરાઓ તથા દેવી દેવતાઓના શિલ્પ છે. મંદિરની વેદિકામાં રત્નપટ્ટિકાથી વિભૂષિત રાજસેનકનો થર તથા આવરણદેવતાઓના શિલ્પો છે. દ્વારશાખાના નીચલા ભાગે દ્વારપાલના શિલ્પ છે. મંદિરના ઓતરંગ પર પાંચ રથિકા છે એમાં અનુક્રમે ગણેશ, બ્રહ્મા, સૂર્ય, વિષ્ણુ અને દેવીનાં શિલ્પ છે. ઉદુંબરમાં મંગલઘટ, ધનેશ અને હંસયુગલના શિલ્પોની મધ્યમાં મંદારકની રચના છે. મંદિરની છત પર તીર્થંકરોનાં પૂર્વભવ, પંચકલ્યાણક વગેરે દર્શાવતાં શિલ્પો પણ આકર્ષક છે. કુમારપાળકાલીન શિલ્પોના અભ્યાસ માટે તારંગાનું મંદિર અને જાલોરગઢ પરનો કુમારવિહાર અનેક રીતે ઉપયોગી છે.

કુમારપાળે બંધાવેલ દેવપત્તન(પ્રભાસ)નું પાર્શ્વનાથનું મંદિર, જાબાલિપુર (જાલોર)ના કાંચનગિરિગઢ પરનું કુમારવિહાર નામે જૈન ચૈત્ય, અણહિલવાડનું 72 જિનાલયવાળું ત્રિભુવનવિહાર નામનું જૈનમંદિર, અણહિલવાડનું કુમારવિહાર તથા ત્રિભુવનવિહાર, શત્રુંજ્ય અને ગિરનારના કુમારવિહાર વગેરે પણ કુમારપાળના સમયના શિલ્પોની માહિતી આપતા ઉત્તમ નમૂનાઓ છે. આ તમામ સ્થાપત્યના વિવિધ ભાગો જેવાં કે ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, સ્તંભો, શૃંગારચોકી, મંડપ, છત વગેરે તીર્થંકરો, તીર્થંકરોના પૂર્વભવ, પંચકલ્યાણક, દેવ-દેવીઓ, અપ્સરાઓ, નર્તિકાઓ, વ્યાલ, યુગલો, ગવાક્ષો, અને મિથુન શિલ્પોથી વિભુષિત કરેલા છે.
કુમારપાળના મંત્રી વાગ્ભટ્ટે ખંભાતમાં બંધાવેલા પાર્શ્વનાથ ચૈત્યમાંથી કે ખંભાતમાં બનેલા કુમારવિહારમાંથી આવ્યો હોય તેવો આરસનો એક સુંદર શિલ્પખંડ હાલ ખંભાતના એક નાના જૈન મંદિરના ગર્ભગૃહમાં તીર્થંકરની પીઠમાં જડી દીધેલો છે. આ ખંડમાં અશ્વાવબોધ તીર્થ અને શકુનિકા વિહારની કથા આલેખાયેલી છે.



અણહિલવાડમાં આવેલું ભૈરવનું શિલ્પ


કુમારપાળકાલીન ઝીંઝુવાડાના કિલ્લામાંથી ચાર વિદ્યાદેવીઓનું શિલ્પ મળી આવેલ છે. વળી આ કિલ્લામાંથી મળી આવતા ખંડિત અવશેષો પરથી જાણવા મળે છે કે કિલ્લાની કમાનો, વામન સ્તંભો પર નગર રક્ષક દેવો જેવાં કે ગણેશ, ભૈરવ, શિવ અને ચામુંડા વગેરેના શિલ્પો મૂકવાની પ્રણાલીકા હતી. ઝીંઝુવાડાના પુરદ્વારોની દીવાલ પર નગર રક્ષક દેવોના જે શિલ્પ મળી આવેલા છે તેનું કદ લગભગ છ થી સાડા છ ફૂટનું છે. કિલ્લાના ચારે પુરદ્વારો પર અનેક દેવી દેવતાઓ, અશ્વો, ગજારૂઢ સ્ત્રી-પુરૂષોના યુગલો, નર્તકો અને વાદકો, ગ્વાક્ષોના શિલ્પો કોતરાયેલા જોવા મળે છે. મડાપોળ દરવાજા આગળ નૃત્ય કરતા ગણેશનું 103 મીટર કદનું શિલ્પ છે. આ પ્રતિમા ચર્તુભુજ છે. એનું વાહન મુષક છે, જમણા હાથમાં પરશું છે, જમણો નીચલો હાથ ખંડિત છે, ડાબા ઉપલા હાથમાં પદ્મ અને નીચલા હાથમાં મોદકપાત્ર છે. પ્રતિમા ઘણી સુંદર છે. દરવાજાની વચ્ચેના ભાગમાં બાર હાથવાળી દેવીનું શિલ્પ છે. અન્ય દરવાજાઓ પાસેના શિલ્પ ખંડિત અવસ્થામાં છે.



દેવી શિલ્પ, ઝીંઝુવાડા

કુમારપાળના સમયમાં નિમાર્ણ પામેલ **વડનગરના કિલ્લામાં** આવેલ અર્જુન બારી દરવાજાની જમણી બાજુએ મહિષાસુરમર્દિની અને ડાબી બાજુએ ભૈરવ, જ્યારે પિઠોરી દરવાજાની જમણી બાજુએ ભૈરવ અને ડાબી બાજુએ ગણેશના શિલ્પો આવેલાં છે. આ સિવાયના અન્ય દરવાજાઓમાં અનુક્રમે મહિષાસૂરમર્દિની અને ડાબી બાજુએ ભૈરવના શિલ્પો આવેલા છે.

**ડભોઇમાં**થી કુમાપપાળ સમયની અનેક ભુજ દેવીની પ્રતિમા મળી આવેલ છે. ગુજરાતના સોલંકીકાલીન શિલ્પોનો આકર્ષક તેમજ લાક્ષણિક નમૂનો છે.



ડભોઇના કિલ્લામાં આવેલાં શિલ્પો

આ પ્રતિમાની કમરની નીચેનો પગનો આખો ભાગ શરીરના ઉપરના અર્ધા ભાગ જેટલો મજબૂત દ્રઢ અને ભરાવદાર નથી લાગતો છતાં અંગભંગી, મુખભાવ વગેરેની રચના ઊંચા પ્રકારની છે. અણિયાળું નાક વગેરે વગેરે સોલંકીકાલીન ચિત્રોની લગભગ બધી જ લાક્ષણિકતાઓ આ શિલ્પ પ્રગટ કરે છે. તારંગાનાં કુમારપાળકાલીન શિલ્પો સાથે આ શિલ્પ ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. હાલ આ શિલ્પ નેશનલ મ્યુઝિયમ દિલ્લીમાં સુરક્ષિત રીતે સચવાયેલ છે.

કુમારપાળે જીર્ણોદ્ધાર કરાવેલ **સોમનાથ મંદિર**ની પીઠ શિલ્પનો આદર્શ નમૂનો ગણાય છે. સોમનાથ મંદિરની પીઠ ગજથર, અશ્વથર અને નરથરથી નિર્મિત છે. મંદિરના પ્રાંગણમાંથી ઘણા ઉત્કૃષ્ટ કોટિના શિલ્પો મળી આવ્યા હતા. મંદિરના નૃત્ય મંડપમાંથી પાર્વતીની નૃત્ય મુદ્રાવાળી એક મૂર્તિ મળી આવેલી છે. તેમાં શિવ, ત્રિપુરાંતક, નટરાજ, ભૈરવ, યોગી, ગણેશ, દેવીઓ, ગવાક્ષો, નર્તકો, વાદકો વગેરેના શિલ્પ નોંધપાત્ર છે.



ગળતેશ્વર મંદિર, સરનાલ.

સરનાલ(તા-ઠાસરા, જિ-ખેડા)પ્રાચી ગળતેશ્વર નામે ઓળખાતું શિવમંદિર કુમારપાળના સમયમાં બંધાયું હોવાની માહિતી પ્રાપ્ત થાય છે. આ મંદિરના ગર્ભગૃહની અભિનવ દ્વારશાખા શિલ્પપ્રચુર છે. દ્વારશાખાના ઓતરંગના પટ્ટમાં પાંચ નિર્ગમિત ગ્વાક્ષોમાં ગીતવાદ્યરત પુરૂષોની આકૃતિઓ છે. અને દરેકની બાજુએ નૃત્યાંગનાઓના શિલ્પ છે. મંદિરની શિરાવટીના ભાગમાં હસ્તિમુખ, વ્યાઘ્રમુખ અને કીચકના શિલ્પ કોતરાયેલા છે. મંદિરના કુંભાની ભદ્રરથિકામાં ગવાક્ષ મંડિત લલિતાસનમાં બેઠેલા યુગલ અને એ દરેકના પ્રતિરથ, કોણ વગેરે ભાગે પરિચારિકાઓ તથા મિથુન શિલ્પો કોતરાયેલા છે. મંદિરના લલાટબિંબમાં ગણેશ તથા ઉતરંગમાં નટરાજનું શિલ્પ શોભે છે. તેની આજુબાજુ બંસીવાદન અને કુબેરના શિલ્પ દેખાય છે. મંદિરના ગર્ભગૃહની મધ્યમા સાત ગ્વાક્ષના શિલ્પ છે. જેમાં શિવ, ચામુંડા, કાર્તિકેય, બ્રહ્મા, ભૈરવ વગેરેના શિલ્પ ઓળખાય છે જ્યારે બે શિલ્પ કોઇ ઉપાડી ગયેલ છે. મંદિરનાં પીઠભાગમાં નીચેથી ઉપર જતા જાડ્યકુંભ, ગ્રાસપટ્ટી, ગજથર, નરથર, હંસથરની રચના છે. ઈ.સ.1908માં શિખર તેમજ મંડપ બંન્ને પડી ગયાનું નોંધાયેલ છે. મંદિરના વિવિધ ભાગો જેવાં કે ગર્ભગૃહ, મંડપ, ઓતરંગ, મંડોવર, દ્વારશાખ, દીવાલો શિલ્પ પ્રચુર

છે. ગળતેશ્વરનું મંદિર બારમી શતાબ્દીના ઉતરાર્ધની કળા કારીગરીનું અદ્દભૂત દર્શન કરાવી જાય છે.

ખંભાતના કુમારેશ્વર મંદિરમાં વૃષભવાહ પાર્વતીની અષ્ટભુજ પ્રતિમાં આવેલી છે. ખંડોસણ(જી-મહેસાણા)માં આવેલા હિંગળોજી માતાના મંદિરના અંતરાલમાં વિ.સં.1207(ઈ.સ.1150)નો એક શિલાલેખ કોતરેલો છે. લેખમાં જણાવ્યા પ્રમાણે આ મંદિર સર્વમંગલા દેવીનું છે જે કુમારપાળે બંધાવ્યું હતું. આ મંદિરના મંડોવરની ત્રણ બાજુએ ગ્વાક્ષોમાં દેવીઓની મૂર્તિઓ છે. આ મૂર્તિઓમાં ભૈરવનું શિલ્પ ઉત્કૃષ્ટ કોટિનું છે. મહેસાણા જિલ્લાના કનોડા ગામમાં આવેલું સુણક શૈલીનું બહુસ્મરણાદેવીનું પ્રાચીન સુંદર મંદિર આવેલું હતું. આ મંદિર કુમારપાળ બંધાવ્યું હતું પરંતુ હાલમાં તે ખંડિત અવસ્થામાં છે. આ મંદિરના મંડપના કરોટકની પદ્મલાંકિત છતમાં ગીત વાદ્યનૃત્યમાં રત સોળ મૂર્તિ હોવાની નિશાનીઓ જણાય છે.

## 13.7 ચિત્રકલા

કુમારપાળકાલીન ચિત્રકલાના નમૂના સચિત્ર હસ્તલિખિત ગ્રંથોની હસ્તપ્રતોમાં જોવા મળે છે. કુમારપાળકાલીન લઘુચિત્રોમાં આયોજન, આલેખન અને રંગકામ મહત્વના ભાગ ભજવે છે. કુમારપાળકાલીન ચિત્રોનો વિષય ધાર્મિક હોવાથી મુખ્યત્વે દેવદેવીઓ, તીર્થંકરો, શ્રાવકો, રાજાઓ અને ગૃહસ્થોના ચિત્રો વધારે જોવા મળે છે. સાહિત્યિક અને અવશેષીય સાધનોના આધારે જાણવા મળે છે કે આ સમયે ભિતિચિત્રો, પોથીચિત્રો, તાડપત્રો અને તામ્રપત્રો પર ચિત્રોનું આલેખન કરવામાં આવતું હોવાની માહિતી મળે છે.



વિદ્યાદેવી પ્રજ્ઞપ્તિનું તાડપત્રીય

આ ચિત્રોમાં આચાર્ય હેમચંદ્રાચાર્ય, આચાર્ય મહેન્દ્રચાર્ય, કુમારપાળ, દેવી-દેવતાઓ, યક્ષ-યક્ષિકાઓ, તીર્થંકરો, યાત્રિકોના સમૂહોના ચિત્રો મળી આવેલા છે.

શ્રી હેમચંદ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત'માં સ્થૂલિભદ્ર અને કોશા ગણિકાના સંદર્ભમાં કોશાનું શયન મંદિર વર્ણવતાં એ વિશિષ્ટ ખંડની ભીંતો પર કામશાસ્ત્ર પ્રેરિત એવા શૃંગારોચિત ચિત્રો આલેખાયેલાં હતાં, તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કવિ યશઃપાલના 'મોહરાજપરાજય' નાટકમાં "રાજધાનીના ધન સમૃદ્ધ વણિકોના આવાસોની ભીંતો ભગવાન જિનના જીવનપ્રસંગોનાં આલેખનોથી સુશોભિત હતી" એમ વર્ણવ્યું છે. મુનિ રામચંદ્રસૂરિએ 'કુમારવિહારશતક'માં ગુર્જરેશ્વર કુમારપાળે નિર્માણ કરાવેલ જૈન ચૈત્યની દીવાલો પરના ભિતિચિત્રોનું

વર્ણન કરતા લખે છે કે “ચિત્રશાળાઓની ભીંતો એવી રમ્ય અને દર્પણ જેવી બની છે કે એક તરફ બનેલું ચિત્ર સામેની ભીંત ઉપર પ્રતિબિંબિત થાય છે.” ખંભાતના શાંતિનાથ ભંડારમાંથી વિ.સં.1200ની એક પ્રત મળી આવેલી છે. જેના પર શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી મહેન્દ્રસૂરિ અને કુમારપાળના આલેખાયેલા છે. છાણીના જૈન ગ્રંથભંડારમાંની ‘ઓઘનિર્યુક્તિ’ અને બીજા છ ગ્રંથોની વિ.સ.1218ની પ્રતમાં સોમ, વિદ્યાદેવી, સરસ્વતી, લક્ષ્મી, અંબિકા, કપર્દિ અને બ્રહ્મશાંતિ યક્ષના ચિત્રો આલેખાયેલા છે. પાટણના સંઘવીના પાડાના ભંડારમાંની ‘ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત’ના અંતિમ પર્વની તાડપત્રીય પ્રતમાં છેલ્લા ત્રણ પ્રતો પર હેમચંદ્રસૂરિ, રાજા કુમારપાળ અને શ્રાવિકા શ્રીદેવીનાં ચિત્રો આલેખાયેલા છે. કુમારપાળના સમયના મળતા ગ્રંથો પરથી જાણવા મળે છે કે આ સમયની ચિત્રકલા કોઇ આગલી પેઢીઓના સમયથી સચવાતી, ઉછેરાતી અને માન પામતી હોવી જોઇએ, સમય જતાં, માત્ર ચિત્રો દોરવાનો હેતુ અને ચિત્રો દોરવાના માધ્યમ બદલાયા છતાં મૂળ રેખા પ્રધાન એવી આલેખન કલાના લક્ષણ કાયમ રહ્યાં છે. કુમારપાળકાલીન ચિત્રકલામાં સરલતા, વિશદતા અને સજીવતા જોવા મળે છે, જે તત્કાલિન સમયની સામાજીક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થિતિને સરળતાથી સમજાવી જાય છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**ઘ) (1) નીચેના જોડકાં જોડો**

| **વિભાગ – અ** | **વિભાગ-બ** |
|---|---|
| 1) વડનગરનો કિલ્લો | A) શિવમંદિર |
| 2) ઝીંઝુવાડાનો કિલ્લો | B) કુમારવિહાર |
| 3) ગિરનાર | C) નગવાડા દરવાજો |
| 4) પ્રાચીન ગળતેશ્વર | D) ખંડોસણ |
| 5) સર્વમંગલાદેવી મંદિર | E) પિઠોરી દરવાજો |

**2. કુમારપાળકાલીન શિલ્પકલા અને ચિત્રકલાની માહિતી આપો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(ચ) બહુવિકલ્પીય પ્રશ્નો :

1. હેમચંદ્રાચાર્યે ક્યો ગ્રંથ લખ્યો.

(A) દ્વયાશ્રય (B) ગણદર્પણ (C) નંદિસૂત્ર

(D) મુષ્ટિવ્યાકરણ

2. 'કુમારવિહારશતક' ખંડકાવ્યની રચના કોણે કરી.

(A) રામકીર્તિ (B) હરિભદ્રસૂરિ (C) શ્રીચંદ્રસૂરિ

(D) રામચંદ્રસૂરિ

3. કુમારપાળે પિતાના સ્મરણાર્થે પાટણમાં કર્યો વિહાર બંધાવ્યો હતો ?

(A) કુમારવિહાર (B) ત્રિભુવનવિહાર (C)યુકાવિહાર

(D) કમ્બવિહાર

4. કુમારપાળે કેટલા વિહારો બંધાવ્યા હોવાની માહિતી મળે છે.

(A) 1440 (B) 1450 (C) 1430

(D) 1420

5. કુમારપાળે ભાવબૃહસ્પતિની પ્રેરણાથી ક્યાં મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો ?

(A) આદિનાથ (B) મહાવીર (C) સોમનાથ

(D) પાર્શ્વનાથ

6. નદીઓળ દરવાજો ક્યાં કિલ્લામાં આવેલો છે?

(A) ઇડર (B) વઢવાણ (C) ડભોઇ

(D) વડનગર

7. ઝીંઝુવાડાના કિલ્લામાં ક્યો દરવાજો આવેલો છે.

(A) મંડાપોળ (B) નદીઓળ (C) અર્જુનબારી

(D) પિઠોરી

8. અજિતનાથ મંદિર પર કેટલાં શિલ્પો આવેલા છે?

(A) 750 (B) 740 (C) 730

(D) 720

9. વૃષભવાહ પાર્વતીની અષ્ટભૂજ પ્રતિમાં ક્યા આવેલી છે?

(A) પાટણ (B) મહેસાણા (C) ખંભાત

(D) શત્રુંજય

10. અણહિલવાડના ધનસમૃદ્ધ વણિકો આવાસોની ભીંતો પર કોના ચિત્રોનું આલેખન કરતા?

(A) જિન (B) શક્તિ (C) શિવ (D) બ્રહ્મા

## 13.8 સારાંશ

વિ.સં.1229 (ઈ.સ.1173)માં કુમારપાળનું અવસાન થયું. કુમારપાળે ત્રીસ વર્ષ સુધી રાજ્ય કર્યું. પોતાના શાસનકાળ દરમિયાન તેણે સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકલા વગેરે જેવી કલાઓનો આદર કરીને તે સમયના ઇતિહાસને ગૌરવવંતો બનાવ્યો. કુમારપાળ કેવળ યુદ્ધો જીતવામાં કે રાજ્યનો વિસ્તાર કરવામાં જ રચ્યોપચ્યો રહ્યો હોત તો આવું પ્રફુલ્લ કલા સર્જન તેના સમયમાં થવું અશક્ય હતું. કુમારપાળના સમયમાં પ્રજાએ કેવી નિરાંત, શાંતિ અને સુખ સંસ્કાર ભરેલી જિંદગી માણી હશે ? તેનો ખ્યાલ આ સમયનું સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકલા અભિલેખો, તામ્રપત્રો, દાનપત્રો અને હસ્તપ્રતોથી ભરેલા કલા સામગ્રીનો થાળ જોતા જ આવી જાય છે. કુલપંથ અનુસાર કુમારપાળ શિવનો ઉપાસક હતો. હેમચંદ્રાચાર્યના સક્રિય સંત્સંગના કારણે જૈન પંથમાં એનો અનુરાગ વધતો ગયો. તેણે સંવત 1216 (ઈ.સ.1160)માં જૈન ધર્મ અપનાવ્યો હતો. જૈન ધર્મનો સ્વીકાર કર્યા બાદ કુમારપાળે માંસ, મદ્ય, દ્યૂત, પરદરા, ચૌર્ય ઇત્યાદિના ત્યાગના વ્રત લીધા હોવાનું મનાય છે. વળી તેણે પોતાના રાજ્યમાં અમારિઘોષણા કરી અર્થાત પ્રાણીઓને મારવાની મનાઇ ફરમાવી. જૈન સંપ્રદાયના પ્રભાવક તરીકે રાજા કુમારપાળ ગુજરાતમાં ઘણી નામના ધરાવે છે. બૌદ્ધ ધર્મના ઉત્થાનમાં જે સ્થાન મૌર્ય રાજા અશોકનું છે તે સ્થાન ગુજરાતમાં જૈન સંપ્રદાયના ઉત્થાનમાં સોલંકી રાજા કુમારપાળનું ગણાય છે.

પોતાના દરબારમાં હેમચંદ્રાચાર્ય જેવાં અનેક વિદ્વાનોને તેણે આશ્રય આપી તેમના દ્વારા ઉત્તમ સાહિત્ય રચનામાં અમૂલ્ય યોગદાન આપ્યું. સ્થાપત્ય ક્ષેત્રે મંદિરો, દેરાસરો, વિહારોનું નિર્માણ કરાવ્યું. શિલ્પ અને ચિત્રકલા ક્ષેત્રે પણ નોંધપાત્ર યોગદાન આપેલું જોઇ શકાય છે.

## 13.9 ચાવીરૂપ શબ્દો

1) ચૈત્ય - જૈન દેરાસરો, જૈન સમાજનું પૂજા સ્થળ

2) વિહાર – જૈન સાધુ સાધ્વીઓનું વિશ્રામ સ્થળ

3) શિલ્પ – જુદા જુદા માધ્યમોમાં જેવાં કે પથ્થર, લાકડું, માટી વગેરે દ્વારા બનાવેલી કોતરેલી કલાત્મક ચીજો અથવા આકૃતિઓ

4) અમારિ(અહિંસા)ઘોષણા – પશુઓનો બલિ ન ચડાવવા અંગેની ઘોષણ

## 13.10 તમારી જાતે ચકાસોના જવાબો

(ક) (1). 1. સંસ્કૃત, 2. દ્વયાશ્રય, 3. રામચંદ્રસૂરિ, 4. ચંદ્રલેખાવિજયપ્રકરણ, 5. ગણકારિકા

(ગ) (1). (1 –X), ( 2 - √), ( 3 - √), (4–X), ( 5 - √)

(ઘ) (1). (1 –E), ( 2 - C), ( 3 - B), (4–A), ( 5 - D)

(ચ) (1 - A), (2 - D), (3 - B), (4 - A), (5 - C), (6 - D), (7 - A), (8 - B), (9 - C), (10 - A)

## 13.11 સંદર્ભગ્રંથો


1. આચાર્ય, નવિનચંદ્ર, ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ
2. જોટે, રત્નમણિરાવ, ગૂજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ઇસ્લામ યુગ, ખંડ-1, ભાગ-1-2,
3. દેસાઇ, હર્ષદરાય, અણહિલવાડનું રાજ્ય, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ,1980.
4. પરીખ, રસિકલાલ, શાસ્ત્રી, હરિપ્રસાદ. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ,
5. પરીખ, રસિકલાલ, ગુજરાતની રાજધાનીઓ (મુસ્લિમયુગ પૂર્વે), ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 1958.
6. શાસ્ત્રી, હરિપ્રસાદ, ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, ગુજરાત યુનિવર્સિટી, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, 1964
7. શાસ્ત્રી, હરિપ્રસાદ, ગુજરાતનો ઇતિહાસ (પ્રાચીનકાળ), યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ત્રીજી આવૃત્તિ, અમદાવાદ, 2014

# એકમ : 14 | શ્રી હેમચંદ્રાચાર્ય અને શિષ્યમંડળ

:: રૂપરેખા ::


14.0 ઉદ્દેશો

14.1પ્રસ્તાવના

14.2 કાલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય : જીવન અને કવન

14.3 આચાર્યશ્રીનું પૂર્વજીવન

14.3.1દીક્ષા પ્રસંગ

14.4 સમ્રાટ સિદ્ધરાજ સાથે સંપર્ક

14.5 ગ્રંથનું નામાભિધાન અને સન્માનયાત્રા

14.5.1શોભાયાત્રા

14.5.2 આચાર્યશ્રીની ગ્રંથરાશિ

14.6 હેમચંદ્રાચાર્યના વચનામૃત

14.7 શિષ્યમંડળ

14.7.1 રામચંદ્ર સૂરિ

14.7.2 મુનિચંદ્રસૂરિ

14.7.3 વિજયસિંહ સૂરિ

14.7.4 વર્ધમાન ગણિ

14.7.5 દેવચંદ્ર સૂરિ

14.7.6 મુનિરત્ન સૂરિ

14.7.7 દેવાનંદ સૂરિ

14.7.8 બાલચંદ્ર સૂરિ

14.7.9 ઉદયપ્રભ સૂરિ

14.7.10 દેવસૂરિ

14.7.11 યશોદેવસૂરિ

તમારી પ્રગતિ ચકાસો

**14.8સારાંશ**

**14.9 ચાવીરૂપશબ્દો**

**14.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

## 14.0 ઉદ્દેશો

આ પ્રકરણનું અધ્યયનના ઉદ્દેશો ...

1. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન વિશે વિદ્યાર્થીઓ જાણશે.
2. શ્રી હેમચંદ્રાચાર્યના પૂર્વજીવન વિશે જાણશે.
3. શ્રી હેમચંદ્રાચાર્યના સાહિત્યસર્જન વિશે જાણશે.
4. શ્રી હેમચંદ્રાચાર્યના દિક્ષા પ્રસંગ વિશે જાણશે.
5. શ્રી હેમચંદ્રાચાર્યના સિદ્ધારાજ જયસિંહના સંબંધ વિશે જાણશે.
6. શિષ્યમંડળ વિશે જાણશે.

## 14.1 પ્રસ્તાવના

કાલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્યનું સમગ્ર જીવન અલૌકિક છે. તેમના જીવનની પ્રત્યેક ઘટનામાં વિશિષ્ટ સંદેશ વણાયેલો છે. તેમણે સાહિત્ય, દર્શન, યોગ, વ્યાકરણ, છંદશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, અભિધાનકોષ આદિ વિષયો ઉપર નવીન ગ્રંથોની રચના કરી, નવી દિશા આપી હતી. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન સાડા ત્રણ કરોડ શ્લોકની રચના  કરી સાહિત્ય જગતને સમૃદ્ધ કર્યું. આથી જ કાલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યને પશ્ચિમ વિદ્વાનો આદરપૂર્વક જ્ઞાનના મહાસાગર (Ocean of Knowledge) કહે છે. તેમણે સંસ્કૃત ભાષામાં જ નહી પરંતુ પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં પણ સાહિત્ય રચના કરી. તેમણે ગુજરાતના ઇતિહાસને પણ પ્રભાવિત કર્યો.

દેશના ઇતિહાસમાં જૈનધર્મના આ આચાર્યનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. તેઓની સાધના અને સાહિત્ય દ્વારા ગુજરાત સમૃદ્ધ કર્યું છે.

## 14.2 કાલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય : જીવન અને કવન

"સૂર્યોદય વખતે સરસ્વતી નદીને કિનારે એક મહાન શક્તિ પોતાના પ્રકાશથી – તેજથી આખા ગુજરાતને છાયી જતી કલ્પો અને તેમને શ્રી હેમચંદ્રાચાર્ય દેખાશે."

-ધૂમકેતુ

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય ગુજરાતની અસ્મિતાના એક કર્ણધાર હતા.

-કનૈયાલાલ મા. મુનશી

શ્રી હેમચંદ્રાચાર્ય 'જ્ઞાનનો મહાસાગર (OCEAN OF KNOWLEDGE) હતા.

-ડૉ. પિટર્સન

શ્રી હેમચંદ્રાચાર્ય જીવંત શબ્દકોષ (IEVING Dictonary) હતા.

-પંડિત બેચરદાસ દોશી

કાલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રનું જીવન એટલે કર્મયોગ અને જ્ઞાનયોગની અવિરત - સમન્વિત સાધના.

-રમેશ બેટાઈ

શ્રી હેમચંદ્રાચાર્ય ગુજરાતની અસ્મિતાના ઉદગાતા હતા.

-મોહનલાલ પટેલ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રચાર્ય ગુજરાતના મહાન જ્યોર્તિધર હતા.

-ડૉ. પ્રહલાદ પટેલ

જ્ઞાનની વિવિધ શાખાઓમાં અભૂતપૂર્વ ખેડાણ કરનાર આ મહામાનવોનો દુનિયામાં જોટો જડે તેમ નથી.

-પ્રો. મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય

क्लप्तं व्याकरणं नवं विरचितं छन्दो नवं दयाश्रयालंकारी
प्रथितौ प्रकटितं श्री योगशास्त्रं नवम्
तर्क: संजनितो नवी जिनवरादिनां चरित्रं नवं बध्धं
येन न केन सेन विधिना मोहः

જેમણે નવું વ્યાકરણ (સિદ્ધહેમશબ્દાનુશાસન) રચ્યું. જેમણે નવું છંદશાસ્ત્ર (છંદોનું શાસન) રચ્યું, નવાં દ્વયાશ્રય (સંસ્કૃત દ્વયાશ્રય અને પ્રાકૃત દ્વયાશ્રય) અને અલંકારશાસ્ત્ર(કાવ્યશાસન) પ્રસિદ્ધ કર્યા. નવું શ્રી યોગશાસ્ત્ર પ્રગટ કર્યું. નવું તર્કશાસ્ત્ર (પ્રમાણમીમાંસા) રચ્યું તથા નિજવરઆદિનું નવું ચરિત્ર (ત્રિશષ્ટિલાકા પુરુષ ચરિત્ર અને પરિશિષ્ટ પર્વ) નિબદ્ધ કર્યું, તે શ્રી હેમચંદ્રાચાર્યે આપણું અજ્ઞાન કઈ રીતે દૂર નથી કર્યું (અર્થાત સર્વ રીતે આપણું અજ્ઞાન દૂર કર્યું જ છે) આચાર્ય શ્રી સોમચંદ્રસુરિ

સિદ્ધરાજ અને કુમારપાળ જેવાં હિરાઓ ઉપર પહે પાડી મુલ્યવાન હિરા બનાવનાર, ક્ષત્રિય રાજવીઓને જૈન ધર્મ તરફ વાળનાર આ મહાન યોગીએ જૈનધર્મને ગૌરવાન્વિત કર્યો છે.

ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસમાં, 'સોલંકીયુગ' (ઈ.સ. 942 થી ઈ.સ. 1244) એ સુવર્ણયુગ તરીકે ઓળખાય છે,

પાટણને એક મહાન વિદ્યાધામ બનાવવા શ્રી હેમચંદ્રાચાર્યનું સ્થાન પાટણના ઈતિહાસમાં અત્યંત મુલ્યવાન છે.
પાટણની ધરતીને કર્મભૂમિ બનાવી ધરતીને ધન્યોધન્ય કરનાર શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય એક વિરલ, વિરાટ વિભૂત હતા.
સાહિત્યના વિવિધ ક્ષત્રોમાં એમનું પ્રદાન એટલું મોટું છે કે તેનું મૂલ્યાંકન કરવા શબ્દો ઓછા પડે છે. આવા વિશ્વના એક મહામાનવનો સંક્ષિપ્તમાં જ પરિચય અત્રે આપ્યો છે.

## 14.3 આચાર્યશ્રીનું પૂર્વજીવન

પ્રભાવક ચરિત્ર નામના પ્રાચીન ગ્રંથમાં જણાવ્યા મુજબ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો જન્મ વિ. સં. 1145ના કાર્તક સુદ પૂર્ણિમાના શુભ દિને ગામ ધંધુકામાં મોઢવણિક જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ ચાચિંગ અને માતાનું નામ પાહિણીદેવી હતું. શ્રી હેમચંદ્રાચાર્યનું સંસારી નામ 'ચંગદેવ' હતું.
એક દિવસ માતાની સાથે બાળક ચંગદેવ ઉપાશ્રયમાં ગયેલ ત્યારે આ પાંચ વર્ષનો બાળક જૈન આચાર્યશ્રીની વ્યાખ્યાન આપવાની પાટ પરચડી ગયો અને વ્યાખ્યાન આપતી મુદ્રામાં બેઠો. તે સમયે ઉપાશ્રયમાં, પધારેલા જૈનચાર્ય શ્રી દેવચંદ્રસુરિએ બાળકના સામુદ્રિક લક્ષણો જોઈ ભવિષ્ય લખ્યું કે, "આ બાળક એક મહાન આચાર્ય બનશે અને શાસનને ગૌરવ બક્ષનાર મહાપુરુષ બનશે."

### 14.3.1 દીક્ષા પ્રસંગ

શ્રી દેવચંદ્રસૂરિએ બાળક ચંગદેવની માંગણી કરી. બાળકના પિતા બહારગામ ગયેલા હતા, છતાં બાળકનું ભવિષ્ય જોઈ માતા પાહિણીદેવીએ રાજીખુશીથી પોતાના લાડીલા ચંગદેવને આચાર્યશ્રીના માંગણી મુજબ તેમના હાથમાં સોંપી દીધો. ધન્ય છે આ મહાન માતાને ! આ માતાની સંમતિ લઈને શ્રી દેવચંદ્રસુરિએ બાળક ચંગદેવને વિ. સં. 1150માં ખંભાત મુકામે પાંચ વર્ષની વ્ય જૈન સાધુ તરીકેની દીક્ષા આપી અને નવદીક્ષિત ચંગદેવનું નામ 'સોમચંદ્ર' રાખવામાં આવ્યું. કુમળા છોડને જેમ વાળવો હોય એમ વળે. માટીના પીડાને જે ઘાટ આપવો હોય એ આપી શકાય; એમ બાળ મુનિ સોમચંદ્ર પોતાની તેજસ્વી પ્રજ્ઞાથી

વિદ્યાક્ષેત્રે કુશળતા પ્રાપ્ત કરી. વિદ્યાપ્રાપ્તિના સાથે સાથે જૈન શાસનના નિયમાનુસાર તપ, ત્યાગ અને સંયમ જેવાં સદગુણો જીવનમાં ખીલવ્યા. મુનિના ઉગ્રસંયમ, ભારે ઇન્દ્રિય નિગ્રહ, કઠોર તપશ્ચર્યા અને ચિત્તશુદ્ધિ તથા સ્થિરતા જોઈ ગુરૂદેવ શ્રી દેવચંદ્રસૂરિએ મુનિની યોગ્યતા પારખી વિ. સં. 1166માં માત્ર 21 વર્ષની ઉમરે ‘આચાર્ય પદ’ આપવામાં આવ્યું. મુનિ સોમચંદ્ર હવે ‘આચાર્ય હેમચંદ્ર’ના નામથી ઓળખાવા લાગ્યા.

સમર્થ ગુરૂને એક લાયક શિષ્ય મળ્યાનો આ મહામૂલો અવસર ગણાય.

## 14.4 સમ્રાટ સિદ્ધરાજ સાથે સંપર્ક

વિ. સં. 1192માં સમ્રાટ સિદ્ધરાજ જયસિંહે માલવપતિ યશોવર્મા ઉપર જીત મેળવી. માળવાનો વિજય કરી ત્યાંનો ગ્રંથભંડાર વિદ્યાવ્યાસંગી સિદ્ધરાજ પાટણ લાવ્યો. આ ભંડારમાંથી ભોજરાજાનું બનાવેલ 'ભોજવ્યાકરણ' જોયું.

વિદ્યાપ્રિય સિદ્ધરાજને થયું : મારો દેશ પારકાં શાસ્ત્રો પર શા માટે જીવે ? સિદ્ધરાજે શ્રી હેમચંદ્રાચાર્યની વિદ્વતા જોઈ રાજસભા વચ્ચે જોઈ રાજસભા વચ્ચે જ તેમને વિનંતી કરી.

'यशोमम त्वख्यात्तिं पुष्पे च मुनिनायक।

विश्वलोकोपकाराय कुरु व्यकरणं नवम्॥

અર્થાત્ 'હે મુનીવર ! નવા વ્યાકરણની રચના કરો ; એથી મને યશ મળશે અને તમને ખ્યાતિ મળશે. તેમજ સમગ્ર લોકના ઉપકારનું પુણ્ય થશે.'

સિદ્ધરાજની વિનંતીને માન આપી આચાર્ય હેમચંદ્રે ભારે પરિશ્રમ કરી એક જ વર્ષના ગાળામાં સવાલાખ શ્લોકોનું અદ્વિતીય વ્યાકરણ રચી દીધું. આમ ગુજરાતને પોતાનું આગવું વ્યાકરણ મળ્યું.

આજની ગુજરાતી ભાષાનો જે વિકાસ થયો છે એના મૂળમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય રચિત આ મહાન વ્યાકરણનો જ ફાળો છે. એટલે જ આચાર્ય ગુજરાતી અસ્મિતાના ઉદગાતા કહેવાયા અને ગુજરાતની અસ્મિતાના કર્ણધાર પણ કહેવાયા.

કુમારપાળ ગુજરાતનો રાજા થશે અને જૈન શાસનની અપૂર્વ સેવા કરશે એવી સચોટ આગાહી આચાર્યશ્રીએ કરી હતી. તે મુજબ જ સિદ્ધરાજ અપુત્ર મરણ પામવાથી કુમારપાળ પાટણની ગાડી પર આવ્યો. ત્યારબાદ પૂ. આચાર્યશ્રીના સત્સંગથી કુમારપાળનો જૈન ધર્મ પ્રત્યેનો અનુરાગ વધવા લાગ્યો. આચાર્યશ્રીએ રાજ્યસભામાં મોભા ભર્યું સ્થાન મેળવ્યું હતું અને કુમારપાળ મહારાજ પાસે સમગ્ર રાજ્યમાં અહિંસાનું સામ્રાજ્ય ફેલાવ્યું હતું. 'અમારી ઘોષણા' અને 'અપુત્રિકા ધન

ત્યાગ' આ બે મહાન ઢંઢેરાઓ કુમારપાળ મહારાજાએ જાહેર કાર્ય હતા. કુમારપાળ મહારાજાએ જાહેર કર્યા હતા. કુમારપાળ મહારાજના વખતમાં જૈન ધર્મનો સૂર્ય સોળેકળા એ ખીલેલો હતો. સેંકડો નવાં જૈન દેરાસરો બંધાયા જૂનાં ચૈત્યોનું નવનિર્માણ થયું. વિશાળ સંઘો કાઢી ધાર્મિક સેવાનું ગૌરવ વધાર્યું હતું.

સિદ્ધરાજ અને કુમારપાળ ક્ષત્રિય રજાઓ હતા. આ બંને હિરાઓને પહેલ પાડી મૂલ્યવાન બનાવનાર અને ક્ષત્રિય રાજવીઓને જૈન ધર્મ તરફ વાળનાર મહાન યોગીએ જૈન ધર્મને ગૌરાંવન્વિત કર્યા છે.

આજે આપણા ગુજરાતમાં જે શાંતિ, અહિંસાનું વાતાવરણ દેખાય છે, એનો સાચો જે યશ શ્રી હેમચંદ્રાચાર્યને ફાળે જાય છે.

ગુજરાતના સમર્થ અને વિદ્યાવ્યાગી એવા સમ્રાટ સિદ્ધરાજ જયસિંહની વિનંતી સ્વીકારી એમણે ગુજરાતનું સ્વતંત્ર વ્યાકરણ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' રચ્યું. સિદ્ધરાજે આ ગ્રંથને પોતાના માનીતા હાથી પર સોનાની અંબાડીમાં પધરાવી પાટણમાં તેની શોભાયાત્રા કાઢી, શ્રી હેમચંદ્રાચાર્યના સાહિત્યનુ સર્જનનું બહુમાન કર્યું હતું.

વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, ઈતિહાસ, દ્વયાશ્રય, આયુર્વેદ વગેરે વિષયોમાં એમની કલમ ચાલી છે. આચાર્યશ્રીએ એમના જીવનમાં સાડા ત્રણ કરોડ શ્લોકોની રચના કરી હોવાનું કહેવાય છે.
આપણે એક લીંબુ ઉછાળીએ અને તે પૃથ્વી પર પાછું આવે એટલી વારમાં તો આચાર્યશ્રી છ શ્લોકો રચી નાખતા હતા. આવી હતી એમની જ્ઞાનસાધના અને સર્જક પ્રતિભા.

કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યનું વિશ્વના ઈતિહાસમાં અનોખું સ્થાન છે. એમનું જીવન અને કવન અદ્વિતીય છે. આચાર્યશ્રી જેવાં સંકલ્પસિદ્ધ અનોખું સ્થાન છે. વિદ્યાનિધિ, પરોપકારપરાયણ, ત્યાગમૂર્તિ, વિરાટ, વિરલ વિભૂતિની જોડ જડવી મુશ્કેલ છે.

'શ્રી હેમચંદ્રાચાર્ય જીવંત શબ્દકોશ હતા. '

'શ્રી હેમચંદ્રાચાર્ય ગુજરાતીની અસ્મિતાના ઉદ્દગાતા હતા.'

'શ્રી હેમચંદ્રાચાર્ય ગુજરાતની અસ્મિતાના એક કર્ણધાર હતા.'

'શ્રી હેમચંદ્રાચાર્ય એટલે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભકિતયોગની અવિરત અને સમન્વિત સાધનાનું ઝરણું હતા.'

આમ, વિવિધ વિદ્વાનોએ એમના જ્ઞાનની પ્રશંસા કરતાં ઉપર મુજબના ઉદ્દગારો કાઢ્યા છે. ભારત તેમજ વિદેશના ડૉ. બુલ્બરે અને ડૉ. પિટર્સન જેવાં વિદ્વાનોએ પણ એમને ભરપેટ બિરદાવ્યા છે.

પાટણ એ એમની કર્મભૂમિ હતી. હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, હેમચંદ્રાચાર્ય જૈન સભા, સિદ્ધ-હેમ જ્ઞાનપીઠ જેવી અનેક સંસ્થાઓ સાથે તેમનું નામ જોડી પાટણવાસીઓએ તેમની પ્રતિભાને પણ જીવંત રાખી છે.

જ્ઞાનની વિવિધ શાખાઓમાં ખેડાણ કરનાર આ મહામાનવ સાચે જ 'કલિકાલસર્વજ્ઞ' હતા.

## 14.5 ગ્રંથનું નામભિધાન અને સન્માનયાત્રા

સમર્થ સમ્રાટ સિદ્ધરાજે આચાર્યશ્રીને ગજરાતને નવું વ્યાકરણ રચવાની સાત્વિક પ્રેરણા આપી તેથી આ બને મહામાનવોના નામને અમર કરતાં આ ગ્રંથનું અર્થાત્ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' રાખવામાં આવ્યું.

### 14.5.1 શોભાયાત્રા

વ્યાકરણ આ મહાન ગ્રંથને રાજભંડારમાં મૂકતાં અગાઉ ગુજરાત નરેશ સિદ્ધરાજ જયસિંહે પોતાના માનીતાંશ્રીકર નામના હાથી પર સોનાની અંબાડીમાં આ વ્યાકરણ ગ્રંથને પધરાવી પાટણના રાજમાર્ગો પર તેની શોભાયાત્રા કાઢી હતી. જેમાં યાત્રાના સન્માન કરવા ભાગે આચાર્ય હેમચંદ્રાચાર્યની સાથે સિદ્ધરાજ ગુર્જર નરેશ વિદ્યા અને વિદ્યાધરનું સન્માન કરવા પગરખાં પગે ચાલતો હતો !

સમ્રાટ સિદ્ધરાજ વિદ્યાવ્યાસંગી રાજવી હતો એનો આ નક્કર પૂરાવો છે.

વિશ્વના કોઈ રાષ્ટ્રમાં કોઈ રાજાએ આ રીતે સાહિત્યયાત્રા કાઢયાનો આ પહેલો પ્રસંગ છે. આ મહાન ઘટનાને ઇતિહાસમાં જોઈએ તેટલી પ્રસિદ્ધિ આપવામાં આવી નથી.

આ ઘટના વિ. સં. 1193 ના અરસાની છે.

### 14.5.2 આચાર્યશ્રીની ગ્રંથરાશિ

આચાર્યશ્રી હેમચંદ્ર જ્ઞાનના મહાસાગર હતા. એમણે તમામ વિદ્યાશાખાઓના ઉત્તમ ગ્રંથો રચ્યા છે અને તેથી તેઓ 'કાલિકાલસર્વજ્ઞનું' બિરૂદ પામ્યા. આચાર્યશ્રીએ ઇતિહાસ પુરાણ, આયુર્વેદ, વ્યાકરણ, કોષ, જ્યોતિષ, યોગશાસ્ત્ર જેવાં વિષયો ઉપર ગ્રંથો લખ્યા છે. આચાર્યશ્રી એ સાડા ત્રણ કરોડ શ્લોકો રચ્યા હોવાનું કહેવાય છે.

| વ્યાકરણ અને તેનાં અંગો | શ્લોક |
| --- | --- |
| સિદ્ધહેમ લઘુવૃત્તિ | 6,000 |
| સિદ્ધહેમ બૃહદવૃત્તિ | 18,000 |
| સિદ્ધહેમ બૃહન્નયાસ (અપૂર્ણ) | 84, 000 |
| સિદ્ધહેમ પ્રાકૃતવૃત્તિ | 2,200 |
| લિંગાનુશાસન – સટીક | 3,684 |
| ઉણાદિગણ વિવરણ | 3,250 |
| ધાતુ પારાયણ વિવરણ | 5,600 |
| **કોશ** | |
| અભિધાન ચિંતામણિ- સ્વોપજ્ઞ ટીકા સાથે | 10,000 |
| અભિધાન ચિંતામણિ (પરિશિષ્ટ) | 204 |
| **રચના કૌશલ** | |
| અનકાર્થ કોશ | |
| નિઘંટુ શેષ (વનસ્પતિ વિષયક) | 1,828 |
| દેશીનામમાલા સ્વોપજ્ઞ ટીકા સાથે | 396 |
| **સાહિત્ય રચના** | |
| કાવ્યાનુશાસન – સ્વોપજ્ઞ અલંકાર ચુડામણી અને વિવેક સાથે | 6,800 |
| **છંદ** | |
| છંદોનુશાસન – છંદચૂડામણિ ટીકા સાથે | 3,000 |
| **ન્યાય** | |
| પ્રમાણમીમાંસા – સ્વોપજ્ઞ વૃત્તિ સાથે | 2,500 |
| વેકાંકુંજ (દ્વિજગદન ચપેટા) | 1,500 |
| **ઇતિહાસકાવ્ય વ્યાકરણ સાથે** | |
| સંસ્કૃત – દ્વયાશ્રય મહાકાવ્ય | 2,828 |
| પ્રાકૃત – દ્વયાશ્રય મહાકાવ્ય | 1,500 |
| **ઈતિહાસકાવ્ય ઉપદેશ** | |
| ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત (મહાકાવ્ય-દશપર્વ) | 32,000 |
| પરિશિષ્ટપૂન | 3,500 |
| **યોગ** | |

| | |
|---|---|
| યોગશાસ્ત્ર- સ્વોપજ્ઞ ટીકા સાથે | 12,570 |
| **યોગશાસ્ત્ર** | |
| વીતરાગ સ્તોત્ર | 188 |
| અન્યયોગ વ્યવચ્છેદ દ્વત્રિંશિકા(પદ્ય) | 32 |
| અયોગ વ્યવચ્છેદ દ્વત્રિંશિકા(પદ્ય) | 32 |
| મહાદેવ સ્તોત્ર (પદ્ય) | 44 |

## 14.6 હેમચંદ્રાચાર્યનાં વચનામૃત

1. દેશ અને કાળને ઉચિત ક્રિયા કાર્ય કરનારા માણસો દુઃખી થતાં નથી.
2. જેમ ઓડકારથી આહારનું અનુમાન થાય છે, તેમ વાણીથી મનના વિચારોનું અનુમાન કરી શકાય છે.
3. જગતમાં કારણને અનુસરતું કાર્ય થાય છે.
4. જેનું આયુષ્ય તૂટ્યું નથી ટે પ્રાણી વજ્રથી હણાય તો પણ મરતો નથી.
5. દીવાની માફક, તત્કાલ ગ્રહણ કરેલી પણ દીક્ષા અજ્ઞાનતા રૂપી અંધારનો નાશ કરનારી હોય છે.
6. સારા વૈદ્યો કદાપિ બહુ પાપવાળી ચિકિત્સા કરતા નથી.
7. પ્રજા, રાજાનું અનુકરણ કરવાવાળી હોય છે.
8. એક ઔષધથી રોગીને ફાયદો  ન થાય તો તેને બીજું ઔષધ જરૂર આપવું.
9. વહાણમાં રહેલું લોઢું પણ સમુદ્રને સામે કાંઠે પહોંચી જાય છે.
10. હલકું હોવાથી રૂ નું પુંમડું પણ આકાશ તરફ ઊંચું ઊડે છે.
11. સિંહ જ્યાં જાય, તે જ તેનું ઘર.
12. લોકોનાં મોઢાં બાંધેલા હોતાં નથી.
13. દિવાની સોબતથી એની વાટ પણ દીવાપણાને પામે છે.
14. નાના કામમાં પણ વિચારીને કાર્ય કરવું જોઈએ.
15. મોટાઓ જે આચરણ કરે ટે માર્ગ રીવાજ બની જાય છે.
16. મરણ નજીક આવે ત્યારે કીડીઓને પાંખો આવે છે.
17. હાથીના મુખમાં કોળીઓ નાખી શકાય પરંતુ પાછો ખેંચી શકાય નહિ.
18. પૃથ્વી બહુ રત્નોવાળી છે.
19. સ્વમા પુરૂષો સસરાને ઘરે વધારે સખત સુધી કદાપિ રહેતાં નથી.
20. એક હાથે તાળી પડતી નથી.
21. સમયને ઓળખનાર બુદ્ધિમાન મનુષ્યો જેમ તેમ (બીજાઓને ત્યાં) નકામાં પડ્યા રહેતાં નથી.

## 14.7 શિષ્યમંડળ

આચાર્ય હેમચંદ્રસૂરિની સર્વતોમુખી પ્રતિભાએ કેવળ વ્યાકરણના સર્જનથી પરિતોષ ન માન્યો. એમણે 'અભિધાન ચિંતામણિ', 'અનેકાગ્રંથસંગ્રહ', 'નિધુંટુકોશ' અને 'દેશીનામમાલા' જેવાં શબ્દ કોશો, 'ધાતુપારાયણ', લિંગાનુશાસન' પ્રાકૃત વ્યાકરણ અને એના એક ભાગરૂપે અપભ્રંશ વ્યાકરણની સર્વ પ્રથમ રચના કરી. કાવ્યાનુશાસન જેવો અલંકાર ગ્રંથ, છંદાનુશાસન જેવું 'છંદશાસ્ત્ર', 'પ્રમાણમીમાંસા'', 'અન્યયોગદ્વાત્રિશિંકા' અને 'વેદાકુશ' જેવાં દર્શન ગ્રંથો, સંસ્કૃત – પાકૃત દ્વયાશ્રય જેવાં ઇતિહાસ કાવ્યો, યોગશાસ્ત્ર જેવો યોગવિષયક ગ્રંથ અહંકનીતિ જેવો નીતિવિષયનો ગ્રંથ અને કાવ્યો રચી પોતાની વિદ્યાવિષયક વૈવિધ્યપૂર્ણ પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. આથી પિટર્સન જેવાં વિદ્વાને આ સાહિત્ય રચનાથી આશ્ચર્યમુગ્ધ બની આચાર્ય હેમચંદ્રને 'જ્ઞાનમહોદધિ'ના બિરૂદથી અલંકૃત કર્યા છે.

### 14.7.1 રામચંદ્રસૂરિ

હેમચંદ્રાચાર્યના મહત્વના શિષ્ય હતા. તેઓ કવિ શ્રીપાલ કરતાં નાની ઉંમરના, પણ તેમના સમકાલીન હતા. તેમની ઘણી ખરી રચનાઓ ધાર્મિક છે, પરંતુ ઐતિહાસિક માહિતીની દ્રષ્ટિએ તેમણે લખેલું 'કુમારવિહારશતક' નામનું કાવ્ય મહત્વનું છે. તેને ઐતિહાસિક કૃતિ ન ગણાય, પરંતુ પ્રાચીનકાળના સામાજિક જીવનના કેન્દ્રરૂપ એક વિશાળ અને કલામય મંદિરનું તેમાં તાદશ વર્ણન છે. તેથી સાંસ્કૃતિક દ્રષ્ટિએ તેનું મહત્વ વધી જાય છે. કુમારપાલે પાટણમાં બંધાવેલો કુમારવિહાર તરીકે ઓળખાતા પાશ્વનાથના મંદિરનું ટે સો શ્લોકનું પ્રશસ્તિ કાવ્ય છે. આ મંદિર અત્યારે અસ્તિત્વમાં નથી, પરંતુ આ કાવ્ય પ્રશસ્તિલેખ જેવું ત્યાં કંડારાયું હોવાનો તથા દર્શનીય સ્થાપત્યના નમૂનારૂપ હશે.

**ક તમારી પ્રગતિ ચકાસો**

1. હેમચંદ્રાચાર્યનો જન્મ ક્યારે થયો હતો ?
2. હેમચંદ્રાચાર્યનો જન્મ ક્યાં ગામમાં થયો હતો ?
3. તેમનો જન્મ કયા કુટુંબમાં થયો હતો ?
4. હેમચંદ્રાચાર્ય વ્યાકરણનો ક્યો ગ્રંથ લખ્યો ?
5. આચાર્ય હેમચંદ્રાચાર્યના માતા પિતાનું નામ જણાવો.

### 14.7.2 મુનિચંદ્રસૂરિ

સૈદ્ધાંતિક તરીકે ખ્યાતિ પામેલા આ મુનિચંદ્રસૂરિ આ યશોભભદ્રસૂરિ નેમિચંદ્રસૂરિના પટ્ટધર હતા. તેઓ સંસ્કૃત- પ્રાકૃત ભાષાના રહસ્યવેદી હતા. આ શાંતિસૂરિ પાટણમાં પોતાના 32 શિષ્યોને પ્રમાણશાસ્ત્રનો અભ્યાસ કરાવતા હતા ત્યારે મુનિચંદ્રસૂરિ જ્યાં શિષ્યોને પાઠ ભણાવી રહ્યા હતા ત્યાં આવીને ઊભા રહીને પાઠ સાંભળવા લાગ્યા. પંદર દિવસ પછી લેવાયલી પરીક્ષામાં મુનિચંદ્રસૂરિના જવાબોથી સંતુષ્ટ થઈ શાંતિસૂરિએ એમને પોતાની પાસે રાખી પ્રમણશાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. તેમણે નાના મોટા 30 ગ્રંથો રચ્યા છે, જેમાંના ઘણા ખરા પાટણમાં રહીને રચેલા છે.

### 14.7.3 વિજયસિંહસૂરી

સિદ્ધરાજ અને કુમારપાલના રાજ્યકલામાં વિદ્યમાન આચાર્ય વિજયસિંહસૂરિએ વિ. સં. 3138 (ઈ.સ. 1127) માં 'શ્રાવકપ્રતિક્રમણસૂત્ર' પર 4500 શ્લોક પ્રમાણ ચૂર્ણની.

### 14.7.4 વર્ધમાન ગણિ

આચાર્ય હેમચંદ્રસૂરિના શિષ્ય વર્ધમાન ગણીએ વિ. સં. 1190 (ઈ.સ. 1134) લગભગ કુમારપાળવિહાર પ્રશસ્તિની વ્યાખ્યા કરી છે. તેમાં એમણે પ્રથમ 6 અર્થ કર્યા હતા, પછી એના 116 અર્થ કર્યા છે. વર્ધમાન ગણિની લાક્ષણિક અને સાહિત્યિક વિદ્વતાનો આ વ્યાખ્યાથી અને કાવ્યથી પરિચય મળે છે.

### 14.7.5 દેવચંદ્રસૂરિ

આચાર્ય હેમચંદ્રસૂરિના શિષ્ય આચાર્ય દેવચંદ્રસૂરિએ વિ. સં. 1207 (ઈ.સ. 1151) લગભગમાં 'ચંદ્રલેખા વિજય પ્રકરણ નામક નાટકની રચના શેષ ભટ્ટારકની મદદથી કરી છે. આ પંચાકી નાટક કુમારવિહારમાં મૂળનાયક પાશ્વનાથની ડાબી બાજુએ રહેતા અજિત નાથના જિનાલયમાં વસંતોત્સવના પ્રસંગે કુમારપાળની સભાના મનોરંજન માટે ભજવાયું હતું. આમાં અર્ણોરાજનો પરાજય કરવામાં કુમારપાળે જે વીરતા દર્શાવી તેનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. આ ગ્રંથકાર કુમારપાળનો સમકાલીન હોવાથી એમાં અપાયેલી રાજા કુમારપાળ અને આચાર્ય હેમચંદ્રની ઐતિહાસિક વિગતો વધુ પ્રમાણિત હોય એ સ્વાભાવિક છે. આચાર્ય હેમચંદ્રે કુમારપાળને જે જાતનો ધર્મબોધ વારંવાર આપ્યો તેનાં શ્રાવણથી પ્રતિબુદ્ધ થઈને કુમારપાળે જૈન ધર્મનો સ્વીકાર કર્યો એ બાબત આમાં વર્ણવેલી છે. એમણે પ્રાકૃતમાં 'સુમતિનાથચરિત' 9500 શ્લોક પ્રમાણે રચ્યું છે. વળી, 'સુકિત' મૂકતાવળી અને સિંદૂર પ્રકાર રચ્યાં છે. વસંતતિલકા છંદમાં રચાયેલા

સોમશતકમાં એક પદ્યના એમણે જુદા જુદા 100 અર્થ બતાવ્યા છે. આ અર્થોમાં જણાવેલ તત્કાલીન ગુજરાતની 10 વ્યક્તિઓ પૈકી સિદ્ધરાજ કુમારપાળ, અજયદેવ, મૂલરાજ, એ ચાર વ્યક્તિ તો ગ્રંથકારના સમયની છે.

**14.7.6 મુનિરત્નસૂરિ**

મુનિરત્નસૂરિ સંસ્કૃતમાં 'મૂતિસુવ્રતસ્વામિચરિત' સં. 1252 (ઈ.સ. 1196) અ રચ્યું છે. વારાહીના યશોધવલ શ્રેષ્ઠી, જે રાજ ખજાનચી હતા તેમના પુત્ર બાલકવિ જગદેવની વિનંતીથી આ કૃતિ 9672 શ્લોક પ્રમાણ સાથે પાટણમાં રચી છે. વળી, 23 સર્ગમાં 6806 પ્રમાણ સાથે 'અમમસ્વામિચરિત' તથા 'અંબડચરિત' રચ્યાં છે.

**14.7.7 દેવાનંદસૂરિ**

આચાર્ય દેવાનંદસૂરિએ આચાર્ય હેમચંદ્ર સૂરિના 'સિદ્ધહેમશબ્દનુશાસન'ના આધારે 'સિદ્ધસારસ્વત વ્યાકરણ' નામક ગ્રંથ  સં. 1275 (ઈ. સ. 1219)માં રચ્યો છે. આચાર્ય જિનપ્રભસૂરિના જણાવ્યા અનુસાર આચાર્ય દેવાનંદસૂરિએ સં. 1266 (ઈ.સ. 1210)માં કોકાવસહીના જિનમંદિરની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી.

**14.7.8 બાલચંદ્રસૂરિ**

બાલચંદ્રસૂરિ મોઢેરાના વતની મોઢ બ્રાહ્મસભાના ધરાદેવના પુત્ર હતા. તેઓએ 'વસંતવિલાસ' ગ્રંથની રચના કરેલી છે. નાનપણમાં જ તેમને મોઢેરાના મોઢગચ્છના આચાર્ય હરિભદ્રસૂરિએ ચૌલુક્યવંશના રાજગુરૂ પદ્માદિત્ય પાસે અભ્યાસ કર્યો હતો અને દેવસુરિગચ્છના આચાર્ય ઉદયસૂરિએ તેમને સારસ્વત મંત્ર આપ્યો હતો. આ મંત્રની ઉપાસના કરતાં તેમને ભગવતી સરસ્વતીનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો હોવાનું તેમણે તેમના ગ્રંથ 'વસંતવિલાસ'માં નોંધ્યું છે.

**14.7.9 ઉદયપ્રભસૂરિ**

ઉદયપ્રભસૂરિ એ સુકૃત કીર્તિકલ્લોલીની નામક પ્રશસ્તિ કાવ્ય રચ્યું છે. તેમાં અણહિલવાડના રાજાઓનું કવિત્વમય વર્ણન કર્યા પછી મંત્રી વસ્તુપાલ તેજપાલના ધાર્મિક કાર્યોનો ગુણાનુવાદ કર્યો છે. મંત્રી વસ્તુપાલે સં. 1277 (ઈ.સ. 1221)માં શત્રુંજયની યાત્રા કરેલી તે સમયે આ કાવ્યની રચના થયેલી જણાય છે. પાટણમાં મંત્રી વસ્તુપાલના મંદિરના અવશેષરૂપ એક આરસના સ્તંભ ઉપર આ કાવ્યનો એક શ્લોક ઉત્કીર્ણ કરેલો મળી આવેલ છે. વળી, એમનો 'શબ્દબ્રહ્મોલ્લાસ' નામ ગ્રંથ પાટણના ગ્રંથના ભંડારમાં અપૂર્ણ મળી આવે છે. તેમાં મંત્ર વિષયક હકીકત છે.

### 14.7.10 દેવસૂરિ

લક્ષણ – દર્શન અને સાહિત્યનું અધ્યયન કરી તેઓ વિ. સં. 1174 (ઈ.સ. 1118)માં આચાર્ય થયા અને એમણે દેવસૂરિ તરીકે પ્રસિદ્ધિ મેળવી. એમણે પાટણના રાજા સિદ્ધરાજ સમક્ષ દેવબોધ નામના ભાગવત વિદ્વાનને પોતાની વિદ્વતાથી પ્રસન્ન કર્યો હતો. દક્ષિણના કર્નાટક પ્રદેશના જૈન દિગંબરવાદી આચાર્ય કુમુદચંદ્ર સાથે દેવસૂરિનો સિદ્ધરાજ જયસિંહની અધ્યક્ષતામાં વિ. સં. 1181 (ઈ.સ. 1125)માં પાટણમાં વાદ થયો તેમાં દેવસૂરિનો વિજય થયો ને તેઓ 'વાદી દેવસૂરિ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા. તેઓ આ વાદમાં જીત્યા ન હોત તો ગુજરાતમાં શ્વેતાંબરનું નામ નિશાન ન હોત. આ વાદ વિષયક ઐતિહાસિક માહિતી 'મુદ્રિત કુમુદચંદ્ર નાટક'માં કવિ યશશ્વદ્ર આપે છે. આ વાદી દેવસૂરિએ ગુજરાતમાં પ્રમાણ નયત્વાલોક નામે સૂત્રાત્મક ગ્રંથ આઠ પરિચ્છેદોમાં રચ્યો છે ને એના ઉપર 'સ્યાદ્વારત્નાકર'.

### 14.7.11 યશોદેવસૂરિ

આચાર્ય વીરગણિના શિષ્ય ચંદ્રસૂરિના શિષ્ય યશોદેવસૂરિએ વિ. સં. 1172 (ઈ.સ. 1116)માં પ્રથમ 'પંચાશકની ચૂર્ણિ, વિ.સં. 1174 (ઈ.સ. 1118) માં 'ઈર્યાપથિકી ચૂર્ણિ', ચૈત્યવંદના ચૂર્ણિ', 'વંદન ચૂર્ણિ', (વિ. સં. 1176 (ઈ.સ. 1120)માં જિનવલ્લભસૂરિના 'પિંડવિશુદ્ધિ' ગ્રંથ પર વૃત્તિ, વિ. સં. 1180 (ઈ.સ. 1124)માં અણહિલવાડ પાટણમાં સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાળમાં સોની નેમિચંદ્રની પૌષધશાળામાં 'પાક્ષિકસૂત્ર' ઉપર 2700 શ્લોક પ્રમાણે 'સુખવિબાધા વૃત્તિ' અને વિ. સં. 1182 (ઈ.s. 1126)માં 'પચ્ચક્ખાણસરૂવ' (પ્રત્યાખ્યાન સ્વરૂપ) વગેરે ગ્રંથો રચ્યા છે.

## 14.8 સારાંશ

આમ હેમચંદ્રાચાર્ય એ સોલંકીયુગના આચાર્ય ગણવામાં આવે છે. તેમણે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને સિદ્ધરાજ જયસિંહના સમયમાં 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નામના ગ્રંથની રચના કરી હતી, જેને હાથીની અંબાડી પર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આમ તેમના શિષ્યો દ્વારા પણ અનેક પ્રકારની સાહિત્યકૃતિઓની રચના કરવામાં આવી હતી. આમ ગુજરાતના ઈતિહાસમાં આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય અને તેમના શિષ્યોનું અમૂલ્ય પ્રદાન છે.

## 14.9 ચાવીરૂપ શબ્દો

સુવર્ણ : બધાં પ્રકારોનો વિકાસ

જન્મભૂમિ : જન્મ થયો તે વતન

કર્મભૂમિ : કાર્ય કરતા હોય તે ભૂમિ

દીક્ષા : સંસારનો ત્યાગ કરી, સાધુ જીવન જીવવાની વિધિ

## 14.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. વિ. સં. 1145 કારતક સુદ પૂર્ણિમા
2. ધંધુકા
3. મોઢવણિક
4. સિદ્ધહેમશબ્દાનુશાસન
5. પિતાનું નામ ચાચિંગ અને માતાનું પાહિણીદેવી

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીસ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. ડૉ અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રીમતી પી. કે. કોટાવાલા આટ્ર્સ કોલેજ, પાટણ |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો. ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. જગદિશ ચૌધરી | પ્રિન્સીપાલ, એસ. વી. આટ્ર્સ કોલેજ, અમદાવાદ. |
| ડૉ. અનસુયા ચોથાણી | પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. દીપક પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, જી.ડી. મોદી આર્ટસ કોલેજ, પાલનપુર |
| ડૉ. ચંદ્રુ સી. ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, જેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન. કે. જોટા કોમર્સ કોલેજ, સુરત. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ. જીતલ રાઠોડ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. જાગૃતિ મહેતા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. દિનેશ ભદ્રેસરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |

**પ્રકાશક**: કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંવર્ધિત આવૃત્તિ-2025**

**ISBN “ 978-93-89909-07-4 ”**

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## વિભાગ : 4 વાઘેલાયુગીન ગુજરાત

ગુજરાતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિક યુગ થી ઈ.સ. ૧૩૦૪ સુધી)નાં વિભાગ-4 'વાઘેલાયુગીન ગુજરાત'માં કુલ ત્રણ એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિભાગમાં ગુજરાતના ઇતિહાસમાં મહત્વનો ફાળો આપનાર વસ્તુપાલ-તેજપાલ, વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવ વાઘેલા અને વાઘેલા વંશની પડતીને લગતી બાબતોની માહિતી આપવામાં આવેલી છે.

એકમ -15 વાઘેલા સમયના રાજાઓથી પણ વધારે પ્રસિદ્ધ એવા બે વણિક બંધુઓ વસ્તુપાલ અને તેજપાલ સોલંકી વાઘેલાકાલીન ગુજરાતમાં મહત્વનું સ્થાન ધરાવે છે. એ એકમમાં તેમના પ્રારંભિક જીવન, તેમના વિજયો તેમના દ્વારા કરવામાં આવેલા વહીવટીય સુધારા તથા સાહિત્ય, ધર્મ, શિલ્પ સ્થાપત્યક્ષેત્રે આપેલ તેમના પ્રદાનની વિગતો અહીં આવરી લેવામાં આવી છે.

એકમ-16 આ એકમમાં સોલંકી વાઘેલા સમયની વિવિધ સ્થિતિ વિશેની માહિતી આપવામાં આવેલી છે. સોલંકી વાઘેલા સમયમાં ગુજરાતમાં ખેતીવાડી, ઉદ્યોગ- ધંધા, વાહન વ્યવહાર, સિક્કાઓ વિનિમયના સાધનોમાંથી જોવા મળતી ગુજરાતની સમૃદ્ધિ અને આર્થિક સ્થિતિની વાત, સોલંકી વાઘેલા સમયની વર્ગ- જ્ઞાતિ અને બીજી અનેક બાબતોથી લોકોની સામાજિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક  સ્થિતિની અહીં વિસ્તૃત રીતે માહિતી આપવામાં આવેલી છે.

એકમ-17 આ એકમ આ પેપર માટે અને ગુજરાતના ઇતિહાસમાં ખૂબ જ અગત્યતા ધરાવે છે. આ એકમમાં વાઘેલા વંશના છેલ્લા રાજ કર્ણદેવ વાઘેલા, એના સમયમાં ગુજરાતમાં સોલંકી- વાઘેલા રાજવંશની પડતીની સાથે સાથે ગુજરાતની સ્વતંત્રતા, ગુજરાતની અસ્મિતા, ગુજરાત સમૃદ્ધિની, ગુજરાતનાં ગૌરવનો અંત અને ગુજરાત પર મુસ્લિમોએ મેળવેલ વિજયોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

# એકમ-15 વસ્તુપાલ અને તેજપાલનું વહીવટીતંત્ર અને સુધારા

:: રૂપરેખા ::

**15.0 ઉદ્દેશો**

**15.1પ્રસ્તાવના**

**15.2 પ્રારંભિક જીવન**

**15.3 રાજકીય કારકિર્દીની શરૂઆત**

**15.4 વસ્તુપાલ-તેજપાલના વિજયો**

**15.5 વહીવટીતંત્ર-સુધારા**

**15.6 સાહિત્યસર્જન માટે પ્રેરક અને પોષક વસ્તુપાલ**

**15.7વસ્તુપાલનું સાહિત્યક્ષેત્રે પ્રદાન**

**15.8 વસ્તુપાલની ધાર્મિકનીતિ**

**15.9 વસ્તુપાલ-તેજપાલનું શિલ્પ-સ્થાપત્યક્ષેત્રે પ્રદાન**

**15.10 વસ્તુપાલ-તેજપાલનું ગુજરાતના ઇતિહાસમાં સ્થાન**

**❖ તમારી પ્રગતિ ચકાસો**

**15.11 સારાંશ**

**15.12 શબ્દાવલી**

**15.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**15.14 સંદર્ભગ્રંથો**

## 15.0 ઉદ્દેશો

સોલંકી વાઘેલા કાલીન ગુજરાત. આ એકમમાં આપણે વસ્તુપાલ-તેજપાલનું વહીવટીતંત્ર અને સુધારા અંગે શીખીશું. આ એકમ વાંચ્યા બાદ તમે તે જાણી શકશો કે,

- વસ્તુપાલ અને તેજપાલના વહીવટી સુધારા

- તેમને સાહિત્યિક પ્રવૃતિઓને આપેલું પ્રોત્સાહન
- તેમની ધર્મ સહિષ્ણુતા
- તેમનો કલાપ્રેમ- ધર્મસ્થાનોના બાંધકામો

## 15.1 પ્રસ્તાવના

ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસમાં સિદ્ધરાજ અને કુમારપાળ જેવાં યશસ્વી કારકિર્દીવાળા રાજવીઓને બાદ કરતા રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે જો સ્વતંત્ર રીતે કોઈનો પણ સૌથી વધારે નોંધપાત્ર ફાળો હોય તો તે વસ્તુપાલ-તેજપાલનો છે. આ વણિક બંધુઓએ આપબળે પોતાની બુદ્ધિ પ્રતિભાથી આગળ આવીને પોતાનું અને સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું એમ કહી શકાય. તેઓમાં આપણને એક સાથે વીરત્વપૂર્ણ પૌરુષતા, કુશળ વહીવટકર્તા, ગણતરીબાજ અને કરકસરવાળા વ્યાપારી, સાહિત્યકલાને ઉત્તેજન આપનાર દાનવીર, ઊંડી શ્રદ્ધા અને ધર્મભક્તિ ધરાવનાર ધર્મવીરોના દર્શન થાય છે. ગુજરાત આજે પણ પોતાના આ સુપુત્રો માટે ગૌરવ અનુભવે છે.

## 15.2 પ્રારંભિક જીવન

વાઘેલા સમયની સૌથી સમર્થ, ચિરસ્મરણીય અને રાજાથી પણ વધારે પ્રસિદ્ધ વ્યક્તિઓ વસ્તુપાલ અને તેજપાલ હતા. તેઓ અણહિલવાડ પાટણના પોરવાડ જ્ઞાતિના એક સમૃદ્ધ કુટુંબમાં જન્મ્યા હતા. તેમના આશ્રિતકવિઓ સોમેશ્વર અને અરીસિંહે આપેલી માહિતીના આધારે તેમના કુળ વિશે જાણકારી મળે છે. વસ્તુપાલના કુળનો વૃત્તાંત મૂળ પુરુષ ચંડપથી થાય છે. ચંડપ ગુર્જર રાજ્યમાં મંત્રી પદે હતો. ચંડપ પછી થયેલા પુરુષો ચંડપ્રસાદ, સોમ, અશ્વરાજ વગેરે પણ ગુર્જર રાજ્યમાં મહત્વનું સ્થાન ધરાવતા હતા. સોમેશ્વર રચિત 'કીર્તિકૌમુદી'માં જણાવ્યું છે કે ચંડપ્રસાદ મંત્રી હતો, સોમ સિદ્ધરાજના સમયનો ખજાનચી હતો. તથા અશ્વરાજ પણ મંત્રી પદે હતો, તેની પત્નીનું નામ કુમારદેવી હતું. આ કુમારદેવી વિધવા હતી. અશ્વરાજે આચાર્યશ્રી હરિભદ્રસૂરિની આગમવાણી સાંભળી તેની સાથે પુર્નલગ્ન કર્યું હતું. આ કુમારદેવીથી તેને ચાર પુત્રો અને સાત પુત્રીઓ થઈ હતી. લૂણિગ, મલ્લદેવ, વસ્તુપાલ અને તેજપાલ. આ ચાર પુત્રોમાંથી લૂણિગ અને મલ્લદેવ મૃત્યુ પામ્યા.

વસ્તુપાલના જન્મ વિશે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી, પણ રાજકોટના વોટસન મ્યુઝિયમમાં સચવાલાયેલ એક લેખમાં લખ્યું છે કે, 'વસ્તુપાલ અને

તેજપાલે પોતાના પિતા સાથે વિ.સં. ૧૨૪૯ (ઈ.સ. ૧૧૯૨-૯૩)માં શત્રુંજયની યાત્રા કરી હતી'. એમ હોય તો વસ્તુપાલ તેજપાલનો જન્મ ૧૨૪૯ (ઈ.સ. ૧૧૯૨-૯૩) પહેલા થોડાંક વર્ષો ઉપર જ થયો હોવાનું સંભવિત છે. ડૉ. ધારૈયાના મતે સંભવ છે કે આ બંને ભાઈઓ ઈ.સ ૧૧૮૫-૮૬ આસપાસ જન્મ્યા હોય.

## 15.3 રાજકીય કારકિર્દીની શરૂઆત

વસ્તુપાલ અને તેજપાલે પોતાનું બાળપણ પિતા સાથે સંહાલકપુરમાં વિતાવ્યું હતું. આ ગામ અશ્વરાજને ચૌલુક્ય રાજવી તરફથી એની સેવાના બદલામાં આપવામાં આવ્યું હતું. આ ગામ ક્યાં રાજવી તરફથી કઈ સેવાના બદલામાં આપ્યું તે જાણવા મળતું નથી. અશ્વરાજના મૃત્યુ બાદ કુમારદેવી પોતાના સર્વે બાળકોને લઇ મંડલી (વિરમગામ પાસેનું હાલનું માંડલ) રહેવા ચાલી ગઈ. માતાના અવસાન બાદ વસ્તુપાલ-તેજપાલ પણ પોતાના પૂર્વજોની માફક સોલંકી રાજની સેવામાં રહ્યા. પ્રબંધ ચિંતામણી અને કીર્તિકૌમૂદી જેવાં ગ્રંથોમાં જણાવ્યું છે કે  લવણપ્રસાદની આજ્ઞાથી વીર ધવલે મંત્રી તરીકે એમની નિમણૂંક કરી હતી. જ્યારે જયસિંહસૂરિકૃત વસ્તુપાલ તેજપાલ પ્રશસ્તિના જણાવ્યા અનુસાર તેઓ પાટણના રાજવી ભીમદેવ-૨ જાની સેવામાં હતા, અને વીરધવલની વિનંતીથી ભીમદેવે આ બંને ભાઈઓને ધોળકા મોકલ્યા હતા. એ ભીમદેવ-૨ જાની સેવામાં ક્યારે જોડાયા એ જાણવા મળતું નથી. પણ એ વિ.સં. 1276 (ઈ.સ. 1219-20)માં ધોળકામાં મહામાત્ય પદે નીમાયા એમ ગિરનારના લેખોમાં જણાવેલ છે.

## 15.4 વસ્તુપાલ અને તેજપાલના વિજયો

મહાઅમાત્ય વસ્તુપાલ અને મંત્રી તેજપાલ શસ્ત્રમાં અને દુશ્મનને મહાત કરવામાં કુશળ હતા. દુર્ગાશંકર શાસ્ત્રી લખે છે કે, " વસ્તુપાલ અને તેજપાલે શસ્ત્રની કુશળતાથી વાઘેલા સોલંકી રાજ્યને ઘણું વધાર્યું હતું. તેમને વીર ધવલને અનેક યુદ્ધોમાં સાથ આપીને દુશ્મનોને હંફાવ્યા હતા."

વીરધવલના રાજ્યમાં મંત્રીપદ સ્વીકાર્યા બાદ પોતાની બુદ્ધિ પ્રતિભા ઊંડી સૂઝથી ; યુદ્ધમાં મેળવેલા વિજયોથી વીરધવલની સંપતિ અને સત્તામાં વધારો કર્યો હતો. વસ્તુપાલ જયારે ખંભાતના સુબા પદે હતો ત્યારે લાટ (ભરૂચ)ના શંખ (સંગ્રામસિંહે) ખંભાત પર આક્રમણ કર્યું. વસ્તુપાલે લાટના શંખને હરાવી ખંભાતને ભયમુક્ત કર્યું. ખંભાતનો વહીવટ પોતાના પુત્ર જયંતસિંહને સોંપીને તે પોતે

ધોળકા આવ્યો. રાજા શંખનું પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત થયું. રાજાવીર ધવલે વસ્તુપાલનું સન્માન કર્યું હતું.

ગૌધરા (અર્વાચીન ગોધરા)નો સામંત રાજા ધૂંધલું ગુજરાતમાં આવતી વેપારી વણઝારોને વારંવાર લૂંટતો હતો. વીરધવલે પોતાના મંત્રી તેજપાલને તેની સામે મોકલ્યો. બંને વચ્ચે થયેલા યુદ્ધમાં તેજપાલે વિજય મેળવી ધૂંધલુને કેદ કર્યો હતો. આ વિજયમાં વસ્તુપાલની વ્યૂહરચનાને મોટો ભાગ ભજવ્યો હતો.

દિલ્હીમાં સુલતાન અલ્તમશ શમ્સુદ્દીને મેવાડ પર આક્રમણ કરી રાજધાની નાગદામા લૂંટફાટ કરી પ્રજા પર કાળો કેર વર્તાવ્યો, ત્યારે તે ત્યાંથી ગુજરાત પર આક્રમણ કરે તે પહેલા વીર ધવલે મુત્સદીગીરીથી પાછો કાઢ્યો. ત્યાર પછી વસ્તુપાલે બગદાદના ખલીફા પાસે બનાવટી રાજદૂત મોકલી અલ્તમશ પર ખલીફાની નારાજગી ઉતારી. વીરધવલે તેને ભગાડ્યો અને વસ્તુપાલે તેના ગુરુઓને બાનમાં રાખી તેને હંમેશને માટે લાચાર બનાવ્યો. વસ્તુપાલે આબુના રાજા ધારાવર્ષ દેવની મદદથી મુસલમાનોને હાંકી કાઢ્યા અને સુલતાન અલ્તમશની માતાને સુખ સગવડ સાથે મક્કાની હજ કરાવી. બુદ્ધિપૂર્વક ગુજરાત પરના મુસલમાનોના આક્રમણને અટકાવ્યું. વસ્તુપાલે સૌરાષ્ટ્રમાં વંથલીના ઠાકોર સાંગલેની સામે યુદ્ધ કરીને તેને હરાવી પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કર્યું હતું. કચ્છના ભદ્રેસરના રાજા ભીમસિંહને હરાવી ભદ્રેશ્વરને જીતી લીધું હતું.

મહાઅમાત્ય વસ્તુપાલ અને મંત્રી તેજપાલે ધોળકાની સત્તા તથા અણહીલવાડ પાટણના રાજ્યને શક્તિશાળી બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

## 15.5 વહીવટીતંત્ર

વસ્તુપાલ અને તેજપાલે તેમના સંગીન વહીવટ દ્વારા ગુજરાત રાજયને વ્યવસ્થિત કર્યું હતું. ડૉ. હરીપ્રસાદ શાસ્ત્રી લખે છે કે, "મહાઅમાત્ય વસ્તુપાલ અને મંત્રી તેજપાલે લવણપ્રસાદ – વીરધવલના રાજ્યને વ્યવસ્થિત કરવામાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો." વસ્તુપાલે તેના ખંભાતના વહીવટ દરમિયાન અધિકારીઓએ કરેલ અન્યાયને દૂર કરી, ચાંચિયાગીરી અટકાવી દીધી તેને આજુબાજુના પ્રદેશમાંથી બાકી રહેલ મહેસૂલ વસૂલ કર્યું હતું. તેણે ગામડાના કેટલાંક અન્યાયી અને જૂલ્મી મુખીઓને શિક્ષા કરી પ્રજાને સુંદર વહીવટ આપ્યો. અને પ્રજાના કલ્યાણ માટે ઉપયોગી કાર્યો કર્યા. વસ્તુપાલ અને તેજપાલ કુશળ વહીવટકર્તા હતા.

**(ક) તમારી પ્રગતિ ચકાસો**

1. લગભગ દસ લીટીમાંવસ્તુપાલ અને તેજપાલના વિજયો જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

__________________________________________

____________________________________________

**2. ક્યું વિધાન સાચું છે (√) કે ખોટું (X) નિશાન કરો.**

1 વસ્તુપાલ અને તેજપાલ ઓસ્વાલ જ્ઞાતિના એક સમૃદ્ધ કુટુંબમાં જન્મ્યા હતા.

2 સોમેશ્વરે કીર્તિ કૌમૂદી નામે ગ્રંથની રચના કરી.

3 અશ્વરાજના અવસાન પછી કુમારદેવીના પોતાના બાળકોને લઈને માંડલ રહેવા ચાલી ગઈ.

4 વસ્તુપાલ અને તેજપાલે પોતાનું બાળપણ સંહાલકપુરમાં વિતાવ્યું હતું.

## 15.6 સાહિત્ય સર્જન માટે પ્રેરક અને પોષક વસ્તુપાલ

વાસ્તુવિદ્યાના પ્રેરક પોષક વસ્તુપાલ અનેક સર્જકોના પણ પ્રેરણા અને આશ્રયસ્રોત હતા. અનેક સર્જકોને તેમણે પ્રોત્સાહન આપેલું. સંસ્કૃત પાકૃત અને અપભ્રંશ ભાષામાં વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં તેમના સમયે નોંધપાત્ર સર્જન થયાના પુરાવાઓમળે છે. વસ્તુપાલની આસપાસ સાહિત્ય સર્જકનું એક મોટું વૃંદ હતું. આમાંના દસ બાર સર્જકોનું પ્રદાન તો સીમાસ્તંભરૂપ છે. સોમેશ્વર , હીરહર, યશોવીર અને જયસિંહ સુરીનું પ્રદાન ખુબ જ વખણાયું છે. એમના સમય દરમિયાન ઐતિહાસિક, પૌરાણિક મહાકાવ્યો, નાટકો, પ્રબંધો, રાસાઓ, ધર્મકથાસંગ્રહો, પ્રશસ્તિઓ, સ્ત્રોતો જેવાં સાહિત્ય સ્વરૂપો ઉપરાંત, વ્યાકરણ ન્યાય, અલંકાર, છંદ, ટીકાઓ, અને જ્યોતિષ વિદ્યા જેવાં વિષયોમાં પાયાના અને ચિરસ્મરણીય ગ્રંથો રચાયા. વસ્તુપાલના સમયમાં અનેક પ્રાંતોમાંથી સાહિત્ય સર્જકો મુલાકાતે આવતા અને તેમાંથી કેટલાય આશ્રિત બનીને રહી જતા. કેટલીય ઉત્તમ સાહિત્ય કૃતિઓની લહિયાઓ દ્વારા નકલ કરાવીને તેઓ પોતાના સમૃદ્ધ ગ્રંથાલયમાં વસાવી પોતાના સાહિત્ય પ્રેમી વ્યક્તિત્વની ઝલક આપી છે.

## 15.7 વસ્તુપાલનું સાહિત્યના ક્ષેત્રે યોગદાન

મહામાત્ય વસ્તુપાલ ફક્ત એક વીરપુરુષ હતો, એટલું જ નહિ પણ એ એક પ્રખર વિદ્વાન અને કવિ હતો. સામાન્ય રીતે કવિઓનો આશ્રયદાતા પોતે પણ કવિ હોય

છે. વસ્તુપાલ પણ આવો જ એક કવિ અને કવિઓનો આશ્રયદાતા હતો. તેની સાહિત્ય કૃતિઓથી પ્રભાવિત થઈને કવિઓને એને કુર્ચાલ સરસ્વતી, કવિકુંજર, કવિ ચક્રવર્તી, સરસ્વતીનો ધર્મપુત્ર વગેરે બિરુદો આપ્યા હતા. પ્રબંધચિંતામણીમાં સરસ્વતી કંઠાભારણ, લઘુ ભોજરાજ, મહાકવિ વગેરે બિરુદો જોવા મળે છે. વસ્તુપાલનું કવિતામાં નામ વસંતપાલ હતું.

વસ્તુપાલે પોતે પણ કેટલીક કૃતિઓ રચી છે. શેત્રુંજય પર આદિનાથનું દર્શન કરી મળેલી પ્રેરણાથી એણે પહેલું સ્રોત્ર ‘આદિનાથ સ્તોત્ર’ રચ્યું. નરનારાયણા નામે સુંદર મહાકાવ્ય રચી શ્રેષ્ઠ કવિ તરીકેની પોતાની કીર્તિ એમણે ચારેબાજુ ફેલાવી આ ઉપરાંત તેણે નેમિનાથ સ્તોત્ર, અંબિકા સ્તોત્ર તેમજ અનેક સૂક્તિઓ રચી છે. શેત્રુંજયની યાત્રા વખતે પોતાનો અંતકાળ નજીક જણાતા તેણે પોતાનું અંતિમ કાવ્ય ‘આરાધના’ રચ્યું.

વસ્તુપાલના સાહિત્યમંડળમાં ચૌલુક્ય રાજપુરોહિત સોમેશ્વર અગ્ર સ્થાન ધરાવે છે. ‘સુરથોત્સવ’ અને ‘કીર્તિકૌમૂદી’ નામે બે મહાકાવ્યો તેણે રચેલા છે. જે અનુક્રમે ગૌડી તેમજ વૈદર્ભી શૈલીમાં રચાયેલા છે. આ કાવ્યોમાં વસ્તુપાલની કીર્તિ તેમજ ગુણોની પ્રશંસા છે.

અમરચંદ્રસૂરિ નામના એક લેખકે પણ એક મહાકાવ્ય રચ્યું છે. આદિનાથના ચરિત્રને લગતું છે. તે સિવાય ચોવીસે તીર્થંકરોના ચરિત્રોને સંક્ષેપમાં નિરૂપતી એક કૃતિ પણ રચી છે. કવિપ્રવર સુભટે ‘દૂંતાંગદ' નામે છાયા નાટક રચ્યું છે. જે રાજા ત્રિભુવનપાળની આજ્ઞાથી અણહિલવાડમાં શિવના દોલોત્સવ પ્રસંગે ભજવાયું હતું.

વસ્તુપાલના સાહિત્ય મંડળમાં અરીસિંહનું નામ પ્રસિદ્ધ છે. તેમણે રચેલા સુભાષિતો ગુજરાતની બહાર પણ પ્રસિદ્ધ હતા. ‘સુકૃત સંકિર્તન’ એ અરીસિંહની પ્રખ્યાત કૃતિ છે. તેમાં તેણે વસ્તુપાલના ગુણો ગાયા છે. ઉદયપ્રભસૂરીએ ‘સુકૃત કીર્તિ કલ્લોલિની’, પાલ્હણપુત્ર નામના કવિએ ‘આબુરાસ’ રચ્યો છે. જેમાં વસ્તુપાલ અને તેજપાલે બંધાવેલા મંદિરોનું વર્ણન કરવામાં આવ્યું છે. નરચંદસૂરી પણ વસ્તુપાલના ગુરુ હતા, જેમણે વસ્તુપાલને ન્યાયવ્યાકરણ અને સાહિત્યનું જ્ઞાન આપ્યું હતું. તેમણે પણ ‘પ્રાકૃતબોધ’ અને ‘નારચંદ્ર જ્યોતિસાર’ નામે ગ્રંથ લખ્યા છે. તેઓ સંગીત શાસ્ત્રમાં કુશળ હતા. વસ્તુપાલે ગિરનાર પર જે મંદિરો બંધાવ્યા છે તેના વિશે એમને કરેલી પદ્ય રચનાઓ શિલાલેખમાં આપી છે. નરેન્દ્રસુરિના શિષ્ય નરેન્દ્ર પ્રભસૂરિએ પણ કાવ્યશાસ્ત્રને લાગતો ગ્રંથ ‘અલંકાર મહોદધિ’ લખ્યો છે. તેમને વિવેક કુલિકા નામે સૂક્તિસંગ્રહ રચ્યા છે. તેમણે વસ્તુપાલના બે પ્રશસ્તિ કાવ્યો પણ રચ્યા છે.

વસ્તુપાલના કુટુંબીજનોમાં તેજપાલ, તેજપાલની પત્ની અનુપમા, પોતાનો પુત્ર જયંતસિંહ વગેરે પણ સારા કાવ્યો રચી જાણતા હતા. તેજપાલની પત્ની અનુપમાએ 'કંકણ' કાવ્ય રચ્યું તે ષડદર્શન માતા તરીકે ઓળખાતી હતી.

વસ્તુપાલ-તેજપાલના ગુરુ વિજયસેનસૂરિએ ગુજરાતી ભાષામાં 'રેવંતિ ગિરિરાસુ' નામનું કાવ્ય રચ્યું છે. આ ઉપરાંત કવિ યશોધર, સોમાદીત્ય, વૈરસિંહ, કમલાદીત્ય, જયદેવ, વિકલ કૃષ્ણસિંહ, શંકર સ્વામી વગેરે વસ્તુપાલના આશ્રિત કવિઓ હતા. આમાં વસ્તુપાલ અને તેજપાલ વિદ્યા અને સંસ્કારના પુજારી હતા તેમણે ભારતના સાહિત્યને સમૃદ્ધ કર્યું.

## 15.8 વસ્તુપાલની ધર્મયાત્રાઓ :- ધાર્મિકનીતિ

વસ્તુપાલે પોતાના કુટુંબીજનો સાથે અને સંઘ સાથે અનેક ધર્મયાત્રાઓ કરીને ઈશ્વર તરફની ઊંડી શ્રદ્ધાનું દર્શન પણ વસ્તુપાલે કરાવ્યું છે. તેણે પિતા આશરાજ સાથે ઈ.સ. 1193માં શેત્રુંજય અને ગિરનારની યાત્રા કરેલી. મંત્રી પદે નિયુક્તિ થયા પછી પણ ઈ.સ 1221, 1234, 1235, 1236, અને 1237ના વર્ષો દરમિયાન શત્રુંજય અને ગિરનારની યાત્રાઓ સંઘ સાથે કાર્યમાં ઉલ્લેખો મળે છે. માત્ર કુટુંબીજનો સાથે ઈ.સ. 1227,1228,1229,1230,1231,1232, અને 1233માં શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. છેલ્લી ઈ.સ. ૧૨૪૦ની શત્રુંજય યાત્રા દરમિયાન રસ્તામાં જ એનું નિધન થયેલું. વસ્તુપાલની આ બધી ધર્મયાત્રાઓમાંથી ઈ.સ.1221ની સંઘ સાથેની યાત્રા સૌથી વધુ મહત્વ ધરાવનારી અને પ્રભાવ પાડનારી હશે એવું માનવામાં આવે છે. ધર્મનિષ્ઠ મંત્રી તરીકેની તેમના વ્યક્તિત્વની જનસમુદાય પર ખુબ પ્રભાવ પડી ગયો હશે. પ્રાચીન સાહિત્યમાં તેમણે સાડા બાર યાત્રાઓ કરી હોવાનું નોંધાયું છે.

વસ્તુપાલ અને તેજપાલ જૈનધર્મના મોટા પ્રભાવક હતા. ઉદાર અને સહિષ્ણુ રાજાઓ હતા. તેમણે બીજા ધર્મો પ્રત્યે પણ સમભાવ દાખવ્યો હતો. તેણે ધોળકામાં ગણેશ્વર મંદિરનો દરવાજો સમરાવ્યો હતો. આ જૈનમંત્રીઓએ બ્રાહ્મણોને દાન આપવામાં બાકી રાખ્યું નથી. તેમણે મુસલમાનોને પણ હજ કરવા જવા ઘણી સગવડો આપી હતી.

## 15.9 શિલ્પ અને સ્થાપત્યક્ષેત્રે વસ્તુપાલ-તેજપાલનું પ્રદાન

વસ્તુપાલ અને તેજપાલ દ્વારા નિર્માણ પામેલ સ્થાપત્ય રચનાઓ એમની સર્વધર્મ સમભાવી અને બહુજન સુખાય વૃત્તિનું ઉદાહરણ પૂરું પાડે છે. તેમના દ્વારા

નિર્માણ પામેલી સ્થાપત્ય રચનાઓમાં બહુ થોડા અવશેષો અત્યારે પ્રાપ્ત છે. પરંતુ અનેક પુરાવાઓના આધારે વિખ્યાત પુરાતત્વવિદ્દ ડૉ. મધુસૂદન ઢાંકી અને હરિપ્રસાદ શાસ્ત્રીએ સંશોધન કરીને તૈયાર કરેલ લેખ 'વસ્તુપાલ-તેજપાલની કિર્તનાત્મક પ્રવૃત્તિઓ' (સ્વાધ્યાય- વર્ષ 1964- પુસ્તક-4, પરૃં.305 થી 320)માં સમગ્ર ભારતમાં પથરાયેલા વિવિધ પ્રકારના શિલ્પ સ્થાપત્યો સિત્તેર જેટલા સ્થળે હતા. એનો વિગતે પરિચય કરાવેલ છે. તેમના દ્વારા નિર્માણ પામેલી વિવિધ રચનાઓમાં (૧) નગરનિર્માણ (૨) દુર્ગ (૩) પદ્દાક કુંડ, વાપી, કૂપ, પ્રપા અને તકમંડળીકા જેવાં જળાશયો (૪) જૈન દેવાલયો, શિવમંદિરો, હિંદુ દેવી દેવતાઓના મંદિરો, મસ્જિદ, (૫) જૈન બ્રાહ્મણીય દેવકુલિકાઓ, (૬) મંડળો (૭) તોરણ, સ્તંભ, પ્રતિ હસ્તક અને ઉત્તન પટ્ટ જેવાં સ્થાપત્યો, (૮) જૈન-બ્રાહ્મણીય દેવીદેવતાઓની પ્રતિમાઓ, (૯) જૈન- બ્રાહ્મણીય મંદિરોના જીર્ણોદ્ધારો, (૧૦) શુલ્ક મંડળીઓ, હટ્ટીકાઓ અને વાટિકાઓ, (૧૧) સુવર્ણ દંડકલશાધિકરોપણ, વગેરે મુખ્ય છે. તેમના દ્વારા નિર્માણ પામેલી આ રચનાઓમાંથી વસ્તુપાલની સમાજોપયોગી અને સર્વધર્મ પ્રત્યેની આદરભાવના સૌંદર્યદ્રષ્ટિના દર્શન થાય છે.

વસ્તુપાલ અને તેજપાલ જૈનધર્મના મહાન ઉપાસક હતા. તેથી તેમણે અનેક જૈન મંદિરો બંધાવ્યા હતા. તેમણે ગુજરાતમાં ઠેર ઠેર ધર્મસ્થાનો બંધાવ્યા. તેમાં આબુ, અણહિલવાડ, તારંગા, ડભોઇ, ખંભાત, ભરૂચ, વગેરેમાં બંધાવેલા ધર્મસ્થાનો મુખ્ય છે. તેમણે નવા મંદિરો બંધાવ્યા અને જૂના મંદિરોનો જીર્ણોદ્ધાર કરી નવા કરાવ્યા. તેમણે કેટલાંક મંડપ અને ઉપાશ્રયો બંધાવ્યા. ગિરનાર અને આબુના મંદિરોએ વસ્તુપાલને અમર નામના અર્પી છે.

વસ્તુપાલ ગુજરાતમાં શેત્રુંજય પર્વત પર 'ઇન્દ્રમંડપ' ગિરનાર પર 'વસ્તુપાલ વિહાર' અને 'પાર્શ્વનાથમંદિર', ધોળકામાં 'આદિનાથમંદિર', 'પ્રભાસપાટણ'માં 'અષ્ટાંપ્રસાદ' વગેરે ચૈત્યો બંધાવ્યા.તેજપાલે ધોળકામાં 'નેમિનાથ મંદિર', પાટણમાં 'અશ્વરાજ વિહાર' આબુ પર 'નેમિનાથ મંદિર'– લુણવસિંહ પ્રભાસ પાટણમાં 'આદિનાથ વિહાર' વગેરે જૈન મંદિરો બંધાવ્યા હતા. તેમણે બંધાવેલ મંદિરોમાં ગિરનાર અને આબુ પરના મંદિરો આજે પણ જોવા લાયક છે. તેજપાલે બંધાવેલ મંદિરોમાં ગિરનાર ઉપરનું મહાતીર્થાવતારનાં મંદિર ખાસ નોંધપાત્ર છે. તેજપાલે પોતાની પત્ની અનુપમા દેવીની પ્રેરણાથી પોતાના નાનાભાઈ લુણીગની યાદમાં આબુ પર 'લુણવસિંહ' નામનું આરસનું ભવ્ય મંદિર ઈ.સ ૧૨૩૦માં બંધાવ્યું. આ મંદિર શોભનદેવ નામે શિલ્પીએ બાંધ્યું હતું. આ મંદિરની કોતરણી, ગૂઢમંડપ, નવચોકીઓ, રંગમંડપ, ગોખલા, ફેરીઓ, વગેરે સુશોભિત છે. આજે પણ લોકો આ મંદિરના દર્શન માટે આબુ પર આવે છે. આ મંદિર એના શિલ્પ વૈભવને

લીધે વસ્તુપાલને, ગુજરાતને અને ભારતને કીર્તિ અપાવે છે. તેમજ ભારતની ઉત્તમ કલાકૃતિઓમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. આમ વસ્તુપાલમાં આપણને અદ્દભૂત ધર્મપ્રેમના દર્શન થાય છે.

વસ્તુપાલની માફક એનો નાનોભાઈ તેજપાલ પણ વીરધવલના રાજ્યમાં મહત્વનું સ્થાન ધરાવતો હતો.

## 15.10 વસ્તુપાલ અને તેજપાલનું ગુજરાતના ઇતિહાસમાં સ્થાન

મહાઅમાત્ય વસ્તુપાલ અને મંત્રી તેજપાલે લવણપ્રસાદ વીરધવલના રાજયને શક્તિશાળી બનાવવામાં ઘણો નોંધપાત્ર ભાગ ભજવ્યો. આ બંને વણિક બંધુઓ મધ્યકાલીન ગુજરાતની મહાન વિભૂતિઓ હતી. તેઓ શસ્ત્ર અને શાસ્ત્રમાં પારંગત હતા. તેમણે પોતાના ધનનો ઉપયોગ ગુજરાતમાં મોટા મંદિરો બાંધવામાં કર્યો એ મંદિરોએ આજે પણ વસ્તુપાલને અમર બનાવ્યો છે. ગુજરાતના રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે આ વણિક બંધુઓનો ફાળો નોંધપાત્ર છે. તેમણે પોતાની બુદ્ધિ પ્રતિભાથી ગુજરાતનું નામ રોશન કર્યું. તેઓ મુત્સદી, દીર્ઘદ્રષ્ટિવાળા, સાહિત્યપ્રેમી તથા ઉદાર હતા. સોલંકીકાળના અંતભાગમાં ગુજરાતમાં જૈન ધર્મને લોકપ્રિય બનાવવામાં તેમનો ફાળો મહત્વનો છે. તેમણે વિદ્યા અને સાહિત્યને ઉત્તેજન આપ્યું. ગુજરાતમાં સ્થાપત્યકાળનો દ્વિતીય સુવર્ણયુગ એટલે વસ્તુપાલ-તેજપાલનો સમય.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

1. લગભગ દસ લીટીમાં વસ્તુપાલનું સાહિત્યક્ષેત્રે યોગદાન જણાવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

______________________________________

2. લગભગ દસ લીટીમાં વસ્તુપાલનું શિલ્પ-સ્થાપત્યક્ષેત્રે પ્રદાન જણાવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

______________________________________

**(2) નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે કે ખોટા નિશાની કરો.**

1 વસ્તુપાલની આસપાસ સાહિત્ય સર્જકોનં એક મોટું વૃંદ હતું.
2 વસ્તુપાલની ધર્મયાત્રાઓમાં ૧૨૪૦ની સૌથી મહત્વની છે.
3 વસ્તુપાલે મીનલદેવીની પ્રેરણાથી આબુ પર લુણવસહી નામે મંદિર બંધાવ્યું.
4 વસ્તુપાલે બંધાવેલ મંદિરોમાં ગિરનાર પરનું 'મહાતીર્થાવતાર'નું મંદિર ખાસ નોંધપાત્ર છે.

## 15.11 સારાંશ

માત્ર બે ત્રણ દાયકા જેટલા ટૂંકા સમયગાળા દરમિયાન સમગ્ર ભારતમાં પોતાના કાર્યોથી ચિરંજીવ સ્થાન પામનાર વસ્તુપાલ-તેજપાલે બહુમુખી પ્રતિભા ધરાવનારા અત્યંત તેજસ્વી મહાપુરુષોમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વસ્તુપાલ અને તેજપાલે યુદ્ધોમાં મેળવેલા વિજયો, રાજવહીવટ, ધર્મયાત્રાઓ, સાહિત્યસર્જન, વિદ્વાનોને પ્રોત્સાહન, ધાર્મિક સહિષ્ણુતા, કલા સ્થાપત્યના ક્ષેત્રે અનેક નોંધપાત્ર બાંધકામો કરીને ૨૦ વર્ષ સુધી ધોળકાના રાજવંશની સેવા કરી, પોતાનું સમગ્ર જીવન કલા-સ્થાપત્ય અને સાહિત્ય પાછળ ખર્ચી કાઢ્યું. આ કલા રસિક તેમજ સાહિત્યરસિક રાજવીનું ઈ.સ ૧૨૪૦માં અવસાન થયું અને તેજપાલનું મરણ ઈ.સ. ૧૨૫૨માં થયું. આજે પણ ગુજરાત વસ્તુપાલ અને તેજપાલનું અનેકક્ષેત્રે ઋણી છે. તેમ કહેવામાં જરા પણ ખોટું નથી.

## 15.12 ચાવીરૂપ શબ્દો

પ્રશસ્તિ – અતિશયોક્તિ પૂર્ણ વર્ણન/ કોઈના વખાણ માટે લખાયેલ કાવ્ય
શ્રેષ્ઠી – વેપારી માટેનો સામાન્ય શબ્દ
મંડપ – મંદિર કે મસ્જીદમાં છત બાંધેલી જગ્યા
અંતરાલ – મંદિરના ગર્ભગૃહની આગળનો ભાગ
મંડલ – વહીવટી વિભાગ
સામંત – સમ્રાટ કે મહાન શાસકના ખંડિયા જાગીરદાર
ભંડાર – જૈન ગ્રંથાલય
પ્રબંધ – ઐતિહાસિક બાબતોની સાથે દંતકથાઓ, રહસ્યકથાઓ તથા કાલ્પનિક હકીકતોવાળુ સાહિત્ય
દાનપત્ર – હક્ક દર્શાવતું કરારનામું
મંત્રી – પ્રધાન

ભાટચારણ – જે પોતાના આશ્રય દાતાની પ્રશંસા કરતો ગીતો રચીને ગાતો અને ભટકતો માણસ

## 15.13તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(ક) (૨) (1) x (2) ✓ (3) ✓ (4)✓

(ખ) (1) ✓ (2)✓ (3) x (4) x (5) ✓

## 15.14 સંદર્ભગ્રંથો


1 ડૉ. ભોગીલાલ સાંડેસરા ; 'મહાઅમાત્ય વસ્તુપાલનું સાહિત્યમંડળ- અમદાવાદ 1957

2 ડૉ. બલવંત જાની, મહામાત્ય વસ્તુપાલ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ,1992

3 સંપાદકો: પરીખ રસિકલાલ છોટાલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાપ્રસાદ, ગુ.રા.સાં.ઈ.ગ્રંથ-4 સોલંકીકાલ, ઈ.સ 1976 ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ

4 આચાર્ય ડૉ. નવીનચંદ્ર આ. ગુજરાતનો સોલંકી કાલીન ઇતિહાસ, યુનિ.ગ્રંથ. નિર્માણ, બોર્ડ, અમદાવાદ-1973

5 મુનશી ક.મા. ચક્રવર્તી ગુર્જરો, ભારતીય વિદ્યાભવન. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય . 1866, અમદાવાદ

6 જો ટે. ર. ભી. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૨ અમદાવાદ

7 બ્રહ્મક્ષત્રિય મુકુન્દભાઈ પી. અણહિલપુરની અસ્મિતા અને પાટણનો સાંસ્કૃતિક ઇતિહાસ, 1996, પાટણ

8 બ્રહ્મક્ષત્રીય મુકુન્દભાઈ પી. ધન્ય ધરાપાટણની ઈ.સ 2000, પાટણ

9 ડૉ. આર. કે. ધારૈયા, ગુજરાતનો ઇતિહાસ સી. જમનાદાસ, અમદાવાદ

10 ગુજરાતનો ઇતિહાસ પોપ્યુલર પ્રકાશન, સુરત. 2010-2011

11 ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, પોપ્યુલર પ્રકાશન – સુરત

12 જ્ઞાનાંજલી, મુનિ પુણ્ય વિજયજી, વડોદરા

# એકમ- 16 સોલંકી વાઘેલા સમયની આર્થિક, સામાજિક સ્થિતિ અને સાંસ્કૃતિક સ્થિતિ

:: રૂપરેખા ::

**16.0 ઉદ્દેશો**

**16.1 પ્રસ્તાવના**

**16.2 સોલંકી વાઘેલા સમયની આર્થિક સ્થિતિ**

**16.2.1 ખેતીવાડી**

**16.2.2 ઉધોગ-ધંધા**

**16.2.3 વેપાર-વાણિજય**

**16.2.4 વાહનવ્યવહાર**

**16.2.5 તોલમાપ-વિનિમય સિક્કા**

**16.2.6 લોકોની આર્થિક સ્થિતિ**

**16.3 સોલંકી વાઘેલા સમયની સામાજિક સ્થિતિ**

**16.3.1 વર્ણ-વર્ગ-જ્ઞાતિ**

**16.3.2 લગ્ન, પુર્નલગ્ન-સતીપ્રથા**

**16.3.3 આચાર-વિચાર-નીતિમત્તાનું ધોરણ**

**16.3.4 ખોરાક - પોષાક**

**16.3.5 શૃંગાર-અલંકાર**

**16.3.6 ઉત્સવ, રમતો, નાટ્યપ્રયોગો**

**16.3.7 વહેમો તથા ચમત્કારો**

**16.4 સોલંકી વાઘેલા સમયની સાંસ્કૃતિક સ્થિતિ**

**16.4.1 ભાષા તથા શિક્ષણ**

**16.4.2 સાહિત્ય અને સાહિત્યકારો**

**16.4.3 હેમચંદ્રાચાર્ય અને તેમનું શિષ્યમંડળ**

16.4.4 વસ્તુપાલનું સાહિત્યમંડળ
16.4.5 સ્થાપત્ય અને અન્ય કલાઓ
16.4.6 શિલ્પ તથા મૂર્તિવિધાન કલા
16.4.7 ચિત્રકલા
16.5 ધાર્મિક સ્થિતિ
16.5.1 શૈવ-સંપ્રદાય
16.5.2 વૈષ્ણવ-સંપ્રદાય
16.5.3 સૂર્યપૂજા અને શક્તિપૂજા
16.5.4 જૈન ધર્મ, તેનું પ્રાબલ્ય
16.5.5 એકંદરે ધાર્મિક સ્થિતિ
16.6 સમાપન
16.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
16.8 ચાવીરૂપ શબ્દો
16.9 સંદર્ભગ્રંથ

## 16.0 ઉદ્દેશો

- સોલંકી વાઘેલા સમયની આર્થિક, સામાજિક સ્થિતિ અને સાંસ્કૃતિક સ્થિતિનો યોગ્ય ખ્યાલ મેળવી શકશો.
- સોલંકી વાઘેલા સમયમાં ગુજરાતમાં ખેતીવાડી-ઉદ્યોગ-ધંધા-વેપાર-વાણિજય-વાહનવ્યવહાર-તોલમાપ-વિનિમય, સિક્કા તથા લોકોની આર્થિક સ્થિતિ અને ગુજરાતની સ્મૃદ્ધિનો ઇતિહાસ જાણવો જરૂરી છે.
- ઇતિહાસના વિદ્યાર્થી તરીકે સોલંકી વાઘેલા સમયમાં ગુજરાતની સમાજ વ્યવસ્થા, પ્રચલિત વર્ણવ્યવસ્થા, જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ અંગેનો ઇતિહાસ જાણે.

## 16.1 પ્રસ્તાવના

સોલંકી સમયની આર્થિક સ્થિતિની માહિતી વિશેષ કરીને અભિલેખો, હેમચંદ્રાચાર્યનાં પુસ્તકો તથા પ્રવાસીઓની પ્રવાસ નોંધોમાંથી પ્રાપ્ત થઈ છે. આ સાધનોના જણાવ્યા પ્રમાણે સોલંકી-વાઘેલા સમયમાં ગુજરાતમાં ખેતીવાડી-

ઉધોગ-ધંધા-વેપાર-વાણિજય-વાહનવ્યવહાર-તોલમાપ-વિનિમય વગેરે સમુદ્ધ હતા. અનેક પ્રકારના પાક થતાં, કાપડ-ઉદ્યોગ ખૂબ ખીલેલો હતો. કેટલાંક વેપારીઓ મોટા પાયા ઉપર વેપાર ખેડતા તથા અમુક સારા બંદરો પણ આ યુગમાં હતા.આ સમયની ખેતી અંગે મુસ્લિમ પ્રવાસી અબ્દુલ્લા વસફ લખે છે કે, 'ગુજરાતમાં ચારે ઋતુમાં જુદા જુદા ફૂલ થાય છે. ખેતરોમાં જુદા જુદા પ્રકારનું અનાજ પાકે છે. શિયાળામાં પણ ખેતરો અનાજથી લહેરતા દેખાઈ છે. જમીનમાં રૂના છોડ સારી રીતે દેખાય છે.' પ્રબંધોમાં ગુજરાતનું વર્ણન આ પ્રમાણે આપવામાં આવ્યું છે, 'આ દેશની ભૂમિ સર્વ પ્રકારના ધાન્યો જેવાં કે મગ, તુવેર, અડદ, ઘઉં, ચોખા, જુવાર વગેરે ઉત્પન્ન કરવા સમર્થ છે. ત્યાં અનેક પ્રકારના ફળો તથા ફૂલો થાય છે. ગુજરાતનાં વેપારીઓ ઘણા બંદરોમાં પોતાનો વેપાર ખેડે છે અને અઢળક ધન પોતાના દેશમાં લાવે છે. ગામેગામ અન્નક્ષેત્રો છે. આ પ્રદેશમાં આવેલા ગામડાઓ અને શહેરો અતિશય વૈભવવાળા છે.' આ પરથી જણાય છે કે પ્રાચીન સમયમાં ગુજરાત એક સમૃદ્ધ હતો.

## 16.2 સોલંકી વાઘેલા સમયની આર્થિક સ્થિતિ

### 16.2.1 ખેતીવાડી

સમકાલીન સાધનોના જણાવ્યા પ્રમાણે સોલંકી-વાઘેલા યુગમાં હાલની માફક ખેતી હળથી થતી. લગભગ બધી જાતના પાક થતાં. ડાંગર, ઘઉં, કઠોળ, ફળ, ફૂલ, શાકભાજી વગેરોનું ઉત્પાદન સારા પ્રમાણમાં થતું. જમીનની ફળદ્રુપતા અને તેને અનુરૂપ પાણી બારેમાસ મળી રહેતું હોવાથી શિયાળુ, ઉનાળુ અને ચોમાસુ, એમ ત્રણેય ઋતુના પાક લેવાતા. વિવિધ પ્રકારના ચોખા, ઘઉં, કઠોળ વગેરેનો ઉલ્લેખ અગત્યનો, પ્રવાસીઓ તથા હેમચંદ્રાચાર્યએ કર્યા છે. કઠોળમાં ચણાનું ઉત્પાદન વિશેષ પ્રમાણમાં થતું. શેરડી પણ પાક હતો, તેમાંથી ગોળ, ખાંડ તથા સાકર બનાવવામાં આવતી. કપાસ, ગળી, સોપારી, કેરી, નાળિયેરી વગેરેનું વાવેતર સામાન્ય હતું. માંગરોળ-ચોરવાડ પ્રદેશમાં નાગરવેલના પાનની પેદાશ મોટા પ્રમાણમાં થતી અને દરેક વર્ગના લોકો તેનો છૂટથી ઉપયોગ કરતા. કેરી, દાડમ, સંતરા, નારંગી, સીતાફળ, કેળાં થતાં અન્ય પ્રકારના ફળો થતાં.લગભગ 70 પ્રકારના ફૂલો ઉગતા. ચોરોથી ખેતીનું રક્ષણ કરવા કુતરા રાખવામા આવતા, જયારે પક્ષીઓથી પાકનું રક્ષણ કરવા ખેતરોમાં ચાડિયા ઊભા કરવામાં આવતા.

### 16.2.2 ઉદ્યોગ-ધંધા

ઉદ્યોગ-ધંધામાં કાપડ, હસ્તકલા, ચામડું, ખાંડ, સ્થાપત્ય, લોખંડ અને અન્ય ધાતુઓ વગેરેના ઉદ્યોગ વિશેષ વિકસ્યા હતા. કાપડ-ઉદ્યોગ ખીલેલો હતો. ભરૂચ, ખંભાત તથા પાટણ કાપડ-ઉદ્યોગના મોટા કેન્દ્રો હતા. ભરૂચનું કાપડ 'બરોજી' તથા ખંભાતનું કાપડ 'કંબાયતિ'; તરીકે વિખ્યાત હતું. તેની દેશ-વિદેશોમાં મોટી માંગ રહેતી, ભરૂચ તથા ખંભાત બંદેરેથી બંને પ્રકારની કાપડની મોટા પાયા પર નિકાસ થતી. પાટણના પટોળાં પણ ખૂબ જાણીતા હતા. કાપડ ઉપરાંત જાત જાતના અન્ય ગૃહ ઉદ્યોગો પણ થતાં હતાં. ભરતગૂંથણ, ચિત્રકામ વગેરે પણ ખૂબ પ્રચલિત હતા. મેરુતુંગ, હેમચંદ્રાચાર્ય વગેરેના કથન મુજબ શેરડીમાંથી ગોળ, ખાંડ, સાંકર વગેરે બનાવવાનો ઉદ્યોગ જાણીતો હતો. શેરડીને પિલવાના સંચાને કોલ્હુ (કોલૂ) કહેતા. ખાંડમાંથી અનેક પ્રકારની મીઠાઈઓ બનાવતી. પશુપાલનનો ઉદ્યોગો પણ ખૂબ વિકસેલો હતો. ઘેંટા-બકરા, ભેંસો, બળદો વગેરેના ચામડાનો ઉદ્યોગો પ્રચલિત હતો. અને તેની મોટા પાયા ઉપર નિકાસ પણ થતી હતી. ખંભાતના જોડાની માંગ ખૂબ રહેતી. ચામડામાથી પખાલ, બાલદી, કૂપી વગેરે બનાવવામાં આવતા. ઉપરાંત રંગબેરંગી પશુ-પક્ષીઓની આકૃતિવાળા મનોહર ગાલીચા, સાદડીઓ, ઓશિકા વગેરે પણ બનાવવામાં આવતા. આવી બનાવટોની દેશ-વિદેશમાં ઊચી કિંમત ઉપજતી.

આ સમયના પાટણ, ધોળકા, ખંભાત, ભરુચ વગેરે શહેરોના મકાનો,દૂર્ગો જળાશયો અને આ યુગના મંદિરોના બાંધકામો જોતાં સ્થાપત્યો, શિલ્પ, પથ્થરકામ, સુથારીકામ, લુહારીકામ વગેરેના ઉદ્યોગો ખીલ્યા હોવાની પ્રતીતિ થઈ છે. આબુ, ગિરનાર તથા અન્ય સ્થળોના દેવાલયો આ સમયની સાક્ષી પૂરે છે. આરાસુર પર્વત ઉપર લોખંડ ગાળવાનો ઉદ્યોગો ખીલ્યો હતો. પથ્થરો ફોડવાનો ઉદ્યોગો પણ જાણીતો હતો. લોખંડમાંથી હથિયારો તથા ઓજારો બનાવતા તથા ગૃહોપયોગી ચીજો તૈયારથતી. જાતજાતના વાસણો, કંસારના ઉદ્યોગોનો તે સમયનું અસ્તિત્વ સૂચવે છે. સોના-ચાંદીના દાગીનાનો બાહોળો ઉપયોગ, સોનીનો ધંધો ધીકતો હોવાનું દર્શાવે છે. નવસારી, સુગંધી પદાર્થો બનાવવાનું મોટું કેન્દ્ર હતું. કુંભાર, વણકર, દરજી વગેરેના ધંધાઓ પણ નોંધપાત્ર હતા. બાગ-બગીચાઓ, ફૂલ-ઝાડોના ઉલ્લેખો માળીના ધંધાની ઉપયોગિતા સૂચવે છે. પુરોહિત, જોશી, વૈધ, કંદોઇ, તંબોડી, ધોબી, નાઈ, મોચી, ઘાંચી, ઓડ, રંગાટી, કલાબ વગેરેના ધંધા પણ જાણીતા હતા. ગાયક ગણિકા વગેરેના ધંધાનો પણ સારા પ્રમાણમા નિર્દેશ જોવા મળે છે. જુદા જુદા ધંધાર્થીઓની (સંગઠનો)ના ઉલ્લેખ ખાસ નોંધપાત્ર કહેવાય. ઊંચા વર્ગના બુદ્ધિશાળી લોકો, સરકારી, અમલદારો અને રાજપુરૂષો ઊંચા ધંધો સ્વીકારતા.

### 16.2.3 વેપાર-વાણિજ્ય

વિવિધ પ્રકારના ધંધાઓ અને ઉત્પાદનના લીધે વેપાર-વાણિજ્ય પણ ખીલેલા હતા. સ્તંભતીર્થ (ખંભાત) અને ભૃગુકચ્છ (ભરૂચ) દેશ-વિદેશ સાથેનો વેપાર માટેના જાણીતા બંદરો હતા. વેરાવળ, માંગરોળ, સુરત, ગણદેવી, ગોપનાથ, દ્વારકા જેવાં નાના બંદરો પણ હતા. ખંભાત અને ભરુચથી કાપડ, કપાસ, ચામડું, મરી મસાલા, ખાંડ, ગળી, રંગ, સુગંધી પદાર્થો, ગૂગળ, લાખ, આંબળા વગેરની મોટા પાયા પર નિકાસ થતી. આમ ગુજરાતનાં વેપારીઓ પુષ્કળ ધન કમાતા. આ બંદરો મારફત વિદેશોમાંથી સોનું, ચાંદી, તાંબું, વગેરે ધાતુઓ, વિવિધ પ્રકારના દારુઓ, સુરમો, ઘોડા વગેરેની આયાત પણ થતી. ગુજરાતી વેપારીઓ ઈરાન,અરબસ્તાન, આફ્રિકા, ચીન, સિલોન, જાવા વગેરે દેશો સાથે દરિયાઈ વેપાર ખેડતા. ઈરાન વગેરે દેશોમાં જગડૂશા જેવા ગુજરાતીઓ વેપારીઓનો મોટો વેપાર ચાલતો. અફઘાનિસ્તાનમાં પણ ગુજરાતી વેપારીઓની પેઢી હતી. તેજ રીતે ઈરાન, અફઘાનિસ્તાન વગેરે દેશોના મુસ્લિમ વેપારીઓની પાટણ,સોમનાથ, ખંભાત, ભરૂચ વગેરે શહેરોમાં પેઢીઓ હતી. ગુજરાતનું વહાણવટું આ સમયે ખૂબ વિખ્યાત હતું. તથા ઘોઘા બંદર મોટું નૌકા મથક હતું. અમુક વેપારોનો રાજ્ય તરફથી ઇજારા આપતા. જુદા જુદા વેપારી-ધંધા અસ્તિત્વમાં હતા. તેઓ સામૂહિક વેપાર ઉપરાંત દાન-પુણ્યની પ્રવૃત્તિઓ કરતાં. રાજ્ય તરફથી તેમને ઉત્તેજન મળતું. ધર્મસ્થાનોના નિભાવ માટે રાજ્ય તથા વેપારી-સંઘો તરફથી વેપારીઓ પર અમુક લાગા (કર) નાખવામાં આવ્યા હતા.

### 16.2.4 વાહનવ્યવહાર

આ યુગના આર્થિક તથા સામાજિક જીવનમાં વાહનવ્યવહારના સાધનો પણ મહત્વના ભાગ ભજવતા. પશુઓ, ગાડા, પાલખી, રથ, હોડી વગેરેનો વાહનવ્યવહારમાં સાધનો તરીકે ઉપયોગ થતો. હાથી તથા ઘોડાના સૈન્યની શોભા ગણાતા. લશ્કરમાં હાથી તથા ઘોડાનો ઉપયોગ વધારે પ્રમાણમાં થતો. યુદ્ધ ઉપરાંત મહોત્સવ, રાજસવારી, શિકાર વગેરેમાં પણ હાથીઓનો ઉપયોગ સવિશેષ હતો. હસ્તીશાળા રાજમહાલયોનો મહત્વનો અંગ ગણાતું. હાથી પછી મહત્વનું સ્થાન ઘોડાનું હતું. તે લડાઈ ઉપરાંત મુસાફરીનું અગત્યનું સાધન હતું. તેનો ઉપયોગ સામાન્ય હતો. માલની હેરફેર કરવા માટે ઊંટ, બળદ, પાડા, ગધેડા વગેરેનો ઉપયોગ થતો. રાજાઓ, રાજરાણીઓ, સામંતો તથા તેમની સ્ત્રીઓ પાલખીઓનો ઉપયોગ છૂટથી કરતા હતા. રાજકુટુંબોના સભ્યો, અધિકારીઓએ, સામંતો તથા ધનિક વર્ગના લોકો રથનો પણ વાહન તરીકે ઉપયોગ કરતા હતા॰

શકટ (ગાડું) સામાન્ય ઉપયોગનું સાધન હતું. જળમાર્ગોમાં હોડીઓ તથા દૂરના જળમાર્ગોમાં વહાણોનો ઉપયોગ થતો.

### 16.2.5 તોલમાપ અને વિનિમય સિક્કાઓ

આ સમયમાં તોલમાપના નિશ્ચિત સાધનો વપરાતા. અનાજ, સુવર્ણ વગેરે તોલવા માટે નિશ્ચિત વજનો હતા. ઘી, તેલ વગેરે પ્રવાહી પદાર્થો માટે ચોક્કસ માપ હતા. ધાન્યમાં મૂળો, સુવર્ણમાં 'ભાર' તથા પ્રવાહીમાં 'ઘડી' સૌથી મોટા વજન કે માપ હતા. જમીનની માપણી માટે નિશ્ચિત પદ્ધતિ અમલમાં હતી. ગામડામાં લેવડ દેવડ માટે વિનિમય પદ્ધતિ અમલમાં હશે. જ્યારે શહેરોમાં ખાસ કરીને ખંભાત તથા ભરૂચમાં કોઈ પ્રકારના નાણા મારફત વિનિમય ચાલતો હશે. કમનસીબે સોલંકીયુગના જૂજ સિક્કાઓ મળ્યા છે. એટલે આ બાબતમાં કઈ નિશ્ચિત કહી શકાય તેમ નથી. છતાં 'દ્રમ'નો નાણાનો મુખ્ય સિક્કા તરીકે ઉપયોગ થતો હોવાનો ઉલ્લેખ છે. તે સોનાના કે ચાંદીના હોવાની શક્યતા છે. આ ઉપરાંત સાહિત્ય તથા અભિલેખોમાં નિષ્ક, રૂપક, કાર્ષાપણ વગેરે સિક્કાઓના નિર્દેશો [અન જોવા મળે છે.

### 16.2.6 લોકોની આર્થિક સ્થિતિ

આ યુગની સમૃદ્ધ ખેતીવાડી, વિકસિત ઉદ્યોગ-ધંધા તથા ખીલેલા વેપાર-વાણિજયને લીધે લોકોની આર્થિક સ્થિતિ એકંદરે સંતોષકારક હતી. ધીકતા વેપારને લીધે અમુક વેપારીઓ કરોડપતિ બન્યા હતા. એમના મકાનો ઉપર કોટિ ધ્વજ ફરકતો. ઉદયન, વિમલ તથા વસ્તુપાલ-તેજપાલ જેવાં મંત્રીઓ કરોડો રૂપિયાના ખર્ચે મંદિરો બંધાવ્યા હતા. આશરે 16-17માં સૈકામા લખાયેલ 'નાભિનંદનોદ્ધાર પ્રબંધ' એક વેપારીએ ગુજરાતનાં કરેલા વર્ણનમાં ત્યાં દરેક પ્રકારના ધાન્ય, કઠોળ, શાકભાજી, ફળફૂલ વગેરેની પેદાશોનો ધીકતા વેપાર-રોજગાર, ગામેગામ અન્નક્ષેત્રો અને પરબો તથા કૂવા-વાવ હોવાનો, સમૃદ્ધ ગામડાં તથા વૈભવશાળી નગરોના અસ્તિત્વનો ઉલ્લેખ કરેલ છે. આમ છતાં, સામાન્ય લોકોની સ્થિતિને લગતા ખાસ નિર્દેશ નથી. વ્યાજનો દર ૨૪ ટકા જેટલો ઊંચો હોવાની નોંધ સાધનોમાંથી મળે છે. દેણદારો અને લેણદરોના ઉલ્લેખો પણ સામાન્ય છે. છતાં તે સમયે ગુજરાતનાં લોકો આર્થિક રીતે સુખી હોવાના પૂરતા પુરાવાઓ સાંપડે છે.

## 16.3 સોલંકી વાઘેલા સમયની સામાજિક સ્થિતિ

ઈ.સ. 942થી 1304 સુધીના સમયગાળામાં અગાઉના કાલોની તુલનાએ ઐતિહાસિક સાધનોનું બહુમૂલ્યો છે. સાહિત્યિક સામગ્રી વિપુલ પ્રમાણમાં મળે છે અને અભિલેખો આદિ સામગ્રી તો પૂર્વવત ઉપલબ્ધ છે. જોકે સામાજિક, આર્થિક, સાંપ્રદાયિક જીવનના અમુક અંગો માટેની માહિતી અલ્પ છે. તો પણ આ કાલ માટે સાધનોની વિરલતા છે. એમ એકંદરે કહી શકાશે નહિ. સોલંકીકાલના સામાજિક ચિત્ર દોરવાનું કર્યા ઓછું કઠિન છે.

સોલંકી-વાઘેલાકાલીન સામાજિક સ્થિતિનો યોગ્ય ખ્યાલ સાહિત્યો, શિલ્પો તથા અભિલેખોમાંથી મળે છે. તેનો વર્ગો, જ્ઞાતિ, ખોરાક, પોશાક, અલંકારો, રીતરિવાજો, મોજશોખ વગેરેનો ઉલ્લેખ મળે છે.

### 16.3.1 વર્ણ, વર્ગ અને જ્ઞાતિ

પ્રાચીન સમયની વર્ણવ્યવસ્થા ભારતના અન્યભાગોની જેમ ગુજરાતમાં પણ નામની જ રહી હતી. વર્ણોમાંથી અનેક જ્ઞાતિઓ-પેટા જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી હતી. બ્રાહ્મણમાં નાગર, ઔદિચ્ય, મોઢ વગેરેનો સાધનો નિર્દેશ કરે છે. નાગરોના પેટા વિભાગોના નામ પણ મળે છે. ક્ષત્રિયો અને રાજકુલોમાં ચૌલુક્ય (સોલંકીઓ), ચાહમન (ચૌહાણ), પરમાર, કાઠી, ચૂડાસમાં, ગૂહિલ, મહેર (મેર) વગેરેના વર્ણોનો સામાન્ય છે. વૈશ્યોમાં પ્રગવાટ (પોરવાડ) અને શ્રીમાળી જ્ઞાતિઓ મહત્વની ગણાતી. આ સમયમાં ગુજરાતમાં જૈનોની વસ્તી વધી હતી. તથા તેમની વણિક જ્ઞાતિ ઊભી થઈ હતી. તેઓ મહત્વના રાજકીય અને ધંધાકીય સ્થાન ધરાવતા હતા. કાયસ્થોં (લાહિયાઓ)નો એક અલગ વર્ગ પ્રચલિત થયો હતો. ક્ષુદ્રો અનેક જ્ઞાતિ-વર્ગોમાં વહેચાયેલા હતા. ખેડૂત, સુથાર, કડિયા, મેર, કુંભાર વગેરે મુખ્ય વર્ગો હતા. સામાજિક તથા વ્યવહારમાં જ્ઞાતિભેદ, ઊંચ-નીચના ભેદભાવો માલૂમ પડતાં હતા. દ્રયાશયના વર્ણન પ્રમાણે ચાંડાલોનો વાસ ગામની બહાર રાખતા તેઓ અસ્પૃશ્યો ગણાતા તથા તેઓને ગામમાં દાખલ થતી વખતે પોતાની ઓળખ માટે અમુક ચિન્હો રાખવા પડતાં. તેઓ સફાઈનું, ચામડા કમાવાનું, અપરાધીઓનો વધ કરવાનો કાર્ય કરતાં.

દ્રયાશયમાં આભીર, કિરાત, ધીવાર, ચાંદલ, ચીન, બર્બર, જાંગલ, નિષાદ, ભિલ્લ, મ્લેચ્છ, તુરુષ્ક, યવન, શક, શબર, હૂણ, ટકક,માહેય અને ખાસ જાતિઓનો નિર્દેશ આવે છે. સ્મૃતિપ્રોક્ત ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા, અગાઉની જેમ આ કાળમાં પણ એકંદરે પ્રચલિત હતી. પરંતુ નોંધપાત્ર સામાજિક ફેરફાર એ કે નાતોના વાડા બંધાવા લાગ્યા હતા.

### 16.3.2 લગ્ન, પુનઃલગ્ન, સતીપ્રથા

આ યુગમાં લગ્ન નાની વયે થતાં. વડીલો લગ્ન ગોઠવતા. ધનિકો બે થી ચાર પત્નીઓ કરતા. વધારે કન્યાઓનો પિતા કમનસીબ ગણાતો. દ્રયાશય લગ્ન પ્રથાનું વિસ્તારતાથી વર્ણન કરે છે. જે હાલની લગ્ન પ્રથાને લગભગ મળતું આવે છે. વર અને અણવરની મશ્કરી કરતા ગીતોનો પણ ઉલ્લેખ મળે છે. પતિનું અવસાન થતાં સામન્ય રીતે સ્ત્રી વૈધવ્ય પાળતી. પુનઃવિવાહ અપવાદરૂપ બાબત હતી. શેઠ જગડુશાએ પોતાની વિધવા પુત્રીને ફરી પરણાવવાનો વિચાર કર્યો ત્યારે તેમના ઘરની વૃદ્ધ વિધવાઓએ તેમને તેમ કરતા રોક્યા હતા. પરંતુ વસ્તુપાલ અને તેજપાલની વિધવા માતા કુમારદેવીએ અશ્વરાજ સાથે પુનઃલગ્ન કર્યાનું દ્રષ્ટાંત મળે છે. પુનઃ વિવાહની માફક છૂટાછેડા પણ કવચિત થતાં. તે માટે રાજ્યના ઢૌનપત્ર (અનુજ્ઞા-પત્ર)ની આવશ્યકતા રહેતી. સતીનો રિવાજ ચાલુ હતો. જૂનાગઢના રા'નૌધણની વિધવા રાણી રાણકદેવી વઢવાણ પાસે ભોગવાને કિનારે સતી થઈ હતી. યુદ્ધમાં વીરગતિ પામનાર યોદ્ધાની સ્ત્રી સતી થતી તો તેના પાળીયા મૂકાવતા.

### 16.3.3 આચાર-વિચાર, નીતિમત્તાનું ધોરણ

પતિવ્રતા સ્ત્રી સન્માનીય ગણાતી. પરંતુ કુલિન કુટુંબોની સ્ત્રીઓની નીતિમત્તાનું ધોરણ એકંદરે નીચું હતું. તેમનામા શિથિલતાના દ્રષ્ટાંતો જોવા મળે છે. લવણપ્રસાદની પત્ની મદનરાજ્ઞનીએ પોતાને પુત્ર હોવા છતાંએ પોતાના ઘરભંગ થયેલ બનેવીનું ઘર માંડ્યુ હતું. રજાઓ અનેક રાણીઓ કરતા તથા ઉપપત્નીઓ પણ રાખતા. ભીમદેવ પહેલા એ બકુલા નામે ગણિકા ને પોતાના અંતઃપૂરમાં રાખી હતી. જ્યારે કર્ણદેવ પહેલાએ એક હલકા કુળની સ્ત્રી પ્રત્યે અનુરાગ થયો હતો. સમાજમાં ગણિકા ગૃહો, દેવદાસીઓના આવાસો, મદિરા ગૃહો અને જુગારખાના સામાન્ય હતા. કુમારપાળે ચોરી, વ્યભિચાર, જુગાર, મદિરા, માંસાહાર જેવા સામાજિક અનિષ્ટો સામે કડક પગલાં લીધેલા. પરંતુ ગણિકા ગૃહો તથા દેવદાસી પ્રથાના અસ્તિત્વ પ્રત્યે ઉપેક્ષા સેવી હતી. દેવદાસીઓ મંદિરોમાં કે મંદિરની બાજુમાં રહેતી, તથા સંગીત, નૃત્યો વગેરેથી લોક મનોરંજન કરતી. દાસ તથા દાસી પ્રથા અસ્તિત્વમાં હતી. દાસીને જાહેરમાં વેચવામાં આવતી. તથા તેને માલિકને ત્યાં ઘરના તમામ પ્રકારના હલકા-ભારે કામ કરવા પડતાં. દુષ્કૃત્ય કે ભારે કુટેવ બદલ કુટુંબના સભ્યને ઘરમાંથી બહિષ્કૃત કરવામાં આવતું તથા તે પછી તેની સાથે તેના સગાવહાલા કોઈ પણ પ્રકારના વયવહાર કરતા નહીં. મિલ્કતની વહેંચણી અને વારસાને લગતા ચોક્કસ નિયમો હતા તથા તે માટેના રીતસર દસ્તાવેજ કરવા પડતાં.

### 16.3.4 ખોરાક-પોશાક

મેરુતુંગ, હેમચંદ્રાચાર્ય, માર્કોપોલો વગેરેના લખાણ મુજબ સોલંકી સમયમાં ગુજરાતનાં લોકો ઘઉં, ચોખા, કઠોળ, શાકભાજી, દૂધ, દહીં, છાશ, ઘી, મીઠાઇ, માંસ વગેરેનો આહાર લેતા. નીચલા થરના લોકો જવ, કોદરા, બાજરી, ચણા વગેરેનો ખોરાક લેતા. મીઠાઇમાં મોદક (લાડુ), અપુપ (પુડલા), ખાજા, બાસૂંદી, સાથવો, હલવો વગેર અને ફરસાણમાં વડા, વડી, વગેરેનો ઉલ્લેખ મળે છે. માંસાહાર અને મદિરાપાન સામન્ય હતા. રાણીઓ પણ છૂટથી દારૂ પીતી. સોલંકી યુગમાં સાહિત્ય, પ્રવાસીઓના વર્ણનો, શિલ્પો, ચિત્રો વગેરે પરથી માલૂમ પડે છે કે પુરુષો ટૂંકું કિનારીવાળું ધોતિયું પહેરતા. ખભા પર ઉત્તરીય (ઉપરણું) રાખતા. પાઘડી પહેરતા તથા કમરબંધ પણ બાંધતા. તેઓ ગરમી તથા વરસાદથી રક્ષણ મેળવવા છત્રી ઓઢતા. રાજાઓ અને ધનિકો સૂરવાલ અને અંગરખુ પહેરતા. સ્ત્રીઓ ખાસ કરીને સાડી કે ઓઢણી, ચોળી, કાંચળી કે ચણિયો પહેરતી. બહુધા ઊંચા કુળની સ્ત્રીઓ 'નિરંગી' નામે વસ્ત્રથી પોતાનું મુખ ઢાંકતી. સ્ત્રીઓની સાડીઓ ભરત તથા ચિત્રોના સુશોભનથી ખૂબ સુંદર લાગતી.

### 16.3.5 શૃંગાર અને અલંકાર

સ્ત્રીઓના શૃંગારના સાધનોમાં કાજલ, કંકુ, ચંદન, અત્તર, સુગંધ, તેલ વગેરે મુખ્ય હતા. સ્ત્રી તથા પુરુષ બંનેને પાનનો ઘણો શોખ હતો. સોપારી અને કપૂરની સુગંધિત તાંબુલ (પાન) સામાન્ય વપરાશની ચીજ હતી. નાગરવેલના પાનની પેદાશ માટે ચોરવાડ-માંગરોળનો પ્રદેશ વિખ્યાત હતો. કંઠ, કાન, કર, ચરણ, મસ્તક વગેરે ઉપર દામણી, એકવાળી, રત્નાવલી, હાર, માલા, મુક્તાવલી, કુંડલ, બુટી, કંદોરો, વીંટી, વલય, બ્રેસલેટ, કંકણ, ચૂડી, નિપુર, સાંકળા, ચૂડામણિ વગેરે અલંકારો પહેરવાનો રિવાજ હતો. તિલકથી સ્ત્રી પુરુષ દેહશોભામાં અભિવૃદ્ધિ કરતાં. ઊંચા વર્ગની સ્ત્રીઓ હીરામોતીના દાગીના પહેરતા.

### 16.3.6 ઉત્સવો, રમતો, નાટ્યપ્રયોગો

સોલંકી સમયમાં લોકો વિવિધ ઉત્સવો ઊજવતાં. દિવાળી તથા બેસતાવર્ષના દિવસે સારા કપડાં પહેરીને મીઠાઇઓ ખાઈને ઉજવતા, ત્યારે લોકો વડીલોને નમસ્કાર કરતાં. સ્ત્રીઓ, પુત્રો,પુત્રોવધુઓને ચંદનથી વધાવી આશિષ આપતા. શરદોત્સવ, નવરાત્રિ, વિજયાદશમી, વસંતોત્સવ તથા હોળી પણ ધામધૂમથી ઊજવતાં. જુગાર રમવાના ખાસ મથકો હતા. સ્ત્રીઓ પણ જુગાર રમતી. પંચિકા નામનો જુગાર ખૂબ પ્રચલિત હતો. તે પાંચ સળીઓ કે પાંચ પાસાથી રમતો. શિકારનો શોખ જાણીતો હતો. શિકારીઓ કૂતરાની સહાયથી જાનવરોનો શિકાર કરતા. આખલાઓની સાઠમારી, કૂકડા-યુદ્ધ, વાહનો દોડાવવાની શરતો વગેરે પણ

પ્રચલિત હતી.યુવાનો ગેડીદડાની રમત રમતા. છોકરા અને છોકરીઓને સંતાકૂકડીની રમત ખૂબ ગમતી. હિંચકો આનંદનું સાધન હતું. જલક્રીડા તથા બગીચામાં ભ્રમણ પણ સામાન્ય હતા. ધનિક લોકો આવવા જવા માટે પાલખી કે રથનો ઉપયોગ કરતા લોકો પણ ઘોડા ઉપર જતાં.

મોટા દેવસ્થાનોમાં રંગ મંડપ કે પ્રેક્ષકગૃહો રાખતા. તેમાં ધાર્મિક ઉત્સવો સમયે નાટક, નાટકો ભજવતા, રાજાઓ, સામંતો અને અધિકારીઓએ સમક્ષ પણ નાટકો ભજવાતાં. જાહેર નાટ્યગૃહો પણ હતા. સંગીત, વાદ્ય, નૃત્ય, અંગવિદ્યા વગેરે પણ પ્રચલિત કળાઓ હતી. ગુજરાતમાં તે વખતે 30 ઉપરાંત નાટકો ભજવવા માટે રચાયા હતા. જેમના લગભગ બધા જ ભજવાયા નાટકો હતા.

### 16.3.7 વહેમો અને ચમત્કારો

આ સમયે સમાજમાં વહેમો અને ચમત્કારો બહોળા પ્રમાણમાં ફેલાયેલા હતા. તેવું દ્રયાશ્રય અને અન્ય સાધનો પરથી જાણવા મળે છે. ભૂત, પ્રેત, રાક્ષસ, પિશાચ, વગેરેમાં લોકો માનતા. દિવસે તારાનું દર્શન અપશુનિયાળ મનાતું. નજર લાગવાનો વહેમ પણ ખૂબ પ્રચલિત હતો. ભીમદેવ પહેલાનો પુત્ર મૂળરાજને નજર લાગવાથી અકાળ અવસાન પામ્યો હોવાનું મનાતું. બકરા, ગધેડા વગેરની રજ અશુભ મનાતી. જ્યારે દૂઝણી ગાય, પાણી ભરેલા ઘડા સાથે સામે મળતી સ્ત્રી વગેરે શુભ શુકન મનાતા. આંખના ફરકાટ, ચીબરી પક્ષીઓની બોલી વગેરે પરથી પણ શુકન કે અપશુકન જોવાતા. વળી સમાજમાં ચમત્કારોને લગતી માન્યતા પણ પ્રચલિત હતી. દ્રયાશ્રયમાં હેમચંદ્રાચાર્ય જેવાં મુનિએ પણ સિદ્ધરાજના ચરિત્ર નિરૂપણની સાથેબર્બરક, નાગ, યોગિની વગેરેના ચમત્કારો વણી લીધા છે. કુમારપાલના જીવનમાં પણ આવા ચમત્કારોને સ્થાન આપવામાં આવ્યું છે.

## 16.4 સોલંકી વાઘેલા સમયની સાંસ્કૃતિક સ્થિતિ

કોઈપણ પ્રજાનો ઇતિહાસ એટલે, પ્રજાજીવનમાં બનેલ રાજકીય ઘટનાઓની અનુપૂર્વી નહીં, સંધિવિગ્રહની સાલવારી નહીં, પરંતુ પ્રજાજીવનના વિવિધ ક્ષેત્રોમાંના સંચાલનો, એ સંચાલનો ઘડનાર અનેકવિધ પરિબળો, સંવેદનો અને સંવેદનોને અભિવ્યક્તિ આપનાર વિવિધ આવિષ્કારો તથા પ્રજાજીવનની આંતર અને બાહ્ય સિદ્ધિ અને સમૃદ્ધિને કટિબદ્ધ રીતે રજૂ કરતો અહેવાલ. પશુસમા જીવન જીવતો પામર માનવ ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ સાધતો. આજની સ્થિતિ ક્યાં ક્યાં તબક્કામાંથી પસાર થઈ સત્ય, શિવ અને સુંદરના પરમતત્વને

પ્રાપ્ત કરવા મથી રહ્યો છે તેનું આલેખન એટલે પ્રજાજીવનની સંસ્કૃતિના વિકાસનો ઇતિહાસ અને એમાં રાજકીય ઈતિહાસ તો પાસું માત્ર છે.

**16.4.1 ભાષા અને શિક્ષણ**

સોલંકીયુગમાં સાહિત્ય તથા કાળનો નોંધપાત્ર વિકાસ થયો. સંસ્કૃત એ વિદ્વાનોની ભાષા હતી. મોટાભાગના અભિલેખો સંસ્કૃતમાં લખાયેલા હતા. પ્રાકૃત અને અપભ્રંશએ લોકભાષાઓ હતી. આ ભાષાઓમાં મુખ્યત્વે કરીને,જૈન મુનિઓએ અનેક કૃતિઓ રચીને આ યુગના સાહિત્ય સર્જનમાં ઘણો કીંમતી ફાળો આપ્યો. આમાં હેમચંદ્રાચાર્યનો ફાળો શ્રેષ્ઠ કહી શકાય. અણહિલપુર પાટણ વિદ્યા અને સાહિત્યનું મુખ્ય કેન્દ્ર હતું. સિદ્ધરાજ, કુમારપાળ વગેરે સોલંકી રાજાઓએ વિદ્યા અને સાહિત્યને સારો એવો વેગ આપ્યો. આથી આ યુગમાં વૈદિક અને જૈન સાહિત્યનો નોંધપાત્ર વિકાસ થયો. મહાઅમાત્ય વસ્તુપાલે આજ ક્ષેત્રમાં ગણનાપાત્ર હિસ્સો આપ્યો. પોતે કવિ અને લેખક ઉપરાંત કવિઓ અને વિદ્વવાનોના આશ્રયદાતા હતો. આ યુગમાં કાવ્ય, નાટક, અલંકાર, તર્કશાસ્ત્ર, ન્યાય, વેદાંત, કોશ, વ્યાકરણ વગેરેનું સર્જન થયું.

આ યુગના શિક્ષણમાં શબ્દશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, જૈનદર્શન, વેદશાસ્ત્ર વગેરે મુખ્ય વિષયો હતા. સિદ્ધરાજના સમયમાં સહસ્ત્રલિંગ તળાવના કિનારે એક મોટું વિદ્યાધામ હતું. વિસલદેવે રાજ્યાશ્રય આપેલ કવિ નાનક પાટણમાં ‘સરસ્વતીસદન’ નામે વિદ્યાકેન્દ્ર ચલાવતા હોવાનો ઉલ્લેખ સમકાલીન સાધનો કરે છે. આ ઉપરાંત ધોળકા, સોમનાથ, પાટણ તથા ખંભાતમાં પણ આવા વિદ્યાધામો હતા.

**16.4.2 સાહિત્ય અને સાહિત્યકારો**

સોલંકી અને વાઘેલા રાજાઓએ વિદ્યા અને સાહિત્યને આપેલા રાજયાશ્રયને લીધે આ યુગમાં અનેક કવિઓ અને સાહિત્યકારો થયા. ભીમદેવ પહેલાના સમયમાં શાંતિસૂરિ તથા શૂરાચાર્ય જાણીતા વિદ્વાન કવિઓ થયા. લાટના કવિ શોઢલે ‘ઉદય સુંદરી’ નામે વિખ્યાત થયેલી ચંપૂ (ગદ્ય-પદ્ય)ની રચના કરી. કરણદેવના સમયમાં પ્રખ્યાત કાશ્મીરી કવિ બિલ્હણ પાટણમાં આવ્યો હતો, ત્યાં તેને ‘કર્ણસુંદરી’ નામે નાટકનીરચના કરી. જે કર્ણદેવના મયણલ્લ દેવી (મીનળ દેવી) સાથેના લગ્નને ઉદેશીને લખાયેલી છે. તે પછી બિલ્હણ કલ્યાણના ચાલુક્ય રાજા વિક્રમાંક્દેવના આશ્રયે રહ્યો. ત્યાં તેને પોતાનો જાણીતો ગ્રંથ ‘વિક્રમાંકદેવચરિત’ લખ્યો. જૈન આગમો પર ટીકાઓ લખીને ખ્યાતિ મેળવી.

સિદ્ધરાજ જયસિંહ વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તેમની રાજસભાના દેવસૂરિએ અમુક વિદ્વાનોને વાદ વિવાદમાં પરાજય આપ્યો હતો. તથા કેટલાંક ગ્રંથો લખ્યા હતા. કવિવર શ્રીપાલનો સિદ્ધરાજ પોતાનો બંધુ માનતો. સિદ્ધરાજે તેની કવિત્વશક્તિથી ખુશ થઈ ને તેને કવિ ચક્રવર્તીનું બિરૂદ આપ્યુ હતું. તેણે સહસ્ત્રલિંગ તળાવ, રુદ્રમહાલય તથા આનંદપુર (વડનગર)ના કોટની પ્રશસ્તિઓ લખેલી છે. સિદ્ધરાજની રાજસભામાં અન્ય વિદ્વાનો પણ બીરાજતા. તેઓ તર્ક, ન્યાય, વ્યાકરણ, અલંકાર વગેરેના જ્ઞાતા હતા.

### 16.4.3 હેમચંદ્રાચાર્ય અને તેમનું શિષ્યમંડળ

સિદ્ધરાજ અને કુમારપાળના સમયના વિદ્વાનોમાં જૈનમુનિ હેમચંદ્રચાર્ય સૌથી અગ્રસ્થાન ધરાવે છે. તે માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ ભારતના વિદ્વાનોમાં પણ વિખ્યાત થયેલા છે. તેમનો જન્મ ધંધુકામાં સંવત 1145માં થયો હતો અને તેમને સંવત 1166માં સૂરિપદ પ્રાપ્ત થયું હતું. સિદ્ધરાજની પ્રેરણાથી 'સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન' નામે વ્યાકરણનો સુપ્રસિદ્ધ ગ્રંથ રચ્યો. આ લખવા માટે સિદ્ધરાજે તેમને કાશ્મીર અને અન્ય વિદ્યાકેન્દ્રોમાંથી વ્યાકરણને લગતા ગ્રંથ મંગાવી આપ્યા હતા. સિદ્ધરાજે આ ગ્રંથની નકલો કરાવી દેશના જુદા જુદા પ્રદેશોમાં મોકલ્યા હતા. આ ગ્રંથમાં સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશભાષાઓના વ્યાકરણનું આલેખન કરવામાં આવ્યું છે. ત્યારબાદ તેમણે 'અભિધાન ચિંતામણિ' અને 'અનેકાર્થસંગ્રહ' નામે સંસ્કૃત કોશ રચ્યાં હતા. દેશી શબ્દોને લગતો એક 'દેશીનામમાલા' નામે કોશ પણ તેમણે તૈયાર કર્યો હતો. તેમણે રચેલું 'દ્વયાશ્રય' કાવ્ય સોલંકીયુગનો ઇતિહાસ જાણવા માટે ઘણું ઉપયોગી પુસ્તક ગણાય. આ પછી તેમણે 'કાવ્યાનુંશાસન' અને 'છંદાનુંશાસન' અનુક્રમે કાવ્યશાસ્ત્રની સુંદર છણાવટ અને સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશ છંદોની સમજૂતી આપી છે. કુમાળપાળના રાજય અમલ દરમ્યાન તેની વિનંતીથી 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' અને 'વીતરામસ્ત્રોત'નું સર્જન કર્યું. એકંદરે આ ગ્રંથો જૈનધર્મોને સ્પર્શતા છે.

પરમ વિદ્વાન હેમચંદ્રાચાર્યએ આ પ્રમાણે સાહિત્ય અને વિદ્યાના ક્ષેત્રોમાં અપૂર્વ ફાળોઆપ્યો છે તે સમગ્ર ગુજરાતના માટે ગૌરવરૂપ છે. એવું મનાય છે કે જ્ઞાન વિજ્ઞાનની લગભગ તમામ શાખાઓ પર તેઓ પ્રભુત્વ ધરાવતા હતા અને તેથી તેઓ 'કવિકાલસર્વજ્ઞ' કહેવાતા.

આ મહાવિદ્વાન હેમચંદ્રાચાર્યના સંખ્યાબંધશિષ્યોએ પણ સાહિત્ય અને વિદ્યા દ્વારા ગુજરાતના પ્રકાશને વધુ દેદીપ્યમાન બનાવ્યો હતો. તેમાં નાટયકાર રામચંદ્ર કે જેઓ એ અગિયાર નાટકો લખ્યા છે તેઓ નોંધપાત્ર છે. તેમણે આ ગુણધર્મ સાથે

સર્જેલું 'નાટયદર્પણ' નામનું પુસ્તક નાટ્યશાસ્ત્રના ગ્રંથોમાં ઉચ્ચસ્થાન ધરાવે છે. હેમચંદ્રના અન્ય વિદ્વાન શિષ્યોમાં 'ચંદ્રલેખાં વિજય પ્રકરણ'ના લેખક દેવચંદ્ર, મહેન્દ્રસૂરિ વર્ધમાનગણિ, ઉદયચન્દ્ર, યશચંદ્ર અને બાલચંદ્ર નોંધપાત્ર છે.

અજયપાળના સમયમાં 'મોહરાજપરાજય'નો પ્રસિદ્ધ લેખક યશપાલ ઉલ્લેખનીય છે. આબુના રાજા ધારાવર્ષનો ભાઈ પ્રહલાદન દેવ પણ પોતાની 'પાર્થપરાક્રમવ્યાયોગ' નામની કૃતિને માટે પ્રસિદ્ધ છે.

**16.4.4 વસ્તુપાલનું સાહિત્યમંડળ**

વાઘેલા સમય દરમિયાન વસ્તુપાલ-તેજપાલ ભાઈઓએ પોતે સાહિત્યવિદ્યામાં ઊંડો રસ લઈને ફરી એકવાર જ્ઞાનની ગંગાને જોસભેર વહેતી કરી હતી.વસ્તુપાલ પોતે એક સારો સાહિત્યકાર હતો. તેને અનેક સાહિત્યકારો, કવિઓ અને વિદ્વાનોને આશ્રય આપ્યો હતો. તેના આશ્રિતોમાં કવિ સોમેશ્વર સૌથી મહત્વનો છે. તેને 'સુરથોત્સવ' અને 'કીર્તિકૌમુદી' નામના બે મહાકાવ્યોની રચના કરી હતી. આ સિવાય કવિ હરિહર પણ પ્રસિદ્ધ હતો.

કવિ નાનકે પણ અનેક કૃતિઓ સર્જેલી. તે ઘણો જ વિદ્વાન હતો. અમર ચંદ્રસૂરિ વિસલદેવના સમયના એક જાણીતા વિદ્વાન હતા. 'બાલભારત' અને 'કાવ્યકલ્પલતા' તેમના પ્રસિદ્ધ ગ્રંથો છે.'જિનેન્દ્રચરિત' પણ તેમનું મહત્વનું પુસ્તક છે. જેમાં ચોવીસ તીર્થંકરોના સંક્ષિપ્ત ચરિતો નિરૂપવામાં આવ્યા છે. 'સુકૃતસંકીર્તન'નો પ્રસિદ્ધ લેખક અરિસિંહઅમરચંદ્રને સાહિત્યસૃષ્ટિમાં પ્રવેશ કરાવનાર ન્તો. ઉદયપ્રભસૂરિ પણ એક પ્રસિદ્ધ લેખક હતા. તેમની પ્રસિદ્ધ કૃતિઓમાં 'સુકૃતકિર્તિકલ્લોલિની' અને 'ધર્માભ્યુદય'નો સંવેશ થતી છે. ત્યારબાદ 'વસંતવિલાસ' દ્વારા વસ્તુપાલનું ચરિત આલેખનાર 'બાલચંદ્ર' અને 'હમ્મીરમદમર્દન'ના પ્રસિદ્ધ લેખાં જયસિંહસૂરિ નોંધપાત્ર છે તેજપાલની પત્ની અનુપમાદેવી 'ષડદર્શનમાતા' ગણાતી જયારે વસ્તુપાલનો પુત્ર જયંતસિંહ પણ વિદ્યાવ્યાસંગી હતો.

આમ ગુજરાતમાં આ સમય દરમિયાન સાહિત્યનું પુષ્કળ ખેડાણ થયેલું જણાય છે. અને તેમાં સિદ્ધરાજ, કુમારપાળ તથા વસ્તુપાલનો ફાળો ખૂબ જ નોંધપાત્ર છે તે હકીકત કોઈ પણ ઇન્કારી શકે તેમ નથી. સાહિત્યનો આ અખૂટ ખજાનો અને આ સર્વાંગી વિકાસ આપણે સમકાલીન ગુજરાતની બુદ્ધિપ્રતિભાનો પણ પરિચય કરાવે છે. સાહિત્યની વિવિધ શાખાઓમાં થયેલું વિપુલ ખેડાણ એ આયુગનો સમૃદ્ધ વારસો છે. શ્રી અંબાલાલ શાહ નોંધે છે તે રીતે 'આ સમયનું ઉપલબ્ધ સાહિત્ય

પાંડિત્યપૂર્ણ છે. ભાષાકીય ગુણવત્તા, વિષયનું વૈવિધ્ય અને સંખ્યાની દ્રષ્ટિએ બીજો કોઈ પ્રદેશ ભાગ્યેજ એની સ્પર્ધામાં ઉતરી શકે એમ છે.'

### 16.4.5 સ્થાપત્ય અને કલાઓ

સોલંકીયુગે સ્થાપત્યના ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. અનેક ઉત્તમ નમૂનાઓનું સર્જન આ સમયમાં થયેલું આપણને જણાય છે. મૂળરાજના સમયથી જ આ પ્રવૃત્તિને પ્રાણ મળ્યા હતા. મૂળરાજ માટે એમ કહેવામાં આવે છે કે તેને પાટણ, સિદ્ધપુર વગેરે સ્થળોમાં શિવ તથા વિષ્ણુના મંદિર બંધાવ્યા હતા. જોકે એમાંનુ કોઈ મંદિર આજે ભગ્નાઅવસ્થામાં પણ મોજૂદ નથી. મૂળરાજનું સૌથી નોંધપાત્ર બાંધકામ છે સિદ્ધરાજનો રુદ્રમહાલય. એ હકીકત છે કે આ મહાલયને આખરી સ્વરૂપ સિદ્ધરાજના સમયમાં અપાયેલું હતું. મૂળરાજના પુત્ર ચામુંડરાજ અને દુર્લભરાજે પણ કેટલાંક મંદિરો બંધાવ્યાં હતાં તેવાં ઉલ્લેખો મળે છે. આ દુર્લભરાજે બંધાવેલું દુર્લભ સરોવર અને આગળ જતા સિદ્ધરાજે બંધાવેલ સહસ્ત્રલિંગ સરોવર વિશે આપણે આગળ જાણ્યું. સોલંકીઓની અનોખી શૈલી ભીમદેવ પહેલાના સમયથી જ જણાય છે. કલાવિવેચકો આમાં રાજસ્થાની શૈલીની સ્પષ્ટ અસર જુએ છે. આ સમય દરમિયાન ગુજરાત અને રાજસ્થાનના જે ઘનિષ્ઠ સંબંધો હતા તે જોતાં સંસ્કૃતિના વિવિધ વિભાગોમાં બંનેએ એકબીજા પર અસર કરી હોય તે સ્વાભાવિક છે. ભીમદેવના સમય દરમિયાન મહમંદ ગઝનવીએ સોમનાથનું પ્રસિદ્ધ મંદિર તોડી પાડ્યું. ત્યાર બાદ ભીમદેવે તે જ સ્થળે પથ્થરનું નવું સુંદર મંદિર બંધાવ્યું હતું. જો કે આ મંદિરનો થોડાં સમયમાં જ જીર્ણોદ્ધાર થયો હતો. ભીમદેવના રાજ્યકાલ દરમ્યાન જેને સૌથી મહત્વનુ બાંધકામ ગણાવી શકીએ તે છે મોઢેરાનું સૂર્યમંદિર. આ મંદિરના ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણામાર્ગ છે. પ્રભાતના સૂર્યકિરણો મંદિરના આંતરિકભાગને પ્રકાશિત કરે છે. સૂર્યદેવની મૂર્તિ આજે તો આ મંદિરમાં નથી, પરનું સૂર્યમુર્તિના પીઠનો સાત અશ્વની આકૃતિવાળો પથ્થર ત્યાં મોજૂદ છે. આ ગર્ભગૃહ પર ખંડિત થયેલી અવસ્થામાં શિખર પણ જણાય છે. આગળના મંડપમાં અષ્ટકોણ આકારે ગોઠવેલા આઠ મુખ્ય સ્તંભો જોવા મળે છે. મોટા પ્રમાણમાં બારિક શિલ્પ પણ જોવા મળે છે. કેટલાંક વિભાગોમાં સાંસ્કારિક જીવનના શૃંગારપ્રધાન દ્રશ્યો પણ જોવા મળે છે. પ્રદક્ષિણામાર્ગના ગોખલાઓમાં સુરદેવની બાર પ્રતિમાઓ કોતરેલી છે. મંદિરની બહાર દીવાલો પર દેવદેવીઓની સુંદર આકૃતિઓ જોવા મળે છે. એક બહારના સભામંડપ પાછળથી ઉમેરાયેલો હોય તેમ લાગે છે. એક કૃતિ તોરણ પણ એ જ પ્રમાણે ભગ્નાવસ્થામાં મળે છે. મંદિરની અંદર એક મોટો લંબચોરસ કુંડ છે. તેમાં ચો તરફથી ઊતરવા માટે પગથિયાં છે અને વચમાં ક્યાંક ક્યાંક નાની દેરીઓ છે.

સૂર્યમંદિરના બાંધકામ બાદ લગભગ પાંચ વર્ષ પછી દેલવાડા (આબુ)માં ભીમદેવના દંડનાયક વિમલમંત્રીએ આદિનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું. કલાકારીગરીની દ્રષ્ટિએ આ મંદિર સમગ્રભારતમાં ઊચા સ્થાન પામે છે. આ મંદિરને વિમલસહીના નામથી ઓળખવામાં આવે છે. આમંદિરનો રંગમંડપ અંતે તેની છત અપૂર્વ શિલ્પકળાના દર્શન કરાવે છે. શીલમાં સેરવા સ્થળે ધાર્મિક કથાઓ નિરૂપવામાં આવી છે. મુખ્ય મંદિરને ફરતે પ્રદક્ષિણા માર્ગમાં બાવન ડેરીઓમાં જુદા જુદા તીર્થંકરોની પ્રતિમાઓ છે. બબ્બે સ્તંભો વચ્ચે સુંદર કલાકૃતિપૂર્ણ તોરણો છે. મંદિરમાં આરસના કુલ 121 સ્તંભો છે. આ મંદિરમાં હસ્તીશાલા પણ છે. એવું માનવામાં આવે છે હસ્તીશાલા પૃથ્વીપાલે કુમારપાલના સમયમાં પોતાના પૂર્વજોના સ્મારકરૂપે કરાવી છે. તેમાં સૌ પ્રથમ વિમલની પ્રતિમા છે અને તેની આસપાસ પૃથ્વીપાલ સહિત તેના પૂર્વજો અને વંશજોની પ્રતિમાઓ છે. આ મંદિરને અને તેના અત્યંત કુશળતાપૂર્વક કરવામાં આવેલ બારીક શિલ્પકામને નિહાળતા આપણને જરૂરી પ્રાચીન સમયની કલાસમૃદ્ધિ વિશે માન ઊપજે છે. અંબાજી કુંભારિયાના પાંચ દેરાસર પણ વિમલમંત્રીએ બંધાવ્યા હોય તેમ મનાય છે, પરંતુ તેમાનું મહાવીર સ્વામીનું મુખ્ય દેરાસર જ તેના સમયનું છે. આ મંદિર પણ સર્વોત્મ કલા જણાય છે.

આ જ સમયમાં ભીમદેવની રાણી ઉદયામતીએ પાટણમાં ‘રાણીની વાવ’ બંધાવીહતી. આ વાવના ભાગ્યાતૂટ્યા અવશેષો આજે પણ પાટણમાં જોવા મળે છે. કર્ણદેવના સમયમાં પણ બાંધકામોની પ્રક્રિયા ચાલુ જ રહી હતી, છતાં તે સમયના નોંધપાત્ર અવશેષો પ્રાપ્ત થતાં નથી. આમ છતાં તેને બંધાવેલી કર્ણાવતી નગરીના અવશેષો હાલના અમદાવાદનાં કેટલાંક વિસ્તારોમાં જોવા મળે છે. તેને બંધાવેલ કર્ણસાગર તળાવ વિશે આજે આપણે કાંઇ સાંભળતા નથી. સ્થાપત્યકાળનો સુવર્ણયુગ ખરેખર સિદ્ધરાજના સોલંકી સમયથી શરૂ થયાનું કહી શકાય.

સિદ્ધરાજના બાંધકામોમાં સૌથી પ્રસિદ્ધ અને મોટું બાંધકામ છે સિદ્ધરાજનો રુદ્રમહાલય. મૂળરાજના સમયમાં બંધાયેલો રુદ્રમહાલય નાશ પામતા તેના સ્થાને સિદ્ધરાજે આ ભવ્ય મહાલય બંધાવ્યો હતો. મંદિરનું શિખર 150 ફૂટ ઊંચું હોવાનું જણાય છે. તેનું ગર્ભગૃહ સોમનાથના મંદિરના ગર્ભગૃહ કરતા મોટું હતું. ગૂઢ મંડપ પણ મોટો હતો. આંતરાલના ચાર સ્તંભ 17 ફૂટથી પણ વધુ ઊંચા છે. સંભવ છે કેમાળવાના પ્રસિદ્ધ મંદિરો જોયા બાદ તેમની હરીફાઈ થઈ શકે તેવું આ બાંધકામ સિદ્ધરાજે કરાવ્યું હોય, કારણ કે તેના સ્તંભોમાં માળવાના સ્થાપત્યની અસર નજરે પડે છે. કીર્તીતોરણ આજે પણ મોજૂદ છે. આ વિશાળ મંદિરનો મોટો ભાગ આજે નાશ પામી ચૂક્યો છે. આમ એક ભવ્ય સ્થાપત્યકૃતિ લગભગ વિલીન બની ચૂકી

છે. સિદ્ધરાજનું અન્ય બાંધકામ છે સહસ્રલિંગ સરોવર. અગાઉ આપણે જોઈગયા કે દુર્લભ સરોવરના જીર્ણોદ્ધાર દ્વારાસહસ્ત્રલિંગ સર્જાયું. આ સરોવરનું યથાયોગ્ય વર્ણન આપણે જોઈએ છીએ. આ સિવાય સિદ્ધરાજની માતા મિનલદેવીએ વિરમગામમાં માનસરોવર બંધાવ્યું હતું. આ સરોવરની ચારેબાજુ ઘાટ બાંધેલા છે અને ચારે બાજુ દેરીઓ પણ છે. આજે પણ લગભગ 357 જેટલી દેરીઓ મોજૂદ છે. દેરી શિવ અને વિષ્ણુની હોય તેમ જણાય છે. મિનલદેવીએ ધોળકાનું મલાવ તળાવ બંધાવ્યું હોય એમ લાગે છે. આ જળાશયની બાબતમાં એક દંતકથા છે એક નીચલા સ્તરની સ્ત્રીનું મકાન જલાશયને ગોળ બનાવવાની વચમાં આવતું હતું. તેને તે જગ્યા વેચવાની ના પાડી ત્યારે મીનળદેવીએ સમગ્ર જળાશય ગોળ બનાવ્યું, પરંતુ એટલો ભાગ ખાંચાવાળો રહી ગયો, આથી જ ગુજરાતમાં ન્યાય જોવો હોયતો મલાવ જૂઓ એવી કહેવત પડી છે. સિદ્ધરાજના દંડનાયક સજ્જન મંત્રીએ ગિરનાર પર પથ્થરનું નેમિનાથ મંદિર બંધાવ્યું.

કુમાળપાળના સમયમાં પણ બાંધકામની આ પ્રવૃત્તિઓ એટલા જ જુસ્સાથી ચાલુ રહી. અનેક દેવળો તથા જિનાલયો તેને તથા તેના મંત્રીઓએ બંધાવ્યા હતા. કુમારપાળના સમયનું પ્રસિદ્ધ બાંધકામ જે જળવાઈ રહ્યું છે તે તારંગા પર આવેલું અજીતનાથનું મંદિર છે. ઉદયમંત્રીના પુત્ર વાગ્ભટે પણ શત્રુંજય પર્વત પર આદિનાથના મુખ્ય મંદિરને પથ્થરનું બનાવ્યું તેમ કહેવાય છે. કુમાળપાલે આનંદપુર (વડનગર)ને ફરતે કોટ બંધાવ્યો હતો. તે કવિ શ્રીપાલચરિત પ્રશસ્તિમાં મળી આવી છે. ભીમદેવે બંધાવેલું સોમનાથનું મંદિર કુમારપાળના સમયમાં પુનઃ નવો આકાર પામ્યું. આ મંદિર એક ખૂબ જ પ્રસિદ્ધ મંદિર કહેવતું અને ભારતભરમાંથી પ્રવાસીઓ ત્યાં આવતા. ભીમદેવ બીજાના સમય દરમ્યાન બાંધકામની પ્રવૃત્તિઓ એકંદરે મંદ પડેલી જણાય છે. અહીંતહીં મંદિરો, જિનાલયો વગેરે બંધાયા છે અથવા તો જીર્ણોદ્ધાર પામ્યા છે, પરંતુ મહાન સર્જન હવે જણાતા નથી.

ગુજરાતમાં સ્થાપત્યકલાનો દ્વિતીય સુવર્ણયુગ એટલે વસ્તુપાલ-તેજપાલનો સમય. વસ્તુપાલ-તેજપાલનું સમગ્ર જીવન જાણે કે સ્થાપત્યોના સર્જન માટે જ ન હોય તેવું આપણને લાગે છે. તેમણે અનેક મંદિર અને જિનાલયો બંધાવ્યા છે, જેમાંથી કાલપ્રવાહમાં આજે થોડાંક જ મંદિરો મોજૂદ છે,છતાં પણ આ પ્રાપ્ય નમૂનાઓ પરથી તેમણે સ્થાપત્યક્ષેત્રે આપેલા ફાળાનું મૂલ્યાંકન આપણે બહુ સારી રીતે કરી શકીએ તેમ છીએ. ગિરનાર પર તેમણે વસ્તુપાલ વિહાર બંધાવ્યો. તેમાં ઋષભદેવ, પાર્શ્વનાથ, મહાવીર અને નેમિનાથની ભવ્ય મૂર્તિઓ છે અને સાથે જ વસ્તુપાલના પૂર્વજો તથા વંશજોની મૂર્તિઓ પણ છે. પરંતુ તેઓનું સૌથી પ્રસિદ્ધ બાંધકામ તો દેલવાડા (આબુ) પર બંધાવેલું લૂણવસહી તરીકે પ્રસિદ્ધ છે.

વિમલસહી અને લૂણવસહી બંને કલાકારીગરીની દ્રષ્ટિએ લગભગ સમાન છે. આરસ પથ્થરમાં આ મંદિરને બાંધવામાં અઢળક ખર્ચ થયો હશે, તે કોઈને પણ લાગે એમ છે. આ મંદિર શોભનદેવ નામના શિલ્પીની રાહભરી બંધાયું હતું. બહારથી સાદ્દ જણાતું. આ મંદિર અત્યંત ખૂબસૂરત, કલાકૌશલ્યપૂર્ણ અને સ્વરગિય આસ્વાદ કરાવનારું છે. તેની છત બાંધકામને સૌંદર્યની પરાકાષ્ટાએ પહોંચાડે છે. આ મંદિરની સામે હસ્તીશાળા આવેલી છે. આ મંદિરમાં વિવિધ સ્થળોએ ફૂલવેલ, ઝૂમરો, વિવિધ પ્રાણીઓ,પક્ષીઓ, મનુષ્યો અને દેવ-દેવીઓની અનેક આકૃતિઓ જોવા મળે છે. સર્વ દ્રશ્યો પ્રેક્ષકને પ્રાચીન ગુજરાતની શિલ્પ અને સ્થાપત્ય કળા તરફ ગૌરવભરી દ્રષ્ટિથી જોવાની પ્રેરણા આપે છે.

વીરધવલ-વિસલદેવે ડભોઇનો કિલ્લો પણ બંધાવ્યો હતો. આ કિલ્લાને ચારેય તરફ ચાર દરવાજાઓ આવેલા છે. તે સૌથી વધુ પ્રસિદ્ધ છે. પૂર્વ તરફનો દરવાજો, જે હીરાસલાટના નામે ઓળખાય છે. તેના અવશેષો કલાવિવેચકોને આકર્ષે છે. આ દરવાજાના નજીકમાં જ વૈધનાથ મહાદેવનું મંદિર અને ફરતે કિલ્લો છે. જે મંદિર પર કોઈ પણ પ્રકારનું લખાણ નથી અને ક્યારે બાંધ્યા તેના ચોક્કસ પુરાવાઓ નથી. તેવા સંખ્યાબંધ મંદિરો ગુજરાત-સૌરાષ્ટ્રમાં આ સમયે બાંધ્યા હશે તે વિશે કોઈ શંકા નથી.

સ્થાપત્યમાં સોલંકીઓની પોતાની અનોખી શૈલી અને પ્રતિભા જણાય છે. પ્રત્યેક નમૂનો કઈક નવીનતા અને અર્થ રજૂ કરે છે. મંદિરના આગળના તોરણો પણ અહીંની વિશિષ્ટતા છે. ગુજરાતના ગામેગામ આપણને સોલંકીયુગની મહત્તા અને પ્રતિભાનો પરિચય આપતા સ્થાપત્યના અવશેષો મળી આવે છે. ગુજરાતમાં પાટણ, સિદ્ધપુર, ડભોઇ, ધોળકા, વિરમગામ, તારંગા, ખંભાત, વંથલી, જુનાગઢ, વડનગર, મણુંદ, ધીણોજ, સુણક, શત્રુંજય, પાલિતાણા, આબુ આ સર્વસ્થળોમાં સોલંકીયુગની સ્મૃતિને તાજી રાખતા અવશેષો આપણને મળી રહે છે.

### 16.4.6 શિલ્પ તથા મૂર્તિ વિધાનકલા

સોલંકીયુગ દરમ્યાન ગુજરાતમાં શિલ્પકલા સ્વતંત્રરીતે નહીં પરંતુ સ્થાપત્યના સંબંધમાં અને તેના એક અંગ તરીકે જ વિકાસ પામેલી જણાય છે. પ્રાચીન ભારતમાં મૂર્તિવિધાનનો જે શાસ્ત્ર પ્રચાર પામ્યાહતા તેને અનુસરીને જ દેવદેવીઓની પ્રતિમાઓ મોટા પ્રમાણમાં રચવામાં આવતી,ગણપતિ, ઉમા-મહેશ્વર, શિવના વિવિધ સ્વરૂપો જેવાં કે અંધકાર સુવધમૂર્તિ વગેરે, શિવના અવતાર મનાતા લકૂલિશના યોગારૂઢ સ્વરૂપની પ્રતિમાઓ મળી છે. શક્તિના વિવિધ સ્વરૂપો જેવાં કે પાર્વતી, કાલી, મહિસાસૂરમર્દિની વગેરે પણ જણાય છે. આ જ પ્રમાણે વિષ્ણુની પણ અનેક સ્વરૂપોની પ્રતિમાઓ જણાય છે. જેમાં વરાહ, નરસિંહ

અને કૃષ્ણનોકાલિયમર્દન તરીકેનો ઉલ્લેખ નોંધપાત્ર છે. કવચિત લક્ષ્મીની મૂર્તિ પણ નજરે પડે છે. બ્રહ્માની મૂર્તિઓ પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. પ્રતિભાશાલી સૂર્યમૂર્તિઓ આકર્ષક અને શિલ્પના ઉત્કૃષ્ટ નમૂનાસમીલાગે છે. આ સિવાય પણ સંખ્યાબંધ દેવોની પ્રતિમાઓ આપણને જોવા મળે છે. નંદી, ગરુડ જેવા વાહનો, ગંધર્વો અને અપ્સરાઓ વગેરેની પ્રતિમાઓ પણ દેવોની સાથે પ્રાપ્ત થાય છે.

આજ પ્રમાણે જૈન તીર્થંકરોમાં પણ આદિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીની સંખ્યાબંધ મૂર્તિઓ મળે છે. પ્રસિદ્ધ દેરાસરોમાં તીર્થંકરોની વિશાળ મૂર્તિઓ, યક્ષ, યક્ષણીઓ અને વિદ્યાદેવીની નયનરમ્ય આકૃતિઓ તથા સુમેરુ જેવાં પર્વતોના નાના નમૂનાઓની સુંદર આકૃતિઓ પ્રાપ્ત થાય છે. દેવાકૃતિઓ હૂબહૂ સ્વરૂપમાં રજૂ કરવામાં આવેલી જણાય છે. અને તેના પરથી આપણને તે સમયની સ્ત્રીપુરુષોની વેશભૂષાનો પણ સારો એવો ખ્યાલ આવે છે.

આ યુગના શિલ્પો પરથી આપણને તે સમયના સમાજની રંગીનતા, ઉત્સવપ્રિયતા અને શૃંગારપ્રધાન જીવનની ઝાંખી થાય છે.
શિલ્પમાં વિવિધ પ્રાણીઓની આકૃતિઓ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. હાથી, સિંહ, વૃષભ અને વાનરની આકૃતિઓ અને સ્થળોમાં જોવા મળે છે. આ યુગના સ્થાપત્યમાં સુશોભનનું પણ ઘણું મોટું પ્રમાણ જોવા મળે છે.

### 16.4.7 ચિત્રકળા

થોડાંક પ્રમાણમાં ચિત્રકળાનો પણ વિકાસ થયેલો આપણને જોવા મળે છે. ચિત્રના વિષયો મહદ્દઅંશે ધાર્મિક હતા અને જે ચિત્રો મળે છે તે પણ જૈન ધર્મ પુસ્તકોમાં જ મળે છે. તાડપત્રો પર ચિત્રો દોરવાની પ્રત પ્રચલિત હતી, ચિત્રો એકંદરે કદમાં નાના હતા. મોટે ભાગે રંગ વાપરવામાં આવતો અને ટીટીઇની ભૂમિકા બાંધવામાં આવતી, કવચિત અન્ય રંગો પણ વપરાયેલા જણાય છે. આમ, છતાં એકંદરે આ ચિત્રોમાં આપણને સારું એવું આયોજન જણાય છે.

## 16.5 ધાર્મિક સ્થિતિ

### 16.5.1 શૈવ-સંપ્રદાય

સોલંકી-વાઘેલા સમયમાં અન્ય સંપ્રદાયો કરતાં શૈવ-સંપ્રદાય વ્યાપકપણે ફેલાયેલો હતો. સોલંકી અને વાઘેલા વંશના રાજાઓ શિવધર્મી હતા. (કુમારપાળનો અપવાદ બાદ કરતાં), તેથી તેમણે શૈવસંપ્રદાયને રાજયાશ્રય આપતા, શૈવ સંપ્રદાયની લોકપ્રિયતા વધી હતી. રાજાઓએ ઠેકઠેકાણે શિવમંદિરો

બંધાવ્યા હતા, શિવમંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા હતા તથા તેમના નિભાવ માટે જમીન તથા ગામો દાનમાં આપ્યા હતા.

આ સમયે શૈવસંપ્રદાયની લકુલિશ (પાશુપત), શૈવ, કલકું, કાપાલિક વગેરે શાખાઓ વિકસી હતી. આમાથી ભગવાન લકુલિશે સ્થાપેલો પસુપત સંપ્રદાય સારા પ્રમાણમા લોકપ્રિય હતો. આ સંપ્રદાયના અનુયાયીઓ ધ્યાન, યોગ વગેરેને મહત્વ આપતા, શિવધર્મના સોમનાથ જેવાં મહત્વના તીર્થસ્થાનોમાં આ સંપ્રદાયના સન્યાસીઓના મઠો હતા. સોમનાથના પાશુપત મઠાધીશો ભાવ બૃહસ્પતિ અને તેમના પછી ત્રિપુરાંતક અત્યંત પ્રભાવશાળી વિદ્વાનો હતા. શૈવ સંપ્રદાયને સમાજમાં લોકપ્રિય બનાવવામાં આ મઠોના સાધુઓનો ફાળો ઘણો ગણી શકાય. જયારે કાલમુખ અને કાપાલિક સંપ્રદાયના સાધુઓ ગાઢ જંગલોમાં નગ્ન રહેતા, બિભત્સ ક્રિયાઓ કરતા, ખોપરીઓમાં લોહી-માંસ વગેરે ખાતા. સામાન્ય રીતે તેઓ વસ્તીમાં કદી આવતા નહીં, પણ આવતા ત્યારે લોકોને ભય પમાડતા, તેઓ 'અઘોરી' તરીકે ઓળખાતા. શૈવ સંપ્રદાયની આ 'વામમાર્ગી' શાખા હતી.

### 16.5.2 વૈષ્ણવ-સંપ્રદાય

આ સમયે વૈષ્ણવ-સંપ્રદાયને શૈવ સંપ્રદાય જેટલો રાજ્યાશ્રય તો મળ્યો ના હતો, તેમ છતાં વિષ્ણુના વિવિધ સ્વરૂપો અને શ્રીકૃષ્ણની પૂજા કરતા અનેક મંદિરો આ સમયમાં બાંધ્યા હતા. વિષ્ણુ અને કૃષ્ણની મૂર્તિઓ પણ ઘણી મળે છે. કૃષ્ણની બાલલીલાઓ પણ સારા પ્રમાણમાં લોકપ્રિય હતી. આ સમયમાં બંધાયેલા વૈષ્ણવ ધર્મના મંદિરો દ્વારકા, વાલમ, સંડેર વગેરે સ્થળોએ આજે પણ જોવા મળે છે. વૈષ્ણવધર્મને લગતું કેટલુંક સાહિત્ય પણ આ સમયમાં રચાયું હતું.

### 16.5.3 સૂર્યપૂજા અને શક્તિપૂજા

સૂર્યની પૂજાને વ્યક્ત કરતા સૂર્યમંદિરો પણ ગુજરાતમાં આ કાલ દરમ્યાન અસ્તિત્વમાં આવેલા છે. સિદ્ધરાજે સરસ્વતીના કાંઠા પર ભાયલસ્વામિ સૂર્યનું મંદિર બંધાવેલું. ખેરાળુંમાં પણ સૂર્ય અને તેની બે પત્નીઓની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મોઢેરાનું સૂર્યમંદિર તો ખૂબ પ્રસિદ્ધ છે.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની એક સાથે પણ પૂજા થતી. બ્રહ્માનું એક મંદિર ખેડબ્રહ્મામાં છે અને બ્રહ્માની અનેક મૂર્તિઓ પણ મળી છે.

શક્તિપૂજા પણ પ્રમાણમાં સારી એવી પ્રચાર પામેલી હતી. અનેક દેવીઓના મંદિરો બાંધવામાં આવ્યા હતા અને દેવીઓની પૂજા પણ સારા પ્રમાણમા ચાલતી

હતી. સમકાલીન સાહિત્યમાં કેટલાક સ્થળોમાં દેવીઓની આરાધનાનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. સોમેશ્વર સુરથોત્સવમાં દેવી ભવાનીનો મહિમા દર્શાવ્યો છે.

આમ એકંદરે આપણને શિવ, વિષ્ણુ, બ્રહ્મા અને દેવીઓની ઉપાસનાવાળો ધર્મ વધુ પ્રચાર પામેલો છે. તેમની સાથે ગણેશ પૂજા તો બધે જ થતી.

### 16.5.4 જૈન ધર્મ, તેનું પ્રાબલ્ય

બ્રાહ્મણ ધર્મની સાથે સાથે ગુજરાતમાં જૈન ધર્મ આ સમય દરમિયાન સારા એવા પ્રમાણમાં વિકાસ પામ્યો. ગુજરાત જૈન ધર્મનું કેન્દ્ર ગણાય છે. તે આ સમયે જ બૌદ્ધ ધર્મ અહીથી પણ વિલીન થઈ ગયો તે એક નોંધપાત્ર બનાવ છે. આ સમય દરમ્યાન ગુજરાતમાં અનેક દેરાસરો અને ઉપાશ્રયો બંધાયા. સમકાલીન સાહિત્યના વર્ણનો પરથી તો એમ લાગે છે જાણે આ સમય દરમિયાનની સમગ્ર ગુજરાત જૈન ધર્મના જબરદસ્ત પ્રભાવ નીચે આવ્યું હતું. ગુજરાતનાં લગભગ પ્રત્યેક ગામમાં  જૈન દેરાસરો બંધાયેલા આપણને જણાય છે. આબુના પ્રસિદ્ધ જૈન દેરાસરો, ગિરનાર, તારંગા તથા પાલિતાણાના દેરાસરો અને પાટણના કેટલાંક ભવ્ય દેરાસરો આ સમયમાં જ બાંધ્યા.

જૈન ધર્મને ગુજરાતમાં લોકપ્રિયતાની ટોચ પર લઈ જનાર કુમારપાળ હતો અને ત્યારબાદ વસ્તુપાલ-તેજપાલ હતા. રાજ્યાશ્રય નીચે જૈન ધર્મને લગતા સાહિત્યનો પણ અકલ્પ્ય વિકાસ થયો. હેમચંદ્રાચાર્ય જેવા મહાપ્રતિભાશાળી આચાર્યનો પણ એમાં ઘણો ફાળો હતો અને બીજા સંખ્યાબંધ જૈન સાધુઓએ પણ પોતાના ચારિત્ર્ય અને જ્ઞાન દ્વારા જૈન ધર્મને લોકભાગ્ય બનાવ્યો.

### 16.5.5 એકંદરે ધાર્મિક સ્થિતિ

એકંદરે જોઈએ તો આ સમયમાં રાજા તથા પ્રજા ધાર્મિક ભાવનાથી રંગાયેલા હતા. સમાજમાં દાનધર્મનો ઘણો મહિમા હતો. તે સમયના આધારો ઉપરથી જાણવા મળે છે કે ગામ, જમીન, મકાન, અનાજ, ઘી, સોપારી, ધૂપ, દ્રવ્ય,કે રોકડ નાણું દાનમાં આપવામાં આવતા. ભૂમિદાન સર્વશ્રેષ્ઠ ગણાતું, પરંતુ તે માત્ર રાજાઓ કેતેના સામંતો જ આપી શકતા. અન્ય દાન સામાન્ય લોકો પણ આપી શકતા. દાન કાં તો દેવાલયોને તેમના નિભાવ કે પૂજા વિધિ કાયમ રહે તે માટે આપવામાં આવતા, અથવા તો સચિત્ર કે વિદ્વાન બ્રાહ્મણને તેના ભરણપોષણની ચિંતા નિવારવા આપવામાં આવતા. દાન મોટે ભાગે પર્વના દિવસોએ, એટલે કે પૂર્ણિમા, અમાસ, અગિયારસ, સંક્રાંતિ, ગ્રહણ વગેરે દિવસોએ આપતા. રાજા જે દાન આપતો તે મોટે ભાગે ત્રાંબાના પતરા ઉપર કોતરાવીને દાન લેનારને વંશપરંપરાગત આપતો. આ સમયના દાન ધર્મનુંબીજું પાસું હતું. 'પૂર્તધર્મ'.

પૂર્તધર્મ એટલે મંદિર, વાવ, કૂવા, તળાવ બંધાવવા કે સદાવ્રતો ચલાવવા. આગળ કહ્યાં તે દાનનો લાભ માત્ર દેવમંદિરો કે બ્રાહ્મણોને જ મળતો, પરંતુ આ પૂર્તધર્મનો લાભ તો સમાજના બધાં જ વર્ગોને મળતો. વળી ભૂમીદાન તો રાજા જ કરી શકતા, જયારે આ ધાર્મિક કાર્ય તો સમાજનો કોઈપણ માણસ કરી શકતો. પરિણામે આ સમયમાં રાજાઓ ઉપરાંતશ્રીમંતો અને શ્રેષ્ઠીઓએ પણ સમાજના કલ્યાણ માટે આવા વાવ, કૂવા, તળાવ વગેરે પૂર્ત કર્યો કર્યા હોવાનો ઉલ્લેખો મળી આવે છે.

આમ સોલંકી-વાઘેલા સમયમાં રાજા, સામંતો, શ્રેષ્ઠીઓ અને પ્રજાજનો ધર્મ તથા ધાર્મિકતાના રંગે રંગાયેલા હતા. સમાજમાં દિવાળી, દેવદિવાળી, શિવરાત્રિ, નવરાત્રિ, અક્ષયતૃતિયા અને શ્રાદ્ધ જેવાં તહેવાર ધાર્મિક ભાવનાથી ઉજવાતા. તે જ રીતે જૈનનાતીર્થંકરોના જન્મદિનો આનંદથી ઉજવાતા. આ સમયની ધાર્મિકતાનું એક વિશિષ્ટ લક્ષણ એ હતું કે, સમાજમાં બધાં જ ધર્મો પ્રત્યે સહિષ્ણુતાની ભાવના હતી, લોકો પોતાને ગમે તેવો ધર્મ પાળી શકતા. રાજાઓ પણ માત્ર પોતાના જ ધર્મને બદલે બધાં જ ધર્મોના મંદિરો બંધાવતા, તથા તેમના વૈભવ માટે દાન આપતા. ખુદ મુસલમાનો પ્રત્યે પણ રજાઓ તથા કૂળો મહદ્દઅંશે સહિષ્ણુ હતાં. સિદ્ધરાજ જયસિંહે ખંભાતના મુસલમાનો ઉપર ગુજારેલા ત્રાસની હકીકતની જાતે ખરાઈ કર્યા પછી તેમને ન્યાય આપ્યો હતો. વસ્તુપાલે દિલ્હીના સુલતાનની માતાને હજ જવા માટેની બધી સગવડો કરી અપાઈ હતી, એટલું જ નહિ, પરંતુ મક્કાની મસ્જિદમાં મૂકવા માટે આરસનું તોરણ બનાવડાવ્યું તથા ત્યાંની મસ્જિદમાં દીપ તેમજ અન્ય વસ્તુઓ માટેની વ્યવસ્થા કરી હતી. અર્જૂનદેવે વેરાવળમાં મસ્જિદ ખલાસીઓને નમાજ પઢવા માટે મસ્જિદ બાંધવા જમીન આપી હતી તેવો લેખ મળ્યો છે. આ પ્રકારની ધાર્મિક સહિષ્ણુતા ખરેખર ગુજરાતને ગૌરવ અપાવે તેમ છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

1. સલ્તનતયુગ દરમિયાન ગુજરાતનું સૌથી મહત્વનુ બંદર ક્યું હતું ?
2. સોલંકી વહીવટીતંત્રમાં મહાક્ષપટલિક ક્યાં ખાતાનો વડો હતો ?
3. સોલંકીયુગની શાસનવ્યવસ્થાની માહિતી શામાંથી મળે છે ?
4. સોલંકી રાજ્યના વહીવટી વિભાગોમાં સૌથી મોટો વિભાગ ક્યાં નામે ઓળખાતો હતો ? આવા વિભાગો કેટલા હતા ?
5. હેમચંદ્રાચાર્યના પ્રસિદ્ધ ગ્રંથોના નામ આપો.
6. કવિ સોમેશ્વરે કથા બે ગ્રંથો લખ્યા છે ?
7. સોલંકીયુગના પ્રસિદ્ધ મંદિરોના નામ આપો.

8. સોલંકીઓના શાસનમાં ક્યાં તળાવો બંધાયા ?

9. સોલંકીઓના શાસન દરમ્યાન ગુજરાતની રાજધાની કઈ હતી ?

10. ગુજરાતમાં જૈનધર્મને વધારે લોકપ્રિય કોણે બનાવ્યો ?

11. સોલંકીયુગના ભરૂચ, ખંભાત અને પાટણના પ્રખ્યાત કાપડનું નામ આપો ?

12. સોલંકીયુગના વેપાર વાણિજ્ય માટેના પ્રખ્યાત બંદરો જણાવો ?

13. સોલંકી વાઘેલા વંશના સમયમાં ગુજરાતના વેપારીઓ ક્યાં ક્યાં દેશ સાથે વેપાર કરતા?

14. સોલંકી વાઘેલાયુગના સમયે કાશ્મીરી કવિ બિલ્હને ક્યું નાટક લખ્યું ?

## 16.6 સમાપન

સોલંકી સમયની સામાજિક સ્થિતિની સમીક્ષા કરતાં એમ જણાય છે કે લોકો ખાન પાનના શોખીન હતા પરંતુ પહેરવેશમાં સાદા હતા. પણ તેઓ વિવિધ પ્રકારના અલંકારો ધારણ કરતાં. તેઓ વિવિધ રીતે આનંદપ્રમોદ કરતા. સમાજમાં અનેક પ્રકારના વહેમો પ્રચલિત હતા. સાંસ્કૃતિક રીતે વિકાસ પામેલ સોલંકીયુગનો સમાજ સામાજિક રીતે એકંદરે પછાત હતો.

આમ સોલંકીકાલીન ગુજરાત સામાજિક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રે આપેલો ફાળો નોંધપાત્ર હતો. આ યુગના ગુજરાતની સમાજવ્યવસ્થા પરંપરાગત વર્ણવ્યવસ્થા પૂર્વગત ચાલુ રહી, સમાજમાં બાળ લગ્ન અને ગુલામીપ્રથા પ્રચલિત હતા, પરંતુ એ સમયની પ્રજા અતિશય વહેમી હતી. આ યુગની ગૂર્જર પ્રજાનું જીવન મુખ્યત્વે ખેતીપ્રધાન હતું. ગુજરાત આ સમયે વેપારી દ્રષ્ટિએ આબાદ હતું અને અનેક પ્રકારના હુન્નર ઉધોગો પ્રચલિત હતા. આ યુગ દરમિયાન ગુજરાતના પ્રજાજીવનમાંથી બૌદ્ધ ધર્મ સંદતર લોપ થયો અને જૈનધર્મનો અભ્યુદય થયો તથા બ્રામણ ધર્મમાં યજ્ઞયજ્ઞાદી કર્મોને સ્થાને શિવ, શક્તિ, વિષ્ણુ અને સૂર્યની ભક્તિના પ્રાધાન્યવાળો ધર્મ ગુજરાતના સર્વ વર્ગોમાં વ્યાપક બન્યો.

## 16.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. ખંભાત
2. મહાક્ષપટલિક
3. લેખપદ્ધતિ, તામ્રપત્રો, પ્રશસ્તિ લેખો
4. ‘મંડળ’, ૧૩
5. ‘સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન’ નામે વ્યાકરણગ્રંથ, ‘દ્વયાશ્રય’ નામનું મહાકાવ્ય

6. 'કીર્તિકૌમુદી' અને 'સુરથોત્સવ'
7. મોઢેરાનું સૂર્યમંદિર, દેલવાડાનું વિમલવસહી જૈન મંદિર, સિદ્ધપુરનો રુદ્રમાળ, સોમનાથનું મંદિર, તારંગાનું નેમિનાથ મંદિર, કુંભારિયાના જૈનમંદિરો, શત્રુંજયનું આદિનાથ મંદિર, ગિરનારનું નેમિનાથ મંદિર અને ધૂમલીના મંદિરો.
8. વિરમગામના માનસર તળાવ, પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ, ધોળકામાં મલાવ તળાવ.
9. અણહિલપુર પાટણ
10. કુમારપાળ, વસ્તુપાળ અને આચાર્ય હેમચંદ્રાચાર્ય
11. ભરૂચનું બરોજી કાપડ, ખંભાતનું કમ્બયતી કાપડ અને પાટણના પટોળા
12. સ્તંભતીર્થખંભાત, ભૃગુકચ્છભરૂચ, વેરાવળસોમનાથ, માંગરોળ, સુરત, ગણદેવી, ગોપનાથ, દ્વારકા
13. ઈરાન, અરબસ્તાન, આફ્રિકા, ચીન, શિલોન, જાવા વગેરે દેશો
14. કર્ણસુંદરી નાટક

## 16.8 ચાવીરૂપ શબ્દ

1. સ્તંભતીર્થ : સોલંકી સમયનું ખંભાત એક વેપારી બંદર.
2. ભૃગુકચ્છ : સોલંકી સમયનું ભરૂચ એક વેપારી બંદર
3. અરબસ્તાન : સોલંકી સમયનું આફ્ગાનીસ્તાન
4. બરોજી : સોલંકી સમયનું ભરૂચમાં વાપરવામાં આવતું કાપડ
5. કમ્બયતી : સોલંકી સમયનું ખંભાતમાં વાપરવામાં આવતું કાપડ
6. પટોળા : સોલંકી સમયનું પાટણનું વખણાતું કાપડ
7. 'દ્રયાશ્રય' :સોલંકી વંશનું ઇતિહાસ જાણવા માટેનું પુસ્તક
8. ગુર્જર દેશ : સોલંકી સમયમાં ગુજરાત રાજયનું નામ
9. મહાક્ષપટલિક : સોલંકી શાસન વ્યવસ્થામાં દફતર ખાતાનો વડો

## 16.9 સંદર્ભ સૂચિ

1. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ.
2. જોશી ઉમાશંકર : પુરાણોમાં ગુજરાત.
3. પરીખ રસિકલાલ સી. : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ – 1થી 4.
4. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : મૈત્રકાલીન ગુજરાત 1-2.
5. આચાર્ય ન. આ. : ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ.
6. શાસ્ત્રી દુર્ગાશંકર કે. : ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ ભાગ ન. ૨.

7. આચાર્ય ન. આ. : ગુજરાતના ચાવડા રાજ્યનો ઇતિહાસ.
8. આચાર્ય ન. આ. : ગુજરાતનો સાંસ્કૃતિક વારસો.
9. MAJUMUDAR A. K. : CHALUKYAS AT GUJARAT.
10. FORBES A. K. : RASMALA
11. RAY N. R. : MATIRAKAS OF VALABHI.
12. JAGANNATH : EARLY HISTORY OF THE MAITRAKAS OF GUJRAT.
13. મુનશી કનૈયાલાલ માણેકલાલ : ગુજરાતની કીર્તિ-ગાથા.
14. શાહ ખી. ચાં., વાયડા ર. લ. : ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ.
15. મહેતા કુંજવિહારી, શુક્લ રમેશ એમ. : ગુજરાતનું સંસ્કૃતિ-દર્શન.
16. પરીખ રસિકલાલ સી. : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ – 4(સોલંકીકાળ).
17. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : ગુજરાતનો ઇતિહાસ.
18. ગુજરાતનો ઇતિહાસ : પોપ્યુલર પ્રકાશન.

# એકમ–17 સોલંકી વાઘેલાકાલીન ગુજરાત કર્ણદેવ વાઘેલા અને સોલંકી-વાઘેલા રાજવંશની પડતી

:: રૂપરેખા::

17.1 પ્રસ્તાવના

17.2 મુસ્લિમોનું આક્રમણ અને માધવ

17.3 મુસ્લિમ આક્રમણ

17.4 રાજકુટુંબનો કરૂણ અંજામ

17.5 દેવલદેવી-ખિજરખાન

17.6 મુસ્લિમોની સત્તા

17.7 ગુજરાતની સોલંકી સત્તાના પતનના કારણો

17.8 સમાપન

17.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

17.10 ચાવીરૂપ શબ્દો

17.11 સંદર્ભસુચિ

## 17.1 પ્રસ્તાવના

સારંગદેવના અવસાન બાદ તેના મોટાભાઇ રામનો પુત્ર કર્ણદેવ ગાદી પર બેઠો. ગાદીએ બેસતી વખતે તે મોટી ઉમરનો હશે એમ માની શકાય. ઈ. સ. ૧૨૯૬માં તે પાટણની ગાદી પર આવ્યો. તે ગુજરાતનો છેલ્લો રાજપૂત રાજા હતો.

કર્ણદેવ વાઘેલાના સમયમાં અલ્લાઉદીન ખીલજીની ફોજો ગુજરાત પર ચડી આવી. મુસ્લિમોની ગુજરાત પર સતા સ્થપાઈ તે સૌથી કમનસીબ બનાવ હતો. ગુજરાતની સ્વતંત્રતાનો, તેની અસ્મિતાનો, તેની સ્મૃદ્ધિનો અને ગૌરવનો અંત આવ્યો. મુસલમાન શાસને ગુજરાતની પ્રજાનું માનસભીરું, બિનસાહસિક અને ગુલામ બનાવી દીધું.

કર્ણદેવના સમકાલીન એક લેખમાં કર્ણદેવ માટે એ ‘વેદશાસ્ત્ર પ્રમાણે વર્તીને પ્રજાનું પાલન કરતો’ એટલું જ લખ્યુંછે. અલબત, તેના જ સમયના લેખમાં તેની વિરુદ્ધ વધુ લખાણ સંભવી શકે નહિ. ગુજરાતમાં તે ‘કરણઘેલા’ને નામે પ્રસિદ્ધ છે. ‘ઘેલા’ શબ્દ વાઘેલા શબ્દનું ટૂંકું રૂપ છે કે તેનું ચારિત્ર્ય રાજવીને અનુરૂપ ન હોઈ અને એને ખરેખર ઘેલો-ગંદો કહ્યો છે, તે કહેવું મુશ્કેલ છે. પરંતુ ‘કાન્હડદે પ્રબંધ’માં કર્ણનું જે શબ્દમાં વર્ણનકર્યું છે તે જોતાં ગુજરાતી પ્રજામાં તે ઘેલો ગણાય એ સંભવિત નથી. કર્ણદેવ માટે એમાં ઘેલો શબ્દ પણ વાપરવામાં આવ્યો છે. આ જ પ્રબંધમાં કવિ પદ્મનાથ તેના વિશે કહે છે કે તેને ક્ષત્રિયનો ધર્મ લોપ્યો, એનું અંગ કામથી વ્યાપ્ત હતું અને તેથી તે રોજ વછનાગનું સેવન કરતો. એ ઉઘાડી તલવારે ફરતો અને હજૂરિયાતેનાથી ડરીને નાસી જતાં. રસોઈયાઓ મરણના ભયથી બારણાં વાસીને પીરસતા. કર્ણદેવનું આ વર્ણન તેને ઘેલો ઠરાવવાની દિશામાં યથાર્થ પુરાવારૂપ બની રહે છે. આ બાબતમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કરતા શ્રી જોતે નોંધે છે, “કવિ પદ્મનાભના વર્ણનમાં શંકા લાવવાનું કોઈ કારણ નથી. ગુજરાતનાં આ છેલ્લા રાજાને ‘ઘેલો’ કહેવામાં આવ્યો એ બરાબર જ છે અને વાઘેલાનું એ ટૂંકું રૂપ નથી એ ચોક્કસ છે.” વધુમાં તેઓ જણાવે છે કે મહારાજ્યોની પડતીના કરણોમાં એના રાજ્યકર્તાઓમાં રહેલા આવાં અપલક્ષણો કારણભૂત બન્યા હોય એવા દાખલા બનેલા છે. કર્ણની માફક જ ચાંપાનેરના પતાઈ રાવલ માટે અને જૂનાગઢના રા’માંડલિક માટે પણ આવી જ કથાઓ કહેવાય છે.

કર્ણના મહામાત્યનું નામ માધવ હતું તેવું આપણને સર્વ પુરાવા દ્વારા જણાય છે. આ મહામાત્ય માધવ જ મુસલમાનોને ગુજરાત પર ચડાઈ કરવા બોલાવી લાવ્યો હતો તેવી જે દંતકથા છે, તેને અનેક પુરાવવાઓ દ્વારા સમર્થન મળે છે. એક દેશદ્રોહીતરીકે તે વખતે અને આજે પણ માધવ ગુજરાતનાં ઈતિહાસમાં અને પ્રજામાં પ્રસિદ્ધ છે. આ માધવ ગુજરાતનો વિસલનગરો નાગર બ્રાહ્મણ હતો અને કચ્છની વતની હતો એવી માન્યતા છે. અલબત, વિદ્વાનોમાં આ વિશે મતભેદો છે.

## 17.2 મુસ્લિમોનું આક્રમણ અને માધવ

17મી સદીમાં રચાયેલું ‘મુહણ્યોતનેણસીનીખ્યાત’ નામનો એક રાજપૂતાના પ્રસિદ્ધ ગ્રંથમાં લખ્યું છે કે, “સં. 1340 મે માધવ બ્રાહ્મણ પ્રધાન હુઆ. ઉસકો વાઘેલાઓસે બિગડ ગઇ. વહ જાકાર અલ્લાઉદીન બાદશાહકો બુલા લાયા.” સંવત 1952માં રચાયેલા ‘કાન્હડદે પ્રબંધ’માં પણ રાજાએ બ્રાહ્મણ પ્રધાન માધવને દૂભાવ્યો તેથી તેને જ્યારે ‘મુસલમાનોને અહી લાવીશ ત્યારે જ અહીનું ધાન

ખાઈશ, એવી પ્રતિજ્ઞા કરી અને ત્યાર બાદ મુસ્લિમોને લાવ્યો વગેરે માહિતી છે. મોઢ બ્રાહ્મણોના જ્ઞાતિપુરાણ 'ધર્માણ્ય'માં પણ લખ્યું છે કે 'પ્રતાપી મહારાજા' કર્ણ રાજગાદી પર હતો ત્યારે તેના દુષ્ટ, નિર્ગુણી, દેશદ્રોહી, કુલાધમ અને પાપી અમાત્ય માધવે ક્ષત્રિય રાજ્યનો નાશ કરાવ્યો અને મ્લેચ્છ રાજ્યની સ્થાપના થઈ. આ સિવાય પણ સમકાલીન લેખોમાંથી આ હકીકતને ચોક્કસ પુરાવાઓ દ્વારા સમર્થન મળી રહે છે. રાજા કર્ણને માધવ સાથે અણબનાવ કેમ થયો એને માટે દંતકથાઓ તથા જૂના સાહિત્યમાંથી પણ કર્ણે માધવ કે કેશવતી સ્ત્રીનું બળજબરીથી અપહરણ કર્યાનું કહેવામાં આવ્યું છે અને તે સત્ય હોય તેમ જણાય છે. જો કે ગુજરાતના શ્રી રામલાલ ચુનીલાલ મોદી કે શ્રી કનૈયાલાલ મુનશી જેવા આધુનિક ઇતિહાસકારો આ હકીકતને સત્ય માનતા નથી. શ્રી રામલાલ ચુ. મોદીનો અભિપ્રાય એવો છે કે, કર્ણનું ચારિત્ર્ય ધારવામાં આવે છે તેટલું દુષ્ટ નથી. મુરલીધર મંદિરની પ્રશસ્તિમાં તે વેદ અને શાસ્ત્ર અનુસાર પ્રજાનું પાલન કરતો હતો, તેમ લખ્યું છે. મુસલમાન લેખકોએ કર્ણના ચરિત્ર્ય વિરુદ્ધ એક અક્ષર પણ લખ્યો નથી. તેથી પરંપરાથી ચાલી આવતી વાતો બહુ વિશ્વાસ મૂકવા જેવી હોતી નથી.

તેવી જ રીતે શ્રી મુનશી નોંધે છે કે, રાજા કર્ણદેવ દુષ્ટ ન હતો, પણ સંસ્કારીહતો, અને અમાત્યનો ઊંચો હોદ્દો ધરાવનાર બ્રાહ્મણ માધવ ગુજરાતનો દ્રોહ કર્યો હતો. વળી, રાજા કર્ણે માધવના કુટુંબ ઉપર અત્યાચાર કર્યો તેવી વાત પહેલવહેલી 15મી સદીના, એટલે કે ઘટના બન્યા પછી લગભગ દોઢસો વર્ષ પછીના, સાહિત્યમાંથી મળે છે. તે હકીકત પણ આમાં ધ્યાનમાં લેવી જોઈએ.

આમ છતાં માધવ જેવો જૂનો મંત્રી (તે છેક સારંગદેવના સમયથી મંત્રીપદે હતો, તેમ ઇ.સ. 1297ના એક ગ્રંથ ઉપેરથી જણાય છે.) આવું વિનાશક પગલું ભરે, તેની પાછળ કોઈ ગંભીર અને અક્ષમ્ય કારણ હોવું જોઇએ તેમ લાગે છે. ઉપલબ્ધ વિધાનો ઉપરથી લાગે છે કે રાજા કર્ણદેવ કામવાસનાથી પ્રેરાઇને કે ગમે તે કારણસર માધવના કુટુંબ ઉપર અત્યાચાર કર્યો હશે; અને રાજા પ્રજાનો પાલક થઈને આવું કૃત્ય કરે, ત્યારે તેનો ભોગ બનનારો ગમે તેવો સંસ્કારી કે ઉચ્ચ હોદ્દા ઉપર હોય તો પણ તેનામાં વેરવૃત્તિ જાગે જ. તે સમયે બીજો કોઈ રસ્તો નહિ સુઝતાં વેર વાળવા માટે માધવે મુસલમાનોનું શરણ શોધયું હોય તો તો તે સ્વાભાવિક છે, પરંતુ માત્ર આ કારણથી માધવને 'દેશદ્રોહી' કહેવો તે તેને પણ અન્યાય કરનારું ગણાય; બહુ બહુ તો તેને 'રાજદ્રોહ'નું કાર્ય કહી શકાય. કારણ તેને પોતાને પણ મુસલમાન-આક્રમણ ગુજરાત ઉપર આવો વિનાશ નોતરશે તેનો કદાચ ખ્યાલ નહિ હોય. 'કાન્હડદે પ્રબંધ'નો કર્તા કવિ પદ્મનાભ તો એમ પણ

જણાવે છે કે, જ્યારે યુદ્ધમાં પરાજયનો સંભવ દેખાતો ત્યારે ખુદ માધવે રાજા કર્ણને નાસી જવા માટે બારી બતાવી હતી. વળી, આગળ ચાલતા, તે જ કવિ નોંધે છે કે પાટણ જીયા પછી મુસલમાની સૈન્ય સૌરાષ્ટ્રમાં આવ્યું અને સોમનાથના મંદિર ઉપર ત્રાટક્યું, ત્યારે માધવમંત્રી સોમનાથની રક્ષા કરતાં વીરગતિ પામ્યો (મરી ગયો) હતો તેમ છતાં માધવે જે કર્યું તે 'અધર્મ' હતો અને તેથી તેની અપકીર્તિ થઈ હતી, તેમ તો પદ્મનાભ પણ નોંધે છે.

સમકાલીન ઇતિહાસલેખક બર્નીના કથન અનુસાર અલાઉદીન ખલજીના હુકમથી ઉલૂઘખાન અને નસરતખને ગુજરાત પર ચડાઈ કરી. તેઓએ ગુજરાત સમગ્રને તથા અણહિલપુરને લૂંટયું. રાજા કર્ણ ભાગી ગયો અને દેવગઢમાં આશ્રય લીધો. રાજાની સ્ત્રીઓ, છોકરાં અને ખજાનો સર્વ મુસલમાનોના હાથમાં આવ્યું.

## 17.3 મુસ્લિમ આક્રમણ

કર્ણદેવના સમય દરમાયન અલ્લાઊદ્દીન ખલજીની ફોજો ગુજરાત પર ચઢી આવી અને મુસ્લિમોની ગુજરાત પર સત્તા સ્થપાઈ તે સૌથી વધુ નોંધપાત્ર બનાવ ગણાવી શકાય. ઉલુઘખાન અને નસરતખાનની નેતાગીરી નીચે આવેલું મુસ્લિમ સૈન્ય મેવાડના માર્ગે આગળ વધ્યું. બનાસકાંઠા થઈને સૈન્ય મોડાસા આવ્યું. ત્યાંનો ઠાકોર યુદ્ધમાં મરાયો. માર્ગમાં સર્વત્ર કેર વાર્તાવતી મુસ્લિમ સેના પાલનપુર-મહેસાણાના રસ્તે પાટણ પહોંચી અને પાટણ કિલ્લાને ઘેરો ઘાલવામાં આવ્યો. મુસ્લિમોએ ગઢ મેળવ્યો, પરંતુ કર્ણદેવ ભાગી નીકળ્યો હતો. પાટણનો ખજાનો લૂંટયો અને ત્યાંની મુસ્લિમોની સત્તા સ્થપાઈ. સમગ્ર ગુજરાતમાં ત્રાસનું સામ્રાજ્ય ફેલાયું. પાટણમાં થાણું સ્થાપીને ઉલુઘખાન આશાપલ્લી પહોંચ્યો અને ત્યાંથી ધોળકા, ખંભાત અને સુરત વગેરે શહેરોને લૂંટવામાં આવ્યા અને ત્રાસ વર્તાવવામાં આવ્યો. ત્યાબાદ સૌરાષ્ટ્રની પણ એ જ હાલત થઈ. સોમનાથ પર પણ ચડાઈ કરવામાં આવી. સોમનાથનું રક્ષણ કરવાના નિષ્ફળ પ્રયાસો કરવામાં આવ્યા. મંદિરને લૂંટવામાં આવ્યું અને મૂર્તિનાકટકા કરવામાં આવ્યા. ઇ.સ. 1299માં આ ઉલ્કાપાત સર્જાયો. મુસ્લિમોને ગુજરાતમાં આમંત્રીત કરનાર માધવ સોમનાથ પાસેના દારુણ યુદ્ધમાં મરી ગયો હતો એમ મનાય છે.

## 17.4 રાજકુટુંબનો કરૂણ અંજામ

કર્ણ નાસી ગયો પરંતુ તેની રાણી પકડાઈ ગઈ અને મુસ્લિમ તેને દિલ્હી લઈ ગયો. કર્ણે દેવગીરીમાં આશ્રય લીધો. દિવગીરીમાં યાદવરાજા રામચંદ્રનું રાજ્ય હતું તે હકીકત છે. મુસ્લિમ ઇતિહાસકારોને આધારે 'કેમ્બ્રિજ હિસ્ટ્રી ઓફ

ઈન્ડિયા'માં લખ્યું છે. કે રામચંદ્રના સામંત તરીકે નંદરબારમાં કિલ્લો બાંધીને કર્ણ અને નાની ઠકરાત પર રાજ્ય કરતો હતો. પરંતુ ત્યાં પણ ગુજરાતનાં સુબા આલમખાને ઇ.સ. 1306માં હુમલો કર્યો હતો. કર્ણે બે મહિના સુધી બચાવ કર્યો હતો. બીજી તરફ ઇ.સ. 1317માં રચાયેલા પ્રબંધમાં અલાઉદ્દીનના પ્રભાવથી કર્ણરાજ હારીને પરદેશમાં ગયો અને ત્યાં રખડી ને રંક માણસની માફક મૃત્યુ પામ્યો તેમ લખ્યું છે. ઉપરના ઉલ્લેખ પ્રમાણે તો આખરે કર્ણનો એ જ અંજામ આવ્યો હશે તેમ જણાય છે.

અમિરખુશરૂ નામના ફારસી કવિએ 'દેવલરાની ખીજરખાન' નામના ફારસી કાવ્યમાં મહંમદે કાલ્પનિક, પરંતુ થોડેક અંશે સંભવી શકે તેવી માહિતી આપી છે. આ કાવ્યના વર્ણનને આધારે એમ જાણવા મળે છે કે અલ્લાઉદ્દીનનો સેનાપતિ ઉલુઘખાન કર્ણદેવની રાણી ચૌલાદેવીને દિલ્હી લઈ ગયો. આ ચૌલાદેવી અલ્લાઉદ્દીનની માનીતી બેગમ બની અને તેની જ ઈચ્છાથી બાદશાહ અલ્લાઉદ્દીન કર્ણદેવ પાસે તેની પુત્રી દેવળદેવીની માંગણી કરી. અસહાય અને નિરાશ્રિત એવા કર્ણદેવે દેવગીરીના સિંધણ રાજાનો આશ્રય લીધો. અને તેના ભાઈ સાથે દેવગીરીને પરણાવવાની કબૂલાત આપી, પરંતુ દેવળદેવી મુસ્લિમ સૈનિકોના હાથમાં પકડાઈ ગઈ અને દિલ્હી લઈ જવામાં આવી. દિલ્હીમાં દેવળદેવી અને શાહજાદા ખિજરખાન વચ્ચે ગાઢ પ્રણય થયો અને આખરે તેઓ બને લગ્નગ્રંથિથી જોડાયાં. અમીરખુશરૂના આ કાવ્યમાં ઐતિહાસિક માહિતી કરતાં રોમાંચક અને કલ્પના પૂર્ણ પ્રસંગો પ્રમાણમાં વધુ છે તે નિઃશંક છે.

## 17.5 દેવળદેવી-ખીજરખાન

બીજી તરફ અમીરખુશરૂનો જ સમકાલીન કવિ ઇસ્લામી કાઇક જુદી કહાની રજૂ કરે છે. તેના નોંધવા પ્રમાણે ગુજરાતમાંથી મુસ્લિમ ફોજના પ્રત્યાગમન બાદ કર્ણ પાટણમાં પાછો ફર્યો હતો અને અલ્લાઉદ્દીને જ્યારે બીજી ફોજ મોકલી ત્યારે હારીને તે દેવગિરિ ગયો, પરંતુ ત્યાં આશ્રય ન મળતાં તેને તૈલંગણના સામન્તોનો આશ્રય લીધો. આ દરમિયાન તેની રાણીઓ તથા કુંવરીઓ મુસ્લિમ સૈન્યના હાથમાં ઝડપાઇ ગયા અને તેમણે દિલ્હી મોકલવામાં આવ્યાં. આ કુંવરીઓમાં દેવળદેવી પણ હતી. આ કહાણીનો ત્યાર પછીનો અહેવાલ અમીરખુશરૂના વર્ણનમાં મળે છે.

આ બનાવ પછી લગભગ આઠ વર્ષે ઝીયાઉદ્દીન બની નામના એક નોંધકારે 'તારીખે ફિરોઝશાહ' લખ્યું. તેમાં જણાવ્યા પ્રમાણે કર્ણદેવગિરિ તરફ નાસી ગયો

હતો અને તેની પત્નીઓ તથા કુંવરીઓ મુસ્લિમના હાથમાં આવ્યાં, જે સર્વને દિલ્હી લઈ જવામાં આવ્યા. બર્નીની નોંધમાં કોઈ સ્ત્રીનું નામ નથી કે નથી તેમને લગતી અન્ય કોઈ બાબતો ત્યાર પછીના તવારીખકારોમાં નિજ્જામુદ્દીન દેવળદેવીનો માત્ર નામનિર્દેશ કરે છે, જ્યારે બદાયુંનીએ અમીરખુશરૂ દ્વારા રજૂ કરવામાં આવેલી પ્રણયકથા નિરૂપી છે. આમ છતાં, ઈસામી, નિજ્જામુદ્દીન કે બદાયુની એમાંથી કોઈએ પણ ચૌલાદેવીનો ઉલ્લેખ કર્યો નથી. તે બાબત સૂચક છે.

ત્યારબાદ લખવામાં આવેલા 'તારીખે' 'ફરિસ્તા'માં સર્વ બાબતને સાંકળી લેવામાં આવી છે અને વાર્તાને આગળ વધારવામાં આવી છે. અમીરખુશરૂના કાવ્યને લાગે વળગે છે ત્યાં સુધી તે ખીજરખાનના મૃત્યુ સાથે સમાપ્ત થાય છે. પરંતુ ત્યાર પછીના લેખકો જણાવે છે કે ખીજરખાનના અવસાન બાદદેવળદેવીને કુત્બુદ્દીનના જનાનખાનામાં દાખલ કરવામાં આવી અને કુત્બુદ્દીનના ખૂન પછી ખુશરોખાને એની બેગમને પોતાના જનાનખાનમાં લીધી એવો અસ્પષ્ટ અને મોંઘમ ઉલ્લેખ હોવા છતાં તે દેવળદેવીને લાગુ પડે છે એમ મનાય છે.

હિન્દુ લેખકોમાંમાત્ર કવિ પદ્મનાભ કર્ણદેવની રાણી પગપાળા નાસી છૂટી તેટલું નોંધે છે. તે સિવાય બીજો કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. દેવળદેવીના પ્રણયપ્રકરણના આ આલેખન વિશે વિદ્વાનોમાં ઘણા મતભેદો પ્રવર્તે છે. એ સ્પષ્ટ છે કે આ સમગ્ર વૃત્તાંતમાં કલ્પનાનું તત્વ મોટા પ્રમાણમાં છે. શ્રી બાબુ ગુપ્તે, શ્રી રમણલાલ મોદી અને શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી આ કથાને માત્ર કલ્પનાપૂર્ણ અહેવાલ જ માને છે, જ્યારે બીજી તરફ વિદ્વાનોનો એક વર્ગ એમ પણ માને છે ક આ વાતમાં કાઇ તથ્ય નથી તે માન્યતા પણ ખોટી છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી આ વિષયમાં દલીલ કરતાં કહે છે કે અમિરખુશરૂ જેવો દિલ્હીમાં રહેલો સમકાલીન કવિ ખિજરખાનની પ્રેયસી તરીકે વાઘેલા રાજા કર્ણદેવની પુત્રી દેવળદેવીનું પાત્ર રજૂ કરે તો સંપૂર્ણપણે કાલ્પનિક કેવી રીતે હોય શકે ? ઈસામી, નિજ્જામુદ્દીન, બદાયુની આ સર્વ લેખકો પણ દેવળદેવીનો ઉલ્લેખ કરે છે. વળી કર્ણદેવની રાણીઓ અને કુંવારીઓ મુસ્લિમ સૈન્યના હાથે કેદ પકડાઈ હતી તે પણ અને ઉલ્લેખોને આધારે સાબિત થાય છે અને એમાથી મોટી રાની ચૌલાદેવીને અલાઉદ્દીન સાથે અને દેવળદેવીને ખિજરખાન સાથે લગ્ન કરવાનું ફરજ પડી હોય તે સંભવ તો નથી ! આમ ઐતિહાસિક હકીકતને કલ્પનાના રંગે નિરૂપીને એક રસિક અને રોમાંચક કાવ્ય રચવાનો જ કવિનો ઇરાદો હશે, પરંતુ તેનાથી તેનું ઐતિહાસિક તથ્ય નાશ પામતું નથી.

## 17.6 મુસ્લિમોની સત્તા

આમ ગુજરાતની સ્વતંત્રતાનો, તેની અસ્મિતાનો, તેની સ્મૃદ્ધિનો અને તેના ગૌરવનો અંત આવ્યો. મુસ્લિમોએ ગુજરાત પર વિજય મેળવ્યો. આ વિજય તેઓ સહેલાઇથી મેળવી શકયા હોય તેમ લાગતું નથી. સૈકાઓથી મુસ્લિમો ભારતના વિવિધ ભાગો પર આક્રમણો કરી રહ્યા હતા ને ગુજરાતે આ પહેલા પણ તેમના અનેક આક્રમણો અનુભવ્યા હતા, પરંતુ આ આક્રમણને પરિણામે મુસ્લિમોએ જ્યારે વિજય મેળવ્યો ત્યારે તેમણે લગભગ સમગ્ર ઉત્તર, પૂર્વ એ પશ્ચિમ હિન્દ તાબે કર્યું હતું અને દક્ષિણ તરફ તેઓ ઝડપથી આગળ વધી રહ્યા હતા. થોડા જ સમયમાં સમગ્ર હિંદ તેમના તાબા નીચે આવવાનું હતું. રાજપૂતો પરના તેમના વિજયનું મુખ્ય કારણ તેમની ઉત્તમ વયવસ્થા અને સંગઠન હતું. અંદરોઅંદર લડીને હિંદભરના રાજપૂત રાજ્યો નિર્બળ બની ગયા હતા. યુદ્ધકુશળ મનુષ્યબળ પણ ઘટી ગયું હતું. બાકી શૌર્ય, હિંમત, ધર્મ અને રાજ્ય ભક્તિની દ્રષ્ટિએ રાજપુતો મુસ્લિમો કરતાં કોઈ પણ રીતે ઉતરતા ન હતા.

## 17.7 ગુજરાતમાં સોલંકી સત્તાના પતનનાં કારણો

- ભારતમાં મુગલ સત્તાના પતન માટે જે રીતે મુખ્યત્વે ઔરંગઝેબ જવાબદાર હતો, તે રીતે ગુજરાતમાં સોલંકી વાઘેલા સત્તાના પતન માટે મુખ્યત્વે તેનો અંતિમ રાજા કર્ણ વાઘેલા જવાબદાર હતો. પ્રબંધ સાહિત્ય ખાસ કરીને પદ્મનાભ કૃત 'કાન્હદેવ પ્રબંધ'ના જણાવ્યા પ્રમાણે કર્ણ વાઘેલા ભારે કામી અને ક્રોધી હતો.તેને પોતાના નાગર પ્રધાન માધવ અથવા તેના ભાઈની પત્ની સાથે દુર્વ્યવ્યવહાર કર્યો. તેનાથી માધવે (મુસ્લિમ અલ્લાઊદ્દીન ખીલજીના) લશ્કરને ગુજરાત પર આક્રમણ કરવા પ્રેરીને ગુજરાતનો નાશ કરાવ્યો (1304). ગુજરાતનાં સોલંકી સત્તાના પતનનું આ મુખ્ય કારણ હોવા છતાંય તેના પતન માટેનાં અન્ય કારણો પણ હતાં.
- સોલંકી રાજાઓના માળવા, અજમેર, નડ્ડૂલ, મેવાડ, કર્ણાટક, લાટ, સોરઠ વગેરે સાથેના સતત યુદ્ધોએ તેમણે નિર્બળ બનાવ્યા. તેમાં તેમની હાર-જીતને સોલંકી વહીવટતંત્ર, અર્થવ્યવસ્થા તથા લશ્કરી તંત્ર પર વિપરીત અસર કરી.
- સિદ્ધરાજ તથા કુમારપાળ પછીના મોટાભાગના સોલંકી-વાઘેલા રાજાઓ (ઈ.સ. 1173 થી 1304) સિદ્ધરાજ તથા કુમારપાળે વિસ્તારેલ સોલંકી રાજ્યને સાચવવામાં નિષ્ફળ નીવડ્યા. ભીમદેવ બીજાનો 64 વર્ષનો દીર્ઘ શાસનકાળ (ઈ.સ. 1178 થી 1242) એ સોલંકી રાજયના વિલીનીકરણનો સમય હતો. ભીમદેવ બીજાને પૃથ્વીરાજ ચૌહાણ તથા કુત્બુદ્દીન ઐબકને હાથે પરાજય સાંપડ્યો હતો. તેને

માધવનારાજાને પણ હરાવ્યો હતો. ભીમદેવની આવી નિષ્ફળતાઓને કારણે તેના એક માંડલિક જયસિંહ ભીમદેવને ગાદી પરથી ઉઠાડી મૂકીને તેની ગાદી પચાવી પાડી હતી, જે તેને ધોળકાના માંડલિક ધવલ પ્રસાદની સહાયથી પાછી મેળવી હતી, પરંતુ આનાથી સોલંકી સત્તાના વિભાજનની શરૂઆત થઈ. લવણપ્રસાદ તથા તેનો પુત્ર વીરધવલે પ્રથમ પાટણના રાજવીના માંડલિકો તરીકે અને બીજા ધોળકાના સ્વતંત્ર રાજો તરીકે પોતાની સત્તાનો વિસ્તાર કરીને તેમના મંત્રીઓ વસ્તુપાલ તથા તેજપાલની સહાયથી થોડો સમય ગુજરાતની અસ્મિતા જાળવી રાખી પરંતુ તેનાથી સોલંકી સત્તાનું વિભાજન થયું અને મુસ્લિમો માટે ગુજરાત પરના આક્રમણનો માર્ગ મોકળો થયો. આના અનુસંધાનમાં આ સમય દરમિયાન દિલ્હીના સુલતાન (1211-1235) ઇલ્તુત્મિશના કોઈ સરદારે કે સિંધના કોઈ અમીરે ગુજરાત પર આક્રમણ કરીને ભારે લૂંટ મેળવી હતી.

વળી, દિલ્હી સુલતાન બલ્લાલ સમય (ઈ.સ. 1266-1286) દરમિયાન તેના સૈન્ય તેમજ મોગલોના આક્રમણોએ રાજપૂતાના તથા ગુજરાતને નિર્બળ બનાવ્યા, જોકે મેવાડ તથા ગુજરાતનાં રાજવીઓએ મુસ્લિમ તથા મોગલ આક્રમણોને પાછા હટાવ્યાં હતા, તો પણ મુસ્લિમ શાસકો આ હકીકતથી રાજપૂતાના રાજપુતો તથા ગુજરાતનાં સોલંકીઓની નિર્બળતા પારખી ગયા. મુસ્લિમ આક્રમણોની પરાકાષ્ટા અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યના ગુજરાત પરના 1300 થી 1304 વચ્ચેના આક્રમણોથી થઈ, જેમાં છેવટે ગુજરાતમાંથી સોલંકી સત્તાનો અસ્ત થયો.

અન્ય રાજપૂત રાજાઓની માફક ગુજરાતનાં સોલંકી રાજાઓ પણ ઉદાર, સહિષ્ણુ તથા દાનેશ્વરી હતા. તેમણે દાનપુણ્યના ઘણાં કાર્યો તથા મંદિરો અને ધર્મસ્થાનો બંધાવ્યા કે જૂના ધર્મસ્થાનોનો જીર્ણોદ્ધાર કર્યો. આમાં તેઓએ સારા એવા ધનનો ખર્ચ કર્યો, પરંતુ તેની સાથે તેઓએ પોતાની લશ્કરી પદ્ધતિ સુધારવાના જૂના શાસ્ત્રોનેબદલે દારૂગોળા, બંદૂક વગેરેનો વિશેષ ઉપયોગ કરવાના લશ્કરી સંગઠનો સાધવાના કે લશ્કરી ટેક્નીક સુધારવાના કોઈ ઉપાયો કર્યા નહિ. આ હકીકત તેમણે સૂઝી નથી. આમ તેમનામાં બહાદુરી ખૂબ હતી, પરંતુ બાહોશી કુશળતાનો અભાવ હતો. વળી ટીમના નાગર કે વણિક મંત્રીઓએ ખૂબ જ કુશળતાપૂર્વક વહીવટ કર્યો તથા રાજ્યની અનેક આફતોમાંથી અવારનવાર રક્ષા કરી પરંતુ તેમને પણ લશ્કરી શિસ્ત, પદ્ધતિ, સાધનો વગેરેમાં પરિવર્તન કરવાનું કે સુધારવાનું સૂજ્યું નથી. પરિણામે આક્રમણખોરો સામે અન્ય રાજપૂત રાજ્યોની માફક સોલંકી રાજાઓનો પણ પરાભવ થયો; જોકે સોલંકીઓ ગુજરાતને એક ભવ્ય સંસ્કૃતિનો વારસો આપતા ગયા.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

1 સોલંકી વાઘેલાવંશના પતન માટે કયો રાજા જવાબદાર હતો ?

2 સોલંકી વંશના ગુજરાતમાં કર્ણઘેલો તરીકે કયા રાજાને ઓળખવામાં આવે છે?

3 ગુજરાતના અંત્તિમ સોલંકી રાજાનું નામ આપો ?

4 માધવ કૌન હતો ?

5 ગુજરાત પર કયા મુસ્લિમ બાદશાહએ આક્રમણ કરાવ્યું?

6 કવિ પદ્મનાભન પુસ્તકનું નામ જણાવો ?

7 અલ્લાઉદ્દીન ખીલજીના ગુજરાત પર આક્રમણ કરનાર બે સેનાપતિના નામ આપો?

8 સોલંકી વંશના ક્યાં ક્યાં શહેરોમાં અલ્લાઉદ્દીન ખીલજીના સરદારોએ લુંટ ચલાવી ?

9 કયા ફારસી કવિએ દેવળ રાણી ખિઝરખાન કાવ્ય લખ્યું છે ?

10 કર્ણદેવ વાઘેલાએ ક્યાં રાજ્યમાં આશ્રય લીધો હતો ?

11 કર્ણદેવની પત્નીનું નામ શું હતું ?

12 કર્ણદેવની પુત્રીનું નામ શું હતું ?

13 તારીખે ફીરોઝ઼શાહીની રચના કૌણે કરી છે ?

14 કર્ણદેવ અને માધવ તેમજ ગુજરાત પરના આક્રમણ વિશે ક્યાં ક્યાં મુસ્લિમ લેખકોએ આ પ્રસંગ વિશે નોંધ કરી છે ?

## 17.8 સમાપન - ગુજરાતની અસ્મિતાનો અંત

પલટતાના સમય અને પલટાતી પરિસ્થિતિ સામે પલટો ન પામી શકનાર વ્યક્તિ, જાતિ કે દેશ ઉન્નત રીતે જીવી શકતો નથી. પ્રગતિ માનવજીવનનો મહામંત્ર છે. જ્યાં સ્થિરતા અને જડતા આવે છે ત્યાં સમૃદ્ધિ, અસ્મિતા અને ગૌરવને માટે સ્થાન જોઈ શકે નહીં. પ્રગતિ અટકાવવાથી ગુજરાતનો ભવ્ય અને ગૌરવવંતો યુગ સ્વપ્ન સમો બની ગયો. અણહિલપુર અને વલભીના જાહોજહાલી માત્ર વાર્તાઓ પૂરતી જ ટકી રહી. ગુર્જરોની શૌર્યગાથા એ માત્ર ભવ્ય ભૂતકાળના સંભારણા સમી જ બની ગઈ અને ધીમે ધીમે ગુજરાતનું ચૈતન્ય હણાઈ ગયું.

## 17.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1 કર્ણદેવ વાઘેલા

2 કર્ણદેવ વાઘેલા

3 રાજા કર્ણદેવ

4 માધવ નાગર બ્રામણ હતો તે કર્નાદેવનો મહાઅમાત્ય(મંત્રી/પ્રધાન) હતો.

5 અલ્લાઉદ્દીન ખીલજી

6 કન્હાડે પ્રબંધ કવિ પધમનાભનું પુસ્તક હતું.

7 ઉલ્લુઘખાન અને નસરતખાન

8 પાટણ, આશાપલ્લી, ધોળકા, ખંભાત, સોમનાથ

9 અમીર ખુશરો

10 દેવગીરીના સિંધન રાજા

11 કોલાહદેવી

12 દેવલ દેવી

13 ઝીયાઉદ્દીન બરની

14 ઝીયાઉદ્દીન બરની, નિઝામઉદ્દીન બરની, બદાયુની, ઈશામી

## 17.10 ચાવીરૂપ શબ્દો

- કરણઘેલો : કર્ણદેવ વાઘેલા કરણઘેલો તરીકે ઓળખાય છે
- મહાઅમાત્ય : મંત્રી / પ્રધાન
- દેવળ રાણી ખિઝરખાન : અમીર ખુશરોનું ફારસી કાવ્ય
- દેવગીરી : કર્ણદેવ વાઘેલા સમયનું રાજ્ય
- કન્હાડે પ્રબંધ : કવિ પદ્મનાભનું પુસ્તક
- 'તારીખે ફરિસ્તા' : અમીર ખુશરોનું લગતું કાવ્ય

## 17.11 સંદર્ભ સૂચિ


1. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ.
2. જોશી ઉમાશંકર : પુરાણોમાં ગુજરાત.
3. પરીખ રસિકલાલ સી. : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ – ૧ થી ૪.
4. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : મૈત્રકાલીન ગુજરાત ૧-૨.
5. આચાર્ય ન. આ. : ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ.
6. શાસ્ત્રી દુર્ગાશંકર કે. : ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ ભાગ ન. 2.
7. આચાર્ય ન. આ. : ગુજરાતના ચાવડા રાજ્યનો ઇતિહાસ.
8. આચાર્ય ન. આ. : ગુજરાતનો સાંસ્કૃતિક વારસો.
9. MAJUMUDAR A. K. : CHALUKYAS AT GUJARAT.
10. FORBES A. K. : RASMALA
11. RAY N. R. : MATIRAKAS OF VALABHI.

12. JAGANNATH : EARLY HISTORY OF THE MAITRAKAS OF GUJRAT.
13. મુનશી કનૈયાલાલ માણેકલાલ : ગુજરાતની કીર્તિ-ગાથા.
14. શાહ ખી. ચાં., વાયડા ર. લ. : ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ.
15. મહેતા કુંજવિહારી, શુક્લ રમેશ એમ. : ગુજરાતનું સંસ્કૃતિ-દર્શન.
16. પરીખ રસિકલાલ સી. : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ –4 (સોલંકીકાલ).
17. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : ગુજરાતનો ઇતિહાસ.
18. ગુજરાતનો ઇતિહાસ : પોપ્યુલર પ્રકાશન.